Date of Publication - Posted on 10th of Every Month
[illegible] : ([illegible]) • [illegible] : ([illegible])

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૧ સપ્ટેમ્બર : ૨૦૨૧ અંક : ૩ ₹ 20

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ | ક.મા. સ્વાધ્યાયમંદિર

FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli • Bilimora • Gandhidham
Gandhinagar • Godhra • Himmatnagar • Hyderabad • Indore • Jamnagar • Junagadh • Kadi • Kalol
Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar
Visnagar • Vadodara • Vapi

Shop Greenfibre Online: greenfibre.com

Scan to follow @greenfibre

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૧ સપ્ટેમ્બર : ૨૦૨૬ અંક : ૩

સંપાદક
કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી
ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી
પ્રમુખ

યોગેશ જોષી
રાજન્ ભટ્ટ
ઉપપ્રમુખ

સમીર ભટ્ટ
મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com

Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭

www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ** – ૩૩ – હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**
● **ચાર ગઝલો** – ચંદ્રેશ મકવાણા 'નારાજ', ૮ ● **બે ગઝલ** – અનિલ ચાવડા, ૯ ● **જળાધારી** – હીરલ વ્યાસ 'વાસંતીફૂલ', ૯ ● **ના થયાં.....** – હરીશ શાહ, ૧૦ ● **દોહા** – હરીશ શાહ, ૧૦ ● **'જાં, જાન–એ જાં, જાન–એ જાનાં : ગઝલ ત્રયી** – સ્નેહી પરમાર, ૧૧ ● **સૂઈ જવું છે** – ઈશાન દોશી, ૧૨ ● **એક દંતકથા** – શૈલજા આનંદજીવાલા, ૧૪

◈ **ટૂંકી વાર્તા :**
● **અંતિમ પૂર્ણવિરામ** – વીનેશ અંતાણી, ૧૫ ●

◈ **નિબંધ :**
● **સરખડિયા હનુમાનની જગ્યા** – અનુપમ બુચ, ૨૭ ● **સૌંદર્યના અનેકવિધ રૂપો** – ડૉ. સિલાસ પટેલિયા, ૩૩

◈ **રસાસ્વાદ :**
● **માનવીની જીવનસંધ્યાનાં અંતરંગને આકારતું નાટક : લૉંગ ડ્રાઈવ** – પ્રો. ચીમનલાલ બી. પટેલ, ૩૬

◈ **અભ્યાસ :**
● **આદિવાસી કવિતાનું પ્રભાત** – પ્રવીણ પંડ્યા, ૪૧

◈ **વિવેચન :**
● **નરોત્તમ પલાણ : સાહિત્યવિવેચક તરીકે** – રમણ સોની, ૫૦ ● **'ઝાંકળનાં ટીપા' : પ્રેમમાં પડી જવાય એવો ગીતસંગ્રહ** – અનિલ વાળા, ૫૭

◈ **અવલોકન :**
● **સંવેદનશીલ પાત્રોની ઊઘડતી કથાઓ** – જગદીશ કંથારીઆ, ૬૭ ● **શબદથી સેવેલી ગીર : 'ગીરની જાગીર'** – વીરેન પંડ્યા, ૭૬ ● **ઊંચું પ્રતિમાન સ્થાપનાર લેખક–અધ્યાપક નિરંજન ભગત** – સંધ્યા ભટ્ટ, ૮૦

◈ **સંસ્મરણ :**
● **કરસનદાસ માણેક : કવિતાની ભક્તિ, ભક્તિની કવિતા** – દીપક મહેતા, ૮૩
● **સાભાર સ્વીકાર**, ૮૮
● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૮૯
● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૯૨
● **ચૂંટણી કાર્યક્રમ** – ૯૩
● **આ અંકના લેખકો** – ૯૮

◈ **આવરણ ચિત્ર :** Jagdeep Smart-Untitled-Acrylic on canvas board-22 x 30 inches

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

મથામણ – ૩૩

હર્ષદ ત્રિવેદી

આપણા કર્મશીલ કવિ-લેખક કાનજી પટેલે 'જનપદ', 'ડુંગરદેવ', 'ધરતીનાં વચન', 'દેશ', 'અમને ના ભૂલતાં' અને 'Earth Song' જેવા કાવ્યસંગ્રહો, 'કોતરની ધાર પર' અને 'ડહેલું' જેવી લઘુનવલો આપી છે. તે ઉપરાંત અનુવાદ-સંપાદનક્ષેત્રે પણ મહત્ત્વનું કાર્ય કર્યું છે. બે દાયકાના અથાગ પરિશ્રમ પછી, હમણાં એમણે ભારતીય સમકાલીન કવિતાઓનો 'અનુત્તરિત લોગ' નામે રૉયલ સાઇઝનો સંપાદિત ગ્રંથ આપ્યો. એમાં એમણે વિવિધ પ્રાંતના ૪૮૮ કવિઓની પ્રતિનિધિરૂપ રચનાઓ મૂળ ભાષા અને લિપિ, હિન્દી અને અંગ્રેજીમાં એકસાથે મૂકી આપવાનું ભગીરથકાર્ય કર્યું છે. કાનજી વર્ષોથી આદિવાસીઓ વચ્ચે જઈ જઈને ભાષાકીય સર્વે પણ કરતા રહ્યા છે.

મહાભારતમાંની ખાંડવવનવાળી ઘટના જાણીતી છે. એ વનદહનની ઘટનાના છેડા તક્ષક નાગના શાપથી અર્જુનપુત્રના મૃત્યુ સુધી લંબાયેલા. આ વન્યજીવો કોણ હતા? શાપનો શો અર્થ હતો? આ યુદ્ધ શેનું પ્રતીક હતું? આજની ભાષામાં કહીએ તો આદિવાસી અને વિચરતી જાતિઓના સમુદાય ઉપર, જંગલ અને જમીન ઉપર શહેરી માનસિકતાનું આક્રમણ થઈ રહ્યું છે તે ચિંતાજનક છે. સંક્ષેપમાં કહેવું હોય તો વિકાસને નામે કે આધુનિકીકરણના નામે સભ્ય સમાજે આદિવાસીઓને ન તો ઇતિહાસમાં સ્થાન આપ્યું ન તો ધરતી પર. એક બાજુ આદિવાસીઓને સંસ્કૃતિરક્ષણના નામે મ્યુઝિયમની ચીજ બનાવી દેવાની હોડ ચાલે છે તો બીજી બાજુ વિસ્તૃતિને નામે એમની આગવી ઓળખ અળપાઈ રહી છે. છતાંય આજે આદિવાસી લોકો પોતાના પૂર્વજોને હૃદયમાં અને પર્યાવરણમાં ધારણ કરીને નાચતાં ગાતાં પર્યાવરણ અને પરંપરા સાથે એકત્વ અનુભવે છે.

આદિવાસીઓની સર્જનાત્મકતા અને મુદ્રિત સંસ્કૃતિ વચ્ચે ઘણું મોટું અંતર છે; પરંતુ જો મનુષ્યત્વને પ્રગતિ કરવી હશે તો શક્તિશાળી અને નબળાના સહઅસ્તિત્વની સૂક્ષ્મ સમજ અનિવાર્ય બની રહેશે. આદિવાસીઓ કુદરત પ્રત્યે ભાવનાશીલ અને કલ્પનાશીલ પણ છે. વળી મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચેની સામુદાયિકતાનો એમનામાં સ્વીકાર છે. એમને માટે પ્રાકૃતિક સંસાધનો ઉત્પાદનનું સાધન કે વસ્તુ માત્ર નથી. એમનો પ્રશ્ન છે કે શા માટે જંગલ, પર્વત, નદી અને વૃક્ષોનો નાશ કરવામાં આવી રહ્યો છે? એમનું કહેવું છે કે અમે પ્રાણને ભોગે પણ જંગલ નહીં છોડીએ. પોતાનાં ચિત્રો અને સાહિત્યમાં આ પીડા સતત પ્રગટ થઈ રહી છે.

આજે એક ચલણી સિક્કાની જેમ બોલાતું વાક્ય છે – 'હાંસિયાના લોકોને મુખ્યધારામાં સમાવવા.' શું કોઈએ એમને પૂછ્યું છે કે તમારે મુખ્યધારામાં આવવું છે કે નહીં? કે પછી આપણે એમની પરંપરાના ભોગે મુખ્યધારાને પુષ્ટ કરવા માંગીએ છીએ? પેચીદા પ્રશ્નો છે આ. આઝાદી પછી અંગ્રેજી અને ભારતમાં પ્રભુત્વ ધરાવતી અન્ય ભાષાઓને જે મહત્ત્વ અપાયું એણે આદિવાસીની મૂળ ભાષાને નુકસાન પહોંચાડ્યું છે. જો આદિવાસી ભાષાઓ અદૃશ્ય થઈ જશે તો એમનું સાહિત્ય અને અન્ય કળાઓનું અસ્તિત્વ નહીં રહે. સમગ્ર ભારતમાં પૂર્વોત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં નૃવંશધારા અને સાંસ્કૃતિક ધારાની દૃષ્ટિએ ખાસું વૈવિધ્ય છે. આ વિશાળ સમુદાયને સમજીને ન્યાય આપવાની વાત તો ઘણી દૂર દેખાય છે.

આદિવાસીઓ અને પ્રકૃતિ એટલાં તો ઓતપ્રોત છે કે પર્વતો એમના દેવો છે, વૃક્ષો અને નદીઓ એમનાં માબાપ અને ભાઈ-બહેન છે. એ બરાબર જાણે છે કે આ પૃથ્વીને નરક બનાવવાનું મોટા મોટા ઉદ્યોગોએ એક ષડયંત્ર રચ્યું છે. જંગલોનો નાશ એટલે ભાષા અને કળાઓની વિલુપ્તિ. આજે તો જંગલની વાંસળી જંગલના અંતનો કરુણ રાગ વગાડી રહી છે. આ કવિતાઓમાં એક વિરોધનો સ્વર છે. મુખ્ય ધારા એ ભૂલી જાય છે કે લખાયેલો-છપાયેલો શબ્દ મૌખિક પરંપરા વિના અધૂરો અને પાંગળો છે. આ કવિતાઓમાં મુખ્ય સ્વર છે આક્રોશ અને કલ્પાંતનો.

ખાસી ભાષાના કવિ એસ્થર સિયામની કવિતા 'એક અન્ય ભારતીય કી ઓર સે શેષ ભારત કે લિયે'માં આ સમસ્યાની અભિવ્યક્તિ કંઈક આવી છે :

'હમારે પાસ હૈં
ન રામ
ન સીતા
ના હી અર્જુન
હમારે, હૈં
અલગ તરીકે સે નામ દિયે ગયે.'
(પૃ. ૨૦૮)

બોડો ભાષાના કવિ અરબિન્દ ઉજીર 'ચીજેં ખો ગયીં'માં કહે છે :

'ખેતમેં
ચીજેં ખો ગયી હૈં
ગાયબ હૈ ધાન ભરે ખેત
ખો ગયે હૈં પંછી
ગુમ હો ગયે હૈં મવેશી ભી' (પૃ. ૬૧)

ગુજરાતના પંચમહાલી ભીલી બોલીના કવિ સુરમલ વહોનિયા 'વળતર' કાવ્યમાં કેવી તો વેદના ઠાલવે છે!

'કાંડું કાપી લીધું
પાછું માંગીએ
કૌવતની ખબર પડી
પથ્થર તોડી મહેલ બનાવ્યા
છાંયડે બેસવાની જગ્યા ના મળી
ગામ ખોયું નદી ખોઈ
પીવાનું પાણી ના મળ્યું
માથે ટોપલી ઊંચકી બંધ બાંધ્યા
કિનારે રહેવા ના મળ્યું' પૃ. ૩૯૦)

આ તો ફક્ત ઉદાહરણ. પરંતુ અહીં એક આખી સંસ્કૃતિ વિખરાયેલી પડી છે. જોકે જમાનો બદલાતાં આદિવાસીઓ પણ બદલાયા છે. એમને પણ આધુનિક સાધનો જોઈએ છે. સુખ-સગવડ જોઈએ છે. જોઈ શકીએ કે બે અંતિમોની વચ્ચે હાલ આખી સંસ્કૃતિ એક પ્રકારની દ્વિધા, મૂંઝવણ અને લાચારી અનુભવે છે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

ચાર ગઝલો | ચંદ્રેશ મકવાણા 'નારાજ'

૧

અનહદ અપાર દુખ્ખો છે દરમિયાનમાં.
તો પણ જીવી રહ્યો છું હું મારી શાનમાં.

ડૂબતા સૂરજની સાથે ડૂબીને આજ પણ
ડૂબી શકી ના સંધ્યા પંખીના ગાનમાં.

હળવેકથી હસીને તરત જ રડી પડી,
હળવેકથી કહ્યું શું તે એના કાનમાં?

આંખો મીંચીને તરત તેં હાં કહી દીધી,
છે આટલો ભરોસો મારી જુબાનમાં?

ઉત્તર ન આપ કેવળ પૂછી લે જાતને,
તારાપણું તો છે ને તારા બયાનમાં?

નારાજ થાય કિંતુ નારાજ ના કરે,
નારાજની એ બાજુ છે તારા ધ્યાનમાં?

૨

રાત જેવી રાત મૂળથી ખળભળી.
સ્વપ્નની સાથે જ આંખો પણ બળી.

માત્ર ખિસ્સામાં વધ્યા'તા શ્વાસ બે,
મન મુજબ જીવવાની જ્યાં ફુરસદ મળી.

છોડની છાતી ઉપર ખંજર ધરી,
એમણે મસળી દીધી કુમળી કળી.

જાવ જઈ કોઈક પંખીને પૂછો,
હોય છે શું ચીજ એકાદી સળી?

પોક મૂકીને નજર બાઝી પડી
આંખ રોઈ રોઈને પાછી વળી.

શ્યામ નરસૈંયાને જે રીતે ફળ્યો,
દોસ્ત, અમને એ રીતે ગઝલો ફળી.

૩

દર્દ ઘૂંટાતું રહ્યું ને આંખ ભીંજાતી રહી.
છેક ઊંડે છેક... તીણી ફાંસ ભોંકાતી રહી.

પોક મૂકી કોક ખૂણો રાતભર રોતો રહ્યો,
કોક ડેલી પણ મરસિયા રાતભર ગાતી રહી.

હું અવાચક થઈને બસ જોતો રહ્યો જોતો રહ્યો,
એ કોઈની છાતીમાં મોં રાખી ઘેનાતી રહી.

ખાઈ ખોખારો કહું કે "આવ હું બેઠો જ છું"
મારી પાસે ક્યાં હવે એ હામ એ છાતી રહી?

આખરે રોઈને પણ જે વેલને પાણી સિંચ્યું,
આંખ સામે એ જ લીલી વેલ કરમાતી રહી.

૪

જિંદગી અઘરી હતી વાંચી અને સમજાઈ ગઈ.
એ પછી સુખ દુઃખ વિશેની ધારણા બદલાઈ ગઈ.

એ જ ક્ષણમાંથી કશું નવતર મળ્યું નક્કર મળ્યું,
જે ક્ષણે લાગ્યું કે સાલ્લી જિંદગી રૂંધાઈ ગઈ.

ક્રોધને રોકી દીધો બસ એક દી માટે જ મેં,
એક દીમાં દાઝ પશ્ચાત્તાપમાં પલટાઈ ગઈ.

પૂર્વગ્રહની કેદમાં હું કેટલાં વર્ષો રહ્યો,
કેદ તોડી ત્યાં તો ઝળહળ રોશની છલકાઈ ગઈ.

ઠેસ પણ નારાજ ઈશ્વરની સકારણ હોય છે,
ઠેસથી અટક્યાં તો હોનારત બીજે ફંટાઈ ગઈ.

■

બે ગઝલ | અનિલ ચાવડા

૧

બંદૂકના નાળચામાં તાજું ગુલાબ લાવે;
એ મોત પણ જો લાવે તો લાજવાબ લાવે.

ખોબેથી ખોબો આપે તો હાથોહાથ મહેકું,
અફસોસ એ જ કે એ ફૂલોની છાબ લાવે.

એ લાવી લાવીને પણ ચશ્માં જ લઈને આવ્યાં,
હું ઇચ્છતો'તો આંખો માટે એ ખ્વાબ લાવે!

આ બાજુ તો જ આવે, એ માર્ગને કહી દો;
મારાં ચરણ વિશે જો પાક્કો હિસાબ લાવે.

નક્કી થવું છે અળગા, કાં સાવ સ્પષ્ટ એને;
કોઈ આ હદે સ્વયમ્‌ને ના બેનકાબ લાવે.

આઘાત બાદ એ બસ તાક્યા કરે છે ભીંતો,
પ્હેલાંની જેવો તો એ ક્યાંથી રુઆબ લાવે?

તારો હરખ મને એક દી મારી નાખવાનો,
હું માગું આગિયો તો તું આફતાબ લાવે.

આ ગામમાં બધાયે સંપીને રહે છે ભઈલા
તું વાતવાતમાં કાં અહીંયાં કસાબ લાવે!

સત્તાનું ધાવી ધાવણ જે ઊછરી રહી છે,
એ શાયરોની કલમો શું ઇન્કલાબ લાવે!

જળાધારી

હીરલ વ્યાસ 'વાસંતીફૂલ'

શિવલિંગ પર
જળ અર્પિત કરતાં
માંગ્યું
પતિ માટે
લાં...બું... આયુષ્ય,
એકના એક દીકરા માટે
સફળતા,
ઘરના સૌ માટે
સુખ, શાંતિ અને સ્વાસ્થ્ય
ને બાકીનું બધ્ધું જળ
જળાધારી પર
કે
વાડામાં ઊભેલા આંબા પરથી
પથ્થર મારીને
કેરી પાડીએ
એમ
પાડી નંખાવેલા
એક નહીં,
બે નહીં,
પણ ત્રણ-ત્રણ ભ્રૂણને!

૨

બારણાએ તાળું સ્વીકારી લીધું અપમાન સાથે,
ઓરડામાં સૌ સલામત તો રહે સન્માન સાથે.

જોયું જ્યાં, ઉદ્ધત પવનનું ગેરવર્તન પાન સાથે,
બાથ ભીડી લીધી એક તરણાએ જઈ તોફાન સાથે.

ત્યારથી આકાશમાં જોતાં જ લકવો ઊપડે છે,
એક જણ ઊડી ગયું છે જ્યારથી વિમાન સાથે!

આટલી સુગંધ કેવળ ધૂપની હોઈ શકે નહિ
કોક નક્કી બળતું હોવું જોઈએ લોબાન સાથે!

એક ક્ષણ માટેય એ મરા તરફ કૂણા થયા નહિ,
થાય છે દરવાન પણ ક્યારેક બંદીવાન સાથે.

કેટલા તલ્લીન થઈ મારી ગઝલને સાંભળો છો!
ક્યાંક હૈયું ના અપાઈ જાય જોજો કાન સાથે.

■

ના થયાં..... | હરીશ શાહ

દ્વંદ્વમાં વાહક કદાપિ ના થયાં
દ્વેષથી અંગત કદાપિ ના થયાં

સંતની શોભા પ્રભાવિત હોય ના,
જ્ઞાનનાં બંધક કદાપિ ના થયાં.

ઉચ્ચ સ્થાને બેસવાનો અર્થ એ,
રંજથી આહત કદાપિ ના થયાં.

આ સમાધિ ભીતરે છે સખ્ય શી,
તંતનાં ત્રાટક કદાપિ ના થયાં.

ધારવાનો ફાયદો બસ એટલો,
અંતમાં અનહદ કદાપિ ના થયાં.

છે સ્વયં સુવાસ દેહે એટલે,
પુષ્પનાં ચાહક કદાપિ ના થયાં....

■

દોહા | હરીશ શાહ

તાણાવાણા પ્રેમનાં, ગૂંથે જગનો તાત,
વણકર વેશે આવતાં, ઊછળે દરિયા સાત..

ચાર દિશામાં સામટી, પ્રગટે દીપક જ્યોત
ઊતરે નભથી હેતમાં, સરવાણીના સ્રોત.

વંદન ચરણે આપનાં, ગુરુ બિન ક્યાં ઉદ્ધાર,
જ્ઞાન મળે જ્યાં ભેટમાં, બેઠકનો ઉપકાર.

ચાલે નામે વાયરો, કોને પૂછ્યાં ઠામ,
જ્યારે આવો માંગવા, પાળેલું છે ગામ.

વીતે દિવસો આકરા, ધીરજની છે પાળ
જોડાયાં ના દ્વેષથી, ચઢવો છે આ ઢાળ.

રાતે જાતે ડાકલાં, ખોળી ઢાળે ઢીમ
દોડે સાથે ડાબલા, આંખો ફાડે સીમ..

વરતારો છે જોરમાં, ઘેરાયું છે આભ,
નભથી ઊતરી સાથમાં, વરસી થાજો દાભ.

આંખો સામે બારણાં, ખુલ્લાં છે સૌ એમ,
કોની હો એ ધારણા, ઈશ્વરની છે નેમ!

વ્હાલાં કે અળખામણાં, સૌ મરજીના ખેલ,
પૂર્વગ્રહો તો વામણા, સઘળો મનનો મેલ.

દદડે દુઃખ પણ આંખથી, તતડે તાપે જીવ
મૃગજળ જેવી ભાખથી, શોષાતી મુજ ગ્રીવ.

ડાકુ પેઠો સીમમાં, જીવ બચાવી ભાગ,
સીમ હશે કે ખોળિયું, ભીતર ભડભડ આગ.

ચણતર પાકું મૂળથી, છતને હો આરામ,
ઠૂંડા નમે ન તૂળથી, લણણી પૂરે દામ.

રાખ સતત અંધારમાં, તારી જલતી જ્યોત,
તેજ સકલ સંસારમાં, શ્રમનું પ્રગટે પોત.

કુંભ ઊતર્યા ચાકડે, સર્જક આપે દેહ,
જળથી સીંચન તાકડે, માનવ કરતો છેહ

■

'જાં, જાન-એ જાં, જાન-એ જાનાં : ગઝલત્રયી |
સ્નેહી પરમાર

જાન

બીજે ફળિયે પગ મૂકું જાન
કિયે ભવ એથી છૂટું જાન?

તમે વિકલ્પ ના જોયા,
તમારું પદ છે ઊંચું જાન.

નિભાવી છે નિરંતરતા,
ન જોયું તીખુંતૂરું જાન.

મને ચાહો છો કે નહિ એ,
તમોને ક્યારે પૂછું જાન?

ધનુષ થઈ ગ્યો છું ચાહીને,
તમે ઊંચકો તો તૂટું જાન.

રૂડું ચોઘડિયું શોધી લો,
હવે કરવું છે પૂરું જાન.

જાનેજાં

વાયરા છે તે વાય જાનેજાં,
સૂકું થોડું સુકાય જાનેજાં?

જાન જાયે તો જાય જાનેજાં,
બોલ્યું થોડું ફરાય જાનેજાં?

ગાડે હોય એનાં ગાય જાનેજાં,
એને છોડી દેવાય જાનેજાં.

ના ગમ્યું? ગમ ખવાય જાનેજાં,
વાણી તો ના વેરાય જાનેજાં.

દીધેલું ના લખાય જાનેજાં,
લખ્યું પાછું વંચાય જાનેજાં.

ઘોર થોડી ગળાય જાનેજાં,
માગ દે તો મરાય જાનેજાં.

નોંધ ઘોર : કબર

જાનેજાના

જોઈ સસલું જેમ કૂદે ભૂખ્યું શ્વાન જાનેજાના,
મારી સામે તાકે છે મારું મકાન જાનેજાના.

દેવ પાસેથી મળ્યાં છો દાન રૂપે આપ અમને,
કઈ રીતે દઉં તમને બોલો દિલનાં દાન જાનેજાના.

ન્હોર મારે છે તમોને વ્યાઘ્ર વિરહનાં ને એનાં.
મારી ત્વચા પર ઊઠે રાતાં નિશાન જાનેજાના.

મેં નિહાળ્યો છે પલંગ પર મૂર્તિ સમ થીજેલ માણસ,
મેં રઝળતાં જોયાં છે રાંધેલ ધાન જાનેજાના.

પ્રેમીજન પામે છે જ્યાંથી કાવ્ય સુંદરતાથી રસબસ,
ધૂળ લઈ પાછા ફરે છે ચંદ્રયાન જાનેજાના.

નોંધ : જાણીતા ઉર્દૂ શાયર તસ્લીમ ફાઝલીની ગઝલનો એક મિસરા
'પહેલે જાં ફિર જાન - એ જાં ફિર જાન - એ જાનાં હો ગયે'માં રહેલાં ત્રણ સંબોધન અનુક્રમે 'જાં, જાન - એ જાં અને જાન - એ જાનાં'ને ગુજરાતી મુજબ 'જાન, જાનેજાં, જાનેજાના'ને ગઝલની રદીફ બનાવીને ગઝલ કરવાનો પ્રયત્ન છે.
મૂળ રચનાના કર્તા તસ્લીમ ફાઝલીના ઋણસ્વીકાર સાથે

■

સૂઈ જવું છે | ઈશાન દોશી

આજે આ મુંબઈ નગરીમાં
હું સૂવાની જગ્યાઓ શોધતો ફરું છું.
ઘરે મારા પલંગ પર ઊંઘવાનું કંટાળજનક લાગે છે
આ શહેરમાં જગ્યાઓ ઘણી બધી દેખાઈ રહી છે.

મારા ઘરની પાસેના નાકા ઉપર
બેઠેલા ભિખારીઓ વચ્ચે સૂવાનું મન થાય છે.
મારા મકાનમાં ફરતી બિલાડીની બાજુમાં
વૉચમૅનની કેબિનમાં, બહારના બસસ્ટૉપ પર
દરિયાકિનારે રેતી ઉપર
સૂવાનું મન થાય છે.

દૂર દેખાતાં ઊંચાં ઊંચાં મકાનની બંધ અગાશી પર
મેઇન રોડ વચ્ચેના ડિવાઇડર પર ઊગતાં ઝીણાં ઘાસ પર
જ્યાં દેખાય ત્યાં ઊભેલી ખાલી રિક્ષામાં
દિવસોથી ઊભેલી બસ કે ટ્રકના છાંયડામાં
સ્કાયવૉક પર ચાલતા લોકોની વચ્ચે
સૂવાનું મન થાય છે.

ઝૂંપડપટ્ટીમાં પડેલી આડી હાથગાડી પર
મધરાતે ચાલતી છેલ્લી લોકલ ટ્રેનના સેકન્ડ ક્લાસમાં
સ્ટેશનનાં પગથિયાં પર, પ્લૅટફૉર્મ પર
ટ્રાફિકમાં અટકેલા ટેમ્પોની પાછળ
બેસ્ટ બસમાં બાજુમાં બેઠેલાના ખભા પર
સૂવાનું મન થાય છે.

કોઈ સરકારી દફતરના લિફ્ટમૅનની ખુરશી પર
બંધ દુકાનના શટરને અડીને
મ્યુનિસિપાલિટી ગાર્ડનની બેન્ચ ઉપર
એ જ બેન્ચની નીચે પણ
બધા જ ભગવાનનાં ઘરોનાં પગથિયાં પર
રસ્તા ઉપર પડેલા બેવડાઓની બાજુમાં
સૂવાનું મન થાય છે.

આ બધી જગ્યાઓ પર સૂતેલા માણસોનાં
સપનાંઓ જોવાં છે મારે,
એમની ઊંઘ પહેલાંના દિશાહીન વિચારો
વિચારવા છે મારે,
એમના ખાલી અથવા ભરેલા પેટના

અવાજો સાંભળવા છે મારે,
એમના થાકની ચાદર બનાવી
ઓઢી લેવી છે.
મને ખાતરી છે કે એ ચાદરની અંદરના અંધારામાં
પ્રકાશના પડછાયા દેખાતા હશે.

કદાચ આ બધી જગ્યાઓ પર સૂતેલા માણસોનાં
સપનાંઓમાં મારો ઓરડો અને પલંગ દેખાતા હશે,
કદાચ એમના દિશાહીન વિચારો
મારી સમજણની હદ બહાર હશે,
કદાચ આ બધી અસાધારણ જગ્યાઓમાં
પેટના અવાજો પરિસરના ઘોંઘાટમાં ઓગળી જતા હશે,
કદાચ એમના થાકનો ભાર જ
એમની ઊંઘની ચાદર બની જતો હશે.

આવા વિચારો બંધ થાય એની રાહ જોતાં
મારી આંખો ભારે થતી જાય છે,
કાલે ફરી નવી જગ્યાઓ શોધતાં
મને સૂવાનું મન થશે.

■

હવે પાછો ખ્રિસ્તી મિત્રો સાથેનો સંબંધ વિચારવાનો સમય આવ્યો છે.

મારા ભવિષ્યને વિષે મિ. બેકરની ચિંતા વધતી જતી હતી. તે મને વેલિંગ્ટન કન્વેન્શનમાં લઈ ગયા. પ્રૉટેસ્ટન્ટ ખ્રિસ્તીઓમાં થોડે થોડે વર્ષે ધર્મજાગૃતિ એટલે આત્મશુદ્ધિને સારુ વિશેષ પ્રયત્નો કરવામાં આવે છે. આને ધર્મની પુનઃપ્રતિષ્ઠા અથવા ધર્મના પુનરુદ્ધારને નામે આપણે ઓળખીએ. તેવું સંમેલન વેલિંગ્ટનમાં હતું. તેના સભાપતિ ત્યાંના પ્રખ્યાત પાદરી રેવરંડ ઍન્ડ્રુ મરે હતા. મિ. બેકરને એવી આશા હતી કે આ સંમેલનમાં થનારી જાગૃતિ, ત્યાં આવનારા લોકોનો ધાર્મિક ઉત્સાહ, તેમની નિખાલસતા મારા હૃદય પર એવી ઊંડી છાપ પાડશે કે હું ખ્રિસ્તી થયા વિના નહીં રહી શકું.

પણ મિ. બેકરનો અંતિમ આધાર પ્રાર્થનાની શક્તિ ઉપર હતો. પ્રાર્થના વિષે તેમને ખૂબ શ્રદ્ધા હતી. અંતઃકરણપૂર્વક થયેલી પ્રાર્થના ઈશ્વર સાંભળે જ છે એવો એમનો વિશ્વાસ હતો. પ્રાર્થનાથી જ મૂલર (એક પ્રખ્યાત ભાવિક ખ્રિસ્તી) જેવા માણસો પોતાનો વ્યવહાર ચલાવતા તેનાં દૃષ્ટાંતો તે મને આપતા. પ્રાર્થનાના મહિમા વિષે મેં બધું તટસ્થપણે સાંભળ્યું. ખ્રિસ્તી થવાનો અંતર્નાદ આવે તો તેનો સ્વીકાર કરતાં કોઈ પણ વસ્તુ મને આડે આવે તેમ નહોતી, એમ મેં તેમને કહ્યું. અંતર્નાદને વશ થવાનું તો હું આ અગાઉ કેટલાંક વર્ષ થયાં શીખી ચૂક્યો હતો. તેને વશ થવામાં મને આનંદ આવતો. તેની વિરુદ્ધ જવું મને કઠિન અને દુઃખરૂપ હતું.

– **‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ : મહાત્મા ગાંધી**

એક દંતકથા | શૈલજા આનંદજીવાલા

જગત આખું ડર્યું હતું
વિષથી.
કોઈકે જ સ્વીકાર્યું હતું એ ભારણ,
ન જવા દીધેલું પેટમાં,
ન ફેંકેલું બહાર.
સૃષ્ટિને ઉગારવા
જકડી રાખેલો વિનાશને
પોતાના કંઠમાં.

ક્યારેક સસલું બન્યું સાપ
ને તમરાં બન્યાં આગિયા.
બ્રહ્માંડ આખુંય જોયા કરતું
સૃષ્ટિની કાયાપલટ.

ને તે ઊભી હતી દરવાજે,
સંધ્યા ટાણે રાહ જોતી,
નખધારીની.
પણ મળ્યો તે ચંદ્ર દ્વારે.

ને યાદ આવી હતી મા.
શોધે માની ચંદ્રમણિની વીંટી,
પણ જડે ખાલીખમ દાબડી-

ને નિહાળ્યું
એક બાળકના મોંમાંનું બ્રહ્માંડ.
મઘમઘી ઊઠેલું આખુંય બ્રહ્માંડ,
દાદીએ ખોલેલી
અત્તરની શીશીથી.

ને ગુલાબની સુગંધથી
હતો ભરપૂર ઓરડો,
ને ભોંય પડેલું
ફૂલહારોથી દટાયેલું
કરમાયેલું હતું શરીર.

જોઈ તેણે વિચારેલું -
બનીશ મધમાખી.
"રામ નામ સત્ય છે."
સાંભળી વળી મન થયેલું વિચલિત -
"શાપ મારો ક્યારે ફળશે?"
ને ક્ષણવારમાં સમજાયેલું
પોતે હતી કોણ?

સ્મરણમાં હતો પેલો
વિષનો ઘૂંટડો,
આજે પણ ગળામાં ભરાયેલો છે
ડૂમો.
તે નહોતી અગ્નિ,
નહોતી અત્તર.
હતી માત્ર
દાદાની એક સમજુ બકરી.

■

અંતિમ પૂર્ણવિરામ

વીનેશ અંતાણી

અવિનાશે કૉફી હાઉસના દરવાજાને ધીરેથી ધક્કો માર્યો. એને ગમતી જગ્યા. ઘણી વાર અહીં આવે છે. નિરાંતે બેસે. કૉફી પીએ. વાંચે. લખે. આજે પાછા ચાલ્યા જવાની ઇચ્છા માંડ રોકી. સવારથી રખડે છે. અસહ્ય ગરમીમાં માથું ફાટે છે. એ.સી.ની ઠંડકમાં બેસે.

ખૂણામાં બારી પાસે ટેબલ પર બેઠો. પરસેવો લૂછ્યો. બ્લૅક કૉફીનો ઑર્ડર આપ્યો. એક વાગ્યો છે. ફોન કરે? કોને? નામ યાદ કરતાં તકલીફ પડી. પ્રિયા. કદાચ એનું કામ પૂરું થયું હશે. એનો કબાટ ખાલી કરી નાખ્યો હશે. અવિનાશના કબાટમાં પણ નજર ફેરવી લીધી હશે. એની કોઈ ચીજ એમાં રહી ન જાય. ઘરના ખૂણેખૂણામાંથી બીજી વસ્તુઓ ભેગી કરી હશે. બધું આજે જ લઈ જશે કે ફરી આવશે? નહીં આવે. થોડો સામાન રહી જાય તો રહી જાય. સમયની સાથે ઘણું નકામું થઈ જાય છે.

કેવું લાગ્યું હશે અજાણી વ્યક્તિની જેમ ઘરમાં ફરવું? અજાણી કેમ? આઠ વરસ એ જ ઘરમાં રહી છે. બધો સામાન સૂટકેસ અને થેલામાં ભર્યો હશે. થાક લાગ્યો હશે. કદાચ કૉફી બનાવી હોય. ક્યાં બેસીને પીધી હશે? સવારની કૉફી પીવા આંગણામાં બેસતાં એ જગ્યાએ? વિચાર્યું હશે, છેલ્લી વાર.

રાતે વૉટ્સએપ પર મૅસેજ આવ્યો હતો – મારાં કપડાં અને વસ્તુઓ લેવા આવતી કાલે સવારે દસ વાગ્યે આવીશ. પછી તરત બીજો મૅસેજ – મારી પાસે ઘરની ચાવી છે. એમ લખીને એણે શું સૂચવ્યું? અવિનાશે ઘરમાં હાજર રહેવાની જરૂર નથી એમ?

વેઇટર કૉફી મૂકી ગયો. ઘૂંટ ભર્યો. મોઢામાં કડવો સ્વાદ ફરી વળ્યો. મગ ટેબલ ઉપર મૂક્યો. આજુબાજુ જોયું. આછું અજવાળું. ધીમું સંગીત.

ફોન વાઇબ્રેટ થયો. ચોંકી ઊઠ્યો. કોને યાદ આવ્યો? ભાસ્કર ત્રિપાઠીનો છે. વાર્તાની ઉઘરાણી કરવા કર્યો હશે. એના વાર્તા-સામયિકના વિશેષાંક માટે અવિનાશે વાર્તા મોકલવાની છે. ડેડલાઇન નજીક આવી ગઈ છે.

– વાર્તા?

– સૉરી, ભાસ્કર, હજી લખાઈ નથી.

– એમ કેમ ચાલે? ત્રણ-ચાર દિવસમાં મોકલ. તારી વાર્તા વગર મૅટર પ્રેસમાં નહીં જાય.

મિત્ર છે. વાર્તા માગવાનો અધિકાર છે. અવિનાશ ક્યારેય મોડો પડ્યો નથી. આ વખતે એની પાસે કોઈ વાર્તા નથી, કોઈ પાત્ર નથી.

કૉફી હાઉસની કડવી ગંધ છાતીમાં ભરાઈ ગઈ છે. મગ ઉપાડ્યો. મૂકી દીધો. નજર ફરતી ફરતી સામેના ખૂણામાં અટકી. એક માણસ આછા અંધારામાં બેઠો છે. એકલો. હમણાં આવ્યો કે પહેલેથી જ ત્યાં બેઠો હશે? અવિનાશે એને જોયો ન હોય. ભૂખરું જાકીટ. વાળ અસ્તવ્યસ્ત. એની સામે પણ કૉફીનો મગ પડ્યો છે અને એ પીતો નથી. ઊંડા વિચારમાં ગરકાવ. થોડો ઢળી ગયો છે. થોડી થોડી વારે કૉફી હાઉસના દરવાજા તરફ જુએ છે. કદાચ કોઈની રાહ જોતો હોય. કદાચ બહાર નીકળવાનો માર્ગ શોધતો હોય. એ માણસે મગ ઉપાડ્યો. મૂકી દીધો. બે હાથે માથું દાબી બેસી રહ્યો.

એ જ વખતે, અચાનક, કોઈ કારણ વિના, અવિનાશને થયું – આ માણસ થોડા દિવસમાં આપઘાત કરશે. એ સાથે બીજો વિચાર પણ આવ્યો – આત્મહત્યા કરવા માગતા કોઈ પાત્રની વાર્તા લખી શકાય.

બહુ વિચિત્ર અને ઉપરછલ્લો વિચાર હતો, છતાં અવિનાશના મગજમાંથી ખસ્યો નહીં. વાર્તાના વિચારે કબજો લઈ લીધો. ઠંડી થઈ ગયેલી કૉફી ટેબલ પર જ રહેવા દઈ એ ઊભો થયો. એ માણસ પણ ઊભો થયો. ન પીધેલી કૉફીના પૈસા ચૂકવી એ કૉફી હાઉસમાંથી બહાર ગયો. અવિનાશે પણ કૉફીના પૈસા ચૂકવ્યા અને ઝડપથી બહાર નીકળ્યો. એ માણસ કૉરીડૉરમાંથી જાય છે. દરેક પગલામાં અનિશ્ચિતતા વરતાય છે.

એ બસસ્ટૉપ પર ઊભો રહ્યો. અવિનાશ થોડે દૂર ઊભો રહ્યો. એણે એક વાર અવિનાશ સામે જોયું. ખાલી આંખો. વધેલી દાઢી. ત્રસ્ત ચહેરો. બે બસ જવા દીધી. અચાનક રિક્ષામાં બેસી ચાલ્યો ગયો.

એક અજાણ્યો માણસ એનું કશુંક અવિનાશ પાસે છોડતો ગયો. ફરી દેખાશે નહીં. એ આપઘાત કરવાનો છે અને અવિનાશની વાર્તાનો નાયક બની બેઠો છે.

*

કોઈનો પગરવ સંભળાય. બેડરૂમમાંથી. કિચનમાંથી. બાથરૂમમાંથી. કોઈ નથી. ઘર જાણે શ્વાસ લેવાનું ભૂલી ગયું હોય. અંદર આવ્યો. સોફા ઉપરનો સિલિન્ગ ફેન ચાલુ છે. એની નીચે ટિપાઈ પર અરધો દાબેલો કાગળ હવામાં ફરકે છે. કોરા પાના પર એક જ વાક્ય – ઘરની ચાવી લૉબીના શૂ રેકમાં છે.

પ્રિયા એનું છેલ્લું કામ પૂરું કરી ચાલી ગઈ છે. હવે એને આ ઘરની ચાવીની જરૂર નહીં પડે. કાગળ ફાડી કચરાટોપલીમાં નાખ્યો. શૂ રેકના ખાનામાંથી કી-ચેન ઉપાડી. કમ્પાઉન્ડના ગેટની અને ઘરની બે ચાવી કાઢી કી-ચેન પણ કચરાટોપલીમાં ફેંકી.

આખા ઘરમાં નવો સન્નાટો છવાઈ ગયો છે. એ સન્નાટો ઘરમાં કોઈ ન હોય એવો નહોતો, હવે કોઈ આવશે નહીં એનો હતો. એ ભાવ મનમાંથી કાઢી નાખ્યો. ભૂખ લાગી છે. કાલ રાતે પિઝા મગાવ્યો હતો. અરધો વધ્યો છે. માઇક્રોવેવમાં ગરમ કરવા મૂક્યો. થોડો સલાડ પણ વધ્યો છે. પ્લેટ ઉપાડી. જન્મ્યો ત્યારથી એકલો જ જમતો હોય એમ ખાઈ લીધું. બેડરૂમમાં ગયો.

પ્રિયા એનો કબાટ ખુલ્લો રાખી ગઈ છે. ખાનામાં પાથરેલાં જૂનાં છાપાં. પરફ્યુમની આછી સુગંધ. ફિનાઇલની ઘસાઈ ગયેલી ગોળીઓના ટુકડા. પરફ્યુમ અને ફિનાઇલની ગંધ વચ્ચે ખાલી કબાટમાં જોતો રહ્યો. પછી જોરથી બંધ કર્યો. આંખો પર હાથ દાબ્યો. લાંબા શ્વાસ લીધા.

સ્ટડીરૂમમાં ગયો. ઘણા દિવસ પછી. એ.સી. ચાલુ કર્યું. ટેબલ પરથી ધૂળ લૂછી. સામેની ભીંત પુસ્તકોના રેક પાછળ ઢંકાઈ ગઈ છે. એ કલાકો સુધી અહીં બેસી એનું કામ કરે. પ્રિયા ભાગ્યે જ આ રૂમમાં આવતી. ઘરમાં હોય ત્યારે ટી.વી. જોયા કરતી અથવા મિત્રોને લાંબા લાંબા ફોન કરતી. રજાના દિવસે અવિનાશને જણાવ્યા વિના બહાર ચાલી જતી.

કૉફી હાઉસના અંધારિયા ખૂણામાં એક માણસને જોઈ વિચિત્ર કલ્પના આવી હતી. હવે આપઘાતની વાર્તા લખવા આ રૂમમાં આવ્યો છે. આ પહેલાં એણે આપઘાતના વિષયની વાર્તા લખી નથી. પાત્રોની એકલતા, પીડા અને વિછિન્ન સંબંધોની વાર્તાઓ લખી છે. કોઈ પાસે આપઘાત કરાવ્યો નથી. લખી શકશે એવી વાર્તા? લખવી જ પડશે.

તે પહેલાં આપઘાતના વાતાવરણમાં મુકાવું પડશે. ક્યાંથી શરૂઆત કરે? આપઘાતની સાચી ઘટનાઓ ઑનલાઇન વાંચે? ત્રણ સાહિત્યકારોનાં નામ યાદ આવ્યાં. બ્રિટનની વર્જિનિયા વુલ્ફ, અમેરિકાની સિલ્વિયા પ્લાથ, જાપાનનો રિયેનોસુકે અકુતાગાવા.

અંધારી વાવમાં ઊતરવાની તૈયારી કરતો હોય એમ લૅપટૉપ ખોલ્યું. નોંધ કરવા પેડ અને બૉલપેન તૈયાર રાખ્યાં.

નોંધ : ૧. વર્જિનિયા વુલ્ફ

બે અંતિમોની વચ્ચે જીવી – ગાઢ ડિપ્રેશન અને ઉત્તમ સાહિત્યનું સર્જન. નાની ઉંમરે એની સાથે બનેલી આઘાતજનક ઘટનાઓની અસર આખી જિંદગી રહી. નજીકનાં સગાંનાં અવસાનથી પણ એની માનસિક શાંતિ ડહોળાઈ ગઈ હતી. ડિપ્રેશનના ગાળા આવે ત્યારે વિચિત્ર અવાજો સંભળાતા હોય એવો ભ્રમ થતો. કશાયમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતી નહીં. એવા સમયે એનો પતિ લિયોનાર્ડ એને પ્રેમથી સાચવતો. બીજા વિશ્વયુદ્ધના સમયમાં કેટલીક અંગત ઘટનાઓ બની. એનું ડિપ્રેશન ખૂબ વધી ગયું. એને લાગ્યું કે એ ફરી પાગલ થવા લાગી છે. જૂના અવાજો હૉન્ટ કરવા લાગ્યા હતા જીવવું અસહ્ય બનવા લાગ્યું ત્યારે આપઘાત કરવાનો નિર્ણય દૃઢ થતો ગયો. પતિને છેલ્લો પત્ર લખ્યોઃ 'મને લાગે છે, હવે આપણે એ ભયાનક સમયનો સામનો નહીં કરી શકીએ. મને સારું નહીં થાય. એથી મને સૌથી વધારે યોગ્ય લાગે છે એ કરવા જઈ રહી છું.'

પત્ર લખી ઘરની પાછળ આવેલી નદી પાસે ગઈ. ઓવરકોટનાં ગજવાંમાં વજનદાર પથ્થર ભર્યા અને ઊંડાં પાણીમાં ઊતરી ગઈ. લિયોનાર્ડે એની આત્મકથામાં લખ્યું છેઃ 'મૃત્યુ એના વિચારોમાંથી ક્યારેય દૂર રહ્યું નહોતું. ક્યારેક એ એનાથી ડરતી, છતાં મૃત્યુને એ 'અરધો' પ્રેમ પણ કરતી હતી.'

પતિનો ભરપૂર પ્રેમ અને અઢળક સફળતાની વચ્ચે મૃત્યુને અરધો પ્રેમ કરતા રહેવું – જીવનની આ કેવી ક્રૂર વિડંબના?

નોંધ : ૨. સિલ્વિયા પ્લાથ

ત્રીસ વરસની ઉંમરે લંડનની કડકડતી ઠંડીમાં એક સવારે ગૅસ ઓવનમાં માથું નાખી આત્મહત્યા કરી. એ ઘણા સમયથી ગંભીર ડિપ્રેશનથી પીડાતી હતી. પતિએ બીજી સ્ત્રી માટે એને છોડી દીધી પછી માનસિક હાલત વધારે બગડવા લાગી. પૈસાની તંગી, બે સંતાનોને એકલા હાથે મોટાં કરવાની જવાબદારી અને ભયાનક એકલતા.

અત્યંત સંવેદનશીલ વ્યક્તિ. અવસાદ એના વ્યક્તિત્વનો એક ભાગ બની ગયો હતો. એ ભીતરના અંધકારથી બચવા છટપટાતી રહી અને કવિતામાં ઉતારતી રહી. માનસિક શાંતિ માટે એને કવિતાની જરૂર હતી અને કવિતા લખવા માટે ગાઢ વિષાદની જરૂર હતી. મૃત્યુ એનાં ઘણાં કાવ્યોમાં ડોકાતું રહ્યું હતું. એક કવિતામાં એણે મૃત્યુને – આત્મહત્યાને – પર્ફૉર્મન્સની સાથે સરખાવ્યું છે – મૃત્યુ પામવું પણ બીજી કળાઓ જેવી કળા છે. હું એ ક્રમ કુશળતાથી કરી શકું છું.

શું કેટલાક લોકોની મુક્તિનો એકમાત્ર માર્ગ આત્મહત્યા જ હોય છે?

નોંધ : ૩. રિયેનોસુકે અકુતાગાવા

જાપાનનો મહાન સાહિત્યકાર. બેચેન આત્મા. એના જન્મ પછી પાંચ મહિને એની મા પાગલ થઈ ગઈ. અલગ રૂમમાં રાખવી પડતી. અકુતાગાવાને નાનપણથી ડર પેસી ગયો હતો કે એ પણ માતાની જેમ પાગલ થઈ જશે.

અકુતાગાવાએ પાંત્રીસમા વરસે ઊંઘની ગોળીઓનો ઓવરડોઝ લઈ આપઘાત કર્યો. જીવનના છેલ્લા છ મહિના એની માનસિક અવસ્થા વધારે બગડવા લાગી. બની ન હોય એવી ઘટનાઓને સાચી માની લેતો. કોઈ ઘટના બનતી ત્યારે એને લાગતું કે એ અગાઉ બની ચૂકી છે. વહેમ પેસી ગયો હતો – ઘરની દીવાલો એના પર ધસી રહી છે. દિવસે પણ રૂમમાં અંધારું કરી રાખતો.

એ દિવસોમાં એણે એના ખાસ મિત્રને લાંબો પત્ર લખ્યો હતો. એમાં લખ્યું કે એ કોઈ 'અસ્પષ્ટ બેચેની' અનુભવી રહ્યો છે, જાણે કોઈ છાયા એની અંદર વિસ્તરતી જતી હોય. એને મૃત્યુથી વધારે ડર માનસિક સંતુલન ખોઈ દેવાનો હતો. એણે પરિવારને તૂટતો જોયો હતો અને એ જ અંધકાર એના તરફ આગળ વધી રહ્યો હતો.

એણે આત્મહત્યા કરવાનો નિર્ણય ખૂબ સ્વસ્થતાથી લીધો – 'એક પ્રકારની શાંતિના સ્વીકાર માટે.' અકુતાગાવા માટે જીવન અસહ્ય નહોતું તો સહજ પણ નહોતું. એ આત્મહત્યાને જિંદગીનો એકમાત્ર 'ગરિમાપૂર્ણ અંત' માનતો હતો.

એણે લખ્યું છે – 'આ મારો માર્ગ છે અને એ મારે એકલાએ જ નક્કી કરવાનો છે.'

*

સૂરજ પૂરો આથમ્યો નથી, ધૂળના આવરણ પાછળ ઢંકાઈ ગયો છે. સાંજ અચાનક ઊતરી આવી છે. હવામાં ધૂળનું, ઝાંખા અજવાળાનું અને નજીક આવી રહેલા અંધારાનું વજન છવાયું છે. સમય ક્ષિતિજની ધાર પર થંભી ગયો છે.

અવિનાશ વરંડામાં આવ્યો. પાળી પાસે ઊભો રહ્યો. એનું ઘર સોસાયટીની છેલ્લી હરોળમાં છે. ક્યાંય કશી હિલચાલ નથી, જાણે બધા લોકો એમનાં ઘર ખુલ્લાં મૂકી ચાલ્યા ગયા હોય. વાતાવરણમાં ધૂંધળી બેચેની છે. શ્વાસ લેવા માટે પણ પ્રયત્ન કરવો પડે છે.

આખો બપોર આપઘાતના કિસ્સા વાંચતો રહ્યો. એની ગૂંગળામણમાંથી બહાર નીકળી શક્યો નથી. યહૂદી ફિલૉસૉફર અને લેખક વૉલ્ટર બેન્જામિન, જાપાનનો નવલકથાકાર યાસુનારી કાવાબાતા અને એમના જેવી બીજી કેટલીય નામી-અનામી વ્યક્તિઓના અંતિમ નિર્ણયની ક્ષણો પણ અવિનાશની છાતીમાં ભરાઈ ગઈ છે.

આટલો બધો થાક? એમના ભાગે આવેલી એક જ જિંદગીમાં? કોઈ આશા બચતી નહીં હોય? બધા દરવાજા બંધ થઈ જતા હશે? કદાચ એ લોકો સાંકળ ખખડાવતા રહ્યા હશે અને કોઈએ દરવાજો ખોલ્યો નહીં હોય. મોઢા પર હાથ ફેરવ્યો. થડકી ઊઠ્યો. કોણ અડકે છે એને? કોની વ્યાકુળતા અકળાવે છે? કોના થાક એની પિંડીમાં ઊતરી આવ્યા છે?

બેસી ગયો.

પાછળ જોયું. પાંચ રૂમનું ઘર. અંદરના અંધકારમાં ડૂબેલું. અત્યારે બધા રૂમ ખાલી છે. આ ઘડીએ એ પોતે પણ એમાં નથી. એનું ઘર હંમેશાં આવું જ રહ્યું છે. વિશાળ, ઠસોઠસ, છતાં ખાલી. એ પણ એના ઘરની ભીંસમાં ચગદાતો રહ્યો છે, જેમ અકુતાગાવાને લાગતું કે ભીંતો એના ઉપર ધસી રહી છે.

ઘરનો હિસ્સો ન હોય એવો માનો રૂમ. બારણું અરધું બંધ રહેતું, અરધું ખુલ્લું. મા રાતે પણ પૂરું બંધ કરતી નહીં. કદાચ એને ડર હોય કે છેલ્લી ક્ષણોમાં એ કોઈની રાહ જોતી હોય અને બહાર ઊભેલી વ્યક્તિ માની લે કે એ ચાલી ગઈ છે. લોકો એની પાસે આવે એવું ઇચ્છતી રહી, છતાં એમને અંદર આવતાં રોકતી રહી. રૂમમાં ફસડફસડ ચાલતી. જરૂર પડે તો જ બોલતી. એ કહેવા માગતી હશે એ એના ક્ષીણ થઈ ગયેલા અવાજમાં દબાઈ જતું હશે.

અવિનાશ મોડી સાંજે ઘરમાં એકલો હોય ત્યારે માના રૂમ પાસે આવતો. અંદર જવા માગતો, પરંતુ અદશ્ય ઉંબર પાર કરવા કોઈની અનુમતિની જરૂર હોય એમ બહાર ઊભો રહેતો. ક્યારેક, કોઈ સાંજે, છાતીમાં ભરાઈ ગયેલું રુદન અસહ્ય થઈ પડતું ત્યારે એ હિંમત કરી અંદર જતો. મા એને જોયા કરતી. પહેલાં ઓળખી ન શકે અને પછી એની આંખોમાં બહુ ઝાંખો કોમળ ભાવ ઊતરી આવતો. હાથ લંબાવતી. એ દોડતો માના પડખામાં ભરાઈ જતો. મા એના વાળમાં હાથ ફેરવતી. એ ચુપચાપ પડ્યો રહેતો. ગાઢ મૌનમાં સાંજ વીતતી રહેતી. માના પરસેવાની ગંધની સાથે અજાણી મીઠી સુગંધ આવતી અને એ રડવા લાગતો. મા એને રડવા દેતી. બસ, એટલું જ બનતું. પછી મુલાકાતનો સમય પૂરો થયો હોય એમ એ ઊભો થઈ જતો. પિતા ક્લબમાંથી આવે તે પહેલાં કામવાળી પાસે જમી લેતો અને પોતાના રૂમમાં ભરાઈ જતો.

પિતા સફળ ઉદ્યોગપતિ. અઢળક પૈસો. ઘરમાં આવે તે પહેલાં સિગારની સુગંધ આવતી. ઊંચા, પડછંદ રુઆબદાર. અવિનાશને પિતાનો ચહેરો યાદ નથી, એમની હાજરીનું દબાણ યાદ રહી ગયું છે. ઘાંટા જેવો અવાજ, બધું તાબામાં રાખતા. કચડીને.

મા વરસો પહેલાં એના રૂમમાં સમેટાઈ ગઈ અને અવિનાશ પિતાની સત્તા અને ઘાંટાઓની નીચે ચગદાતો એકલો એકલો મોટો થતો ગયો. ઘરમાં ત્રણ જ જણ, છતાં કોઈ કોઈની સામે જોતું નહોતું, કોઈ કોઈની સાથે વાત કરતું નહોતું. દરેક વ્યક્તિ પોતપોતાની ગેરહાજરીમાં ખોવાયેલી રહી.

અને પછી પ્રિયા આવી.

એ પણ આજે સવારે એનો કબાટ ખાલી કરી, ઘરની ચાવી લોબીના શૂ રેકમાં મૂકી, ચાલી ગઈ છે.

અવિનાશે આંખો ઊંચી કરી. ધૂળનું આવરણ. પડી ગયેલો પવન. અજાણી ક્ષિતિજની ધાર પર અધવચ્ચે થંભી ગયેલો સૂરજ અને એ પોતે, જાણે બધાં પોતપોતાનું વજૂદ ભૂલી ગયાં હોય.

*

તને પૂછું છું, ધ્યાન ક્યાં છે તારું? એ અને પ્રિયા રેસ્ટોરન્ટમાં બેઠાં છે. પ્રિયા ક્યારની કશુંક કહી રહી છે. એના સુધી પહોંચતું નથી. સૂની નજરે પ્રિયાને જોયા કરે છે – આ કોણ બાજુમાં બેઠું છે? પ્રિયાનો ઉત્સાહ નારાજગીમાં અને પછી ગુસ્સામાં ફેરવાઈ ગયો. નૅપ્કિન પછાડી ઊભી થઈ ગઈ. એ ઝબકી ગયો. એનો હાથ પકડી લીધો.

– સૉરી...

– વૉટ સૉરી? તું તો હું હોઉં જ નહીં એમ બેઠો છે.

– પ્લીઝ, બેસી જા, આમ એબ્રપ્ટલી–

– એબ્રપ્ટ તો તું છે. તેં ક્યારેય મને નજીક આવવા દીધી નથી.

– પ્લીઝ... લોકો સાંભળે છે.

પ્રિયાએ આજુબાજુ જોયું. બેસી ગઈ. સજળ આંખો પર નૅપ્કિન દાબ્યો. એ પ્રિયાનાં આંસુ સુધી પહોંચવા માગે છે, ઘણું કહેવા માગે છે, છતાં દર વખતની જેમ કોરો રહી ગયો.

સફાળો જાગી ગયો. ઊંઘની ગોળીના ઘેનમાં દૃશ્યો મોજાંની જેમ અફળાતાં રહ્યાં હતાં. ચારેકોર કાળું ફીણ ફરી વળ્યું હતું. ઊંઘ અને સપનાંની વચ્ચે ખાલી જગ્યા રહી ગઈ હતી.

હવે એ બીજી જ કોઈ વાસ્તવિકતામાં જાગી ગયો છે. બીજાં બધાં ખૂબ દૂરથી એને જુએ છે – આ કોણ એનું બધું છોડી ક્યાં ચાલ્યો ગયો છે? ક્યાંય ન હોવાની સભાનતા એના પર ઝીંકાઈ. ઊભો થઈ ગયો. રૂમમાંથી બહાર આવ્યો. આખું ઘર ચૂપ છે. ઘરમાં ચક્કર માર્યાં. ક્યાં જવા માગે છે? કોની પાસે? અંધારા કમરાઓની બહાર ઊભો રહ્યો, જાણે કશુંક પાછું માગી રહ્યો હોય.

સ્ટડીરૂમમાં ગયો. બંધ બારીમાંથી જોયું. સ્ટ્રીટલાઇટના અજવાળામાં રાત વધારે મેલી લાગે છે. બારીના કાચમાં કોઈનું પ્રતિબિંબ પડે છે. થાકેલો ચહેરો. વધેલી દાઢી. આંખોમાં ઉજાગરો.

કોણ છે આ માણસ? બારીના કાચમાં કેમ ઊભો છે?

*

બે પાત્રો. સ્વાતિ અને રવિ. વાર્તાનો આરંભ આઘાતજનક સમાચારથી થાય. સ્વાતિને બહેનપણી માયાનો ફોન આવે – રવિએ આત્મહત્યા કરી છે. સ્વાતિ સ્વીકારી શકે નહીં. માયા જણાવે – પોલીસ એનું શબ પોસ્ટમોર્ટમ માટે લઈ ગઈ છે.

સ્વાતિ અસહ્ય વેદના અને આઘાતથી મૂઢ બની જાય. અહીંથી કથા વર્તમાન અને ભૂતકાળમાં આગળ વધે. આગલી રાતે જ સ્વાતિ અને રવિએ હોટલમાં ડિનર લીધું હોય. અગિયાર વાગ્યા સુધી સાથે હોય અને પછી રવિએ ઘેર પહોંચીને આપઘાત કરી લીધો? એ ઉત્સાહથી વાતો કરતી રહી અને રવિ વિચારોમાં ખોવાયેલો રહ્યો. એની પણ નવાઈ લાગે નહીં. રવિ ખૂબ ગંભીર. ઓછાબોલો. સ્વાતિએ એનું ગંભીર વ્યક્તિત્વ સ્વીકારી લીધું હોય. મૂંઝાયેલો. કશાકનું વજન ઉપાડીને જીવતો હોય એવો.

સ્વાતિએ રવિને એના બાળપણ, માતાપિતા, ઉછેર, શોખ, પસંદગી–નાપસંદગીની બધી વાતો કરી હોય. રવિ ક્યારેય ઊઘડ્યો ન હોય. ઘણી વાર સ્વાતિને જણાવ્યા વિના દિવસો સુધી ક્યાંક ચાલ્યો જતો. સ્વાતિના ફોનના જવાબ પણ આપતો નહીં. ફરી મળે ત્યારે કોઈ ખુલાસો નહીં. સ્વાતિ રવિના મનમાં શું ચાલે છે તે જાણવાની કોશિશ કરતી રહે, પણ એ બંધ પેટી જેવો રહે.

એ બધું યાદ કરતાં કરતાં સ્વાતિના મનમાં અવહેલના અને અપમાનનો ભાવ ઘેરો થતો જાય. આગલી રાતે એ એની સાથે હતી ત્યારે પણ એ આપઘાતના જ વિચારો કરતો રહ્યો? વાર્તાના છેલ્લા વાક્યમાં સ્વાતિની પીડા આ સંવેદન પર સ્થિર થાય – એ એને પ્રેમ કરતી રહી અને એણે એને સાવ બાકાત રાખી.

*

વહેલી સવારની હવામાં ઝાકળની ભીનાશ છે. અવિનાશ થોડી વાર બગીચાના વૉક વે પર ચાલ્યો. ખાલી બાંકડા પર બેઠો. પાછલી રાતે વિચારેલી વાર્તા માથામાં ભરાઈ ગઈ છે. વાર્તાનો આરંભ જ ખોટી દિશામાં થયો છે. એ આપઘાત કરનાર પુરુષની વાર્તા લખવા માગે છે. એણે વિચારેલી વાર્તામાં સ્વાતિ કેન્દ્રમાં આવી ગઈ છે. રવિ બહાર રહી ગયો છે.

બીજી એક વાત પણ સમજાવા લાગી. સ્વાતિના પાત્રમાં પ્રિયા પ્રવેશી ગઈ છે. એ નથી ઇચ્છતો કે વાર્તામાં કશું અંગત આવે. વાર્તાનો પ્લૉટ વિચારવાની પ્રક્રિયામાં એ અજાણતાં જ અંગત સ્મૃતિમાં લપસતો ગયો હતો. પ્રશ્ન પ્રિયાનો નથી. તો કોનો છે? જવાબ મળતો નથી. માંડ એક વાર્તા આવી હતી. નહીં લખે. રવિ જેવા પાત્રને કેન્દ્રમાં રાખી નવી વાર્તા વિચારશે.

નવી વાર્તા? માથામાંથી સણકો ઊઠ્યો. એક વાર્તા પણ લખી શકતો નથી ત્યાં નવી વાર્તા? ખાલી થઈ ગયો છે. વાર્તા કેમ લખાય એ જ ભૂલી ગયો? ભાસ્કરને ના પાડી દે? પરાજયનો ભાવ જાગ્યો. બીજા કોઈને નહીં, કૉફી હાઉસના અંધારા ખૂણામાં બેઠેલા પેલા માણસને શો જવાબ આપશે? એ જ એને આપઘાતની વાર્તા સુધી લઈ ગયો છે. કથાને અંજામ આપ્યા વિના છોડી દે તો એ પણ એક પ્રકારનો આપઘાત થશે. હજી થોડો સમય છે. ભીતરનાં પડ ભેદી આપઘાતની ક્ષણ સુધી પહોંચતું કોઈ પાત્ર શોધશે.

કોને મોઢામોઢ થવા માગે છે? ગભરાઈને ઊભો થઈ ગયો. ઘેર આવ્યો. બ્રશ કર્યું. શૉવર લીધો. કૉફી બનાવી. આદતવશ આંગણામાં ગયો. કૉફી–ટેબલ. બે ખુરસી. બેસવા જતો હતો. ન બેઠો. બીજી ખુરસી પર પ્રિયાનો પડછાયો બેસી જાય તો? આદતવશ?

આ ઘરમાં કોઈ જગ્યા સલામત રહી નથી. એક જ જગ્યા છે, જ્યાં એ સલામતી અનુભવે છે. સ્ટડીરૂમમાં ગયો. કૉફીનો મગ ટેબલ ઉપર મૂક્યો. લૅપટૉપ ખોલ્યું. સ્ક્રીન સામે તાકતો રહ્યો. કૉફીમાંથી ઊઠતી વરાળ ભરડો લેવા લાગી. સિગારેટ સળગાવી. પ્રિયા એના જીવનમાં આવી પછી પહેલી વાર. નવો ડર. કોઈ આવી ચઢશે. પિતા. મા. પ્રિયા. ફેંકી નહીં. ધુમાડા કાઢતો રહ્યો. નાનકડો બળવો.

આ એનો માર્ગ છે, પાર કરવાનો નિર્ણય એણે પોતે જ લેવાનો છે.

કૉફી ગટગટાવી ગયો, જાણે મુક્તિના માર્ગ પર પહેલું પગલું.

*

ત્રણ દિવસ કોરા ગયા. આજે ચોથો દિવસ છે. રોજ સવારે લૅપટૉપ સામે બેસે. મોડી સાંજે થાકીને ઊભો થઈ જાય. કૉફીના કપ ખાલી થતા રહ્યા છે. સિગારેટનો ધુમાડો ભરાતો ગયો છે. કશુંક સૂઝે. દૃશ્યોના ટુકડા રચાય. મધરાત પછીના અંધારામાં ચૌદ માળની બિલ્ડિંગની છત પર પહોંચવા પગથિયાં ચડતો માણસ. નિર્જન વગડામાં રેલવેના પાટા પાસે ફાસ્ટ ટ્રેનની રાહ જોતો માણસ. સિલિન્ગ ફેન સાથે બાંધેલા દોરડાના ગાળિયામાં ગરદન નાખી સ્ટૂલ પર ઊભેલો માણસ. મોડી રાતે સૂમસામ રસ્તાનો વળાંક વળતાં પહેલાં પોતાના ઘરને છેલ્લી વાર જોતો માણસ.

અવિનાશ એ દૃશ્યોની આસપાસ વાર્તા ગોઠવવા થોડાં વાક્યો લખે. વચ્ચે જ અટકી જવું પડે. શબ્દોનાં ફોતરાં ચારે બાજુ ઊડતાં રહે છે.

કામવાળી સવારે કામ કરી ચાલી જાય છે. એ બેડશીટ સરખી કરતી હશે ત્યારે અવિનાશે આખી રાત ફેરવેલાં પડખાંના સળ એણે જોયા હશે. બાથરૂમમાં ચાલુ રહી ગયેલા નળમાંથી વહેતું પાણી જોયું હશે. એક જ પ્લેટ. એક જ વાટકો. એક જ ટુવાલ. પ્રિયા ઘરમાં નથી એની એણે નોંધ લીધી હશે, પણ પૂછ્યું નથી. અગાઉ મા અને પિતાજીના ખાલી રૂમ સાફ કરતી ત્યારે એ મજાકમાં પૂછતી – આમાં કોઈ રહેવા આવવાનું છે? હવે આખા ઘરમાં ઝાડુ કાઢતી વિચારતી હશે – અહીં કોણ રહેતું?

રોજ સાંજે ભાસ્કરનો ફોન આવે છે – વાર્તા? અવિનાશ ચૂપ રહે છે. તને શું થયું છે, અવિનાશ? એક વાર્તા લખી શકતો નથી?

– યૂ આર અ ડેડ મૅન... હું કોઈ શબની સાથે જીવવા માગતી નથી.

ભીંસ વધતી જાય છે. કશુંક પૂરું કરવું છે. પણ શું? અદૃશ્ય ડેડલાઇનની પેલી તરફ પહોંચી જવા માગતો હોય એમ છતને તાક્યા કરે છે.

આપઘાતની વાર્તા લખવાનો વિચાર છોડી દે? પ્રેમની વાર્તા લખે? સભરતાની. ઉલ્લાસની. છલછલતી લાગણીઓની. અંદરની રિક્તતા બહાર આવી ગઈ. ક્યાંથી કાઢે એ અનુભવ અને એવાં પાત્રો?

કશુંક પણ કરવા ફોન ઉપાડ્યો. કૉન્ટેક્સ જોતો રહ્યો. પ્રિયાના નામ પાસે અટક્યો. ફોન કરે કે ડિલીટ કરી નાખે? કશો ફરક પડશે નહીં. એ એની નિશાનીઓ ભૂંસી ચાલી ગઈ છે. હવે પ્રિયાની નહીં, ડિવૉર્સની નોટિસની વાટ જોવાની છે.

તૂટતું ગયું છે બધું. છેક નાનપણથી. હવે બેઠો છે વિધ્વંસ પછીના કાટમાળ નીચે. અત્યાર સુધી જેણે ટકાવી રાખ્યો એ લેખક પણ એને છોડીને ચાલ્યો ગયો છે. એ પણ ચાલ્યો જાય? કોઈ શોધી ન શકે એવી જગ્યામાં? ક્યાં જાય? પગ મૂકી શકાય એવી નક્કર જમીન રહી નથી. ચારે બાજુ પોલાણ વિસ્તરી ગયું છે.

સિગારેટ સળગાવી. ધૂમ્રસેર જોતો રહ્યો. થોડા દિવસ પછી કૉલેજનું સમર વૅકેશન પૂરું થશે. બહાર નીકળવું પડશે. લેક્ચર લેવાં પડશે. વાતો કરવી પડશે. લોકો પ્રશ્નો પૂછશે. એની પાસે જવાબ નહીં હોય.

રિન્ગ વાગી. ભાસ્કરનો ફોન. કદાચ છેલ્લી મુદ્દત આપવા. ન ઉપાડ્યો. ભાસ્કરનો પણ ડર લાગે છે. એ જ એને હરક્ષણ નિષ્ફળતા તરફ ધકેલી રહ્યો છે. કોઈ પણ ઘડીએ ડૉરબેલ વાગશે અને એ સામે ઊભો હશે. ખભા પકડી ધણધણાવી નાખશે. હાલત તો જો તારી. આ કોણ તારા પર છવાઈ ગયું છે? ઉતરડી નાખ એની ચામડી. વાર્તા આપ મને.

બહુ થયું, આજે છેલ્લી રાત. છેલ્લો પ્રયત્ન. નહીં લખાય તો સવારે ભાસ્કરને ના પાડી દેશે.

લૅપટૉપના સ્ક્રીન પર મરેલી માછલી જેવું કર્સર પડ્યું છે. કદાચ આ છેલ્લી તક છે. ખુરસી આગળ લીધી. કી બોર્ડ પર આંગળી મૂકી.

કોઈક માણસ ક્યાંક તો આપઘાત કરવા ઊભો હશે.

*

રાત. ત્રણ વાગ્યા છે. એ નદીના પુલ ઉપર આવ્યો. એક સમયે આ પુલ દિવસરાત ધણધણતો રહેતો. બાજુમાં નવો પુલ બન્યો પછી બંધ કરી દેવામાં આવ્યો છે. કટાયેલી રેલિન્ગ, તૂટેલા લૅમ્પપોસ્ટ અને કૉંક્રીટ પર લાંબી લાંબી તિરાડો. નીચે નદી પુરજોશમાં વહે છે. આ ચોમાસામાં બહુ વરસાદ પડ્યો. નદી હિંસક બની ગઈ છે. વેગથી વહેતું પાણી પુલના થાંભલા સાથે અથડાય છે.

પુલની મધ્યમાં રેલિન્ગ પાસે આવ્યો. પોતાનાં જ પગલાંનો અવાજ સાંભળી ધ્રૂજી ઊઠ્યો, જાણે નાશ પામેલી દુનિયાનો એ છેલ્લો જીવંત માણસ હોય. નદી એને બોલાવે છે. સફેદ ફીણ પાણીની સપાટી પર આવી ગુમ થઈ જાય છે.

સંપૂર્ણ અંધકાર છવાયો છે. એની લાગણી, એનો પ્રેમ, પ્રયત્નપૂર્વક ટકાવી રાખેલા સંબંધોનો ક્યાંયથી પડઘો પડતો નથી. એને પણ પુલની જેમ છોડી દેવાયો છે.

અચાનક પવન ફૂંકાયો. પુલ મૂંગો ચિત્કાર કરી ઊઠ્યો. એ રેલિન્ગ પરથી નીચે વળ્યો. અંતિમ નિર્ણય લેવાની ક્ષણ આવી પહોંચી હતી.

*

દરેક વાક્ય બનાવટી લાગે છે. વાર્તાના હાર્દમાં પ્રવેશ કરી શકતો નથી. પાત્રને આત્મસાત્ કર્યા વિના ગોળ ગોળ ફર્યા કરે છે. કોઈને નદીના પુલની રેલિન્ગ સુધી

પહોંચાડી દેવાથી કે ઊંચી બિલ્ડિન્ગનાં પગથિયાં ચઢાવતા રહેવાથી વાર્તા બનતી નથી. કશુંક ખૂબ અગત્યનું પકડમાં આવતું નથી.

ટેબલનું ડ્રોઅર ખોલ્યું. જૂની ચીજો ભરી છે. ઇન્ડિપેન. ખાલી ખડિયો. પેન્સિલનો ટુકડો. ડૂચો વાળેલો રૂમાલ. પ્રોપર્ટી ટૅક્સની પહોંચ. લાઇટનું બિલ. એના જન્માક્ષર. છેક નીચે વાળેલો કાગળ જોયો. પેન્સિલથી ઝાંખા અક્ષરોમાં લખ્યું છે – હું કશુંક ચૂકી ગયો છું. કોણે લખ્યું છે? કયા સંદર્ભમાં? ક્યારે? માએ વિદાય લીધી પછી? પિતાએ છેલ્લો ઘાંટો પાડ્યો ત્યારે? પ્રિયા આવી પછી? ગઈ કાલે? આજે? આ ક્ષણે?

ડ્રોઅરમાં ભરેલો કચરો ફેંકી દેશે. જન્માક્ષર ફાડી નાખશે. વાળેલો કાગળ સાચવશે... હું કશુંક ચૂકી ગયો છું... એક જ વાક્યમાં એની આખી આત્મકથા સમાઈ ગઈ છે. આત્મકથા અને વસિયતનામું, બંને.

બહારનું અંધારું રૂમમાં ઘૂસી આવ્યું છે. ભીંત પર બારીની ગ્રિલનો પડછાયો પડે છે. અચાનક કશુંક ટપકવાનો ધીમો અવાજ શરૂ થયો. એક ટીપું. વિલંબિત. બીજું ટીપું. ખેંચાયેલું. ત્રીજું. ચોથું. પાંચમું. અનિયમિત લયમાં શું ટપકે છે? સાચે જ સંભળાય છે કે હજી ન લખાયેલી વાર્તામાં ટપકે છે?

માથા પર હાથ ફેરવ્યો. અસ્તવ્યસ્ત વાળ. મોઢા પર હથેળી દાબી. ગૂંચવાયેલી રેખાઓ. કોઈ ભરાઈ બેઠું છે રૂમમાં. દેખાતું નથી. એની હાજરીનો અહેસાસ થાય છે.

ફરી ધ્યાન કેન્દ્રિત કરવાની કોશિશ કરી. કશુંક સૂઝે. નીચે ઊતરતાં પગથિયાં. અંતહીન ઊંડાણ અને પછી કશું નહીં. એ એનું પાતાળ ખોઈ બેઠો છે. બેઠો છે શબવત્... શબ... માના પલંગ પર જોયું હતું તે કે અત્યારે આ રૂમમાં ગોંધાઈ ગયું છે એ?

ઊભો થવા માગે છે. શક્તિ રહી નથી. કોઈ તો એને કહે કે એ લખવા માગે છે તે વાર્તા ક્યાંથી મળે? કોને પૂછે? કોની પાસે જાય? સવારથી રોકી રાખેલા વિચારે ફરી હુમલો કર્યો. ચૅટબોટ. એની મદદ લે? ઘણા લોકો ચૅટબોટ પાસે લખાવે છે. એને જચતું નથી. એ જાણે છે, ચૅટબોટ આપઘાતની વાર્તાનો સીધો જવાબ નહીં આપે, બચાવી લે એવા અંત તરફ ઘસડી જશે.

શું એ શક્ય છે? બચી જવું?

અસમંજસમાં બેસી રહ્યો.

અચાનક એક ચૅટબોટની વિન્ડો ખોલી. વૉટ કેન આઇ ડૂ ફોર યૂ? ચૅટબોટનો ઉત્સુક પ્રશ્ન માથા પર વાગ્યો. એકાએક નિર્ણય લીધો – નહીં પૂછે. એની વાર્તાના નાયકને આપઘાત કરાવવાનો અધિકાર માત્ર એનો છે.

ઠીક છે. પ્રયત્ન કર્યા એટલું પણ પૂરતું છે. હવે બસ. ખુલ્લી જગ્યામાં બહાર નીકળે. ફેફસાંમાં તાજી હવા ભરે. જીવવા જેવું કશુંક કરે.

ચૅટબોટ બંધ કરવા જતો હતો ત્યાં જ એક સવાલ સળવળ્યો – આપઘાત કરતા માણસની વાર્તા લખવા શેના પર ફોકસ કરવું જોઈએ?

જવાબ ઊતરવા લાગ્યો – એવી વાર્તા, જે પાત્રના મૃત્યુ પૂરતી મર્યાદિત ન રહે. પાત્રની ભીતર વરસોથી ભરાયેલી એકલતા, ખામોશી અને માનસિક યાતનાને તપાસે.

આવા વિષયની ઉત્તમ વાર્તા મૃત્યુ પર જ ફોકસ કરતી નથી. જીવનમાં અદીઠ રહી ગયું હોય એની પણ ગહન ખોજ કરે છે.

અદીઠ?

ચૅટબોટ શું કહેવા માગે છે?

જેમ કે કોઈના વારસાનું વજન.

*

સૂરજ હજી પણ ક્ષિતિજની ધાર પર ક્યાંક અટકી ગયો છે, છતાં રાત ઊતરી આવી છે. ધૂંધળી છાયાઓ ઘરમાં ઘૂસી આવી છે. આંગણામાં જવાનો દરવાજો બંધ છે. બહારની હવા બહાર રહી ગઈ છે. ડ્રૉઇંગ રૂમનો ફેન ચાલુ છે. કામવાળી સવારે બંધ કરવાનું ભૂલી ગઈ કે કોઈ આવ્યું અને એને ખબર ન પડી?

બેડરૂમમાં ગયો. કબાટ ખોલ્યો. પાછળ રહી ગયેલા માણસનાં કપડાંની ગંધ. બીજો કબાટ ઉઘાડ્યો. ચાલી ગયેલી વ્યક્તિની વાસ. પિતાના રૂમમાં ગયો. મોંઘી ચીજોથી ઠસોઠસ. પોલિશ્ડ ફ્લૉર. વિશાળ પલંગ. રેશમી બેડશીટ. પોચાં ઓશીકાં. લાંબો અરીસો. વૉર્ડરોબના હેન્ગરમાં લટકતા સૂટ. શર્ટ, પૅન્ટ, રૂમાલોની થપ્પી. પાંચ-છ કાંડા ઘડિયાળ. બેલ્ટ્સ. કફલિન્ક્સ. સિગાર કેસ.... અને બેફામ ઘાંટા.

માના રૂમનું બારણું. અરધું બંધ. અરધું ખુલ્લું. અંદર ભરાયેલી કંસારીનો એકધારો કણસાટ સંભળાય છે. બહાર ઊભો રહ્યો. એ બધી સાંજોની જેમ. આખું બારણું ખોલી નાખ્યું. માના પરસેવાની ગંધ આવી.

પરદા પાછળ બંધ બારી. રૂમમાં પુરાતન ખામોશી ભરાઈ ગઈ છે. ઘણાં વરસોથી આ રૂમમાં આવ્યો નથી. અંદર પગ મૂકતાં જ લાગ્યું, આ રૂમ વરસોથી એની પ્રતીક્ષા કરે છે.

કશું બદલાયું નથી. સાંકડો પલંગ. ખુરસી પર શૉલ. બારીની પાળી પર ચશ્માં. મા કોઈ પણ ઘડીએ એની વસ્તુઓ લેવા આવશે. તીવ્ર ચીસ ઊઠી. કોઈ પાછું આવતું નથી. પાછળ રહી ગયેલી વ્યક્તિએ એમના વતી જીવી લેવાનાં ફાંફાં મારવાં પડે છે.

અંદર ને અંદર ગંઠાઈ જતી પીડાઓ, અવ્યક્ત ડર અને જીવવા – ન જીવવાની વચ્ચે થંભી ગયેલો સમય. મા મૃત્યુ પામી તે પહેલાં દરેક ક્ષણે વીતતી ગઈ હતી. એણે એક ઝાટકે ચાલ્યા જવાનું પસંદ ન કર્યું. ટુકડાટુકડામાં આપઘાત કરતી રહી. બદલામાં શું મળ્યું એને? કોઈને પણ શું મળે? અંધારા કમરા, અનુત્તર પ્રશ્નો અને બાકી રહી ગયેલા આપઘાત. કદાચ એ જ છે માનો વારસો. અદીઠ છતાં સાબૂત.

ઊંઘમાં ચાલતો હોય એમ માના પલંગ પાસે ગયો. સૂતેલો પડછાયો સળવળ્યો. વરસોજૂની બેડશીટ પર હાથ ફેરવ્યો. ખરબચડો સ્પર્શ થયો. બારીની પાળી પર પડેલાં માનાં ચશ્માં પહેર્યાં. અગાઉ જોયું નહોતું એવું દેખાયું. કોઈ સાદું સત્ય. ચશ્માં પાછાં મૂકી પલંગ પાસે જમીન પર બેસી ગયો. કદાચ આવી જ કોઈ જગ્યામાં પહોંચ્યા પછી લોકો ચુપચાપ ચાલ્યા જવાનો નિર્ણય લેતા હશે.

માના મૃત્યુ પછી રડ્યો નહોતો. તે વખતે ઘણું સમજાયું નહોતું. હવે સમજાઈ રહ્યું છે. માના ખોળામાં માથું મૂકી સૂતો હોય એમ પગ લાંબા કરી પલંગને અઢેલી બેસી રહ્યો. હવે મુલાકાતનો સમય ક્યારેય પૂરો નહીં થાય. કોઈ બરાડા નહીં પાડે. ટેબલ પર નૅપ્કિન પછાડી કોઈ ઊભું નહીં થઈ જાય.

બારીના કાચમાંથી વહેલી સવારના ટશિયા ફૂટ્યા. ઊભો થયો. માના બાથરૂમમાં ગયો. બેસિનના અરીસામાં માનું પ્રતિબિંબ ચોંટી ગયું છે. મોઢું ઘસીઘસીને ધોયું. ભીના મોઢે બહાર આવ્યો. પાછળ ટીપાં ટપકતાં રહ્યાં. રૂમનું બારણું પૂરું બંધ કર્યું. હવે અરધું ખુલ્લું રાખવાની જરૂર નહોતી.

બધી ડેડલાઇનમાંથી બહાર નીકળી ગયા પછી ઘરમાં શાશ્વત શાંતિ છવાઈ ગઈ છે. કૉફી બનાવી. આંગણામાં ખુરસી પર બેસી પીધી. વાસણો ધોઈ નાખ્યાં. સૂકા છોડોને પાણી પાયું. લૅપટૉપ કબાટમાં મૂક્યું. એશ ટ્રે ખાલી કરી. તૈયાર થયો. ઘરને તાળું માર્યું. ચાવી શૂ રેકમાં મૂકવા જતો હતો. ન મૂકી. સાથે લઈ જશે. કમ્પાઉન્ડના ગેટમાંથી બહાર આવ્યો.

આરામથી ચાલતો કૉફી હાઉસ પાસે પહોંચ્યો. લાંબી કૉરિડૉર પસાર કરી કૉફી હાઉસના દરવાજા સામે ઊભો રહ્યો. ખચકાટ વગર હળવો ધક્કો માર્યો. કોઈ ટેબલ ખાલી નથી. વેઇટર એને આછા અંધારા ખૂણાની ટેબલ પાસે લઈ ગયો. બ્લૅક કૉફીનો ઑર્ડર આપ્યો. આંખો બંધ કરી. નિરાંતે બેઠો. વાતોનો ગણગણાટ, ધીમું સંગીત. કશું સંભળાતું નથી. સાંભળવાની જરૂર પણ નથી.

વેઇટર કૉફી મૂકી ગયો. આંખો ખોલી. આસપાસ જોયું.

સામે બારી પાસે ટેબલ પર કોઈ બેઠું છે. ભૂખરું જાકીટ. અસ્તવ્યસ્ત વાળ. ત્રસ્ત ચહેરો. એની સામે પણ કૉફીનો મગ પડ્યો છે અને એ તાકીતાકીને અવિનાશને જુએ છે, જાણે વિચારતો હોય –

■

દાદા અબદુલ્લાનું મકાન ધર્માશાળા કે જાહેર ઑફિસ જેવું થઈ પડ્યું હતું. શિક્ષિત ભાઈઓ તો મારી પાસે જ હોય. તેઓનું અને બીજા કામદારોનું ખાવાનું દાદા અબદુલ્લાને ત્યાં જ થાય. આમ સહુ ખૂબ ખર્ચમાં ઊતર્યા.

અરજી ગઈ. તેની એક હજર નક્લ છપાવી હતી. તે અરજીએ હિંદુસ્તાનની જાહેર પ્રજાને નાતાલનો પહેલો પરિચય કરાવ્યો. જેટલાં છાપાંનાં અને જાહેર આગેવાનોનાં નામ હું જાણતો હતો તેટલાંને તે અરજીની નકલો મોકલી.

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ તે ઉપર અગ્રલેખ લખ્યો ને હિંદીઓની માગણીને સરસ ટેકો આપ્યો. વિલાયતમાં પણ અરજીની નકલ બધા પક્ષના આગેવાનોને મોકલવામાં આવી હતી. ત્યાં લંડનના 'ટાઇમ્સ'નો ટેકો મળ્યો. એટલે બિલને મંજૂરી ન મળવાની આશા બંધાઈ.

હવે મારાથી નતાલ છોડાય એવું ન રહ્યું. લોકોએ મને ચોમેરથી ઘેર્યો ને નાતાલમાં જ સ્થાયી રહેવાનો અતિશય અગ્રહ કર્યો. મેં મારી મુશ્કેલીઓ જણાવી. મારા મનની સાથે મેં નિશ્ચય કર્યો હતો કે મારે જાહેર ખરચે ન જ રહેવું. નોખું ઘર માંડવાની મેં આવશ્યકતા જોઈ. ઘર પણ સારું અને સારા લત્તામાં લેવું જોઈએ એમ મેં તે વેળા માન્યું.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

સરખડિયા હનુમાનની જગ્યા

અનુપમ બુચ

એક સવારે હું છાપું ઉથલાવતો હતો ત્યાં મારું ધ્યાન એક સમાચાર તરફ પડ્યું. હેડલાઇન વાંચતાં જ મારી આંખ ચમકી. 'ગિરનાર સ્થિત શ્રી સરખડિયા હનુમાનની જગ્યાના 'મહંત' કાળધર્મ પામ્યા.' સાહેબ, સરખડિયા હનુમાનની જગ્યાનું નામ પડતાં જ નખ-શિખ ઝણઝણાટી વ્યાપી ગઈ! બસ, હું ચાળીશ-બેતાળીશ વર્ષ પહેલાંના સમયમાં સરી પડ્યો. મેં છાપું વાળીને બાજુમાં મૂકી દીધું અને ગિરનારના એ ઘટાટોપ વનની વાટ પકડી.

ગિરનાર! રખડપટ્ટીની વાત નીકળે ત્યારે પહેલાં ગિરનાર અને ગિરનારની ગોદ યાદ ન આવે તો બીજું શું યાદ આવે? વ્યવસાયની મજબૂરી કે જવાબદારીના કારણે ગિરનારની તળેટીમાં વસેલું વતન જૂનાગઢ 'છોડવું પડ્યું', બાકી અમારું ત્રણ મજલાનું મકાન ગેબી ગિરનારની પર્વતમાળા સન્મુખ હતું એટલે 'હોમાંલાનો બાપ' સતત આંખ સામે જ રહેતો. માત્ર આંખ સામે જ કેમ? હૃદયના ઊંડાણમાં પણ ગિરનારી પડઘા પડતા રહેતા અને પડતા રહે છે.

ગિરનાર પર્વતની તળેટીની ત્રણેય દિશાઓ તરફ પથરાયેલા આડબીડ જંગલમાં નાનાં-મોટાં પૂજ કે અપૂજ પૌરાણિક મંદિરો આવેલાં છે. ગિરનારના દરવાજાથી દાખલ થતાં જ ગિરનારનાં પગથિયાં સુધી રસ્તાની ડાબે-જમણે ભગવી ધજાઓ લહેરાતી જોવા મળે. પરોઢિયે કે દીવાટાણે ક્યાંકથી આરતીનાં શંખ, ઘંટ કે નગારાંનો ધ્વનિ પડઘાય. સ્વાભાવિક છે કે, આ મંદિરોમાં પૂજારીઓ, બાવા-સાધુઓ, સંતો અને મહંતો દાયકાઓથી અડિંગો જમાવીને હનુમાનજી કે ભોળા શંભુની સેવા-પૂજા કરતા હોય અને એમના એક-બે ચેલાઓ સાથે અલગારી જિંદગી જીવતા હોય છે. હા, વાઘેશ્વરી માતાજીનું મંદિર એક માત્ર મંદિર કઠોર એકાંતમાં વસેલા આ અખાડાઓ ક્યારે અસ્તિત્વમાં આવ્યા અને કોણે અને ક્યારે એમને એ જગ્યાઓના અબાધિત માલિકીહક્ક આપ્યા હશે એ તો ઈશ્વર જાણે! આપણે તો પૌરાણિક જગ્યાઓ સમજી શંખ ફૂંકવો પડે. એમ જ કહો કે, આ સાધુઓ ગુરુ-શિષ્યની પરંપરાના આધાર પર ધૂણી ધખાવતા બિરાજમાન હોય છે અને શ્રદ્ધાળુઓ એમને દાયકાઓથી સન્માન આપવા આવતા હોય છે.

શહેરમાંથી તળેટીનાં મંદિરોમાં દર્શનાર્થે નિયમિત આવતા-જતા શ્રદ્ધાળુઓ તથા ગિરનાર પર્વત પર શ્રી અંબાજી અને દત્ત ભગવાનનું સાંનિધ્ય પામી પાવન થતા યાત્રાળુઓ આ સાધુ-સંતોની નિશ્રામાં સત્સંગ કરતા હોય છે એટલે અવરજવર રહે. અલબત્ત,

પાંચ-છ દાયકા પહેલાં એ તરફ ગણ્યાગાંઠ્યા સાહસિકો સિવાય કોઈ ફરકવાની ભાગ્યે જ હિંમત કરતું. છેલ્લાં પચ્ચીસ વર્ષથી અતિક્રમણ ઉત્તરોત્તર વધતું ગયું છે. આ સાધુ-મહાત્માઓના કારણે એ મંદિરો, અખાડાઓ, આશ્રમો કે જગ્યાઓ ચોક્કસ નામથી આગવી ઓળખ ધરાવતા થયા હોય છે. અમે રખડપટ્ટી કરતા ત્યારે તો શ્રદ્ધાળુઓ આ ધાર્મિક સ્થળો પર ચા-પાણી અને પ્રસાદનું ટોપરું લઈને ધન્ય થતા, પરંતુ હવે ભંડારાઓનું મહત્ત્વ અતિશય વધી ગયું છે. 'પ્રસાદ' મળે પછી કોણ ન આવે?

ગિરનાર તળેટીમાં થોડી માનવવસ્તીના કારણે આ મંદિરો, અખાડાઓ, આશ્રમો કે જગ્યાઓ સતત ધમધમતાં રહે, જ્યારે ગિરનાર પર્વતની આસપાસના ઘેઘૂર જંગલમાં કે છેક અંદર તરફ આવેલાં મંદિરો કે અખાડાઓમાં ભક્તોની અવરજવર નહીંવત્ રહેતી. આ જગ્યાઓ સુધી પહોંચવા માટે અટપટી કેડીઓ અને ગાઢ વન્યસૃષ્ટિ વચ્ચેથી પગપાળા જ પહોંચી શકાય. ખૂબ ચાલવાની તૈયારી રાખવી પડે અને એ પણ પરોઢથી સંધ્યાકાળ સુધી જ, બાકી અંધારામાં રસ્તો મળવો અત્યંત કઠિન હોય છે. એક વાર ભૂલા પડો પછી ક્યાં અને ક્યારે નીકળો એ નક્કી નહીં!

ગિરનારની પર્વતમાળાની ઉત્તરે ગાઢ જંગલમાં સરખડિયા હનુમાનની પૌરાણિક અને રહસ્યમય જગ્યા આવેલી છે. અમારી ટણક ટોળકીએ સરખડિયા હનુમાનની જગ્યાએ જવાનો મનસૂબો ઘડ્યો. અમે આ જગ્યાએ અગાઉ બે વાર જઈ આવ્યા હતા પરંતુ દિવસના ભાગમાં. આ વખતે અમે એ જંગલમાં રાતવાસો કરવાનો સંકલ્પ કર્યો. ચોમાસાએ લગભગ વિદાય લીધી હતી અને જંગલ પુરબહારમાં ખીલ્યું હતું, બિહામણું છતાં સોહામણું!

અમે ત્યાં જવાનું નક્કી કર્યું ત્યારે અમને ખ્યાલ નહોતો કે સરખડિયાની જગ્યામાં છ-સાત વ્યક્તિઓ માટે રાતવાસો કરવાની સુવિધા હશે કે કેમ. પણ, એક વાર જીભ કચરાઈ ગઈ પછી? હોંકારો જ હોય! ઉત્સાહ આવે ત્યારે સાહસ ખેડવા મન અધીરું બને અને સાહસ કરવું હોય ત્યારે અવરોધો ગૌણ બની જાય!

અમારા આ પ્રવાસના સમયગાળામાં ગિરનારના જંગલવિસ્તારમાં ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટનું સઘન અને કડક નિયંત્રણ નહોતું. જંગલનું નિરીક્ષણ અને તેને સુસંગત કાયદાઓ હતા, પરંતુ તેનું પાલન કરાવવા માટે તંત્ર દ્વારા મજબૂત વ્યવસ્થા નહોતી એમ કહો તો ચાલે. જંગલમાં ફરવા માટે પરવાનગીની ખાસ જરૂર પડતી નહીં. ત્યારે 'સબ ભૂમિ ગોપાલ કી' જેવો જ માહોલ હતો. અરે, જૂનાગઢ ગામમાં કેટલાય ગરીબ કઠિયારા પરિવારો બેરોકટોક વર્ષો સુધી ગિરનારના જંગલનાં લાકડાં પર નભતા હતા! એ પરિવારો જંગલની ઉપયોગી પેદાશો અને ખાદ્ય વનસ્પતિ લાવતા અને વેચતા. ખાખરાનાં પાન, જાંબુ, કરમદાં, આંબલી, આંબળાં, ટીમરૂ, આમ તો આ જંગલ ચંદન અને જડીબુટ્ટીઓથી ઘણું સમૃદ્ધ પણ ખરું. આ પેદાશો સસ્તામાં વેંચી પેટિયું રળતા. ટૂંકમાં, તમે સાહસ કરી શકો તો જંગલમાં ધારો ત્યાં અને ધારો ત્યારે રખડી શકો! આજે તો આ જંગલમાં નિયમ વિરુદ્ધ દાખલ પણ થાવ તો જેલમાં જવું પડે!

સરખડિયા હનુમાન પહોંચવાના બે રસ્તા હતા. એક ગિરનારની લીલી પરિક્રમાના કેડી રસ્તે ડાબી બાજુ ડુંગરની ઘોડી ચડીને પાછળ ઊતરી શકાય, પરંતુ આ રસ્તો પ્રમાણમાં

ઘણો કપરો અને ડરામણો ગણાતો. જો જમણી તરફ ફંટાઈ જાવ તો ગિરનારની ઉત્તર તરફ આવેલ હસ્નાપુર ડૅમના કેચમેન્ટ એરિયામાં ખોવાઈ જવાય. રસ્તામાં કોઈ કઠિયારો કે આંબળાં-આંબલી તોડવા નીકળેલો જંગલખેડુ તમને કેડી ચીંધે તો ઠીક છે, બાકી રાત પહેલાં બહાર નીકળવું કપરું! સંધ્યાકાળ પછી અવરજવરનો વિચાર જ ન કરી શકાય. સરખડિયા પહોંચવાનો બીજો કેડી-રસ્તો ભેસાણ ગામ તરફથી દક્ષિણ દિશાના ડુંગરાઓ ભણી પહોંચે. અમે ભેસાણ તરફથી જવાનું કક્કી કર્યું, જેથી અંધારા પહેલાં સલામત પહોંચી જવાય.

અમે સાહસિક મિત્રો ઘેરથી વહેલી સવારે થેપલાં-શાક-અથાણું અને પાણી લઈને નીકળી પડ્યા. બધા વચ્ચે ત્રણ પાવરની એક ટૉર્ચ પણ રાખી હતી. અમે ગિરનારના ભેદી જંગલમાં રાતવાસો કરવાના હતા એ વાત ઘરનાંથી છાની રાખી હતી. પાછા ફર્યા પછી સાહસકથા માંડવી એવું સર્વાનુમતે નક્કી કર્યું હતું. અમે લીલી ખખડધજ બસમાં કાળાગડબા ગામની બસમાં મેંદપરાથી પાટવડ કોઠા ઊતરી પડ્યા. ત્યાં અમે કીટલી પર ચા-પાણી કર્યા, બંધાણીઓએ માવા મસળ્યા અને સ્ટૉક કરી લીધો. ખુલ્લાં મેદાનો અને ખેતરો વટાવતાં વટાવતાં સરખડિયાની વાટ પકડી ત્યારે જંગલ, વોંકળા અને સાંકડી કેડીઓની ઊતર-ચડ શરૂ થઈ ગઈ. બપોરના બે વાગ્યાની આસપાસ એક ઝરણા પાસે બેઠા અને ટિફિન ખોલ્યાં. એ વન-ભોજનની મીઠાશ જેમણે માણી હોય એ જાણે!

અંધારું થતાં પહેલાં અમે સરખડિયા હનુમાન પહોંચી ગયા. બાવો છ-સાત તોફાનીઓને જોઈને ભડક્યો અને ખોટો ખોટો ધૂણી ધખાવતો બેઠો રહ્યો. અમે અમારા થેલાઓ બાજુમાં મૂકી હનુમાનજીનાં દર્શન કરી, બાવાને 'જય ગિરનારી' કહી ધૂણા સામે મૂંગા મૂંગા ગોઠવાઈ ગયા. નાની છતાં સુઘડ જગ્યા જોઈ અમને થયું કે આ કોઈ ભટકતો બાવો નથી, બાપુ છે. ખેર, બાપુએ અમને 'કહાં સે આયે હો, આગે કહાં જાઓગે' વગેરે સવાલો પૂછ્યા. અમે ભારપૂર્વક સરખડિયા હનુમાનજીનાં દર્શનાર્થે ખાસ આવ્યા હોવાનું જણાવ્યું. આમ તો ગિરનારના જંગલમાં આવાં સ્થળે બપોર પછી અમારું પહોંચવું આશ્ચર્ય કરતાં શંકા પમાડે એવું તો હતું જ, કારણ કે એ જમાનામાં નજીકમાં આસપાસ મોટાં ગામ નહોતાં. નાની વસાહતો પણ ખૂબ દૂર હતી. મૂળ તો આ જગ્યા વરસે એક વાર થતી પરિક્રમાનું ટૂંકા ગાળાનું વિરામસ્થાન હતું. એ ત્યારે 'અખાડો' કહી શકાય. જાણે બહારની દુનિયાથી કટ-ઑફ હોય એવી જ જગ્યા હતી. બાપુ થોડી વાર આંખો બંધ કરી બેસી રહ્યા એટલે રહસ્ય વધુ ઘૂંટાયું. જો બાપુ રાત રહેવાની ઘસીને ના પાડે તો શું કરવું એ યક્ષપ્રશ્ન અમને મૂંઝવવા લાગ્યો હતો. થોડો સમય ગર્ભિત મૌન છવાયું.

બાપુએ આંખ ઉઘાડી. ચલમ ફૂંકેલી લાલ આંખથી અમને જલદી મંદિર છોડી દેવાની તાકીદ કરી. વાતવાતમાં અમારામાંથી એક જણે હિંમત કરીને અખાડામાં રાત રોકવાના ઇરાદે જ આવ્યા હોવાનું સત્ય જાહેર કરી દીધું. બાપુ ઓર ચમક્યા! બાપુએ તરત જ અમને કડક ભાષામાં છ-સાત જણાને રહેવાની સગવડ ન હોવાની સ્પષ્ટતા કરી. અમને જાનવરોની રંજાડ અને કાળોતરા ફરતા હોવાનો ડારો દેવા લાગ્યા. અમે એક-બીજાની સામે જોવા લાગ્યા. અમારામાંથી એક જણ બાવાને હાથ જોડી ખોટું બોલ્યો કે, 'અમે જૂનાગઢથી વહેલી સવારે પગપાળા નીકળ્યા છીએ અને ખૂબ થાકી ગયા છીએ. અમે જંગલમાં ભૂલા પડી ગયા હતા એટલે સરખડિયા મોડા પહોંચ્યા.' મેં વિનમ્રતાથી

સરખડિયા હનુમાનજી ચમત્કારી હોવાની અને અખાડામાં સત હોવાની વાત ચલાવી. બાપુ થોડા ઢીલા પડ્યા. થોડી વાર પછી એણે ચેલાને ચા બનાવવાનો હુકમ કર્યો એટલે અમને થયું કે ચાલો, દાળ ગળી છે!

ભૂખમાં અમારાં વાંસા-પેટ એક થઈ ગયાં હતાં. સરખડિયાના બાપુના હાથના રોટલા અને રીંગણના શાકનાં અમે વખાણ સાંભળ્યાં હતાં. સંધ્યાટાણું થયું એટલે બાપુએ મંદિર બહાર નાગદેવતાના કથિત રાફડા અને વડના વૃક્ષની આરતી કરી. અમે ભાવપૂર્વક આંખો બંધ કરીને તાળીઓ પાડતા રહ્યા. ટોપરાનો પ્રસાદ વહેંચાયો અને અમે ભૂખ્યા પેટે ભજન પણ ગાયાં. બાપુ અને ચેલો તો માથા પર બરફ રાખીને બેસી રહ્યા પણ અમારી ચિંતાનો કોઈ પાર નહોતો. રાતનું જમવા-સૂવાનું શું? ક્યાં? ક્યારે? અમે ઓસરીમાં બેઠા હતા ત્યાં અમે બાપુ-ચેલાને ઘૂસપૂસ કરતા જોયા. કદાચ અમારું ભાવી ઘડાતું હતું! બાપુ તો એની કુટિરમાં અદશ્ય થઈ ગયા. ચેલો અમારી પાસે આવ્યો અને અમને કહ્યું, 'ખાના બનાના હૈ લેકિન પાની નહીં હૈ!' માર્યા ઠાર! ત્યાં શિયાળિયાંની સૂચક લાળી સંભળાઈ. ચેલા સાથે અમારે વાતચીત થઈ એ મુજબ અમારે પાણીની કોઠી ભરી આપવાની હતી. એ પણ ક્યાંથી અને કેવી રીતે? મંદિરની પાછળના ભાગમાં એક ખુલ્લા મોઢાનો કૂવો હતો ત્યાંથી! પાણી સારીને અમારે મોટી સાઇઝની કોઠી ભરવાની હતી!

જંગલનું અંધારું અને જંગલવત્ શાંતિ ખતરનાક લાગતાં હતાં. ચેલો અમને ફાનસ લઈને કાંઠા-થાળા વિનાનો કૂવો બતાવી ગયો. અમે અમારી ટૉર્ચ કાઢી. અમારે દોરડું બાંધેલ ડોલથી પાણી ઉલેચવાનું, સારવાનું ને ભરવાનું હતું! અમારી પાસે કોઈ વિકલ્પ જ નહોતો. ઉપર આભલાંમઢ્યું કચ્છી કાળી શાલ જેવું આકાશ અને દાઝેલ બટકું રોટલા જેવો ચોથનો ચંદ્રમા! અમને અંદર અંદર વાતો કરતાં પણ ડર લાગતો હતો. કૂવા પાસે વડના ઝાડમાં લટકતાં વડવાગોળની હલચલ બિહામણી લાગતી હતી. એક તરફથી બરાબરના ફસાયા હોવાનું હસવું આવતું હતું તો બીજી બાજુ હેરત પમાડતા જંગલના સ્તબ્ધ વાતાવરણની અલૌકિક અનુભૂતિથી ધન્ય થયા હતા.

અમારામાંથી બે જણને હનુમાન ચાલીસા કંઠસ્થ હતા, એ ધીમી લયમાં ગણગણતા રહ્યા. હું મનમાં બબડતો રહ્યો, 'હનુમાનજતીજી હાકલ પાડે, ભૂતપાલીત કા દાંત પાડે.' અલબત્ત, અમે જાણતા હતા કે હસવામાંથી ખસવું થયા જેવી હાલત હતી છતાં અમે પાણી સારવાનું અભિયાન ખંતપૂર્વક પાર પાડ્યું. કૂવો પ્રમાણમાં ઓછો ઊંડો હતો છતાં અમારા માટે, જેમણે ઘરમાં પાણીનો પ્યાલો ન ઉપાડ્યો હોય, એમના માટે કાંઠા વિનાના કૂવામાંથી પાણી ઉલેચવાનું કામ કાળા પાણીની કેદ વેઠવા જેવું કઠિન જ કહેવાય! અમે 'સેવા' સમજી સંતોષ લીધો, અને રાત રહેવાના બદલામાં સેવા કરવી એ ખોટો સોદો ન જ કહેવાય!

થોડી વારમાં સામેના છાપરામાંથી ધુમાડો દેખાયો, રોટલા ટીપવાનો કર્ણપ્રિય ધ્વનિ કાનમાં ગુંજ્યો. સાહેબ, આટલાં વર્ષે પણ રમૂજ કરતાં ક્ષોભ થાય છે કે, પીવાનું પાણી ભરવાના મહેનતાણા રૂપે અમને સરખડિયાનું સિગ્નેચર તમતમતાં શાક-રોટલા અને ડુંગળી ખાવા મળ્યાં! અમે ધરાઈને જમ્યા અને મનોમન હનુમાનજીને શ્રદ્ધાપૂર્વક વંદી રહ્યા. થોડી વાર પછી કામઢો ચેલો અમને પાપડ જેવાં ચાર-પાંચ પાતળાં ગાદલાં, બે મોટાં પણ ફાટેલાં બુંગણ અને ત્રણ-ચાર ગંધાતાં ઓઢવાનાં આપી ગયો. હકીકતમાં, ત્યારે

સરખડિયા હનુમાનની જગ્યા ઘણી નાની હતી. બેત્રણ ઓરડીઓ, ખુલ્લી ઓસરી, રસોડાનું છાપરું અને મંદિરની ફરતે બાવળની ઝાડીની સુરક્ષા હતી. ચેલો આવ્યો અને ફૂંક મારી ફાનસ ઓલવી ગયો. પછી પથરાયેલું અંધારું અગમ્ય અને અવર્ણનીય હતું. વૃક્ષો વચ્ચેથી આભમાં ઝળહળતા સપ્તર્ષિ તારા અને મા-બાપને કાવડમાં બેસાડીને વિહરતા શ્રવણના ત્રણ તારા અને અગણિત તારાઓ એકીટશે નિહાળતાં મારી આંખના ખૂણા ભીના થયા.

અમારે અમારા સાહસના ડંકા કોને સંભળાવવા હતા? અમે શું શોધવા નીકળ્યા હતા? શું પામવાની ઇચ્છા હતી અમારી? કંઈ જ નહીં. બસ, અલગારી રખડપટ્ટીની બાળસહજ ઘેલછા! ભૂતિયા જંગલમાં રાત રહેવાનું તોફાન, બીજું શું? અમે જંગલમાં સન્નાટા વચ્ચે ક્યાંય સુધી દબાયેલા અવાજે વાતો કરતા રહ્યા. થોડી થોડી વારે દૂર સુદૂરથી શિયાળિયાંની લાળી અને વડમાં વળગેલાં વડવાગોળના કવચિત્ ફફડાટના અવાજ ક્યાંય સુધી આવતા રહ્યા.

સાચું કહું તો અમને હેરાનગતિમાં જે આનંદ આવ્યો હતો એ અવિસ્મરણીય બની ગયો. જંગલમાં રાતવાસો કરવાની એ અલભ્ય ઘટના પાછળ કોઈ ભેદી ખેંચાણ હતું. સરખડિયા હનુમાનનું સત હશે? એ અખાડાનાં ગેબી ઇશારે અમને આવું સાહસ કરવાનું શૂરાતન ચડ્યું હશે?

પ્હો ફાટતાં અમે ચેલાના હાથની ચા પીવાય ન રોકાણા. બાપુને ‘જય ગિરનારી’ કહીને અમે સરખડિયા હનુમાનથી સીધા હસનાપુર ડૅમના કેચમેન્ટના કાંઠે કાંઠે ડેરવાણ અને ત્યાંથી વડાલ પાટિયે ટચ થતા હાઈ-વેથી જેતપુર-જૂનાગઢની બસ પકડી મોડી બપોરે સૌ સૌના ઘેર પહોંચ્યા.

વર્ષો વીતતાં ગયાં. સમય બદલાતો ગયો. ગિરનારના જંગલની વ્યાખ્યા બદલાઈ ગઈ. ગિરનારની લીલી પરિક્રમાનો પ્રચાર વધ્યો અને ક્યાંય સુધી લાગભાગ વણખેડ્યા રહેલા ગિરનારના આ જંગલમાં માનવઅતિક્રમણ વધતું ચાલ્યું. એક સમયે પરિક્રમાના ટ્રેક પર આવતું સરખાડિયા મહત્ત્વનું રોકાણ બની ગયું. આસપાસનાં ગામડાંના લોકો સરખડિયા હનુમાનજીની માનતા માનવા લાગ્યા, રિક્ષા, મોટાં વાહનો આવતાં થયાં. મંદિર પ્રસિદ્ધ થઈ ગયું અને અમે જેને બાપુ સમજતા એ મહંત બની ગયા! દાતાઓ આગળ આવ્યા અને શ્રદ્ધાળુઓ માટે કાયમી ધોરણે ‘પ્રસાદ’ની વ્યવસ્થા થઈ. આવળ-બાવળ, અંબાલી, જાંબુ, વડનાં ઝાડ કપાતાં ગયાં. અમે ઉલેચેલા થાળા વિનાના કૂવા ઉપર મોટર મુકાઈ ગઈ અને બાજુમાં સિમેન્ટની પાકી ટાંકી ચણાઈ ગઈ. જંગલખાતાના ભક્ત અધિકારીઓની મદદથી એક અખાડો જોતજોતામાં એક વિશાળ આશ્રમ બની ગયો!

આટલાં વર્ષોમાં સરખડિયા જવાનું બે-ત્રણ વાર બન્યું હતું અને મંદિરની સમૃદ્ધિનો અંદાજ આવવા લાગ્યો હતો.

પછી તો, સાંભળ્યા પ્રમાણે આસપાસનાં નાનાં ગામલોકો ભજનિકોને નોતરીને જાગરણ કરવા લાગ્યા. ગઢવીઓ વાર-તહેવારે ભજનોની રમઝટ બોલાવતા રહ્યા અને વરસે દહાડે કાઠિયાવાડી ડાયરાઓની રંગત જમાવવા લાગ્યા. પવિત્ર જગ્યાની સાથે ખુદ મહંત પાંચમાં પુછાવા લાગ્યા. સેવા-પૂજા માટે પાંચ-છ ચેલાઓ અને પાકાં મકાનોથી અખાડાની રોનક બદલાઈ ગઈ. ગામલોકો અને તંત્રની કૃપાદષ્ટિથી મહંતશ્રી પૂજાયા. એક

વખતે બાપુ કહેવાતા એ મહંતશ્રીના પ્રેમાળ નામે સંબોધાવા લાગ્યા. અમારા પંથકમાં સરખડિયા હનુમાનનું મંદિર પ્રસિદ્ધિ પામ્યું અને ગિરનારની નિશ્રામાં એક મોટા યાત્રાધામની ઓળખ પામ્યું. સમજો બધું જ બદલાઈ ગયું, સિવાય પવનપુત્ર હનુમાન!

દાયકાઓ પછી વર્તમાનપત્રોમાં અમારા પરિચિત 'મહાત્મા' દેવલોક પામ્યાના સમાચાર વાંચી મન ભરાઈ આવ્યું. એક બાવા કમ બાપુએ અત્યંત વિકટ પરિસ્થિતિમાં, કોઈ ઢોંગ કે દેખાડા વિના આટલી બિહામણી જગ્યાએ પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. સરખડિયા હનુમાનના 'મહાત્મા' સમાધિગ્રસ્ત થયા. એ જગ્યા પર સમાધિ બની ત્યારે ગામેગામથી માણસ ઊમટ્યું, ભંડારા છલકાયા. લોકો હનુમાનજી અને મહંતશ્રીને ચમત્કારી માનવા લાગ્યા. જાણે એક આખા યુગનો અસ્ત થયો.

એમ જ કહો, એક બાવો બાપુ બન્યો, મહંત થયો. કાળધર્મ પામ્યા પછી મહંત સંત તરીકે પૂજાવા લાગ્યા! હવે તો સાંકડી કેડીઓને વધુ સાંકડી બનાવતા આવળ-બાવળ અને માત્ર હનુમાનદાદાને ચડતાં આકડાંના ફૂલો ક્યાંય નથી દેખાતાં. અસલ સરખડિયા નથી રહ્યું અને નથી રહ્યું દાદાનું સત. એ કાંઠા વિનાનો કૂવો ક્યારેય નહીં ભુલાય, ઘેઘૂર જંગલ વચ્ચે, સપ્તર્ષિનાં ઝૂમખાં અને ચોથના ચંદ્રમાની સાખે સરખડિયા હનુમાનના અખાડામાં વિતાવેલી રાત અમારા માટે ચિરસ્મરણીય બની ગઈ.

■

એ સમયે લૉર્ડ રિપન સંસ્થાનોના પ્રધાન હતા. તેમને એક જંગી અરજી કરવાનો ઠરાવ કર્યો. આ અરજીમાં જેટલાની બને તેટલાની સહીઓ લેવાની હતી. એ કામ એક દહાડામાં ન જ થાય. સ્વયંસેવકો નિમાયા ને કામ ઉકેલવાનું સહુએ હાથ લીધું.

અરજીની પાછળ મેં બહુ મહેનત લીધી. મારે હાથ આવ્યું તે બધું સાહિત્ય વાંચી લીધું. હિંદુસ્તાનમાં આપણે એક પ્રકારનો મતાધિકાર ભોગવીએ છીએ એ સિદ્ધાંતની દલીલને અને હિંદીઓની વસ્તી જૂજ છે એ વ્યાવહારિક દલીલને, મેં મધ્યબિંદુ બનાવ્યું.

અરજીમાં દશ હજાર સહીઓ થઈ. એક પખવાડિયામાં અરજી મોકલવા જોગી સહીઓ મળી રહી. આટલા સમયમાં નાતાલમાં દશ હજાર સહીઓ લેવી એને વાંચનાર નાનીસૂની વાત ન સમજે. સહીઓ આખા નાતાલમાંથી લેવાની હતી. માણસો આવા કામથી અજાણ્યા હતા. શેમાં સહી કરે છે તે સમજે નહીં ત્યાં સુધી સહી ન લેવાનો નિશ્ચય હતો, તેથી મુદ્દામ સ્વયંસેવકોને મોકલીને જ સહી લેવાય તેમ હતું. ગામડાં દૂર દૂર હતાં. એટલે, ઘણા કામ કરનારા ચીવટથી કામ કરે તો જ આવાં કામ શીઘ્રતાથી થઈ શકે. તેમ જ થયું. આમાં બધાએ ઉત્સાહપૂર્વક કામ કર્યું. આમાંના શેઠ દાઉદ મહમદ, પારસી રુસ્તમજી, આદમજી મિયાંખાન અને આમદ જીવાની મૂર્તિઓ અત્યારે પણ મારી નજરે તરે છે. તેઓ ઘણી સહીઓ લાવ્યા હતા. દાઉદ શેઠ આખો દહાડો પોતાની ગાડી લઈ નીકળી પડતા. કોઈએ ખીસાખર્ચ સુધ્ધાં ન માગ્યું.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

સૌંદર્યનાં અનેકવિધ રૂપો

ડૉ. સિલાસ પટેલિયા

'કૅનેડા માઉન્ટેઇન' નામની એક સુંદર ડૉક્યુમેન્ટરી 'નૅશનલ જિયોગ્રાફિક' ચૅનલ પર મેં માણી. પ્રકૃતિનાં અસીમ સૌન્દર્યનાં વિવિધ રૂપો નિહાળવાનો આનંદ અદકેરો બની રહ્યો. પંખીસૃષ્ટિ તથા વગડો અને પહાડ.. હજુય આંખ સામે દેખાયા કરે છે. માઉન્ટેઇનની ખીણો, પહાડના ઢોળાવો પર, ઘાસમાં, જગત પર અનેક પ્રકારનાં પશુઓ મુક્તમને વિહાર કરી રહ્યાં છે. એમની સ્ફૂર્તિ, ગતિ અને રૂપ જોતાંવેંત 'અદ્ભુત.. અદ્ભુત' શબ્દો હોઠ પર ફૂટે છે. આવો મારી સાથે તમેય આ પહાડો પર, વગડામાં...

આ જુઓ – લીલોકુંજાર વગડો! લીલીછમ્મ ધરા.. લીલી ડાંગરથી લહેરાઈ ઊઠતાં ખેતરો જેવું ચારે બાજુ ઘાસ છે. એમાં રીંછ વિહરી રહ્યું છે. એનો અવાજ, એનું રૂપ, રંગ અને ઘાસ પર પડી રહેલો તડકો લીલોછમ્મ... સુંદર દૃશ્ય રચાયું છે. ઘાસમાં ફરવાનું મન થાય છે ને મનોમન ઘાસમાં ફરું છું. રીંછ જેવું રીંછ મને કશું જ કરતું નથી. એને પંપાળું છું. માથું નમાવીને આ ઊભું મારી પાસે! આ જુઓ નીલ રંગના આકાશ જેવું જળ! ઉપરવાસ પર વન છે. ગીચ ગીચ, લીલું લીલું ને મખમલી ઘટાથી ઘેઘૂર! ઢોળાવ પર ઘાસ, ઝાડવાં ને પથ્થરો, ચારે બાજુ છે. પથ્થરોની વચ્ચેય ઘાસ છે. પથ્થરોમાં પાણી વહી રહ્યું છે. આવી આ જગ્યામાં એક ભાલુ અને એક યાક ફરી રહ્યાં છે. આ એક ઘેટું. સફેદ સફેદ ભરાવદાર. દાઢી ફરફરી રહી છે. પથ્થરો અને ઢાળ પરથી એ છટાથી ઊતરી રહ્યું છે. પાણી પર એક લીલીછમ્મ ડાળ ઝૂકી છે. એના પરથી આ દાઢીવાળું ઘેટું પાંદડાં ખાઈ રહ્યું છે. એને અડવાનું, એને પસવારવાનું ને દાઢી પકડવાનું મને મન થાય છે. મને મારું બાળપણ યાદ આવે છે. એ વર્ષોમાં મારાં દાદાદાદી બકરી રાખતાં પાળતાં હતાં. ઘરના સ્વજન જેવું એનું સ્થાન. પરસાળના ખૂણે એનો ખીલો હોય. ત્યાં બાંધી હોય. એનાં બચ્ચાં – લવારાંને અમે બહુ રમાડતા, બહુ દોડાવતા. એ સઘળી મજા ફરી મારા હૈયામાં ફરફરવા લાગી. મનોમન આ ઘેટાને પસવારવા લાગ્યો. અહીં ચોગરદમ ચોખ્ખુંચણક પાણી છે. આ પાણી ખોબે ખોબે પીવાનું બહુ મન થયું. નાના હતા ત્યારે ખેતરમાં જતા. પાણીના ઢોળિયા વાટે ખેતરમાં પાણી જતું. અમે બેસીને, એ વહેતા પાણીને ખોબે ભરીને પીતા. આ જળ જોઈ એ બાળપણનો અનુભવ તાજો થયો. વર્ષો પહેલાં એક વાર આહવા-ડાંગના જંગલમાંથી પસાર થતાં એક ઝરણામાંથી ખોબે ખોબે પાણી પીધાનું ઝટ સ્મરણ થયું.

લો, જુઓ આ સાબરો! વગડો, ઝાડીઝાંખરાં, ટેકરીઓ ને પથ્થરો! મુક્તમને શાંતિથી અહીં સાબરો ફરી રહ્યાં છે. ન ડર, ન ચિંતા, ન ઉતાવળ, ન કશાં ફાંફાં... મનેય સાબર

બની જવાનું મન થાય છે. ઓ સાબર… જો તારી સાથે સાથે હુંય સાબર બની ફરી રહ્યો છું. આ વૃક્ષ! જુદું પડેલું સુક્કું વૃક્ષ! એને જોતાં જ મારી આંખ સામે સુકાઈને ઊભાં રહી ગયેલાં અનેક સ્થળ પરનાં મેં જોયેલાં વૃક્ષો પ્રત્યક્ષ થયાં. લીલાછમ્મ વૃક્ષની બાજુમાં ઊભેલાં! આ ઘાસ! એવી રીતે પવનમાં હલી રહ્યું છે જાણે જલતરંગો! લાંબું, સુક્કું સુક્કું સોનેરી ઘાસ! હલતા થરકતા આ સોનેરી ઘાસમાંથી સોનેરી રૂપસી બહાર આવી રહી છે. સોનેરી ઘાસને ઓઢીને આવી રહી છે… આ તો મારામાં આ સોનવરણું ઘાસ જોતાં જોતાં ફૂટેલી કલ્પના…

એ સોનેરી રૂપસીને ત્યાં જ વિહરવા ઘો ને આવો આ બાજુ, પંખીઓને જોઈએ – સાંભળીએ… બધાં પંખીઓ મારા મનોલોકમાં ઊડાઊડ કરી રહ્યાં છે. આ બધાં જ જીવનમાં પહેલી વાર જોયાં. ફરી એમને જોવા સાંભળવા ક્યાંથી પામવાનો! આ એક બીજું આવ્યું. કાળું. માથું કાળું. માથા પર જાપાનીઝ પંખાનો થોડો ભાગ. ઉપરનો ભાગ ખુલ્લો. આછો ભૂરો રંગ. ચારે બાજુ લીલાંછમ્મ વૃક્ષો છે. એના પર બરફ વરસી રહ્યો છે. આવા બરફમાં મને થાય છે આળોટું.. આ પંખી જોતાં જોતાં, એના કંઠને સાંભળતાં સાંભળતાં ભલે આ બરફમાં દટાઈ જાઉં. મને મંજૂર છે. એકદમ તો થીજી નહીં જાઉં ત્યાં લગી આ પંખીને જોઈશ! આ એક બીજું પંખી. રંગેરૂપે કેવું? અરે! ઊભા રહો. ધ્યાનથી મને જોવા તો ઘો! મારા મનના માળામાં એને બેસવા દો, પછી કહું… લાલ કાળું ધોળું છે પંખી! ધોળામાં વળી લાલ રંગ. કાળા રંગમાં ધોળા પટ્ટા. પગથી ઉપર પેટ લગી લાલમલાલ રંગ. ડોક હલાવતું જળવિહાર કરી રહ્યું છે. જળ કપાય છે. તરંગો ઊઠે છે. જળતટના લીલાછમ્મ ઉજાસમાં આ દૃશ્યો આનંદ જન્માવે છે. આવા વાતાવરણ મધ્યે લાવ, આ જળમાં પગ બોળીને બેસી રહું. બેઠોય હું તો! આ એક અતિરૂપાળું પંખી! આછો બ્રાઉન રંગ. આંખના છેડે ધોળો રંગ. સુંદર આંખ. ભરાવદાર. ચારે બાજુ ઊંચાં ઊંચાં વૃક્ષો છે. ત્યાં એ ઊડાઊડ કરે છે. આ જુઓ બીજું પંખી. એનું રૂપ જ જુદું. ઊડતું ઊડતું આવ્યું. સરોવર છલોછલ! લીલોછમ્મ ગાઢ વગડો. ઊંચા ઊંચા પથ્થરો. અહીં આ પંખી છે. થડને કોચતું, બેસતું, ઊડી જતું, પહાડની ટોચ, બખોલ, ખીણમાં બેસતું-ઊડતું રહે છે. એની તમામ ક્રિયા મટકુંય માર્યા વિના જોઉં છું. માથું લાલ. મોં-ગળું લાલ. કાળી કાયા. બાજ જેવી આંખ. અજંપાનું જ આ જાણે મૂર્ત રૂપ! આ પંખીને જુઓ – પહાડની બખોલમાં એનો માળો છે. સુક્કા નાળિયેરની છાલને ગોઠવી હોય એવો રૂંછાદાર માળો છે. લાલ મોં ફાડવાળાં એનાં બચ્ચાં એમાંથી ચાંચ બહાર કાઢી માને જુએ છે! ચકલીથી જરા મોટું ને ભરાવદાર. સ્લેટિયો રંગ. રૂપાળું. પહાડના પડખાના પોલાણમાં, ઢોળાવો પર, ઠેકઠેકાણે એણે માળા બનાવ્યા છે. પડ્યા પડ્યા આ પંખીઓને જોયા જ કરું.. એવું થાય છે. આ પંખીએ મને મારા બાળપણના પ્રિય પંખી સાથે મેળાપ કરાવી આપ્યો. યાદ આવ્યું એ પંખી. અમે એને દેવચકલી કહેતા. કાળુ નાજુક પંખી. ટેકરીઓના ઢોળાવની માટીમાં ગોળાકાર માળો રચી કાઢે આ પંખી! કાયમ એને જોતા. ક્યારેક માળામાં હાથ ફેલાવતા. હાથમાં, હથેળીમાં ઈંડાં મૂકતા. સાચવીને હૂંફથી પાછાંય મૂકી દેતા. ત્યારે આવું સહજ હતું.

આવો આગળ વધીએ.. વિશાળકાય પથ્થરો જ પથ્થરો.. એમાંથી ધોધમાર પાણી પડી રહ્યું છે. થીજેલો બરફ પણ પીગળી રહ્યો છે. આગળ વધતાં જોવા મળે છે આ કાળાડિબાંગ પહાડો.. લાલ લાલ ફૂલો.. ઘાસ.. ને ફળ ખાતી ખિસકોલીઓ...

બરફ બરફ જાણે થીજી ગયેલું બરફનું સરોવર! આ બરફીલા સન્નાટામાં બેસીને શીતળ હવાને મારે ફેફસાંમાં ભરવી છે. આવીશ તારી પાસે ક્યારેક.. સ્વપ્નમાંય આવીશ. કોણ રોકશે હેં!

બરફ વરસી રહ્યો છે. સાબર ઊભું છે. ઝીલે છે છીણેલો બરફ.. શીંગડાં પર પડી રહ્યો છે, ચોંટી રહ્યો છે, ખરી પણ રહ્યો છે... ચારે બાજુ વરસતો બરફ... કેવું ગતિશીલ જીવંત ચિત્ર છે. મને થાય છે સાબર પાસે જાઉં, એને પંપાળું. વરસતા બરફને ઝીલતો ઝીલતો દટાતો જાઉં! કેવી મજા પડે! વળી ઊભો થઈ જાઉં ને બરફને ખંખેરું.. ધૂણું ને બરફ ખરતો રહે!

સ્પૅનિશ કવિ લોર્કાએ એના એક કાવ્યમાં ગાયું છે : Green Green Green I Love You Green ...

હુંયે ગાઉં છું : Snow Snow Snow I Love You Snow falls!

રહી રહીને લીલોછમ્મ વગડો, બરફછાયા પહાડો, સુંદર પંખીઓ ને ઘેરો સન્નાટો મને સાદ પાડે છે ને હુંયે ફરી ફરી એને મારા સ્મરણલોકમાંથી નિહાળું છું.

■

હું મને ખ્રિસ્તી કહેવડાવીને જ સ્વર્ગે જઈ શકું કે મોક્ષ મેળવી શકું એવું મને ન જણાયું. આ વાત મેં જ્યારે ભલા ખ્રિસ્તીમિત્રોને જણાવી ત્યારે તેમને આઘાત તો પહોંચ્યો, પણ હું લાચાર હતો.

મારી મુશ્કેલીઓ ઊંડી હતી. 'ઈશુ ખ્રિસ્ત એ જ એક ઈશ્વરનો પુત્ર છે, તેને જે માને તે તરે,' એ વાત મને ગળે ન ઊતરે. ઈશ્વરને જો પુત્રો હોઈ શકે તો આપણે બધા તેના પુત્રો છીએ. ઈશુ જો ઈશ્વરસમ હોય, ઈશ્વર જ હોય, તો મનુષ્યમાત્ર ઈશ્વરસમ છે; ઈશ્વર થઈ શકે. ઈશુના મૃત્યુથી ને તેના લોહીથી જગતનાં પાપ ધોવાય એ અક્ષરશઃ અર્થમાં માનવા બુદ્ધિ તૈયાર જ ન થાય. રૂપક તરીકે તેમાં સત્ય ભલે હો. વળી ખ્રિસ્તી માન્યતા મુજબ મનુષ્યને જ આત્મા છે, બીજા જીવોને નથી, ને દેહના નાશની સાથે તેમનો સર્વનાશ થઈ જાય છે; ત્યારે મારી માન્યતા આથી વિરુદ્ધ હતી. ઈશુને એક ત્યાગી, મહાત્મા, દૈવી શિક્ષક તરીકે હું સ્વીકારી શકતો હતો, પણ તેને અદ્વિતીય પુરુષ રૂપે નહોતો સ્વીકરી શકતો. ઈશુના મૃત્યુથી જગતને ભારે દૃષ્ટાંત મળ્યું, પણ તેનાં મૃત્યુમાં કંઈ ગુહ્ય ચમત્કારી અસર હતી એમ મારું હૃદય સ્વીકારી નહોતું શકતું. ખ્રિસ્તીઓના પવિત્ર જીવનમાંથી મને એવું ન મળ્યું કે જે બીજા ધર્મીઓના જીવનમાંથી નહોતું મળતું. તેમનાં પરિવર્તન જેવાં જ પરિવર્તન જેવાં જ પરિવર્તન બીજાના જીવનમાં થતાં મેં જોયાં હતાં. સિદ્ધાંતની દૃષ્ટિએ હિંદુધર્મીઓનો ત્યાગ મને ચડતો જણાયો. ખ્રિસ્તી ધર્મને હું સંપૂર્ણ અથવા સર્વોપરી ધર્મ તરીકે ન સ્વીકારી શક્યો.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

માનવીની જીવનસંધ્યાના અંતરંગને આકારતું નાટક : લૉંગ ડ્રાઈવ

પ્રો. ચીમનલાલ બી. પટેલ
ગુજરાતી વિભાગ ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૦૯

ગુજરાતી નાટ્યસાહિત્ય સમૃદ્ધ હોવા છતાં સામ્પ્રત ગુજરાતી નાટ્યસાહિત્ય ક્ષેત્રે આંગળીના વેઢે ગણી શકાય એટલા જ નાટ્યસર્જકો છે, જેમાં સતીશ વ્યાસનું સ્થાન મોખરાનું ગણાય. તેમણે સામ્પ્રત સમાજના ગૂઢ પ્રશ્નો અને મનોસંચલનોને સરળ છતાં પાત્ર-પરિસ્થિતિ સુસંગત ભાષામાં પ્રસ્તુતીકરણનું જીવંત રૂપ આપી ગુજરાતી નાટ્યસાહિત્યમાં માતબર યોગદાન આપ્યું છે. સર્જક પાસેથી ગુજરાતી નાટ્યસાહિત્યને ત્રણ એકાંકીસંગ્રહો અને બાર જેટલાં નાટકો મળે છે. ત્રણ એકાંકીસંગ્રહોમાં બાવીસ એકાંકીઓનો સમાવેશ થાય છે; જ્યારે નાટકોમાં 'પશુપતિ', 'જળને પાંદડે'થી લઈ છેલ્લે હાલ પ્રકાશિત થયેલું નાટક 'લૉંગ ડ્રાઈવ' ઉલ્લેખનીય છે. બાર નાટકોનાં કથાબીજ અલગ અલગ પૃષ્ઠભૂમિમાંથી નીકળે છે. આ નાટકોમાં વિષય, ભાષા, રજૂઆત, સંકલના, પ્રસ્તુતીકરણની સવિશેષ વૈવિધ્યપૂર્ણતા ધ્યાન આકર્ષિત કરે છે.

નાટ્યકારનું ૨૦૨૫માં પ્રકાશિત થયેલું નાટક 'લૉંગ ડ્રાઈવ'. આ નાટક બે અંકમાં વિભાજિત છે. આ નાટકમાં કુલ પાંચ જ પાત્રો છે. એમાં ત્રણ જ પાત્ર દ્વારા આખા નાટકનો તખ્તો ગોઠવાઈ જાય છે, જ્યારે બે ગૌણ પાત્રો સમયાંતરે નાટકમાં પ્રવેશી સહાયક બને છે.

નાટકની શરૂઆત પ્રીતમની હેમાને બોલાવવાની બૂમાબૂમથી થાય. પ્રીતમને કોઈ વસ્તુ જડતી નથી અને હેમા આવીને કારણ પૂછે તો પ્રીતમને વસ્તુ યાદ નથી. આ વહાલભરી નોકઝોકથી અને બન્ને વચ્ચેના સંવાદથી ભાવક આ બંને વચ્ચેનો સંબંધ ધીમે ધીમે પામી શકે. સેવિંગકિટ શોધતા પ્રીતમને હેમા વસ્તુ શોધી આપે અને લઘરવઘર પિતાને ઝડપથી વ્યવસ્થિત થવાની સૂચના આપી ત્યાંથી જાય, એ જ સમયે કાઠિયાવાડી બોલી બોલનાર નવા પાત્ર તરીકે 'બચી'નો ઘરમાં પ્રવેશ થાય. સીધી ઘરમાં ઘૂસી આવેલી બચીને જોતાં પ્રીતમ ઓળખાણ પૂછે ને બચી પોતાની બોલીમાં તડાતડ જવાબ વાળે. આ બંને વચ્ચેના વાર્તાલાપમાં બચી પ્રીતમને ઘરનો નોકર સમજે અને મેડમને બોલાવવાનું કહે. પ્રીતમ ઘરનો માલિક અને મેડમના પિતા છે તે વાતથી અજાણ બચી સાથે પ્રીતમના સંવાદથી નાટકમાં રમૂજનું તત્ત્વ ઉમેરાય. નાટકમાં રમૂજ સાથે સંઘર્ષને સૂઝપૂર્વક સ્થાન મળ્યું છે. બન્ને વચ્ચેની થોડી ચડભડ પછી હેમાનો પ્રવેશ થાય. બચી, હેમા આગળ પ્રીતમની ફરિયાદ કરે અને પ્રીતમ વિશે 'આ તમારો બબૂચક જેવો નોકર ભટકાણો' આ વાક્ય સાંભળી હેમા ખડખડાટ હસે છે. ત્યારબાદ હેમા સાથેના વાર્તાલાપથી પ્રીતમ નોકર નથી એવી બચીને ખબર પડે છે. થોડી ઝંખવાણી પડ્યા પછી અંતે બચી, હેમાને ત્યાં ફુલટાઇમ કામ માટે આજથી જ તૈયાર થઈ જાય અને તેની રકમ નક્કી કરી કામનો

શુભારંભ કરે. હેમા, બચી પાસેથી આધારકાર્ડ વગેરે વ્યવહારુ વિગતો લઈ જિજ્ઞાસાવશ બચીના નામ વિશે પૃચ્છા કરે ત્યાં બચી પોતાની કરમકહાની કહે. બચીના જન્મતાંની સાથે મા અને જોડકી બહેન પણ મૃત્યુ પામે, ને બચી, બચી ગઈ એટલે એનું નામ પડ્યું બચી. બચીને મા જેટલા હેતથી ઉછેરનાર બચીના પિતા કોરોનામાં મૃત્યુ પામ્યા અને સાથે તેનો પતિ મોતને શરણે ગયો. ભાઈ પણ રોડ અકસ્માતમાં મૃત્યુ પામ્યો. એટલે બચી કહે તે પ્રમાણે... 'બચી માતર હું, એકલીઅટૂલી!' (પૃ.૧૩).

હેમા, બચી વચ્ચેની વાતો સાથે સાથે પ્રીતમ ન્હાવા ગયા છે તે હજુ બહાર આવ્યા નથી, માટે હેમા, બચીને જોવા મોકલે. બચી હજુ પણ પ્રીતમના દેખાવની થોડી મજાક કરી લે છે, પણ હવે તેને ખબર છે કે આ સંબંધ બાપ-દીકરીનો છે. બંને વચ્ચેના આ વહાલના સંવાદથી બચી ખુશ છે, બચી કુંવરને લેવા જાય છે ત્યાં જ બારણે બેલ વાગે છે અને નાટકમાં નવા પાત્ર માયાનો પ્રવેશ થાય. માયા અને હેમા વચ્ચે માયાના ભૂતકાળ અને પ્રીતમના ઘર તથા હેમાના ભવિષ્યના આયોજન અંગે સંવાદ થાય. આ સ્તરે નાટકમાં સામાજિકતા પ્રવેશે. અહીં ભાવકને ધીમે ધીમે હેમાના, પોતાના પિતા પ્રીતમલાલનાં લગ્ન કરાવવાના પ્રયત્નો અંગે જાણ થાય, જેથી પાછલી ઉંમરમાં પિતાને એકલતા સાલે નહીં. માયા અને હેમા વચ્ચે રોજિંદા જીવનની વાતો વચ્ચે જ પ્રીતમનો પ્રવેશ થાય. હેમા માયાનો પરિચય કરાવે અને માયા અને પ્રીતમ વચ્ચે વાર્તાલાપ થાય. પ્રીતમ, માયાના લાલચભર્યા વર્તનને પામી જાય છે અને પોતાની પહેલી પત્નીને મનમાંથી કાઢી ન શકતો પ્રીતમ કોઈની પણ સાથે લગ્ન કરવા તૈયાર નથી.

હેમા અને માયા બંનેના તમામ પ્રયત્ન નિષ્ફળ જાય. ધીરે ધીરે પિતાના લગ્ન કરાવવામાં ઉતાવળ કરતી હેમાના ઈરાદાની ગાંઠો ખૂલે. હેમા પરદેશ રહેતા 'મનીષ' (મનિયો)નામની વ્યક્તિને પ્રેમ કરે છે અને તેની સાથે લગ્ન કરી પરદેશ જવા માંગે છે; પરંતુ, માની જેમ પોતાને ઉછેરી મોટી કરનાર પિતાને એકલા અહીં છોડી જવા તે તૈયાર નથી તેથી જ તે પ્રીતમનાં લગ્ન કરાવી જવા માંગે છે. બીજી તરફ પ્રીતમ પોતાની દીકરીને સાસરે મોકલવા તૈયાર નથી, તેથી ઘરજમાઈ શોધવાનો પ્રયાસ કરે છે. એટલે જ સાસરે જવા માટેની વાતમાં પ્રીતમ સ્પષ્ટતા કરતાં કહે છે કે... 'તારે માટે આ જ પિયર ને આ જ સાસરું. ઘરમાં પિયરિયું, ઘરમાં સાસરું લે લોલ! અહીં જ લઈ આવવાનો કોઈ તારો જોડીદાર.' (પૃ.૨૩) આ વાતને લઈ માયાના ગયા પછી પ્રીતમ અને હેમા વચ્ચે થોડી ચડભડ પણ થાય. બંને પોતાના ઈરાદામાં મક્કમ છે અને બાંધછોડ કરવા તૈયાર નથી.

પ્રીતમ ત્યાંથી નીકળી જાય અને હેમા પોતાના પિતાને પરણાવવાના આ છઠ્ઠા પ્રયત્ન વિશે બચીને માંડીને વાત કરે. હેમા વિદેશમાં રહેતા મિત્ર વિશે પણ વાત કરે, જે ઘરજમાઈ બની શકે એમ નથી અને લગ્ન માટે લાંબા સમયથી રાહ જોઈ રહ્યો છે. હેમા જાણે છે કે પિતા પ્રીતમલાલ બહારથી કડક, પરંતુ અંદરથી કોમળ હૃદય ધરાવે છે છતાં આ વાત તે પિતાને ખુલ્લા મને કહી શકતી નથી. આ વાત પિતાને કહેવાની હિંમત હેમાને બચી સાથેના સંવાદથી મળે છે. ત્યાં જ અંધકાર-પ્રકાશથી નાટકનું ફરી દૃશ્ય બદલાય.

દૃશ્ય પરિવર્તન બાદ રંગભૂમિ ઉપર નાટક બે ભાગમાં સમયાંતરે ચાલે છે. એક ભાગમાં પ્રીતમલાલના કહેવાથી ઘરજમાઈ બનવા તૈયાર યુવકનો લગ્નનો પ્રસ્તાવ રજૂ કરવા

ઘરે આવે અને બીજી બાજુ માયાનો ફરી પ્રવેશ થાય. તે પ્રીતમ સાથે પોતાનું ગોઠવવાનો ફરી પ્રયત્ન કરે. પરંતુ ન તો હેમા યુવકને દાદ આપે છે ન તો પ્રીતમ માયાને.

ત્યારબાદ અચાનક પ્રીતમનો પગ ખેંચાઈ જાય છે. ડૉક્ટરને બોલાવવા કે ડૉક્ટર પાસે લઈ જવા પ્રીતમ બૂમાબૂમ કરે. હેમા, પ્રીતમને બેસાડવા પ્રયત્ન કરે, પરંતુ પ્રીતમથી બેસી પણ શકાતું નથી. ત્યાં જ બચી આવે. હેમા અને બચી મળી પ્રીતમને જમીન પર સુવડાવે છે. પ્રીતમની પીઠ પર બચી પોતાના પગ દ્વારા ઝટકો આપે અને જેનાથી પ્રીતમ રાહત અનુભવે. બચીના પિતા હાડવૈદ હતા તેથી તે આ જાણતી હતી. બચીના તેવા એક કસબનો હેમા અને પ્રીતમને પરિચય થાય. આ દરમિયાન બચી અને પ્રીતમ વચ્ચે થોડા જુદા સંબંધની શરૂઆત થતી અનુભવાય. અહીં નાટકનો પ્રથમ અંક પૂર્ણ થાય છે.

નાટકના પ્રથમ અંકના સંવાદોમાંથી નાટ્યકાર રમૂજ સાથે સંઘર્ષની છાંટ વેરે છે. બીજા અંકની શરૂઆત હેમાના ઑફિસથી મોડા આવવા સાથે થાય. પિતા તેની રાહમાં જમ્યા નથી તે જાણી ઝડપથી ડાઇનિંગ ટેબલ પર આવે છે. અહીં બચી ડાઇનિંગ ટેબલને 'ખાણાપાતર' તરીકે ઓળખ આપવાના પ્રસંગમાં નાટ્યકાર કાઠિયાવાડી બોલીની મીઠાશને પ્રસારવાની તક ઊભી કરે છે. આ 'ખાણાપાતર' શબ્દને હેમા અને પ્રીતમ જુદા જુદા નામથી ઓળખવાનો પ્રયત્ન કરે. હવે બચીની દરેક વાતો પ્રીતમલાલને ગમવા લાગી છે. નાટ્યસર્જક અહીં ભાવિ અંગે ગર્ભિત સંકેત કરતા હોય એમ અનુભવાય. અર્ધપડદે થયેલા વસ્તુકથનમાંથી ભાવિસૂચન કરવાના પ્રયત્નથી નાટકમાં રસ જળવાઈ રહે. પાતરના પડિયા વગેરે લાવવાની વાત કરે છે, ત્યારે હેમા કહે કે – 'અટાણે આ ઇસ્ટીલનાં વાહણોની સામે ગોઠવાઈ જાઓને શરૂ કરો હર હર મા'દેવ!' (પૃ.૩૭) આ પૃષ્ઠભૂમિ બાંધ્યા પછી હેમાનો લગ્ન અંગેનો ઇરાદો સ્પષ્ટ રજૂ કરવાનો સંવાદ આકાર પામે. બચીના પ્રયત્નોથી હેમા પિતા આગળ પોતાના મનની વાત કરવાની હિંમત મેળવે. એની સાથે સરકારી વસાહતમાંથી આદર્શ વિદ્યાલયમાં ભણતા મનિયાની(મનીષની) વાત કાઢી, તેની સાથેના પિતાના વર્તન અને પોતાના પ્રેમ અંગે ખુલાસો કરે. પ્રીતમને એ છોકરો પહેલાં પણ ગમતો નથી અને આજે પણ. પરંતુ પોતાની દીકરીને તે ગમતો હોય તો ઘરજમાઈ તરીકે પ્રીતમ તેને સ્વીકારવા તૈયારી બતાવે. પરંતુ મનીષ અમેરિકાની મલ્ટિનૅશનલ કંપનીમાં ડી.એમ. હોવાથી તે અહીં ઘરજમાઈ બની શકે નહીં તેવી સ્પષ્ટતા કરે અને હેમાનો પાસપૉર્ટ પણ નીકળી ગયો છે. પિતા એકલા ન પડે એટલે જ લગ્ન માટે બાનુઓ બોલાવી તે પ્રીતમ સાથે પરિચય કરાવતી હતી. આ જાણી પ્રીતમ હેમાને કાવતરાખોર કહેતા આ ચર્ચા ઉગ્ર બને અને છેલ્લે હેમા અને બચીની સૂઝથી વાત થાળે પડે. અહીં પ્રીતમને એમાં હેમાની લાગણી નહીં, પરંતુ એમાં એનો સ્વાર્થ દેખાય છે. ત્યારે બચી કહે છે કે... 'છોડી છે તમારી સેઠ ઈ ને સવારથ નો'ય. નો'ય ઈને સવારથ. બાપ એકલો નો પડે ઈ સારુ ઈ બચારી અટયલી ધોબાઝાળી કરે સે.' (પૃ.૪૩) પ્રીતમ આ બધું સમજે છે. છતાં કોઈ પણ છોકરાને ઘરમાં અહીં લઈ આવવા કહે છે અને રોકતા પણ નથી. પણ તે હેમાને અહીંથી જવા દેવા તૈયાર નથી. બચી આ પ્રેમને સમજાવવા પ્રયાસો કરે છે. લગ્ન કરી દીકરીને પ્રિયતમ પાસે જવા દેવા સમજાવે. ત્રણેય જણાની વાતો પછી હેમા, પ્રીતમના ખોળામાં માથું નાંખી સૂવે અને પ્રીતમ બાળપણની જેમ લોરી ગાતા સુવડાવે. હેમાના સૂઈ ગયા પછી પ્રીતમ અને બચી દૂર બેસી વાતો કરે છે. પ્રીતમ આવી પળોજણમાંથી છૂટવા માટે બહાર જવાની તૈયારી કરે, અને ગાડીની ચાવી લે. બચી ગાડી ચલાવવાનો પ્રસ્તાવ

મૂકે છે. પ્રીતમના આશ્ચર્ય વચ્ચે બચી પોતાને ડ્રાઈવિંગ પણ આવડે છે એના પુરાવા આપે. પ્રીતમ અને બચી લૉંગ ડ્રાઇવ માટે નીકળે. લૉંગ ડ્રાઇવની સફર કરી ફરી પાછા ઘરે આવે છે ત્યાં ફરી અંધકાર-પ્રકાશ દ્વારા નાટકનું દૃશ્ય બદલાય.

પ્રીતમ, બચીનાં ખૂબ વખાણ કરે છે. લૉંગ ડ્રાઇવથી પાછા ફર્યા બાદ બચી અને પ્રીતમ બન્ને હેમાને નિરાંત કેમ થાય, એની વાતો કરે, બચીની વાતો હેમા તરફી રહે છે. બચી, હેમાને ઘરમાંથી ચાદર લાવી ઓઢાડે. પ્રીતમ બચીની હોશિયારીની વાત કરે છે. વાત વાતમાં પ્રીતમ બચીને કહે, 'હેમા પરદેશ જતી રહે પછી તું જતી ન રહેતી આ ઘરમાંથી' (પૃ.૪૮) એનું કારણ કે લૉંગ ડ્રાઇવ પછી પ્રીતમ, બચી તરફ ઢળે છે અને મનમાં નક્કી કરી લે છે હવે બચી જ એમના જીવનમાં એકલતા દૂર કરનારી વ્યક્તિ તરીકે રહેશે. હેમા ઊઠે છે અને પ્રીતમ હેમાને બધી વાત કરે.

હેમાના વિઝા અને આવતીકાલની ટિકિટ પણ આવી ગઈ એમ જણાવતાં, પ્રીતમ આશ્ચર્ય પામે. ત્યારબાદ ત્રણેય આગળના જીવનની વાતો કરે. ત્યારે બચી પ્રીતમની પૂરેપૂરી સંભાળ લેશે એમ જણાવે અને પ્રીતમ પણ કહે છે કે, 'બચી હવે નોકરાણી તરીકે નહીં પરંતુ આ ઘરની રાતરાણી છે.' (પૃ.૫૦) આ સાંભળી હેમા પોતાના પિતા પર ખૂબ ગુસ્સે ભરાય. ઘણી બધી ખરીખોટી સંભળાવે. બચી ઉપર પણ હેમા જાતભાતના આક્ષેપો કરે, પરંતુ બચી ખૂબ સમજદારીથી તમામ આક્ષેપોને વખોડી કાઢી પ્રત્યુત્તર આપે. બચીને કોઈ પણ પ્રકારની લાલચ નથી, ખૂબ સૂઝ-સમજદારીપૂર્વક આ પાત્ર પાસેથી નાટ્યસર્જકે કામ લીધું છે.

પ્રીતમ બચીનાં વખાણ કરતાં કહે છે કે 'એનો પહેરવેશ દેશી કે ગામઠી લાગશે પણ એનું વર્તન, એની સૂઝ, એનું વ્યવહારજ્ઞાન પૂરેપૂરું નાગરી છે.' (પૃ.૫૪) આ વિધાનમાં 'નાગરી' શબ્દપ્રયોગ કદાચ 'સભ્ય'ના સામાજિક અર્થમાં નાટ્યકારે કર્યો હશે એમ લાગે છે.

હેમા તો હજુ પણ ખૂબ ગુસ્સામાં છે, કારણ બચી જેવી નોકરાણી સાથે પ્રીતમ પોતાનું પાછલું જીવન ગુજારવાની વાત કરે છે, પરંતુ પ્રીતમ કેટલાંક વ્યાવહારિક ઉદાહરણો આપી હેમાને સમજાવે છે. પ્રીતમ પર કે તેમની મિલકત પર તેનો કોઈ હકદાવો રહેશે નહીં તે બચીની સ્પષ્ટતા પછી હેમા, બચીની માફી માંગે છે. હેમા પ્રીતમની વાતને આખરે માન્ય રાખી અને પિતા પાસે કન્યાવિદાયના ગીતની અપેક્ષા રાખે. આ કન્યાવિદાયના ગીત દ્વારા નાટકનો બીજો અંક સમાપ્ત થાય છે.

નાટકમાં નાટ્યકારે જીવનની સંધ્યાએ દસ્તક આપતા ઘડપણની એકલતાની સમસ્યા સાથે પ્રેમના ગૂઢ તત્ત્વની ફિલસૂફી સાંકળી લીધી છે. પ્રીતમને ભલે હેમા 'કુંવર', 'ચિરંજીવ', 'લાડલો' વગેરે નામોથી સંબોધન કરે પરંતુ માણસને અંદરથી પારખવાની સૂઝ નાટકના અંતે આ પાત્રની પીઢતાની સાક્ષી પૂરે છે. સમગ્ર નાટકમાં લાગણી સર્વોપરી ભૂમિકા ભજવે છે. પ્રીતમને દીકરી આંખ સામે રહે અને તેને કોઈ તકલીફ ન પડે તેથી ઘરજમાઈ શોધે છે. તે પોતે પણ દીકરી માટે જ આટલી કાળજી રાખે છે. બીજી તરફ હેમા પિતા એકલા ન પડે તેની ચિંતા કરી તેમનાં બીજાં લગ્ન કરવાની પળોજણમાં અટવાય છે. પિતાની ચિંતામાં તેની પણ ઉંમર વીતી રહી છે અંતે તે પણ પિતાના લગ્ન માટે સાથી શોધી રહી છે. આ બંને પાત્ર તો પોતાના સ્વજન માટે લાગણી દર્શાવી રહ્યાં છે. માતા વગરની પુત્રી પર પિતાનો પ્રેમ અને પિતાના વહાલમાં ઊછરેલી પુત્રીનો પિતા તરફનો પ્રેમ સ્વાભાવિક છે. એ જ રીતે સરકારી વસાહતમાં રહેતા છોકરા સાથે પરદેશમાં લગ્ન કરી

રહેવાનો નિર્ણય પિતા માટે અને ઘરકામ કરતી સ્ત્રી સાથે જોડાવાનો પિતાનો નિર્ણય એ બંનેમાં એકબીજાની ચિંતા પણ સ્વાભાવિક લાગે. આ બંનેના મનની વાત ખોલવા માટે માયા અને યુવકનો નાટકમાં પ્રવેશ કથાવસ્તુમાં રમૂજ, રોચકતા અને સંઘર્ષ ઊભો કરવાનું માધ્યમ બને છે. હવે રહ્યું આ નાટકનું મુખ્યપાત્ર બચી. પાત્ર કુટુંબમાં બહારથી પ્રવેશ લઈ કુટુંબી બની જાય છે. આમ જોવા જઈએ તો કાઠિયાવાડી બોલીમાં આવતા સંવાદોથી આ પાત્ર અત્યંત સામાન્ય લાગે છે, પરંતુ નાટ્યકારે બચીને સર્વગુણસંપન્ન બતાવવાનો પ્રયત્ન કર્યો છે. બચી ઘરકામમાં માહેર, હાડવૈદું પણ જાણે સાથે ડ્રાઈવિંગ પણ કરી જાણે. પિતા-પુત્રી વચ્ચે સુલેહ પણ કરાવે અને સમસ્યાના નિરાકરણ પણ આપે. બદલામાં કંઈ જ ઇચ્છે નહીં. આ નાટકમાં બચીની સૂઝ-સમજદારી કદાચ તેના ભૂતકાળના જીવનના અનુભવ રૂપે આવતી દેખાય છે. જીવનના તડકા-છાંયા જોયા બાદ તેની જરૂરિયાત માત્ર ઓટલો અને રોટલો જ છે. જે પ્રીતમની સાથે રહેવાથી તેને મળે એમ છે. સાંસારિક સુખની તેને વધુ જરૂર નથી તેથી જ તો હેમાને સાંત્વના આપતાં એ સહજતાથી એમ કહી શકે છે, 'આ બચી એમની હાર્યે સંસાર માંડવાની ના પાડે સે ને ઈનું વચન આપે સે. લખી આલું તાંબાપતરે.... મને એવી કોઈની મિલકતો મોલાતો પડાવી લેવાના ઓરતા નથી... એટલે બેન, તમે કયો ન્યાં સૈ કરી દૌ ને અંગૂઠો પાડી દઉં કે મારે આ ઘર કે એના માલિકની કોઈ મિલકત પર હકદાવો નથી કરવો.' (પૃ. ૫૫) આ નાટકમાં બચી ભલે બારમું પાસ છે, ભલે ગામઠી વર્તન-વ્યવહાર અને બોલી છે, ભલે ગરીબ અને વિધવા છે પણ રા. વિ. પાઠકની ખેમી જેવી ખુમારી આ પાત્રમાં અનુભવાય છે. છેલ્લે નાટકના અંતે નાટ્યકાર પ્રેમને સાંસારિક જરૂરિયાત તરીકે નહીં પણ ગૂઢ પણ અસીમ તત્ત્વ તરીકે દર્શાવી આપે છે, 'પ્રેમનું તો વિદ્યા જેવું છે. વાપરો એટલું વધે. વહેંચો એટલું વધે!' (પૃ. ૫૬)

નાટકમાં ઓછામાં ઓછાં પાત્રોથી કામ ચલાવવું એ નાટ્યકારની સૂઝ બતાવે છે તથા સંવાદો દ્વારા પાત્રના ચરિત્રને ઉજાગર કરવા સાથે આ જ સંવાદો પાત્રના મન પરિવર્તનને દર્શાવવામાં મદદરૂપ થયા છે. શરૂઆતમાં જે નાટક રમૂજી સંવાદોથી ભરપૂર છે તે અંત સુધીમાં એક ગંભીર સામાજિક નિસબત અને પ્રેમની ફિલસૂફીનો સંદેશ આપી પૂર્ણ થાય છે. પ્રસ્તુતીકરણમાં અભિનયની કસોટીમાં પલટાતી ભાવાવસ્થાને અભિનયની સાથે સંગીતના પ્રયોગો કારગર નીવડે તેવું કલ્પી શકાય.

આ નાટકમાં માનવીની જિંદગીને લૉંગ ડ્રાઈવ સાથે મૂલવવામાં નાટ્યસર્જક સફળ થાય છે. મનુષ્યજીવનમાં આવતા જીવનના ચઢાવ-ઉતારને વ્યવસ્થિત રીતે મૂલવી શકવાની સૂઝ નાટ્યકારમાં ભરપૂર દેખાઈ આવે છે; કારણ કે, બચીના પાત્ર દ્વારા સામાન્ય માનવીની સમજણ બરાબર વિકસાવી છે. હેમા અને પ્રીતમના પાત્ર દ્વારા પણ માણસની સમજ આપણા સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. નાટ્યકાર સતીશ વ્યાસ પાસેથી ગુજરાતી નાટ્યસાહિત્ય સ્વરૂપને આવાં ઘણાં નાટકો મળ્યાં છે. નાટ્યકાર માનવજીવનનાં મૂલ્યોને બરાબર સમજી, પોતાની નાટ્યકૃતિમાં સરસ રીતે પ્રગટ કરી આપે છે અને મનુષ્યના જીવનમાં ભજવાતાં દશ્યોને ભાવકના હૃદય સુધી પહોંચાડવા તથા ભાવકને જકડી રાખવામાં નાટ્યકારની શૈલી/કળાનો પરિચય થાય છે, જેથી ભાવક કૃતિમાં સ્વ આરોપણ કરી આનંદ અનુભવી શકે.

■

આદિવાસી કવિતાનું પ્રભાત

(આસ્વાદમૂલક અવલોકન) પ્રવીણ પંડ્યા

(अनुत्तरित लोग, ભારતીય સમકાલીન આદિવાસી કવિતા સંચયન, ભાષા હિંદી, સંપાદકઃ કાનજી પટેલ, પ્રકાશક : સેતુ પ્રકાશન પ્રા. લિ. નોઇડા, સાઇઝ : A૪, પૃષ્ઠ : ૪૮૮, મૂલ્ય : ૯૦૦ રૂપિયા.)

તેઓ જે અનુત્તરિત રહ્યાં-૩

મારી વ્યક્તિગત અને રાજનૈતિક સમસ્યાઓ પર
કે મારે પોતાનું જીવન કેવી રીતે ચલાવવાનું છે
એનાં પર ફરમાન બજાવવામાં
અને માર્ગદર્શન આપવામાં પોતાનો સમય બરબાદ ન કરો
તમે એ બારામાં કાંઈ નહિ જાણતા હો
કેમ કે તમે એકે-૪૭થી આગળ કાંઈ નથી જાણતા
અને એટલે તમે જીવિત છો
અંધકારમાં સમૃદ્ધ બનો છો
પણ હું કેવળ એક મશીન
કે અણુઓના સમૂહથી ક્યાંય અધિક છું.
(મોનાલિસા ચાંગ્કિજા, આઓ-નાગા કવયિત્રી, “अनुत्तरित लोग’માંથી)

‘અનુત્તરિત લોગ’ આદિવાસી વિમર્શનો એક મહત્ત્વપૂર્ણ પડાવ છે. પુસ્તકના સંપાદક કાનજી પટેલ સ્કૉલર તો છે જ, પણ સાથે સાથે આદિવાસી સંસ્કૃતિનાં સંશોધન-સંવર્ધન-અભિવ્યક્તિ અને અધિકાર માટે કટિબદ્ધ સંસ્કૃતિ-કર્મી; કવિ-સાહિત્યકાર છે, એ અર્થમાં એ સવાયા આદિવાસી છે. એમણે આદિવાસી સંસ્કૃતિની સંગઠિત અભિવ્યક્તિ માટે મંચ રચવાના ધ્યેય સાથે ‘કલ્લેશ્વરી મેળા’નું આયોજન કર્યું અને આજે તેઓ ભારતભરની આદિવાસી ભાષાઓનો કાવ્ય-મેળો આ પુસ્તક સ્વરૂપે લઈને આવ્યા છે. પુસ્તકમાં ૧૪૧ આદિવાસી ભાષા/બોલીની ૭૦૦ ભારતીય આદિવાસી કવિતા હિંદી દેવનાગરી તથા જે તે ભાષાની મૂળ લિપિમાં મુદ્રિત છે. ૩૮૨ જેટલા કવિઓ ભારતભરના આદિવાસી લેખનનું પ્રતિનિધિત્વ કરે છે. અહીં આદિવાસી વિમર્શ અને એના સૌંદયશાસ્ત્રને પરિભાષિત કરતા વિદ્વાન અભ્યાસુઓના લેખ પણ છે. આમ ‘અનુત્તરિત લોગ’ ભારતભરની આદિવાસી કાવ્ય અભિવ્યક્તિને સમાવતું પહેલું પુસ્તક છે. આ આદિવાસી કવિતાના પ્રભાતની ખુલ્લી,

તાજી હવામાં, એના પ્રાકૃતિક અજવાળામાં આપણે ફરવા નીકળીએ તે પહેલાં આ પ્રભાત પહેલાંના મોંસૂઝણામાં ઝીણી નજર કરીએ.

* * *

કોઈ પણ વિમર્શનું મોંસૂઝણું સહાનુભૂતિના સાહિત્યમાં હોય છે :

આપણી આજની દુનિયાનાં ખૂબસૂરત નકશાને ધ્યાનથી જોઈએ તો અમેરિકા કે ઑસ્ટ્રેલિયા જેવા દેશો ત્યાંના મૂળ આદિવાસી નિવાસીઓને નેસ્તનાબૂદ કરી વિકસ્યા છે. આફ્રિકાનો અતીત પણ આવો જ છે. આપણે ત્યાં પણ સ્વતંત્રતા પહેલાં અને પછી આદિવાસી પ્રજા ઉપર અપાર જુલમ થયા છે. આજે પણ થઈ રહ્યા છે. વિકાસની દરેક વાવડીનાં તળ તો આદિવાસીનો ભોગ લીધા પછી જ ફૂટ્યાં છે. આ બધું ક્યાંક ને ક્યાંક સહાનુભૂતિના સાહિત્યમાં એક આછીપાતળી રેખા સ્વરૂપે નોંધાતું રહ્યું છે. પછી છેક વીસમી સદીના છેલ્લા દાયકામાં આદિવાસી વિમર્શનો આરંભ થાય છે. ૧૯૯૧માં આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણને કારણે જળ, જંગલ, જમીન અને પર્યાવરણ ઉપર ગંભીર સંકટ ઊભું થયું. આ સ્થિતિ સામે આદિવાસી સમાજ પોતાનાં અસ્તિત્વ, અસ્મિતા, સંસ્કૃતિ અને અધિકારો માટે સ્વર બુલંદ કરે છે. એ પહેલાં, મહાશ્વેતા દેવીની (૧૯૨૬-૨૦૧૬) નવલકથા 'જંગલ કે દાવેદાર' (અરણ્યેર અધિકાર, જેને માટે ૧૯૯૬માં તેઓને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો. આ નવલકથા બિરસા મુંડાની સશસ્ત્ર ક્રાંતિ પર આધારિત છે.) અને નવલકથા 'ચોટ્ટી મુંડા ઔર ઉસકા તીર'થી (મૂળ બાંગલા શીર્ષક : Chotti Munda Ebang Tar Tir, ઈ.સ. ૧૯૮૦) આદિવાસી વિમર્શનો પાયો નખાય છે. આનાથી પણ પહેલાં આપણને ભારતીય ભાષાઓમાં આદિવાસી સમાજ પ્રત્યે સહાનુભૂતિનું સાહિત્ય જોવા મળે છે. ટાગોર ૧૯૧૧માં 'અચલાયતન' નાટક લખે છે. 'અચલાયતન'માં જંગલની વચ્ચે ઋષિ-મુનિઓએ શિક્ષણ આપવા મઠ સ્થાપ્યો છે, એમાં અભ્યાસ માટે આવેલો આદિવાસી યુવાન જંગલનો વિરહ અનુભવે છે, સંસ્કૃત શ્લોક રટવાને બદલે સતત બારીમાંથી બહાર જોયા કરે છે. અંતે એક માજેઠો આચાર્ય એનો મૂંઝારો સમજે છે, એને લઈને મઠની બહાર જંગલમાં શિક્ષણ આરંભે છે. ડાબળી બંધ મ ઠ સામે એકલદોકલ આચાર્ય અને શિક્ષણ પામવા માંગતા આદિવાસી યુવાનો એક નવી વ્યવસ્થા માટે મથામણ આરંભે છે. મુંશી પ્રેમચંદની 'વિધ્વંસ' અને 'મુક્તિ માર્ગ' વાર્તાઓ ૧૯૨૧ના દાયકામાં આવે છે. એમાં ગૌન્ડ આદિવાસી સમાજનું જમીનદારો દ્વારા કેવી ક્રૂરતાથી શોષણ થાય છે એનું નિરૂપણ જોવા મળે છે. 'દીઠી મેં સાંથાલની નારી' (યુગવંદના, ૧૯૩૫) જેવી ગીત-રચનામાં ઝવેરચંદ મેઘાણી સાંથાલની નારીનું ગૌરવપૂર્ણ વ્યક્તિત્વ, એના સહજ વ્યવહાર, એના સૌંદર્ય અને શ્રમ કરવાની શક્તિનું વર્ણન કરે છે, અને અંતે કહે છે; 'આઠ આઠ ત્રાંબિયાની રોજી આપીને મેં લૂંટી સાંથાલની નારી' સાંથાલના આદિવાસી પશ્ચિમ બંગાળથી લઈ ઓરિસ્સા-ઝારખંડ સુધી ફેલાયેલા છે. મેઘાણી એમનાં દુખ-દર્દ ગુજરાતી ભાવક સુધી લઈ આવે છે. કૃષ્ણલાલ શ્રીધરાણીનું નાટક 'મોરનાં ઈંડાં' નાટક ૧૯૩૪માં આવે છે. એમાં એમણે આશ્રમશાળા બતાવી છે, જ્યાંના ઉદાર સેવાભાવી ગાંધીવાદી સંચાલક એક દેવીપૂજક યુવકને શિક્ષિત કરી સુધારવા સભ્યવર્ગનાં બાળકો સાથે આશ્રમશાળામાં લાવે છે. આશ્રમશાળાના સહાધ્યાયીઓ આ આદિવાસી યુવકની રીતભાત, ખાનપાન અને

વર્તણૂકને કારણે એની સાથે ઉપહાસપૂર્ણ વ્યવહાર કરે છે, શિક્ષકો પણ એ યુવકને સભ્ય સમાજના સહાધ્યાયીઓ જેવી રીતભાત શીખવા ટોકતા રહે છે. પણ અંતે સહુને સમજાય છે કે આપણે મોરનાં ઈંડાં ચીતરવાની પ્રવૃત્તિ કરી રહ્યાં છીએ! આદિવાસી સમાજ પ્રત્યેનો સભ્ય સમાજનો નઝરિયો કેટલો ખોટો છે એ શ્રીધરાણીએ વેધક રીતે કહ્યું છે. ઇરાવતી કર્વે 'યુગાંત' (૧૯૬૭) પુસ્તકમાં; 'માયા મહેલ' નિબંધમાં, ખાંડવવન દહનને આદિવાસી સમાજ પ્રત્યે સહાનુભૂતિના દૃષ્ટિકોણથી જ નહીં પણ સભ્ય સમાજની ક્રૂરતાના ઍંગલથી મૂકે છે, અને ધર્મ સાહિત્યમાં આદિવાસી પરની હિંસાને કેવી પ્રબળ માન્યતા મળી છે તે જુએ છે. કૃષ્ણ અને અર્જુન ખાંડવવન સળગાવ્યા પછી વનની ચારે તરફ રથ અને શસ્ત્ર લઈને ફરે છે; વનમાંથી જીવતા રહેવા નાસી છૂટતા નાગલોકોને પાછા આગમાં નાખે છે, અને આ દરમિયાન બંને વીર નાયકો પોતાના પ્રેમપ્રસંગોની વાતો કરે છે. આ ઉપરાંત પણ ઘણું લખાયું છે. આદિવાસી વિમર્શમાં આ સહાનુભૂતિના સાહિત્યને અવગણવાનો હઠાગ્રહ બિલકુલ નથી જોવા મળતો, કે નથી સંભળાતો એ માટે સૂગનો સૂર. જ્યારે બંધારણ, સંસદ, કાયદા અને ન્યાયવ્યવસ્થા પાસેથી શોષિત હતાશ થઈને ખાલી હાથે પાછા ફરે ત્યારે શું થાય? ૧૯૬૭માં બંગાળના નક્સલબારીથી અને દાર્જિલિંગના ચાના બગીચાઓથી કાનૂ સાંન્યાલ (૧૯૩૨-૨૦૧૦) અને ચારુ મજમુદારે (૧૯૧૮-૧૯૭૨) શરૂ કરેલી સશસ્ત્ર ચળવળનું એટલું પ્રદાન તો સ્વીકારવું પડશે કે; આ ચળવળે વ્યવસ્થામાં આદિવાસી અધિકાર માટે વિમર્શની જગ્યા ઊભી કરી, અને ન્યાયપૂર્ણ વિકાસ માટે પગદંડી બનાવી જેના પર સરકારે ચાલવું પડ્યું. મોંસૂઝણું થતાં દીવાએ ઓલવાઈ જવાનું હોય છે એ ન્યાયે આ ચળવળ પણ પોતાનું કામ કરી આથમી ગઈ. તો આદિવાસી વિમર્શનો પ્હો ફાટતાં પહેલાં આવું મોંસૂઝણું હતું. આદિવાસી વિમર્શનું સૌંદર્ય શાસ્ત્ર મુખ્ય પ્રવાહ કરતાં ભિન્ન છે. કવિતાસર્જન પાછળની આદિવાસી કવિની વિભાવના જો આપણે સમજીશું તો એ કવિતાઓ સમજવામાં આપણને આપણી પરંપરાગત સૌંદર્ય શાસ્ત્રીય સમજણ આડખીલી રૂપ નહીં બને. એટલે આપણે એ વિશે થોડી વાત કરીએ અને પછી સંગ્રહમાંની કવિતાઓ પાસે જઈએ.

* * *

"... ... આ કવિતાઓ ધરતી માતા, માતૃભાષા, પૂર્વજો પ્રત્યેના પ્રેમ; અને યુગોથી, ખાસ કરીને હાલના દાયકાઓમાં થઈ રહેલ વ્યવહાર પરત્વે ક્રોધનો સ્વીકાર પણ કરે છે. આ કવિતાઓ છે; આદિવાસી વિશ્વાસો, વિશાળ વિવિધતાવાળા વારસાનાં રુદનની, જંગલ, જમીન, આજીવિકા, ભાષા, સ્ત્રીત્વ અને જીવનની રચનાત્મકતા ખોવાઈ જવાની અનુભૂતિની." (કાનજી પટેલ, 'અનુત્તરિત લોગ' પુસ્તકમાંથી "આદિવાસી એટલે આ પૃથ્વીનાં સહુથી જૂના રહેવાસી. આ શબ્દ ગર્વની અનુભૂતિ કરાવે છે. એક આદિવાસી હોવાને નાતે ખબર છે, અમારું જીવન, અમારાં ખાનપાન, અમારી ભાષા, અમારી સંસ્કૃતિ, પર્વ-તહેવાર, અમારાં નાચ-ગાન, અમારી પ્રાથમિકતાઓ.. બધું જ બીજાઓથી અલગ છે. આદિવાસી સાહિત્યોમાં સામુદાયિક ભાવના, સહભાગિતા અને સંઘર્ષોની સુંદર અભિવ્યક્તિ મળશે. એક સ્ત્રીનું મહત્ત્વ પુરુષથી ઓછું નથી. આદિવાસી સમુદાય પિતૃસત્તામાં નથી માનતો.'

(લિમા ટૂટી)

'અમે આદિવાસી છીએ, તમારા જેવા રાજનીતિના મનુષ્ય અમને પણ ઇન્સાન સમજે જે ભગવાનની ઔલાદ છીએ, પ્રકૃતિથી જોડાયેલા સમાજને સાચા અને સૌંદર્યને પૂરી રીતે સમજનારા. આ વિનંતી છે કે અમારા જેવા સાફદિલ લોકોને રાજનીતિની વચ્ચે લાવી મેલા કરી પોતાના જેવા ન બનાવો.' (શોની સોલોમન)

પુસ્તકમાં એક આખો વિભાગ એવો છે જેમાં ઘણા કવિઓએ પોતાનાં લેખન અંગે, લખવા પાછળની સમજ અંગે, પોતાના અને આદિવાસી સમાજના સંઘર્ષ વિશે વાત કરી છે. ઉપરોક્ત કથનોમાં તમે ધ્યાનથી જોશો તો દેખાશે કે લિમા ટૂટી દરેક વાક્યમાં 'અમે' શબ્દ ભારથી બોલે છે, અમારી સંસ્કૃતિ, અમારી ભાષા.. આદિ. એમની કહેવાની રીત પરથી એ સમજી શકાય એમ છે કે તેઓ પોતાને ગર્વ-સન્માન-અને થોડી નમ્રતાપૂર્વક બીજાં સમુદાયોથી અલગ ચિહ્નિત કરે છે. કેમ? શા માટે શોની સોલોમન રાજનીતિમાં પોતાને 'મેલા/પોતાના જેવાં ન કરો' એમ કહે છે? કેમ કે તેઓ અજાણી એવી ભાષા કે બોલીના કવિ હોવા છતાં એટલું તો જાણે છે કે સભ્ય સમાજ એમને કેવી રીતે જુએ છે. હકીકત તો એ છે કે સભ્ય સમાજ એમને જોતો-જાણતો કે સમજતો નથી, એ તો કેવળ એમની ઓળખ ઉપર લાગેલું 'અનુસૂચિત જનજાતિ'નું લેબલ જ જુએ છે. એટલે તેઓ પોતાની સાચી ઓળખ સ્પષ્ટ કરે છે. આદિવાસી સમાજ માટે આ લેબલ એમની અધૂરી ઓળખ જેવું પણ નથી; ઊલટાનું એમને એક રીતે અળખામણા કરી મૂકતું, બીજાઓથી વધુ દૂર ધકેલી દેતું અનુભવાય છે. શોની સોલોમન આપણને આ વાત સમજાવવા વિનંતીથી વધું શું કરી શકે? આ વિભાગમાં ઘણા જાણીતા આદિવાસી વિચારક-ચિંતક કવિઓ જેવા કે; કે. કેડિત્સુ, હરિ રામ મીણા, વંદના ટેટે, મહાદેવ ટૉપ્પો, એસ્થર સિયામ, જસિંતા કેરીકેટ્ટાની આવી સાફ બયાની જોવા મળે છે. જે પરસ્પરની સમજણને વિકસાવી સભ્યસમાજ અને આદિવાસી સમાજને નજીક લાવવામાં ઉપકારક બને છે. આ ઉપરાંત બીજા વિભાગમાં અનુવાદકોએ પોતાની પ્રક્રિયા દરમિયાન જે અનુભવ્યું એની વાત કરી છે. ઉદયન વાજપેયી, નરેશ ચંદ્રાકાર, અનામિકા, માલિની ગૌતમ અને બીજા અનુવાદકોએ પણ પોતાના વિચારો મૂક્યા છે. આટલી વાત પછી આપણે આદિવાસી કવિતાના ભાવક તરીકે થોડા સજ્જ થયા છીએ તેથી હવે આપણે; તમે - હું અને બીજા વાચકો આદિવાસી કવિતાઓ સારી રીતે ગ્રહણ કરી શકીશું.

* * *

આ કવિતાઓમાંથી પસાર થવાની મારી યાત્રા એક અજાણી રોમાંચક દુનિયામાં પ્રવેશવા જેવી કે અનાયાસ એવા અજાણ્યા લોકોને મળીને સુખદુઃખની ગોઠડી માંડવા જેવી રહી છે, પુસ્તકનાં કાગળ ઉપરની કવિતાઓ ક્યારે મનમાં વસી ગઈ એનું ભાન અત્યારે એ અવઢવ સ્વરૂપે થાય છે કે કઈ કઈ કવિતાના અંશો વાચક સામે મૂકું! આદિવાસી કવયિત્રી પહાડીઓને પ્રેમપત્ર લખે છે;

'દર વરસની જેમ આ વરસે પણ મને તારો કાગળ મળ્યો / તને ખબર છે કે જ્યારે વસંત હસીને માટીને રંગવા માટે ફૂલ ખીલવે છે, તો મને તારી બહુ જ યાદ આવે છે./...... હું એ કામ કરતી રહું છું જે તને નષ્ટ કરી મૂકે / આ બધું હોવા છતાં અમારા પ્રત્યેનો તારો પ્રેમ ક્યારેય ખતમ નથી થતો / તું અમને તારાં સંતાન ગણે છે / હું બહુ

ખરાબ છું, હું બેકાર છું, છતાંય / તું મને પ્રેમ કરે છે / નદીઓની વહેતી ધારાની જેમ, જે સદાય બરકરાર છે.'

(સામી હિરજિર ઇંગતિ કથારપી, કરબી કવયિત્રી, પેજ-૧૯૯)

'ઝૂકેલો પહાડ મારા સુધી પહોંચવાની કોશિશ કરી રહ્યો છે/પાણીમાં નીચેની તરફ ફેલાતો / પ્રિયજન, દૂર ન જાવ, વિશ્રામ કરો, મારા ખભા ઉપર વિશ્રામ કરો./

તરતાં અંધકારમાં એક સ્ત્રી ઊંઘી રહી છે / મારા ઓશીકા પર પોતાનો ગાલ દબાવીને / સપનાંથી જીવંત, / ગ્રીષ્મ ઋતુનાં પંખી એની છાતીમાં માળો બાંધી રહ્યાં છે./'

(તૈરતા હુઆ દ્વીપ, મામાંગ દાઈ, આદિ ભાષાની કવિતા સંચયનમાંથી,),

'ગામમાંથી પાતળી વાંકીચૂકી લીટીની જેમ ખેંચાયેલો / બહાર નીકળીને ખેતર સોંસરો નદી તરફ જતો / એ પૂર્વજોએ બનાવેલો માટીનો / બેય બાજુ કાંટાળી ઝાડીઓની વાડવાળો અમારા ગામનો એ પથરાળ રસ્તો. / વરસાદના પાણીથી ભીની ભીની સુગંધવાળી નદીની જેમ વહેવા લાગતો / વરસાદ વખતે હળ અને બળદગાડાં લઈને ખેતરે જતા લોકોને જોતો / શિયાળામાં લણણી માટે અને પંખી ઉડાડવા જતા લોકો સાથે વાતો કરતો / ઉનાળામાં ઇંધણાં વીણવા અને માછલી પકડવા જતા લોકોને જોયા કરતો / અમારા ગામનો એ પથરાળ રસ્તો./'

(ગાયત્રી વસાવા, વસાવી ગુજરાતી લિપિ. ગામનો રસ્તો, પેજ-૪૮૨)

'ઑક્ટોબરનો મહિનો / જે મને હૃદયથી ખૂબ પ્રિય છે / અને જે પોતાનાં જાદુથી / મને યાદોમાં આતુર કરી મૂકે છે / ઑક્ટોબરનો મહિનો / જ્યારે ખતરો નથી હોતો ઠંડીનો / અને ઉનાળો હજુ પણ પોતાની ગરમીનો અહેસાસ કરાવે છે /.. .. .. ઑક્ટોબરનો મહિનો / જ્યાં હું હમેશાં રહેવા માગું છું / ઠંડીને પડકારતી અને ઉનાળાને ન જવા દેવા ચાહતી / અને જ્યારે સમય પાકી જાય / ત્યારે હું વિદાય ઇચ્છું છું / આ મહિનાને પોતાનાં હૃદયમાં લઈને.'

(તેમસુલા આઓ, જાણીતા આઓ કવયિત્રી, પૂર્વોત્તરનાં આદિવાસીઓ માટે આજીવન કાર્યરત. યોગાનુયોગ તેમનું અવસાન ૯ ઑક્ટોબર, ૨૦૨૨ના રોજ થયું.)

પ્રકૃતિવિષયક કાવ્ય-તત્ત્વથી સભર, આવી અનેક રચનાઓ અહીં જોવા મળે છે. વાંચીને આપણી સામે જંગલ અને પહાડોનું જીવન સજીવ થઈ ઊઠે. ગાયત્રી વસાવાની 'ગામનો રસ્તો' કવિતામાં રસ્તો આદિવાસી જીવન અને પ્રકૃતિ સાથે એકાકાર થાય છે. સામી હિરજિર પહાડીઓને પ્રેમપત્ર લખે છે. તેમસુલા ઋતુને મરવાની કામના કરવાની હદે પ્રેમ કરે છે. સહજતા એટલી છે કે 'એમની કવિતામાં સજીવારોપણ અલંકારનો કે પરાવાસ્તવવાદનો પ્રયોગ સુપેરે થયો છે' એમ કહેવાથી એ રચના નંદવાઈ જાય. આ કવિતાઓમાં સજીવ-નિર્જીવ-ઋતુઓ-બધું શ્વાસ લેતું હરતુંફરતું બોલતું અનુભવાય છે. પણ આવું જીવન જીવતા આદિવાસી જીવનની સમસ્યાઓ. એના સવાલો બધું જ અનુત્તર છે. આ લખું છું ત્યારે આજના અખબારમાં એ સમાચાર વાંચું છું; ખંડવા (મધ્યપ્રદેશ) વનવિભાગના રેન્જરે એક ગામનાં વીસ આદિવાસી પરિવારને વનવિભાગની ભૂમિ પર પેશકદમી હટાવવા ધમકી આપતાં કહ્યું કે, 'અહીં જ તમારી કબર બનાવી દઈશ.' જે

અનુત્તર પ્રશ્ન છે તે એ છે કે; અતિક્રમણ કોણે કર્યું છે? આ આદિવાસી તો આદિકાળથી જંગલમાં જ વસે છે. આ છે એમની વ્યવસ્થા સાથેની અનુત્તર ભાંજગડ. આદિવાસી સમાજની પીડા અને શોષણની કેટલીક કવિતાઓ જોઈએ.

'આકાશ વરસે છે / તો ટાપરું (કાચી ઝૂંપડી) રોવે છે / ટાપરામાં એક ખાટલો છે / જ્યારે છાપરું ટપકે છે તો અમે ખાટલાને આમતેમ ખસેડીએ છીએ / જેથી અમે પલળી ન જઈએ / ...... પૂછો, શું પૂછવા માગો છો? / લોકતંત્ર, આઝાદી, ન્યાય, સમાનતા / તો અહીં સુધી આવતાં આવતાં સુકાઈ જાય છે કેટલીએ નદીઓ / અને એ નદીઓમાંથી પાણી કાઢતા / મને નથી આવડતું / હું ટાપરીમાં રહું છું / કદાચ ટાપરીમાં જ રહીશ/ કોઈને એમાં કાંઈ વાંધો ન હોવો જોઈએ / આ ટાપરી ટપ ટપ ટપકશે / અને આ જ ટાપરીમાં મરી પરવારીશ / મારી આ જ કથા છે./'

(રેખા ખારાડી, વાગદી કવિતા)

'માના પેટેથી જન્મ્યા પછી / ઘેરો ઘાલે છે ભૂખમરો.. / આદિવાસી બાળકને / બેબસ મા / ગર્ભાધાન વખતે, વિનંતી કરે છે / નવ મહિના.. નવ દિવસ / બેટા, તું ભલે ન બને મોટો અફસર કે બાબુ / બેટા, તું હટ્ટોકટ્ટો પેદા થાજે / તું ખેડૂતનો, ખેતમજૂર બનશે તોય હું સહી લઈશ / પણ બેટા, ન પેદા થઈશ હાડકાંવાળું કંકાલ.. / સાતપૂડામાં મેં ઘણાંય જોયાં નાનકડાં બાળક, ભૂખમરાથી ઘેરાયેલાં.'

(સુનીલ ગાયકવાડ, અહિરાણી ભાષા.)

'......તમે કહ્યું હતું / કે અમે ધીમી ગતિએ એકવીસમી સદીમાં જઈ રહ્યાં છીએ / અને તમે ક્યારેય એ ક્હેવાનું ચૂકતા નથી / કે તમે અમ આદિવાસીઓનું ઉત્થાન કર્યું છે / પણ મને આશ્ચર્ય થાય છે / કે તમે કેમ મૌન સાધી લો છો / જ્યારે અમે કહીએ છીએ કે- અમને ભૂખ લાગી છે.'

(મોનાલિસા ચાંઙ્કિજા, વે જો અનુત્તરિત રહે-૧ આઓ નાગા ભાષા)

'એક જોડા જેવડા પેટને ભરવામાં / પહાડ ઘસાઈ ગયા / કોતર સુકાઈ ગઈ / વગડા બની ગયાં પાદર / ઊંહકારા અને આર્તનાદ કરવાના દિવસો ઊડીને ચાલ્યા ગયા વાદળોમાં / અને વાંસળીમાં હવા ફૂંકાય એટલી પણ નથી બચી હવા ફેફસાંમાં / એવા સમયે અમે ગામ છોડ્યાં અને લીધો દેશવટો.'

(મરવું અમને ગમતું નથી, વજેસિંહ પારગી, ભીલી કવિતા, ગુજરાતી લિપિ. પેજ-૩૯૧)

'અમે અંગ્રેજોની આંખોમાં ચોર જેવા દેખાતા હતા / ખાનપાન વિના તલસી રહ્યા હતા મારા વણઝારા / હાથ ફેલાવીને માંગતા ભૂખ્યાને ખવડાવવા મારા વણઝારા /'

('મારો વણઝારો સોના જેવો છે'.) બંજારી ભાષામાં એ. આર. ગોવિંદાસ્વામીની આ દીર્ઘ રચનામાં વણઝારા આદિવાસીનો ઇતિહાસ અને વર્તમાન આલેખાયો છે. એક વખતના આ રાજા, વખત જતાં અંગ્રેજોના આગમન સુધી આવતાં આવતાં ગુનાહિત પ્રવૃત્તિ કરનારી જાતિ બની જાય છે. આદિવાસી સમાજમાં ગરીબી, અભાવ અને પારાવાર

મુસીબતો છે, પણ એમનામાં દિનતા કે હીનતાનો ભાવ જોવા નથી મળતો. એમને પોતે આદિવાસી છે તે વાતનો ગર્વ છે. એમને પોતાના પૂર્વજો અને સાંસ્કૃતિક વારસા પ્રત્યે અતૂટ પ્રેમ-આસ્થા છે. આ કવિતાઓમાં ઇતિહાસબોધ પણ છે. આદિવાસી અસ્મિતા કાંઈક આવી રીતે વ્યક્ત થાય છે.

'મરીને પણ ક્યાંય નથી જતા પૂર્વજો / એ ગામની સીમના પહાડ બની જાય છે/ કે બની જાય છે જંગલ / અને ઘેરી લે છે અમારા ગામને પોતાના દાયરામાં / તેઓ જીવતાં રહે છે કાચાં ઘરોમાં વસનારાના પાકા ઇરાદાઓમાં / તેઓ વરસોવરસ પાછા આવે છે / પલાશ અને સરખુંઆની તાજગી લઈને / .... એ વહેતા રહે છે રગોમાં સંસ્કૃતિ બનીને / ઝંકૃત થઈ ઊઠે છે લોકગીતો અને ગાથાઓમાં / યાદ દેવડાવવા માટે / પોતાની માટી અને સંઘર્ષના અર્થો. /'

(લિમા ટૂટી, મૂંડારી ભાષા, પેજ-૩૬૪)

'ઇતિહાસ ન ભૂલો તમે ઇતિહાસ / જોધા હરપતિનો ઇતિહાસ ન ભૂલો / સિંધુ નદીના તટ પર આપણે રહેતાં હતાં. / જ્યાં હરપણીનું રાજ હતું / જોધા હરપણી મોટી શૂરવીર હતી. /...... જ્યારે ભારત દેશમાં ફિરંગી રાજ આવ્યું / પહેલી જંગ વણઝરાઓએ લડી / ફિરંગી સરકારને જર્જરિત કરી / તો આપણને જન્મજાત અપરાધી બનાવ્યા / ગોવિંદગિરી બાબાનો બલિ ચડાવ્યો / આ ઇતિહાસ ન ભૂલો મારા ભાઈ. /

(ઇતિહાસ, હરપણી જીજાતાઈ રાઠોડ, ગૌર બંજારી, પેજ ૧૧૩-૧૧૪)

'ગોંડવાનામાં કોયતુર લોકોની ભૂમિ છે / એ ભૂમિમાં જંગલ પહાડોમાં અમારો વાસ છે / હડપ્પા-મોહન જો દડો સિંધુ સંસ્કૃતિના અમે વારસદાર છીએ / અમે કોયતુર છીએ /

(કોયતુર, નંદકિશોર નૈતામ, ગોંડી કવિ, પેજ-૧૪૪ સંગ્રહમાંથી.)

અહીં જરા થોભીને આદિવાસી સમાજનો પ્રાચીન સાંસ્કૃતિક સંદર્ભ સમજવો જોઈએ. ગોંડવાના સંસ્કૃતિ ભારતની જ નહિ વિશ્વની પ્રાચીન સંસ્કૃતિમાંની એક છે. જિયોલૉજી (ભૂસ્તરવિજ્ઞાન) પ્રમાણે; આરંભે બે જ સંસ્કૃતિ હતી, લૉરેશિયા અને ગોંડવાના. મધ્ય ભારત; મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ સુધી ગોંડ જનજાતિ ફેલાયેલી છે. ગોંડ કલા વિશ્વપ્રસિદ્ધ છે. ચિત્રકળા, લોકનૃત્ય, 'સેવા જૌહાર' અભિવાદન અને સાત સતરંગી ઝંડો એની ઓળખ છે. એમનું પોતાનું એક દર્શન છે. એને કોયાપુરમ્ કહેવામાં આવે છે. આ દર્શન પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચેના આધ્યાત્મિક સંબંધોને મુખ્ય ગણે છે. તો, આટલી પ્રાચીન સાંસ્કૃતિક ઓળખ ધરાવતા આદિવાસી સમાજની સાચી ઓળખ આ છે, નહિ કે 'અનુસૂચિત જનજાતિ'.

* * *

પહાડોમાં અજવાળું મોડે સુધી રહેતું હોય છે, સવાર પણ વહેલી પડે છે. એ ન્યાયે આપણને પૂર્વોત્તર; આસામ, નાગાલૅન્ડ, મણિપુર અરુણાચલ આદિ પ્રદેશની કવિતાઓમાં વિદ્રોહનો સ્વર પરિપકવ અવસ્થામાં જોવા મળે છે. શિક્ષણ, સામાજિક પરંપરા, રાજકીય સ્થિતિ, આંદોલનોની ઐતિહાસિક પરંપરા; આ બધું પરિવર્તન અને વિદ્રોહ માટે ખાતર-પાણી-પ્રકાશ સમાન છે. કેરળ, આંધ્ર, છત્તીસગઢ, બિહાર, બંગાળ, ઓડિશાની આદિવાસી

કવિતાઓમાં આ કારણે ઇતિહાસ-બોધ અને વિદ્રોહ જોવા મળે છે. ગુજરાત આ બાબતે સૂકુંભઠ છે. બિરસા મુંડા (૧૮૭૫-૧૯૦૦) ક્રાંતિના પ્રતીક સમા જનનાયક છે. 'ઉલગુલાન' વિદ્રોહનો પડકાર છે. એનો અર્થ છે; મહાન ક્રાંતિ, ૧૮૯૯-૧૯૦૦ દરમિયાન એમના નેતૃત્વમાં અંગ્રેજો અને જમીનદારો વિરુદ્ધ આદિવાસી સશસ્ત્ર વિદ્રોહ થયો, ત્યારે જંગલો 'ઉલગુલાન'ના નારાથી પડઘાયાં. હરિરામ મીણાની 'બિરસા મુંડાની યાદમાં' કવિતામાં ઇતિહાસબોધ સાથે બિરસા મુંડાનું વ્યક્તિત્વ જીવંત થઈ ઊઠે છે અને વર્તમાનને પ્રેરણા આપે છે.

'એ મૂંડારી પહાડો જેવી કાળી કાયા / નસો, જાણે આસમાની પાણીથી લબાલબ ખામોશ નદીઓ / ઉપસેલા પઠાર જેવી પહોળી છાતી / પથ્થરિયા આંખો-જાણે હમણાં જ સળગતા અંગાર ઉપર ભારે હિમખંડ રાખી દેવાયા હોય.'

અને બિરસા મુંડાએ કરેલ વિદ્રોહનું નિરૂપણ કરી કવિ વર્તમાનમાં પણ એ વિદ્રોહને આ રીતે અનુભવે છે;

'એનો અવાજ / જંગલોમાં આજે પણ પડઘાય છે / 'હું કેવળ દેહ નથી' / હું બાપદાદાના વખતનો જંગલનો દાવેદાર છું / પૂર્વજો અને એમના દાવા ક્યારેય મરતા નથી / હું પણ મરી નથી શકતો / મને જંગલોમાંથી કોઈ પણ બેદખલ નહીં કરી શકે / ઉલગુલાન / ઉલગુલાન / ઉલગુલાન /'

(હરિરામ મીણા, મીણી કવિતા, પેજ ૩૨૫-૨૬)

'દેશના સપૂતોએ / ભોગનાડીહમાં નગારે ઘા દીધો હતો / ૩૦, જૂન, ૧૮૫૫માં / પોતાની જાત-બિરાદરીના માથે / થઈ રહેલાં અન્યાય-શોષણ અને અત્યાચાર વિરુદ્ધ, / અને નગારાના નાદથી / ડોલી ગયેલા વિદેશી હકૂમતનાં સિંહાસન./'

(વગાડવાં પડશે નગારાં, ગણેશ ઠાકુર હાંસદા, પેજ ૪૩૮)

'જે ગરીબોની ફસલ / ચાલકીથી લૂંટે છે / તમે જે પણ કહો એને / હું એને માણસ નથી કહેતો / જે ગોરખધંધા કરનારા લોકો છે / બીજાઓનાં સપનાં સાથે રમે છે / તમે જે પણ કહો એને / હું એને માણસ નથી કહેતો /...... જે લોકોની કતલ કરે છે / ખૂનખરાબા કરે છે / ચાકુ-તલવાર કે બંધૂકથી / દેશમાં ભયનું વાતાવરણ ઊભું કરે છે / તમે જે પણ કહો એને / હું એને માણસ નથી કહેતો. /

(मैं ઉસે ઇન્સાન નહીં કહતા, દશરથી માઝી, સાંથાલી કવિ, પેજ ૪૩૭)

પરિવર્તન, વિદ્રોહ આ આંદોલનો, 'ઉલગુલાન' શેને માટે થાય છે? સત્તાપરિવર્તન માટે નહીં. સત્તા મેળવવા માટે પણ નહીં. આંદોલન તો; માણસ તરીકેની ગરિમા માટે, સમાનતાના મૂળભૂત આધિકાર માટે, શિક્ષણ અને સાચુકલા વિકાસ માટે થાય છે. એક મા પોતાનાં બાળકોના ભવિષ્ય માટે જે કરે છે તે પણ એક આંદોલન છે. આ વાત કુઈ ભાષાના કવિ કવિતામાં કરે છે.

'તું રોટલી બનાવી રહી હતી / અમે તારાં ચાર બાળકો ફર્શ પર / એક ટમટમિયાંને ઘેરીને ભણી રહ્યાં હતાં / બાપા બહારથી આવ્યા / ટમટમિયું ઉઠાવીને પોતાની બીડી

સળગાવી / એ ન વિચાર્યું કે છોકરાં ભણી રહ્યાં છે / બીજે દિવસે જંગલથી વીણી લાવેલ કંદ વેચીને તું / એક ફાનસ લઈ આવી, / જેથી તારાં બાળકો ભણી શકે. / મા, આજે તું નથી / તારાઓમાં સંતાઈને જો / હવે તારાં બધાં બાળકોનાં ઘર, / વીજળીના પ્રકાશથી ઝળહળે છે./'

(મા, અનુજ મોહન પ્રધાન, કુઇ ભાષા, પેજ-૨૭૪)

તો પરિવર્તન, ક્રાંતિ કે વિદ્રોહનું ફલક જંગલમાં પડઘાતા ઉલગુલાનના બુલંદ નાદથી લઈને એક માના મનમાં રહેલા મૌન સુધી વિસ્તરેલું છે. એ પોતાનાં સંતાનોને ટમટમિયામાંથી ફાનસના અજવાળે લઈ જાય છે તે પણ ક્રાંતિ છે.

લાંબી વાતે ગાડાં ભરાય. 'અનુત્તરિત લોગ' પુસ્તકમાં તમને આવી અનેક રચનાઓ મળશે. એક અનન્ય કાવ્ય સંસાર આ પુસ્તક આપણી સામે મૂકે છે. મારા મનમાં થોડો કચવાટ એ વાતે છે કે; વંદના ટેટે. નિર્મલા પુત્તુલ, જસિંતા કેરીકેટા, જમુના બીની, જિતેન્દ્ર વસાવા, આનંદ વસાવા, દક્ષિણ છારા અને બીજા અનેક કવિઓની સ્પર્શી ગયેલી રચનાઓ અહીં નથી ટાંકી શક્યો. પણ ૭૦૦ કવિતાનો આ મહાસાગર મારી સામે હતો, ખોબો જ ભરી શકાયો. આ કામ માટે કાનજી પટેલને અભિનંદન આપીએ એના કરતાં એમની આ વાત ગાંઠે બાંધીએ;

"વાચક આ કવિતાઓમાંથી પસાર થશે ત્યારે એને સંવેદનાત્મક અને કલ્પનાશીલતાની થોડી ઊંચી છલાંગ ભરીને અર્થગ્રહણ કરવા પડશે. આ કવિતાઓ સમજવામાં એમને એક પર્યાવરણીય સભાનતા સહાયરૂપ થશે. ગુણવત્તાના શ્રેણીબદ્ધ નિયમ સમજવાની પ્રક્રિયાને કઠિન બનાવી મૂકશે. નકશા ઉપર ખેંચાયેલી રેખાઓનું અહીં કોઈ મહત્ત્વ નથી, પણ જંગલો, આદિવાસી જીવન, ભાષા અને કલ્પનાત્મક અભિવ્યક્તિનું મહત્ત્વ છે. કવિતાઓની આ ફસલ માટી, ખનિજથી ભરપૂર એવું ધાન છે જેને આદિવાસીઓએ હાથમાં હાથ પરોવી, ખેતરોમાં સહકારની ભાવનાથી ઉગાડ્યું છે. અનભિજ્ઞ લોકોએ આ વાત સારી રીતે સમજવી જોઈએ. મને આશા છે આ સ્વરોને થોડી અધિક સંવેદનશીલતા, ચિંતા અને નિસબત સાથે સાંભળવામાં આવશે; આદિવાસી અને આદિવાસી-જગત-જીવન જે માટે હકદાર છે"

■

બીજે કે ત્રીજે દિવસે મને ડરબનની કોર્ટ જોવાને લઈ ગયા. ત્યાં કેટલીક ઓળખાણો કરાવી. કોર્ટમાં પોતાના વકીલની પાસે મને બેસડ્યો. મૅજિસ્ટ્રેટ મારી સામું જોયા કરે. તેણે મને મારી પાઘડી ઉતારવા કહ્યું. મેં તે ઉતારવાની ના પાડી, ને કોર્ટ છોડી.

મારે નસીબે તો અહીં પણ લડાઈ જ હતી.

પાઘડી ઉતારવાનો ભેદ અબદુલ્લા શેઠે સમજાવ્યો. મુસલમાની પોશાક જેણે પહેર્યો હોય તે પોતાની મુસલમાની પાઘડી પહેરી શકે. બીજા હિંદીઓએ કોર્ટમાં દાખલ થતાં પોતાની પાઘડી ઉતારવી જોઈએ.

- 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

નરોત્તમ પલાણ : સાહિત્યવિવેચક તરીકે

રમણ સોની

સાહિત્યવિવેચક તરીકે નરોત્તમ પલાણનો આલેખ બહુ વિલક્ષણ છે. પહેલું પુસ્તક ‘રખડપટ્ટી’ (૧૯૭૦) – એ વિવેચન નહીં, પરંતુ રખડપટ્ટી કરતાં કરતાં જે વિસ્મયભર્યો સૌંદર્યબોધ થયો ને પછી ‘સરસ્વતીને તીરે તીરે’ (૧૯૭૨) ભમતાં જે જિજ્ઞાસાપોષણ થયું ને એ પછી વળી ‘ઇતિહાસવિમર્શ’ (૧૯૭૯) દ્વારા અને પુરાતત્ત્વના શોધ રસ દ્વારા, વ્યાપ અને ઊંડાણવાળી જે વિમર્શબુદ્ધિ કેળવાઈ એ બધાનો રસ અને કસ એમના વિવેચનમાં ઊતર્યો.

પહેલો વિવેચનસંગ્રહ તો છેક ૧૯૮૫માં. જરા હળવાશથી કહેવું હોય તો પહેલું વિવેચન-સંતાન પલાણને ત્યાં પચાસની વયે અવતરે છે! આ પહેલા વિવેચનસંગ્રહનું નામ ‘લોચન.’ આ લોચન એટલે આ વયે પણ એકદમ તાજી મુગ્ધતાથી સૌંદર્ય નીરખી રહેતું લોચન. પણ એટલું જ નહીં, ‘ધ્વનિકાર’ની ‘લોચનટીકા’ કરતું ચિકિત્સક લોચન પણ ખરું.

ચાલો, આ તો બરાબર. પણ બીજું વિવેચન-પુસ્તક? એ પાછું પચીસ વર્ષ પછી – ૭૫ની વયે, ૨૦૦૯માં, ‘વ્યષ્ટિ-સમષ્ટિ’. એમાં લેખકોની ચરિત્ર-રેખાઓ છે ને થોડીક સમીક્ષાઓ. પરંતુ એ પછી? એ પછી અંદર સંઘરી રાખેલો ધોધ વરસતો જાય છે – એક દાયકામાં છ પુસ્તકો! એમાં ચાર તો ૮૦ની વય વટાવ્યા પછીનાં. અલબત્ત, પુસ્તકપ્રકાશનના આવા અંતરથી કંઈ સાતત્યનો ખ્યાલ ન આવે. પલાણજી થોડું પણ સતત લખતા રહ્યા, વધુ તો બોલતા રહ્યા, એટલે કે વ્યાખ્યાનો કરતા રહ્યા. પરંતુ આ સ્વનામધન્ય ઇતિહાસવિદ, પોતે લખેલું સાચવનારી, સંઘરનારી, એને ગ્રંથસ્થ કરનારી ચીવટવાળા બિલકુલ નહીં. મિત્રોએ ને પુત્રોએ અહીં-તહીંથી, સામયિકોમાંથી એકત્ર કરી આપ્યું ત્યારે એ બધું ચોપડીઓવગું થયું. [૧] શિસ્તપૂર્વક ઉત્તમ વિવેચન-સંશોધન-લેખો કરનાર આ વિદ્વાને, ‘લોચન’ પછી કોઈ ચોપડીમાં સૂચિ મૂકી નથી. કોઈ જ પુસ્તકના લેખના પ્રથમ પ્રકાશનની કોઈ વિગત નોંધી નથી, એટલે કે, પલાણની, એક વિવેચક તરીકેની આ વિલક્ષણતા છે, બલકે કમાલ છે.

*

ચાલો, નરોત્તમ-ચરિત્ર-વિમર્શ બહુ થયો. હવે એમનાં વિવેચનપુસ્તકો ખોલીએ. પહેલાં તો પુસ્તકવાર વાત કરીશું, પછી બીજી વાતો.

‘લોચન’નો અનુક્રમ જોતાં જ જણાશે કે એમાં વિવેચનનાં લગભગ સર્વ રૂપો હાજર છે – શોધલેખો ને અભ્યાસલેખો, ગ્રંથસમીક્ષાઓ અને કૃતિઆસ્વાદો તથા કેટલાંક

મધ્યકાલીન સ્વરૂપોના પરિચયો. ક્યાંક શૈલી લસરતી ને વાક્છટાવાળી ખરી, પણ અભ્યાસનું કેન્દ્ર મજબૂત ને વાચન-સ્મૃતિમાંથી સરી આવતા અનેક સંદર્ભોથી સંગીન.

જુઓને, પહેલો જ લેખ, 'નરસિંહજીવન : એક પુનર્વિચાર'. એ વીસ પાનાંમાં મુદ્દાસર ને સઘનતાથી આલેખાયેલો ઉત્તમ સંશોધન-લેખ છે. વળી અધ્યયન-રુચિનો વ્યાપ પણ એટલો છે કે ભડલીની ને લોકસાહિત્યની ચર્ચા કરનાર આ અભ્યાસી ફૉર્સ્ટર અને તૉલ્સ્તૉયના લેખન-પ્રદેશોમાં પણ પ્રવેશ કરે છે, ઉત્તમ લાગેલાં પુસ્તકોની વિધાયક ચર્ચા કરે છે, વિવરણમૂલક કાવ્યાસ્વાદો આપે છે.

વિવેચક કેવો સાહિત્યાનુરાગી ને કેવો અભ્યાસશીલ હોય એની, પુસ્તકની પ્રસ્તાવનામાં નોંધેલી એક વાત દ્યોતક છે : લેખક કહે છે, 'વિવેચન શા માટે? એમ લાગે છે કે આનો એક જ ઉત્તર હોઈ શકે – સમજવા માટે! કોઈ કર્તા, કૃતિ કે વિષય લઈને મથવું, એની સામે જાતને ખુલ્લી કરવી અને એમ વધુ ને વધુ પામવું ઓળખવું....'

પરંતુ આ પ્રસ્તાવનામાંની બીજી એક વાત સાચી પણ માર્મિક છે – એ વિવેચકમાત્રની નિયતિને ચીંધે છે ને અલબત્ત વિવેચક ધર્મને પણ ચીંધે છે. આ નિખાલસ અભ્યાસી લખે છે કે, 'વિવેચક હંમેશાં ગાળ પામતો રહ્યો છે. એ કોઈનાં અતિવખાણમાં સરી પડે તે તો સ્વયં ગાળ છે, અને, વધારે વાંકદેખો બને તો ચોતરફ ગાળ છે.'

નરોત્તમ પલાણનું આ તારણ જાણે કે, એમનાં આ પછીનાં, છેક છેલ્લાં વિવેચનપુસ્તકોની નાન્દી જેવું છે.

એક લાંબા પ્રકાશન-વિરામ પછી ૨૦૦૯માં પ્રગટ થતા 'વ્યષ્ટિ-સમષ્ટિ'ના નિવેદનમાં એક નમ્ર ઉદ્ગાર છે : 'આ એક સ્વાધ્યાયપ્રેમી શિક્ષકની સાહિત્યસેવા છે.' આ પછીનાં, આખા દાયકામાં પ્રગટ થતાં રહેલાં વિવેચન-પુસ્તકોમાં નરોત્તમભાઈ પોતાને એક શિક્ષક તરીકે જ રજૂ કરતા રહ્યા છે. [૨] એમાં નમ્રતા જ નહીં, જવાબદારી પણ વ્યક્ત થાય છે – સ્વાધ્યાયશીલ હોવું ને સાહિત્ય વિશે, સાહિત્યકૃતિઓ વિશે સ્પષ્ટ અને ધારદાર લખતા રહેવું એ અધ્યાપકનું કર્તવ્ય છે એમ માનતા આ લેખકે અધ્યાપકોના પ્રમાદ વિશે પણ નુક્તેચીની કરી છે 'એક અધ્યાપકની ડાયરી'(૧૯૮૯) જેવી એક પૂર્વપુસ્તિકામાં (ને એ પછી થયેલી એની સંવર્ધિત આવૃત્તિમાં) વિવેચન નથી પણ વિવેચનાત્મક નિરીક્ષણો તો છે જ.

'વ્યષ્ટિ-સમષ્ટિ' કંઈક મિશ્ર પ્રકારનું ને વ્યાપક રૂપનું છે. એમાં મહદંશે સાહિત્યકારોનાં વ્યક્તિચિત્રો છે ને કેટલીક કૃતિસમીક્ષાઓ પણ છે. ચરિત્રાલેખોમાં વ્યક્તિ તેમજ સાહિત્ય માટેની એક ઊંડી ચાહના પ્રગટ થાય છે પણ એમાં નિરીક્ષણોય ઓછાં નથી.

આ દાયકામાં પલાણ જાણે કે કૃતનિશ્ચયી છે – જે કંઈ, જ્યારે કંઈ લખાયું એને હવે પ્રકાશિત કરી લેવું. પરંતુ આ પ્રકાશનોમાં એક આયોજન છે. વ્યાપક કે સર્વસમાવેશી પ્રકારના વિવેચનગ્રંથો નહીં, પણ વિષય-સ્વરૂપાનુસાર નાનાં પણ સ્વતંત્ર પુસ્તકો. પરિણામે આ દરેક પુસ્તક-પુસ્તિકાનું એક સ્વાયત્ત રૂપ ઊપસ્યું છે. 'સરવંગા'(૨૦૦૯)માં મધ્યકાળના ભક્તિસાહિત્ય વિશેના તથા ઉત્તમ ભક્તકવિઓ ચિંતકો વિશેના અભ્યાસપૂર્ણ લેખો છે. 'ગોરખનાથની ગુજરાતી રચનાઓ', 'કબીર : સંપ્રદાયો, પંથો અને સાહિત્ય' જેવા એમાંના લેખો એમના વ્યાપક અને ઝીણવટવાળા સાંસ્કૃતિક-સાહિત્યિક સ્વાધ્યાયના નિદર્શનરૂપ

છે. ‘પુસ્તકની પાંખે’માં પુસ્તકો વિશે લખાયું છે પણ એ માંડીને કરેલી સમીક્ષાઓ નથી, ટૂંકાં અવલોકનો બલકે પુસ્તક-પરિચયો છે ને એમાં સાહિત્ય-પુસ્તકો ઉપરાંત વિચાર-ચિંતન-માહિતીલક્ષી પુસ્તકો પણ એમણે આવરી લીધાં છે. જાણે ગ્રંથાલયમાં બેસીને એક શિક્ષક વિવિધ પુસ્તકો વાચકો સામે ખોલી આપતો હોય. નિવેદનમાં માર્મિક ટકોર કરતો એક સૂત્રાત્મક ઉદ્‌ગાર છે : ‘પુસ્તકાલય વિનાની શિક્ષણસંસ્થા હંમેશાં નિર્જીવ લાગે છે.’ આજે તો આપણને આ વાત જાણે કે વધારે અસર કરનારી લાગે છે.

પરંતુ આ પરિચયોની વચ્ચે એક સરસ સમીક્ષાએ જગા કરી લીધી છે. શિવલાલ જેસલપુરાસંપાદિત ‘નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ’ વિશે અહીં વિશ્લેષક પ્રતિભાવ-આલેખ ઊપસ્યો છે. મુખ્ય કારણ પલાણની નરસિંહપ્રીતિ અને નરસિંહ-અભ્યાસ. આ લેખમાંના એક વિચારણીય મંતવ્યને નોંધીને આગળ ચાલીએ : પલાણજી કહે છે કે ‘જરા નાજુક સવાલ એ છે કે હસ્તપ્રતમાં ન મળે એ રચના શું નરસિંહની નહીં? બીજી બાજુ, હસ્તપ્રતોમાં મળતી બધી જ રચનાઓ નરસિંહની હશે?’ (પૃ. ૫૯)

અર્વાચીન અને અદ્યતન સાહિત્ય વિશેનાં એમનાં ઉત્તમ વિવેચનપુસ્તકો ‘કથા-નવલકથા’ (૨૦૧૮), ‘વચન’ (૨૦૧૮) અને ‘તપાસ’ (૨૦૧૯)ની વિગતે વાત કરતાં પહેલાં ‘સાત વ્યાખ્યાનો’ (૨૦૧૭) નામની એક નાનકડી પુસ્તિકાની વાત કરવી આવશ્યક છે. એમણે અધ્યાપક અને સંશોધક તરીકે કરેલાં જાહેર વ્યાખ્યાનોમાંથી અહીં ‘પૌરાણિક, મધ્યકાલીન, લોકસાહિત્ય, ચારણી સાહિત્ય તથા સંત સાહિત્ય’ વિશેનાં વ્યાખ્યાનો તારવીને ગ્રંથ-સ્થ કર્યાં છે. એમાં, આ વિષયો નિમિત્તે લેખક ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી ને ડોલરરાય માંકડના એ ક્ષેત્રોમાંના પ્રદાનને ઘણા અભ્યાસપૂર્વક મૂલવી આપે છે. ઉમાશંકર જોશીનાં સંશોધન-વિવેચનકાર્યોને એમણે પ્રીતિપૂર્ણ પણ અભ્યાસભરી અંજલિ આપી છે. કોઈ પણ મધ્યકાલીન કર્તાનું વિવેચન કેમ થાય એ માટે ‘અખો: એક અધ્યયન’ નજરમાં રાખવા જેવો ગ્રંથ છે.’ (પૃ. ૨૨) એમ કહેતાં શ્રી પલાણ ગુજરાતી સાહિત્યના પરિષદ-પ્રકાશિત ગ્રંથ-૨(ખંડ-૧)માં ઉમાશંકરે ‘નરસિંહ મહેતા’ વિશે ‘આશરે એક સો પૃષ્ઠોમાં નીતર્યા નીર જેવું નરસિંહચરિત્ર’ આપ્યું છે એ નોંધીને આ પ્રકરણ-લેખને ‘આપણા મધ્યકાલીન સાહિત્યના વિવેચન-સંશોધનનો એક ઉત્તમ નમૂનો’ (પૃ. ૨૧) ગણાવ્યો છે.

આ બધાં વ્યાખ્યાનોમાં તે તે સંશોધક પ્રત્યેનો ઉમળકાભર્યો આદરભાવ વ્યક્ત થાય છે એ ખરું, પણ એ ઉપરાંત, મધ્યકાળના એક બહુશ્રુત અભ્યાસી – બહુશ્રુત એ અર્થમાં પણ ખરા કે એમણે જે વાચન-અધ્યયન કર્યું છે એ એમની સ્મૃતિમાંથી જાણે પ્રવાહની જેમ ઊભરતું રહ્યું છે. એવી માતબર અભ્યાસશીલતા આ ટૂંકાં વ્યાખ્યાનોમાં (૫૬ પાનાંમાં ૭ વ્યાખ્યાનોમાં) નીખરી રહી છે.

ઇતિહાસના અભ્યાસી અને સાહિત્યવિવેચકની જુગલબંધીનો એમના ‘કથા-નવલકથા’માં બહુ તૃપ્તિકર અનુભવ થાય છે. અલબત્ત, એમનું ધ્યાનકેન્દ્ર નવલકથા છે. એ સ્પષ્ટ કરે છે કે, લેખકમાં ઇતિહાસની ચાહના હોય ત્યારે પણ છેવટે નીવડી આવવી તો જોઈએ નવલકથા, એટલે કે સાહિત્યનો રસબોધ કરાવનારી કૃતિ. પરંતુ ગુજરાતી નવલકથાની ચિકિત્સા કરતાં એ કહે છે કે નથી એમાં સરખો ઇતિહાસ આલેખાતો, નથી કલાકૃતિ અવતરતી. જરાક આકરો લાગે એવો નિષ્કર્ષ એમણે આપ્યો છે : ‘ગુજરાતીમાં હજુ સુધી એક પણ શુદ્ધ, ઐતિહાસિક કહી શકાય એવી નવલકથા નથી, એનો અભાવ

છે.' કેમ કે 'ઇતિહાસ એક ઊંચાઈની અપેક્ષા રાખે છે. આપણા લેખકોમાં ઊંડા સ્વાધ્યાયના અભાવની સાથે આ ઊંચાઈનો અભાવ પણ વરતાયો છે.' (પૃ. ૧૭)

પરંતુ આ નિષ્કર્ષ અધ્ધરતાલ કે બેજવાબદાર નથી. ઇતિહાસની ને ઐતિહાસિક નવલકથાની પલાણ પાસે એટલી બધી સંગીન જાણકારી છે કે 'ઐતિહાસિક નવલકથા' એવા વ્યાપક વૈચારિક લેખમાં તથા પછી ગુજરાતીના કેટલાક સર્જકોની ઐતિહાસિક નવલકથાઓની ચર્ચા કરતા લેખોમાં એ જાણકારી કોઈ પ્રવહમાન જ્ઞાનકોશની જેમ પ્રગટ થઈ છે. આશ્ચર્ય થાય કે નરોત્તમ પલાણને કેટલી બધી વિગતો ને કેવા કેવા સંદર્ભો હસ્તામલકવત્ છે. પણ હાથમાંનું એ આમળું, ખરેખર તો, નિરંતર વાચન-અધ્યયન-રસથી ઘૂંટાયેલી એમની સજ્ઞતા છે.

અને આ સજ્ઞતાથી એમણે ધૂમકેતુ, મુનશી, રઘુવીર ચૌધરી વગેરેની નવલકથાઓની ઊણપો સ્પષ્ટપણે બતાવી છે. ધૂમકેતુની ચર્ચા કરતી વખતે એ કહે છે કે, 'ઐતિહાસિક નવલકથા પણ આખરે તો નવલ છે—સાહિત્યકૃતિ છે. ને એટલે એ પૂછે છે કે, 'ધૂમકેતુની ચૌલુક્ય નવલકથાનાં પાંચ હજાર પૃષ્ઠોમાંથી પસાર થતાં કેમ ક્યાંય આપણે રસનો અનુભવ કરતા નથી?' ધૂમકેતુના અતિપથરાટ પર, એક સાચા સાહિત્યરસિકનો ઉકળાટ ઠાલવતાં એ કહે છે કે, 'વાક્યોનાં વાક્યો, ફકરાના ફકરા, પ્રસંગોના પ્રસંગો, ક્યાંક તો પ્રકરણોનાં પ્રકરણો દૂર કરી નાખો તોપણ મૂળ કથાને બાધ નહીં આવે.' (પૃ. ૩૮)

સર્જક મોટો હોય ત્યારે પણ એ ધ્યાનચૂક થાય તો કેવું પરિણામ આવે એ એમણે રઘુવીર ચૌધરીની સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીજીમહારાજ વિશે લખેલી 'શ્યામસુહાગી' નવલકથાની મર્યાદા બે ટૂંકાં વાક્યોના લસરકાથી બતાવી આપી છે. કહે છે, 'એ ઐતિહાસિક નવલકથા કરતાં કથામાહાત્મ્ય વિશેષ છે. નવલકથાકાર પોતે અનુયાયી બની જાય ત્યારે કલા છટકી જાય.' (૧૨)

પિનાકિન દવેની પૌરાણિક નવલકથા 'વિશ્વજિત'ની ચર્ચા એમણે રૂપરચના અને ભાષાની દૃષ્ટિએ પણ કરી છે. એક તરફ લેખક 'ઉપધાન'(=ઓશીકું) અને 'સૌધમૌલિ'(=અગાસી) એવા તદ્દન અપરિચિત તત્સમ શબ્દો યોજે છે ને બીજી તરફ, આવી પૌરાણિક કથામાં પણ 'બાપલિયા', 'મૂઈ', 'આલવું' એવા પ્રયોગો કરે છે, એથી ભાષા વર્ણસંકર બને છે. પિનાકિન દવે લેખનના વેગમાં 'વારાંગનાનું ઉત્તરીય વસ્ત્ર' એવા પુનરુક્તિદોષ કરે છે. ને એમની નવલકથા 'અણઘડ અને અયોગ્યક્રમી વાક્યોથી દુર્વાચ્ય બને છે.' (૫૨—૫૧)

આવી જ વસ્તુવિશ્લેષક ને ભાષાવિશ્લેષક ચર્ચા એમણે જયંત ખત્રીની વાર્તા 'ખરા બપોર' વિશેના લેખમાં પણ કરી છે. (હા, 'કથા-નવલકથા'માં નવલકથા ઉપરાંત ગુજરાતી ટૂંકી વાર્તાની ચર્ચા કરતા લેખો પણ છે). એમાં 'ઉંદરની મૃત્યુની ચિચિયારી' ને 'બકરી ભાંભરી ઊઠી' એવાં અસંગત ક્રિયારૂપો તો છે જ, પણ વર્ણનોની વિસંગતિ પણ છે. એમની એક વાર્તામાં 'ઝૂંપડામાં સજાગ ચૂલો શુક્ર જેવો ટમટમતો દેખાયો' એવા નિરૂપણ માટે પલાણ કહે છે કે, તારો ટમટમે, ગ્રહ ટમટમે નહીં. અને સળગતો ચૂલો શુક્ર જેવો શ્વેત પ્રકાશ ધરાવે કે મંગળ જેવો સ્હેજ ભીનો લાલ!' (૧૧૦)

કેટલીક નવલકથા-વાર્તાઓની વિધાયક બાજુઓને સ્પર્શીને એની સરાહના પણ લેખકે કરી જ છે. પરંતુ એમાંય, જ્યાં કંઈક વિસંગત લાગ્યું ત્યાં એનો નિર્દેશ કરવાનું એ ચૂક્યા નથી.

આચાર્ય થયા ને શ્વેતકેશી પણ થયા, પરંતુ આ નરોત્તમજીનું વ્યક્તિત્વ હળવું ફૂલ, ફૂલગુલાબી. તમે સામે મળો તો માત્ર સ્મિત ન કરે, ખડખડાટ હાસ્યથી ભેટી પડે. એ રીતે નરોત્તમ પલાણ સર્વમિત્ર છે, અને સૌની ઉષ્મા પામેલા છે. પરંતુ 'વચન' અને 'તપાસ'ની સમીક્ષાઓમાં આ મિત્રોનું શું થાય છે? 'તપાસ'નું નિવેદન જુઓ : અહીં તો એક લાક્ષણિક મિત્ર-મીમાંસા છે. વાંચો : 'તપાસ – મિત્રોની અને આપણી જાતની, અહીં લક્ષ્ય છે' (સુગમ અન્વય કરીએ તો, 'અહીં મિત્રોની અને જાતની તપાસ લક્ષ્ય છે'.) પછી સ્પષ્ટતા કરે છે, 'મેં મારી ક્ષમતા મુજબ મિત્રોને પીધા છે. જ્યાં 'વાહ' કહેવા જેવું લાગ્યું ત્યાં દિલચોરી કરી નથી. [પણ] ફટકારવા જેવું લાગ્યું ત્યાં કદાચ બેક વધારે ફટકાર્યા છે.' (નવલરામ યાદ આવે ને!) પછી, રા. વિ. પાઠકનું નામ લઈને પોતાનું સમર્થન કરે છે – 'મિત્રોને પણ સાફ કહેવાની નિખાલસતા કેળવવી જોઈએ.'

એટલે મૈત્રી ખરી, પણ વિવેચનમાં, દેશી ભાષામાં કહીએ તો, ખોટી ભઈબંધી નહીં. ગોળ ગોળ કહેનારા, ગાર્ડેડ વિવેચન પર એમને રોષ છે. કહે છે કે, 'આપણે વિવેચન કરવું છે, પણ અપ્રિય બનવું નથી – આ માનસિકતાની આકરી તપાસ થવી જોઈએ.'

તો, 'વચન'માં ચાર-પાંચ સમીક્ષાઓ ને બીજા અભ્યાસલેખો છે, પણ આ 'તપાસ'-સંહિતામાં તો બધી જ, ૨૧ પુસ્તક-સમીક્ષાઓ છે – નગદ અને તીક્ષ્ણ. ચોતરફના પૂરા અભ્યાસવાળી ને નિખાલસ, સ્પષ્ટ નિષ્કર્ષોવાળી. કેટલીક ઉત્તમ વિમર્શ કરનારી છે, બાકીની આલોચનાત્મક છે.

ચંદ્રકાન્ત ટોપીવાળાના 'દલપતરામ' પરના લઘુગ્રંથ વિશેની સમીક્ષાનું શીર્ષક છે 'એક તાજો અને હળવોફૂલ ઉમેરો' ને પછી એકેએક પ્રકરણની ટૂંકી ચર્ચા કરીને કહે છે કે, 'ભલે અત્યાર સુધી આપણી વિવેચનાએ દલપતરામને ન્યાય ન કર્યો હોય, પણ આજે ટોપીવાળાને હાથે દલપતરામ ન્યાય પામી રહ્યા છે તેની નોંધ લેતાં હરખ થાય છે' (૧૪) સરસ પણ આચાર્ય પલાણ સંજાનાએ વિગતે કરેલી દલપત-સ્થાપનાને કેમ વીસરી ગયા હશે.[૩]

એવી જ ઉત્તમ સમીક્ષાઓ વીરચંદ ધરમશીએ આલેખેલી 'ભગવાનલાલ ઇન્દ્રજી' એ રોમાંચક જીવનકથાની છે. પલાણનો સ્વાધ્યાય ક્યાંય ઓછો પડતો નથી. રામપ્રસાદ શુક્લના 'સાહિત્યસ્વાધ્યાય' વિશેની, ઉપેન્દ્ર પંડ્યાના 'અવબોધ' વિવેચનસંગ્રહ વિશેની, લાભશંકર પુરોહિતના 'શબ્દપ્રત્યય' સંગ્રહની સમીક્ષાઓમાં ગ્રંથમાં ઘૂમી વળીને ઉત્તમને પોંખતો અભ્યાસ-ઉલ્લાસ છે. એમાં પલાણે ક્યાંક વિશેષણોનો ખર્ચો જરાક વધુ કર્યો છે! (પણ એ ઉત્તમ વાંચીને મળેલી તૃપ્તિનો ખર્ચો છે.)

એ નોંધીને આગળ ચાલીએ કે અહીં સર્વ સમીક્ષાઓ વિવેચન-સંશોધન-આસ્વાદનગ્રંથોની છે. હા, વિવેચનનું વિવેચન અને એ દ્યુતિમંત છે.

આ દ્યુતિનો ખરો પરિચય આલોચનાત્મક સમીક્ષાઓમાં મળે છે. પલાણ ઉત્તમ વિવેચનને ચોપાસથી તપાસે છે એમ જે સ્વાધ્યાયની ઊણપવાળું, સરેરાશ કે નબળું વિવેચન છે એને પણ ચોપાસથી તપાસે છે. ને એ વિવેચન મિત્રોનાં પુસ્તકોનું હોય ત્યાં પણ, નિવેદનમાં કહ્યું છે એમ, 'મિત્રોને પણ સાફ કહેવાની નિખાલસતા' બતાવી છે ને 'ફટકારવા જેવું લાગ્યું' ત્યાં દિલચોરી બિલકુલ કરી નથી.

એટલે જ્યાં સ્વાધ્યાયનો નર્યો અભાવ જુએ છે ત્યાં વધુ આકરાં પરીક્ષણો રજૂ કરતાં પલાણ અચકાતા નથી. ધીરુ પરીખના સંશોધનગ્રંથ 'મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર' પરની સમીક્ષાનું શીર્ષક છે 'અનુભવી કાવ્યજ્ઞની વેઠ.' અને પહેલા જ ફકરાને અંતે કહે છે કે, 'તેમાંથી પસાર થતાં જે વેઠનો અનુભવ થાય છે તે 'નસીબ મધ્યકાળનાં!' એવા અફસોસ સિવાય કોઈ લાગણી જન્માવતાં નથી.'(૫૦)

ધીરુભાઈએ ભૂમિકામાં જે સ્થાપના કરી છે કે 'મધ્યકાળના કવિઓ કાવ્યશાસ્ત્રે શિક્ષિત કે કાવ્યશાસ્ત્રે દીક્ષિત નહોતા' એની સામે પલાણ કહે છે કે, 'આમ કહેવામાં સંશોધકને 'મધ્યકાળનો સમગ્ર ખ્યાલ નથી' ને એ ઉપરાંત 'કાવ્યશાસ્ત્રનો પૂરો પરિઘ અહીં નજરમાં નથી.' મધ્યકાળનો ઊંડો પરિચય ધરાવતા આચાર્ય પલાણ પોતાની સ્વાધ્યાય-સ્મૃતિમાંથી અનેક દૃષ્ટાંતો નોંધીને કહે છે કે આ સમગ્ર પરિપ્રેક્ષ્યમાં મધ્યકાલીન કવિઓ કાવ્યશાસ્ત્ર શિક્ષિત અને દીક્ષિત તથા સંગીતશાસ્ત્રના જાણકાર હતા.' વાહ, 'નાસ્તિ ધ્વનિઃ'ની સામે, અનેક દૃષ્ટાંતોપૂર્વક 'અસ્તિ ધ્વનિઃ' સ્થાપતા આચાર્ય આનંદવર્ધનનું સ્મરણ થઈ આવે. મધ્યકાલીન કવિતાની કેટલીક પંક્તિઓ ને શબ્દોનાં ધીરુભાઈએ ખોટાં અર્થઘટનો ક્યાંક તો મૂળગત સાચા અર્થને પણ પલાણજીએ મૂકી આપ્યો છે. આ સમીક્ષા આકરી છે પણ સાથે કેવી વિધાયક વિવેચના છે એનો પરિચય અહીં થવાનો.

એવી જ નિર્મમ છતાં વિધાયક સમીક્ષા ચંદ્રકાન્ત શેઠના 'પ્રેમાનંદનું ભાષાકર્મ' એ સંશોધનની છે. ભાષાકર્મની વાતને શ્રી શેઠે સાવ યાંત્રિક અને સપાટ કરી દીધી છે. એની સામે શ્રી પલાણ કહે છે કે, સાવ ઉતાવળે બધું કરવાને કારણે પૂર્વ-અભ્યાસોનો લાભ લઈ શકાયો નથી, નથી કોઈ મૌલિક પ્રતિપાદનો કરાયાં. છેલ્લે એક બહુ સ્પષ્ટ વાત નોંધવાનું શ્રી પલાણ ચૂક્યા નથી. કહે છે, શ્રી ચંદ્રકાન્ત શેઠે 'પૂર્ણાહુતિમાં પોતાના સ્વાધ્યાયને 'આસ્વાદલક્ષી' ગણાવ્યો છે. આપણે પૂછી શકીએ કે તમને 'ભાષાકર્મલક્ષી' સ્વાધ્યાય માટે પસંદ કરેલા તે કેમ ભૂલી ગયા?' (૬૯) અલબત્ત, પ્રો. શેઠની રજૂઆતની સરળતા અને રસાવહતાની નોંધ એમણે કરી છે. એમ થોડોક ઠંડો મલમ લગાવી આપ્યો છે.

અહીં કેટલાક આસ્વાદન-પરિચયના, પૂરાં રસ ને નિષ્ઠા દાખવતા અન્ય લેખો પણ છે.

આ પુસ્તકનો અંતિમ લેખ – એને ભરતવાક્ય કહો કે નરોત્તમવાક્ય કહો – એ છે 'વિવેચન અને 'હું' – નામની એમની વિવેચન-ખેપની કેફિયત. એમાં, પચાસની વયે પહેલો વિવેચનસંગ્રહ આપનાર પલાણ કહે છે કે 'મારા વિવેચનનું મંગલાચરણ' તો પંદર-સોળ વરસની વયે 'શ્રીમદ્‌ભાગવત'નું પઠન-આસ્વાદન કરેલું એમાં છે. યુનિવર્સિટીમાં ભણતાં ભણતાં પણ સ્વાધ્યાય અને તપાસવૃત્તિ, ને ખાસ તો અભ્યાસના મંથનમાંથી નીપજતો સ્વાદ કેળવાતાં ગયાં. કઠોર સમીક્ષાઓ આપનાર પલાણ સર્જન-વિવેચન-સંશોધનના પરિશીલનમાંથી મળતા આસ્વાદને પ્રાધાન્ય આપે છે. એમની લાક્ષણિક રીતે કહે છે, 'સ્પષ્ટ છે કે તમે પ્રેમમાં ન પડી શકો તો તમે વિવેચક ન બની શકો!' (પૃ. ૧૦૦) પરંતુ પલાણજીનો પ્રેમ એકનિષ્ઠ રહ્યો નથી, એ બહુનિષ્ઠ બન્યો છે. એ કહે છે કે, 'વિવેચનની મજા અન્ય વિદ્યાશાખાના મિશ્રણથી પ્રગટતી હોય છે. સ્વાધ્યાય, જેટલો વ્યાપક તેથી વિવેચનની સર્વાશ્લેષિતા વિશેષ! હા, કેવળ આશ્લેષ નહીં, સર્વાશ્લેષ.

વિવેચન-સાધનામાં પણ શૃંગારની પરિભાષા એમની મનગમતી ભાષા છે. પલાણ પાછા નરસિંહ-પ્રેમી ખરા ને! એટલે.

આ કેફિયતમાં પણ એમણે વળીવળીને એક ફરિયાદ કરી છે, આપણી સમીક્ષાપ્રવૃત્તિ વિશે કે, 'કડક સમીક્ષકની કમી વિવેચનક્ષેત્રની સૌથી મોટી કમનસીબી છે.' (૧૦૩)

પલાણને એમના જેવા બે-ચાર કડક સમીક્ષકો ગુજરાતીમાં મળે એનો આનંદ હશે જ.

મારી આ પલાણ-વિવેચન-કથાનો નિષ્કર્ષ એ કે ૧૯૮૫ના 'લોચન'ના નરોત્તમ એક મજબૂત પીઠિકા સાથે પ્રગટ થતા હતા પણ પલાણની વિવેચનાનાં બે ઉચ્ચતમ શિખરો તો છે 'કથા-નવલકથા' અને 'તપાસ'. શ્વેતકેશી પલાણજીનો સ્વાધ્યાય-રસથી ભરેલો ને સાહિત્યપ્રીતિવાળો પણ રતાશભરી દ્યુતિવાળો તીવ્ર-તીક્ષ્ણ ઘોષ સામ્પ્રત ગુજરાતી વિવેચનાની એક મહત્ત્વની તેજરેખા પણ પ્રગટાવે છે.

પાદટીપ :

૧. જુઓ : 'લોચન'ની પ્રસ્તાવના : 'મુદ્રણાદિ આયોજન જયંત મેઘાણીનું અને તેનું અમલીકરણ રમેશ ર. દવેનું [...] ઑફ પ્રિન્ટ્સ શોધવી, વ્યવસ્થિત કરવી, એને ગાંધીનગર મોકલવી વગેરેની કામગીરી પુનિત, કાર્તિકેય અને દર્શન દ્વારા ન થઈ હોત તો આ કામ ન થાત.'

૨. જુઓ : 'કથા-નવલકથા'ની પ્રસ્તાવનામાં પણ 'એક અધ્યાપકનો આ અધીત છે' એવું નોંધે છે ને 'તપાસ'માં પણ એ કહે છે, 'મેં અધીતમાં આળસ રાખી નથી. અહીં એક અધ્યાપકનો સ્વાધ્યાય છે.'

૩. જુઓ : Studies in Gujarati Literature - Jehagir Sanjana, ૧૯૫૦ (ગુજરાતી સાહિત્યનું અનુશીલન - અનુ. શાલિની ટોપીવાળા, ૨૦૧૦)

* જૂનાગઢમાં, નરોત્તમ પલાણ વિશે તા. ૨૮ જૂન, ૨૦૨૬ના દિવસે યોજાયેલા પરિસંવાદમાં કરેલું વક્તવ્ય.

■

અબદુલ્લા શેઠનું અક્ષરજ્ઞાન ઘણું ઓછું હતું, પણ અનુભવજ્ઞાન પુષ્કળ હતું. તેમની બુદ્ધિ તીવ્ર હતી. અને એ વાતનું તેમને પોતાને ભાન હતું. અંગ્રેજી જ્ઞાન કેવળ વાતચીત પૂરતું મહાવરાથી મેળવી લીધું હતું. પણ એવા અંગ્રેજી મારફત પોતાનું બધું કામ ઉકેલી શક્તા. બેંકના મૅનેજરો સાથે વાતો કરે, યુરોપિયન વેપારીઓ સાથે સોદા કરી આવે, વકીલોને પોતાનો કેસ સમજાવી શકે. હિંદીઓમાં તેમનું માન ખૂબ હતું. તેમની પેઢી તે વેળા બધી હિંદી પેઢીઓમાં મોટી હતી. અથવા મોટીમાંની એક તો હતી જ. તેમની પ્રકૃતિ વહેમી હતી.

તેમને ઇસ્લામનું અભિમાન હતું. તત્ત્વ જ્ઞાનની વાતોનો શોખ રાખતા. અરબી ન આવાડતું, છતાં કુરાન શરીફની અને સામાન્ય રીતે ઇસ્લામી ધર્મ સાહિત્યની માહિતી સારી ગણાય. દૃષ્ટાંતો તો હાજર જ હોય. તેમના સહવાસથી મને ઇસ્લામનું વ્યાવહારિક જ્ઞાન ઠીક મળ્યું. અમે એક બીજાને ઓળખાતા થયા ત્યાર પછી તે મારી સાથે ધર્મચર્ચા પુષ્કળ કરતા.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

'ઝાકળનાં ટીપાં' : પ્રેમમાં પડી જવાય એવો ગીતસંગ્રહ

અનિલ વાળા

'ઝાકળનાં ટીપાં' : (ગીતસંગ્રહ) ભરત જોશી 'પાર્થ મહાબાહુ' Z-CAD પ્રકાશન, અમદાવાદ. પ્ર.આ. મે ૨૦૨૩, કિ. ૧૪૦/- રૂા.

'પાર્થ મહાબાહુ' નામ સાંભળીને જ ચોંકી જવાય એવું છે. પણ, આ કવિનું નામ નથી. આ એમનું તખલ્લુસ છે. એમનું અસલ નામ તો છે ભરત જોશી. સ્નાતક કક્ષામાં હતો ત્યારે એમનાં સામયિકી ગીતો વાંચતો અને પછી ગણગણ્યાં કરતો. આ કવિ મારા જ ગામના છે અને બોટાદથી નિર્વાસન પામી, ગૂજરાત વિદ્યાપીઠમાં પોતાની સેવાઓ આપે છે. આ કવિ મુરબ્બી વિનોદ જોશી અને કવિ શ્રી હરિશ્ચન્દ્ર જોશીના અનુજ છે. સદર નામોનો એમણે ક્યારેય દુરુપયોગ કર્યો હોય, એવું મારી સાંભરણમાં નથી! એમનાં ગીતો સાહજિક લયમાં ગૂંથાઈને એક નોખો ભાતીગળ માહોલ રચે છે. પરંતુ, પ્રશ્ન એ હતો કે, 'આ કવિનો કોઈ કાવ્યસંગ્રહ ખરો કે નહીં?' નહીં. અંતે, જાણવા મળ્યું કે, એમનો પહેલો ગીતસંગ્રહ Z-CAD પ્રકાશન દ્વારા પ્રકાશિત થવા જઈ રહ્યો છે! મનને રાજીપો થયો અને દિલને શાતા વળી.

'ઝાકળનાં ટીપાં' એમનો પ્રથમ ગીતસંગ્રહ છેક મે-૨૦૨૩માં પ્રગટ થાય છે, પરંતુ આ એમનો પ્રથમ સંગ્રહ હોવાને કારણે એમની 'નવકવિઓ'માં ગણના તો ન જ થવી જોઈએ. આ ધીરજ અને ખંતનો હું આદર કરું છું. લખીને તરત તરતું મૂકી દેવાની, એમને કોઈ તાલાવેલી નથી. એમની પાસે ઘણાં બધાં ગીતો હોવા છતાં આ સંગ્રહ માટે કવિએ માત્ર ૩૫ ગીતો જ પસંદ કર્યાં છે. એમાંય 'હો...વ્હાલી ઘૂઘરિયું'ને તો આપણે ગઝલનુમા ગીતની શ્રેણીમાં મૂકી શકીએ, વળી, મારે આ ગીત બાબતે કવિ સાથે વાત થયા મુજબ આ ગીતરચના, એમની તથા કવિ પથિક પરમારની સહિયારી રચના છે. આ ગીતસંગ્રહમાં મને જે ગીતો કેટલાંક વધારે ગમે છે, એની યાદીમાં હું 'હો...વ્હાલી ઘૂઘરિયું'ને નિઃસંકોચ મૂકું.

'તમે પરોઢનો પરપોટો રે... હો... વ્હાલી ઘૂઘરિયું,
તમે તડકાનો ગલગોટો રે... હો... વ્હાલી ઘૂઘરિયું'

કદાચ, હું આ ગીત લખતો હોઉં આ ગીત મુખર થવાની શક્યતાઓ વધી જાય! હું 'હો...વ્હાલી ઘૂઘરિયું' ન કહું પણ... કંઈક બીજું જ કહું! સમજી જાઓ ને... કેમ કે,

તમે સોળ વરસનું સપનું રે... હો... વ્હાલી ઘૂઘરિયું,
અમે જોયું છાનું છપનું રે... હો... વ્હાલી ઘૂઘરિયું! (સ્માઇલ પ્લીઝ)
('ઝાકળનાં ટીપાં' પૃ.૩૧)

થોડીક મજાક પછી થોડા ગંભીર મૂડમાં આવી આ ગીતસંગ્રહ અને એનાં અવલંબનો તપાસીએ.

'બોટાદ'ને માથે એક આળ છે કે, બોટાદમાં એક પણ કવયિત્રી થયાં નથી, પરંતુ, અત્યાર સુધી જે કવિઓ થયા, એ દરેક કવિએ સ્ત્રીભાવના કે સ્ત્રૈણ ભાવુકતાની અભિવ્યક્તિને વાચા આપી છે. છેક... નિરામય પ્રણયના ગાયક બોટાદકરથી માંડીને વિનોદ જોશી, હરિશ્ચન્દ્ર જોશી, વિમલ અગ્રાવત, વિશાલ જોશી, સ્નેહલ જોશી, યોગેશ પંડ્યા, અનિલ વાળા અને છેક આ કવિ સુધી આ આળ અકબંધ રહ્યું છે, એ વાતનો અફસોસ છે. (હજુ ઘણાં નામ ગણાવી શકાય, પણ) એમ છતાં, બોટાદના અન્ય કવિઓ કરતાં આ કવિ જરા જુદી કેડી કંડારનારા બની રહ્યા છે. સમગ્ર સંગ્રહમાંથી પસાર થતાં કથક તરીકે નાયિકા હોય એવું સહજ રીતે જણાઈ આવે એવી માત્ર છ-સાત રચનાઓ જ છે.

'ગોરંભા પહેલાંની' ગીત રચનામાં છેલ્લે સુધી કથક સ્પષ્ટ નથી, પરંતુ અંતિમ પંક્તિઓ :

'અંજાતી આંખડી ને મૂંઝાતી સારસી
ઝગમગતા તેજદીપ ઘેરે ચોપાસથી
તેજદીપ ઘેરે ચોપાસથી' (પૃ.૩૫)

– માં 'સારસી' શબ્દના ઉલ્લેખથી આપણને આ ગીત નાયિકાભાવની અમૂંઝવણનું ગીત હોવાનું પ્રતીત થાય છે. એ જ રીતે, 'વિપ્રલંભ' ગીત તો સમગ્ર રીતે નાયિકાનું કથયિતવ્ય જાળવતું ગીત બન્યું છે. જુઓ :

હું તો હીંડોળે હીંચકડા ખાઉં રે
હીંચકડાં ખાઉં રે કેસરિયો વડવાઈયે બાય...
હું તો સોનાને પતરે લખાઉં રે... (પૃ.૩૭)

આ ગીતનાં કલ્પનો પણ ભાવનગર અને બોટાદ વસતા બોટાદકરની તળભૂમિના કવિઓ કરતાં વિશિષ્ટ છે અને ધ્યાનાકર્ષક પણ. અહીં 'હીંચકડા', 'ગીતલડાં', 'લાંબી લહરાત' જેવા શબ્દોમાં આપણે બોટાદની ભૂમિની ભાષા સુગંધ પણ માણી શકીએ છીએ. અહીં કવિએ ટેવવશ 'વિપ્રલંભ' સંસ્કૃત તત્સમ્ હોય એવું ભારેસલ્લ શીર્ષક રાખ્યું છે. પણ ગીતમાંથી તળભૂમિની સુવાસ તો ચોમેર પ્રસરે છે. 'અભિસાર' ગીતમાં અભિસરણની જે વાત થઈ તે સહજ રીતે નાયિકાનું અભિસરણ છે. ભલે, એમાં કથક સ્પષ્ટ નથી તોપણ આ ગીતને હું નાયિકાપ્રધાન ગીતમાં નિઃસંકોચ મૂકું છું. જુઓ!

ઘૂઘરિયુંનાં રણઝણ કંપન સરવરમાં લહેરાતાં રે...
ખણણ કરતાં લીલ ઉપર જઈ ઝાકળિયાં પથરાતાં રે...

... ...
ચૂંદલડીની કોર કમોસમ અનરાધારે વરસે,
દરિયો નાવ લઈને તરતો
ગામ લઈને કેડો ફરતો... (પૃ.૩૯)

'દીવો પેટાવ મા' ગીતના 'મા' શબ્દનો અર્થ નકારવાચિતા પ્રગટાવે છે. પરંતુ, આ તો 'ના...ના...કરતે, પ્યાર તુમ્હી સે કર બૈઠે' જેવી સ્થિતિ છે. આ નકારમાં 'હકાર' છુપાયેલો છે. કોઈને કવિ 'કાન્ત'નું 'વસંતવિજય' ખંડકાવ્ય અહીં યાદ આવી જાય તો નવાઈ નહીં...'

'નહીં નાથ! નહીં નાથ! ન જાણો કે સ્હવાર છે!
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે.'

('પૂર્વાલાપ' સં. વિનોદ અધ્વર્યુ પૃ.૨૨)

પરંતુ આ ગીતની નાયિકા ગોખલામાં દીવો પેટાવવાની 'ના' કહે છે. છતાં, એવી ઇચ્છા તો છે જ કે 'કોઈ ગોખલામાં દીવો પેટાવે!'

तमसो मा ज्योतिर्गमय।

ગોખલામાં દીવો પેટાવ મા...'
પાતાળે ધરબેલી તરસ્યુને વીરડામાં પાછી બોલાવ મા...

અને પછીનો અંતરો જુઓ :

ખાલીખમ છાતીમાં શ્વાસોની આભાસી ભરતી,
લોહીમાં પાવળુંક ડમરીઓ ચડતી-ઓસરતી. (પૃ.૫૭)

સમગ્ર ગીતની લયાન્વિતતા વખાણવી રહી. સર્જક રઘુવીર ચૌધરી નોંધે છે કે, 'આરંભની કેટલીક રચનાઓમાં કર્તા-ક્રિયાના અરૂઢ સંબંધો ધ્યાન ખેંચે છે. પછી કવિ સહજતા સ્વીકારીને ચાલ્યા છે. કથનને ઢાંક્યું નથી. 'દીવો પેટાવ મા' એ સહજતાની મદદે અલંકાર આવ્યા છે. 'ગોખલામાં દીવો પ્રગટાવ મા' કહીનેય ગોખલાના દીવાનો મહિમા કરે છે. બાઇબલ કહે છે કે, તારી પાસે દીવો હોય તો એને ટેકરી પર મૂક, જેથી એનું અજવાળું પામવા સહુ હકદાર થાય. ('ઝાકળનાં ટીપાં' - અંતિમ મુખપૃષ્ઠ)

'થયું' શીર્ષકસ્થ ગીતમાં તો અજવાળું જાણે હળી-મળીને આવ્યું છે. આ ગીતમાં વપરાયેલાં તરોતાજાં કલ્પન અને પ્રતીક આપણને આ કવિની ગીત પરની અજબ હથોટીની સાખ પૂરે છે.

ઝાડવું ધ્રૂજે એમ ધ્રૂજી ગઈ,
વૈકુંઠવાસી નાથની ડૂંટી,
સહુ તો એવું કહેતાં : વહાલો
કોઈની ચોળે રોજ પેચૂટી. (પૃ.૭૩)

'આફરીન' બોલી જવાય, એવું આ પુરાકલ્પન ગીતમાં સાદ્યંત રીતે સંયોજાયું છે. વળી, 'પેચૂટી ચોળવી', 'પેટનો દુઃખાવો' જેવા કાઠિયાવાડી રૂઢિપ્રયોગો સાથે શબ્દોનું જે વણાટકામ થયું છે, તે તો આસ્વાદ્ય છે જ. અને આ ગીતના બીજા અંતરામાં કવિની કલ્પના જુઓ :

કેડ તો એવી! સાણસામાં તો
સાપને ઝાલો, કેડ ના આવે

કાંકરીચાળો કરવા, એલા
ડુંગરા આખા શીદ બથાવે? (પૃ.૭૩)

'કેડ્ય પાતળિયો' શબ્દ તો બેય હાથની તર્જની અને બેય હાથના અંગૂઠા ભેગા કરો અને જેની કેડ્ય હાથમાં આવી જાય એવી પાતળી કમરવાળા કૃષ્ણ ભગવાન માટે વપરાય છે. પણ અહીં કવિ કેડનું લિસ્સાપણું સાપથી પણ વધારે છે એમ દર્શાવી સુંવાળપની સામે 'ડુંગરા' જેવો ખરબચડો શબ્દ તથા 'બથાવે' જેવો તળપદ શબ્દ સંયોજીને એક નવ્ય Contrast રચી આપે છે.

એમ કહીએ કે, થોડાં તો થોડાં પણ નાયિકાપ્રધાન ગીતો લખીને, કવિએ બોટાદ પર લાગેલા આળની આબરૂ સાચવી!

થોડાં નાયિકાપ્રધાન ગીતો બાદ આ કવિની કલમ વિધવિધ વિષયોમાં વિહરે છે. ક્યાંક કથક તરીકે નાયક સ્પષ્ટપણે ઊભરી આવે છે તો, ક્યાંક કથક અસ્પષ્ટ છે.

આ સંગ્રહ એમણે એમના પિતાશ્રીને અર્પણ કર્યો છે, અને એ રીતે પિતૃઋણનું ચુકવણું પણ કરી દીધું છે. કવિએ Menifesto ('ઘોષણાઉક્તિ') તરીકે આ સંગ્રહના પૃ.૬૭ પરના પોતાના જ ગીતની પંક્તિઓ મૂકી છે. માણીએ :

અમે ગાઈએ કાલાંઘેલાં અમને ગમતાં ગીત
ગાવાની ને ગણગણવાની હોય અમારી રીત. (પૃ.૫)

આ પંક્તિઓ 'અમે ગાઈએ ગીત'ની ધ્રુવપંક્તિઓ છે. અહીં આપણને કવિ શ્રી મનોહર ત્રિવેદીનું એક ગીત ચોક્કસ યાદ આવે :

'કોઈ જાતું હળવે હળવે, કોઈ ઘા એ ઘા...
તું તારી રીતે જા...
(તું તારી રીતે ગા...)'

આ કવિ પણ પોતાની નિજી અભિવ્યક્તિની ખોળ-ખાંખત કરે છે અને અન્યથી અલગ પડવાની એમની આ મથામણ સમગ્ર સંગ્રહમાંથી પસાર થતાં જણાઈ આવે છે. મોટા ભાગનાં ગીતોમાં કવિએ બોલચાલની ભાષાનો લય નિતાંત રીતે ઝીલ્યો છે.

લૂગડાં બૂગડાં દૂર ફગાવી
દરજીડો ચમકારા સીવે.

ટચલ્યા નખને અધ્ધર તેડી
અખ્શરધામ બચાવી લીધું
માખણ માખણ મોરપિચ્છનું
ભૂરું ભૂરું વસ્તર કીધું. (પૃ.૯)

અહીં 'દરજીડો' શબ્દ દરજીને લાડકવાયી ભાષામાં બોલાવવા માટે વપરાયો છે. એની સાથે 'દરજીડો' નામનું પક્ષી પણ કવિને અભિપ્રેત હશે જ. નહિતર.

હંસ રૂપાળું હરતો ફરતો
મોતીના ચમકારા પીવે. (પૃ. ૯)

– જેવી પંક્તિ ઊતરી આવી ન હોત! (અહીં ચમકારાને સીવવાનું કલ્પન પણ દરજીડાની માળો ગૂંથવાની પ્રક્રિયા અને દરજીનાં લૂગડાં સીવવાની ક્રિયાને તાકે છે, પરંતુ, આ તો 'ઝીની ઝીની રે ચદરિયાં' સાથે અનુસંધાન છે. એટલે જ માખણ-મોરપિચ્છ પણ ઉલ્લેખાયાં... કવિ તો અફીણથીયે ભારે અંધારાને ઝીલવાનું ઇજન આપે છે અને ઘોડાની અણિયાળી છલાંગનું ચિત્ર પણ ખડું કરી દે છે. અહીં 'તારી આંખનો અફીણી' જેવી વાત નથી. પરંતુ, ખોવાયેલા ઝાંખા અવાજથી મૌનના દીવડાને ઠારવાની વાત છે.'

ઘોડો છલાંગ એક અણિયાળી મારે રે,
ઝીલો અફીણથી અંધારું ભારે રે... (પૃ.૧૧)

આ કવિ માથોડાબોળ મૃગજળમાં હોડી પણ હંકારી જાણે છે, અને 'વીજળી ઉપરવાસ' એ જ ગીતમાં 'હાજી કાસમની વીજળી'ની યાદ પણ અપાવે છે. તો, અવકાશને વાવી પણ જાણે છે! આપણે ત્યાં જે દાસીપ્રથાની પરંપરા હતી, એવા જ કંઈક સંદર્ભે એક અલાયદું કાવ્યવિશ્વ ખોલી આપે છે. જુઓ :

નગર નામની નિત્ય નવોઢા નૃત્ય નિરંતર કરતી,
અલકમલકનાં મન મોહીને નવતર ચરિતર ધરતી (પૃ.૧૫)

અહીં ચરિત્રને બદલે 'ચરિતર' શબ્દ વાપરી કવિ ભાષારમણાનો વ્યાપાર કરે છે. સામે પક્ષે 'ગરબડ ગોટો ને પરભુ મોટો' એવી લોકોક્તિને ગીતમાં જુદી જ રીતે વણી લઈ, નવું નકશીકામ રચે છે.

ઝલમલ જોટો પરભુ મોટો,
ઢોળાતો અબરખિયો લોટો.

બાળકવિતાનો લય ઉપાડી લઈને આ કવિ લખે છે :

અજવાળાંની કીકીમાંથી
સુદામાનાં સગપણ પીગળે.

અડવડ ઓટો પરભુ ગોટો,
ઊતરતો અફ્ફીણિયો કોંટો...

આવો, માણીએ એક અન્ય વિરોધાભાસ :

માગું અંધારું ઝોકાર
વરસે અજવાળું ચોધાર. (પૃ. ૧૭)

– અને પછી તો, પાંપણ સળિયાની માફક ખટકે છે અને અંતર બટકવાથી સાંબેલાનો ભાર પણ છટકે છે. (અહીં પણ કવિને કથક તરીકે નાયિકા અભિપ્રેત હશે, એવું મને જણાયું છે.)

'લોકાખ્યાન 'પાતળી પરમાર'ની જગ્યાએ 'પળ પાતલડી'નો સંયોગ રચીને ઊંધે વળ વાતલડી ઉકેલવાનો પ્રયાસ હૃદયગમ્ય છે. 'અંધારું' અને 'અજવાળું'ના સંદર્ભો આ સંગ્રહનાં ગીતોમાં વારંવાર આવ્યા કરે છે. જુઓ :

પાંપણ આઠે અંગ મરોડે,
અજવાળાં શું ખૂલે. (પૃ.૧૯)

* * *

અંધારું પેલી પાર અંધારું,
કાંખમાં તો અજવાળું લોલ...(પૃ.૨૧)

* * *

આંખ્યું રે અંજાણી ઊભા શેરડે,
ખોબે ઝળહળ છલકાય,
અંધારું ચીરીને ચાલ્યા એકલા..(પૃ.૨૩)

* * *

ચકલીની આંખને તો તીરે વીંધાય,
પણ અજવાળું વીંધવાને બંદૂકો ક્યાં? (પૃ.૨૫)

* * *

જોયું રે ભીતર જોયું જાળવી,
થિયાં અજવાળાં ઝોકાર
અમથા મોહ્યા રે, ઝળહળ મેડીએ. (પૃ.૨૯)

* * *

મને આરપાર વીંધે અજવાળું...
શ્વાસના કરોળિયાઓ ગૂંથે છે ક્યારના
અવાવરુ આ ફેફસાંમાં જાળું.. ('સ્મરણ' પૃ.૪૧)

* * *

ઑસરી ગ્યાં અજવાળાં ડૂહોળાં...
આંખો નહીં આંખો, પણ ડોળા... (પૃ.૪૯ 'મરણ')

* * *

અંધારું આરપાર અંધારું ભ્રમણાનો ખૂટે ઈલાકો (એજન્)

* * *

પૂણીમાં સંઘરેલા કોડિયામાં શણગારી પેટાવી જો. (પૃ.૫૯ 'જો')

* * *

અજવાળાંની ધાર
શાહી ભરેલી કલમ ખોલતાં વરસી પડતી અજવાળાંની ધાર.

* * *

અમે કહ્યું કે અંધકારમાં ક્યાંય સૂઝે નહીં મારગ,
ઝરણું બોલ્યું માંડ ચાલવા, આગળ સઘળું ઝગમગ...

આમ, આ સંગ્રહનાં પાને-પાને અંધારાં-અજવાળાં ભર્યાં છે. જે મને વાર્તાકાર ડૉ. જયન્ત ખત્રીની યાદ અપાવે છે.

'ધોધમાર ધ્રાસકાઓ', 'સાંજ ઢળે ત્યાં', 'ચોમાસું વીંઝે તલવાર', 'સરવાળે સમજાયું', 'નદીકિનારે', 'અમે ગાઈએ ગીત', 'ઝરણું બોલ્યું', 'મોજ પડે તો', અને 'ધબાક્ ધોબી' (નાદકાવ્ય) તથા 'તમ્મરિયા ડાળ' (નાદકાવ્ય) - આટલાં ગીતો પ્રત્યે મેં અહીં પક્ષપાત કર્યો છે. આ ગીતો મને એનાં લય અને અભિવ્યક્તિની તરાહને કારણે વિશેષે ગમ્યાં છે.

બાકી કલ્પનની બાબતે તો આ કવિની સૃષ્ટિમાં વિહરવાનું મન થઈ આવે એવું છે. પછી એ 'કાળી સબ્બાક રાત' હોય કે 'બંધ રે મુઠ્ઠીમાં બાંધી ગાંસડી, પાસા પડતા પોબાર' જેવાં કલ્પનો વિશેષ આનંદ કરાવે છે.

એક જ ઘરમાં મોટાં થયાં હોઈએ અને અગ્રજ બંધુની છાપ – અને એ પણ આપણા સમયના શકવર્તી કવિની છાપ, આ કવિ પર પડી જ હોય. એ સ્વાભાવિક છે, પરંતુ ક્યાંક અપવાદો બાદ કરતાં કવિ આમાંથી બાકાત રહી શક્યા છે, એ નોંધવું રહ્યું. એમ છતાં, ક્યાંક ક્યાંક છમકલાં તો થયાં જ છે : જેમ કે,

એક ભોળું પારેવડું હાંફતું, છેલ મુજા હાંફે રે સપનાંની ઝૂલ,
એક પમ્મર પતંગિયું સૂંઘતું, છેલ મુજા સૂંઘે રે, ઝાકળનું ફૂલ.

અહીં 'છેલ મુજા' - શબ્દ લોકગીતમાંથી ઉપાડી લઈને કવિ 'વિપ્રલંભ' જેવું નાયિકાકેન્દ્રી ગીત લખવા જાય છે, પણ કવિ વિનોદ જોશીની કાવ્યઆભા તળે ઢંકાઈ જાય છે! સરખાવો :

'પોચાં પારેવડાં કાંઈ રાંક, હાંફે અધમણ ને નવટાંક'

(ઝાલર વાગે જૂઠડી)

'ઝીલો રે' ગીતમાં વાસ્તવિક ધરા પર રહીને કલ્પલતા પરનું કવિનું કપરું ચઢાણ વ્યામોહ જન્માવે તેવું છે.

કાંટાળી આવળ ને બાવળ લીલો રે...
સળવળ સાંકળ સરે, સરે તો ચીલો રે...

'ખોબોક ખૂલી ખડકી' ગીતનું શીર્ષક મનહર અને મનભર છે. આ અગાઉ મેં Robert Gordon Andersonનો વાર્તાસંગ્રહ 'Half-Past seven stories' વાંચેલો ત્યારે મને જે અચરજ થયેલું કદાચ એવું જ અચરજ આ ગીતનું શીર્ષક વાંચીને થયું છે. આ ગીત થકી કવિએ ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવી છે.

'આંગળિયું'માં જંગલ જેવું ઊગી ગઈ વાંસળિયું (પૃ.૪૭)

આપણી આંગળીનાં ટેરવાં પર આપણે આંબો ઉગાડી શકતા હોત તો? આ કવિ તો આંગળિયુંમાંથી જંગલ જેવી વાંસળિયું ઉગાડનાર કવિ છે.

મૃત્યુના વિષયને કોઈ કવિએ ભાગ્યે જ સ્પર્શ્યો ન હોય, એવું બને. કોઈના પણ કવનમાંથી પસાર થઈએ તો 'મૃત્યુમીમાંસા' વરતાઈ આવે જ. આ કવિ 'મરણ' વિશે એક આખું ગીત ખર્ચે છે. તેઓની દૃષ્ટિએ મરણ કેવું છે?

ડૂબે કાગળિયાની હોડી ને પાંસળીમાં ઊપડે સબાકો,
અંધારા આરપાર અંધારું ભ્રમણાનો ખૂટે ઈલાકો. (પૃ.૪૯)

આ કવિને કવિ હોવાનું અભિમાન નથી પણ કવિ હોવું એમને માટે એક પ્રાકૃતિકતા છે. એમ છતાં, 'કવિતા લખવી એટલે કપરું ચડાણ ચડવું' – એ કવિને બરાબર યાદ છે. સુખ-દુઃખ વિશે ગુજરાતીમાં અને અન્ય ભાષાઓમાં પણ ઘણું લખાયું છે અને લખાતું રહેશે. આ કવિ આપણા આદ્ય કવિ નરસિંહની લગોલગ બેસીને જાણે કે ઉદ્‌ગારે છે :

સુખ-દુઃખ અમને અડે નહીં, બસ કરતાં રહીએ પ્રીત,
અમે ગાઈએ કાલાંઘેલાં અમને ગમતાં ગીત... (અમે ગાઈએ ગીત)

એમની બિન્ધાસ્તતા અને મોજીલાપણું એમનાં ગીતોમાં પણ ઊતરી આવ્યું છે. તેઓ સમજે છે કે, ચિનુ મોદી કહેતા ગયા છે કે,

જીવવું હોય તો બધું કરવું,
મોત ન આવે તો શું મરવું?

કવિ શ્રી વિનોદ જોશીના કાવ્યવલયમાં સમાઈ જાય એવી પંક્તિઓ માણીએ :

કાળમીંઢ અંધારે સોનાનાં ટાંકણાંથી,
સુંદરીઓ કોતરો તો સુંદરીઓ મલકે?
કાળઝાળ વગડામાં કાગળનાં ફૂલોની,
ખેતીથી વાયરામાં ફોરમ કંઈ છલકે?

જોકે, બંને કવિની કવિદૃષ્ટિ નોખી છે. પણ, શબ્દ અને લયના તાલમેલમાં સંમિશ્રણ થયું છે, આ કવિ 'ભરચક એકલતા'નો અનુભવ કેવી મજાની રીતે પ્રગટાવે છે! જુઓ :

સાંજ ઢળે ત્યાં પોઠ ભરીને એકલતાની,
પ્રગટે સો સાંઢણિયું રે સાંઢણિયું. (પૃ.૫૩)

અહીં આપણને 'લાખા વણજારા'ની પોઠની યાદ તો આવે જ આવે. એકલતાની પોઠ ભરીને પ્રગટતી સાંઢણિયું અને કમળનો શણગાર સજીને મનમાં મ્હાલતી કાળીમશ કુંજડિયું કે 'ઝળી ગયેલાં ચીંદરડાંમાં, તગતગ તબકતી સપનાંની પાંસળિયું' માટે તો કોક સારા ચિત્રકારને ચિત્ર દોરવા આપવું જોઈએ. આ આખું ગીત મને 'ચિત્રાત્મકતાને વરેલું ગીત' લાગ્યું છે.

'ધાર કાઢેલાં અજવાળાં'નું કલ્પન વાપરીને આ કવિ સમાજલક્ષી અભિગમ અને સર્જક સાથેનો સમાજનો વ્યવહાર નીચેની પંક્તિઓ દ્વારા કંડારે છે :

સરવર પાળે મોતી ચણતા હંસ-કાગડા ભેળા,
નાજુક પળમાં કેરીને પણ લોકો કહેતા કેળાં. (પૃ. ૬૧)

'નદીકિનારે' જેવું ગીત પ્રાકૃતિક ચિત્રણમાં ચિત્રિત થયું છે. આ મનમોજી કવિ કથે છે :

મોજ પડે તો ગાવું
મન મારીને મનમાં શાને નાહકનું મૂંઝાવું.
....
વૃક્ષ વિકસતું મનગમતા આકારે,
એમ વિકસવું પોતાના આધારે.
પડી ગયેલા ચીલે ચાલી શીદને બીબું થાવું?
મોજ પડે તો ગાવું. (પૃ.૭૧)

– બીબાંઢાળ પ્રવૃત્તિ અને પ્રકૃતિમાં નહિ માનનાર આ કવિનો નૂતન ચીલો ચાતરવાનો અભિગમ છે. હાલ પૂરતો હું આ નિર્ણય સમય અને ભાવકો પર છોડું છું.

આ સંગ્રહમાં બે નાદકાવ્યો છે. આના માટે આ પ્રકારનાં નાદકાવ્યો લખનાર કવિઓને યાદ કરવા પડે. જેમાં શિલ્પિન થાનકી, પથિક પરમાર, વિનોદ જોશી, જયદેવ શુક્લ વગેરે કવિઓ અને એમની કૃતિઓને યાદ કરવી રહી. આ કવિએ 'ધબાક્ ધોબી' અને 'તમ્મરિયા ડાળ' એમ બે નાદકાવ્યો અહીં આપ્યાં છે. આ પ્રકારનાં કાવ્યોમાં અર્થ ઘસાઈ જાય છે અને માત્ર શબ્દરમણા જ બચતી હોય છે. આ પ્રકારનાં કાવ્યોમાં કવિ રવાનુકારી અને સ્વનિર્મિત એવા શબ્દો ખપમાં લેતા હોય છે. બંનેમાંથી મને 'તમ્મરિયા ડાળ' વિશેષ પસંદ પડ્યું છે.

મંજમરી ગોંદરડી તુમ્મ હોત હોત મતા બિંજંત્તી પૂર...
હોંજ હોંશ નેણમજી કૂંજ તીલ
ચિંદરડી ખંતોલી સાવ
પાઝી દા કાણ મથા રામતંગ
કાલ મતા ઉંજેડી હાવ
સુંદર ત્રે ચાણ વળી તીન પામ કોંતરણી આંબલિયા સૂર...

માં એક વિશિષ્ટ નાદનું ઉત્થાન કવિ કરી શક્યા છે. પથિક પરમારનું 'સોમચા ગીત' કે વિનોદ જોશીનું 'એકસ્ટસી' કે 'ટાઈપિસ્ટ ગર્લ' જેવું સૉનેટ અને શિલ્પિન થાનકીનાં નાદ કાવ્યો અને જયદેવ શુક્લનાં 'તાલ-કાવ્યો' વચ્ચે આ ગીત અદબભેર ઊભું રહી શકે તેવું છે. આ બંને નાદકાવ્યોમાં એક પણ પ્રત્યય વિયોજિત થયેલ નથી અને એક અનેરું ભાવવિશ્વ ઊભું થાય છે.

કવિશ્રી સંજુ વાળાએ 'જો' ગીતનો આસ્વાદ 'ફૂલછાબ' દૈનિકની 'ભાવપરિક્રમા' કૉલમમાં કરાવેલ છે જે આસ્વાદ્ય છે. તેઓ નોંધે છે કે, 'મનોકામનાઓની ભીતર

આત્મવિશ્વાસનું એક કવચ રહેલું છે. જેને મનુષ્યે ભેદવાનું હોય છે, જે તેનું રક્ષાકવચ બની રહે.’

કેશુભાઈ દેસાઈ ‘વીજળી ઉપરવાસ’ ગીતનો કાવ્યાસ્વાદ કરાવતાં લખે છે કે, ‘ચૈતન્યની અલૌકિક અનુભૂતિનો રમણીય અણસાર’ (શબ્દસૃષ્ટિ માર્ચ-૨૦૨૬ પૃ.૫૨થી ૫૫)

ગુજરાતીના અભિજાત સાહિત્યમાં યુગલગીતો હોતાં નથી! અને જો મળે તો જવલ્લે જ મળી આવે છે. આવી એક ટકોરને ઝીલીને રાતનો ઉજાગરો કરીને આ કવિ એક યુગલગીત આપે છે. જેને આધારે આ ગીતસંગ્રહને શીર્ષક અપાયું છે.

તમે નથી ઝાકળનાં ટીપાં
તમે અમારા દરિયા
સજની! અમે ભીતરમાં ભરિયા...
કમળફૂલની સૌરભ જેવાં
અજવાળાં પાથરિયાં
રસિયા! ભીતર તમે ઊતરિયાં...

– ગીત ગણગણતાંની સાથે જ કમ્પોઝ કરી શકાય એવું છે, અને આ ગીત ‘યુગલગીતો’માં અનેરું સ્થાન પામે એવું છે. અલબત્ત, આ સંગ્રહનાં અન્ય ગીતો પણ ગેયતાનાં તત્ત્વ સાથે જોડાયેલાં છે.

કેટલીક મર્યાદાઓ વિશે જોઈએ તો, આ કવિનાં ગીતોમાં અંધારાં-અજવાળાંની વારંવારની પુનરાવૃત્તિ એમનાં ગીતોને સ્વાનુકરણ તરફ લઈ જશે, એવો ભય સંભવે છે. કવિએ આમાંથી બહાર આવવું જોઈએ. જો આપણે નવો ચીલો ચાતરવો હોય તો કોઈના પણ અનુસરણમાં ન આવવું જોઈએ. એવું બની શકે કે, કદાચ આપણે આપણું ગીત પહેલું લખ્યું હોય અને પ્રકાશિત થવામાં મોડું થયું હોય ત્યારે અગાઉ ઊભા થયેલ એક સ્થિત્યંતરની આભા તળે આપણું સર્જકત્વ દબાઈ જતું હોય છે. ભાષાની બાબતમાં કવિએ ઘણા તળભાષી કાઠિયાવાડી શબ્દોનો ઉપયોગ કર્યો છે. જેમ કે, ‘સાંઠીકડાં’, આજના ગુજરાતી છોકરાને આ સાંઠીકડાંનીય ક્યાં ખબર છે? ધીમે ધીમે આ બધા શબ્દો વિલીનીકરણને આરે આવીને ઊભા છે, ત્યારે સહજ અભિવ્યક્તિની સાથોસાથ પ્રતિબદ્ધતા પણ એટલી જ આવશ્યક બની જાય છે.

આવી થોડીક મર્યાદાઓ છતાં, અંગત રીતે તો આ સંગ્રહ મને ખૂબ જ ગમ્યો છે. આ તો ખોબોક અજવાળું લઈને ઝાકળનું મલોખું ઝીલવા નીકળેલ કવિ છે.

‘ઠાલાં કમાડ જેમ ઊઘડીયે જાય, જરા ભીંતોને હડસેલી જો.’

■

સંવેદનશીલ પાત્રોની ઊઘડતી કથાઓ

જગદીશ કંથારીઆ

'ઊઘડતી દિશા'[૧] (૨૦૨૪) સંજય ચૌધરીનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. સંજય ચૌધરી જે સમયગાળામાં ગુજરાતી વાર્તાસર્જન ક્ષેત્રે સક્રિય છે, એ એકવીસમી સદીના પહેલા અઢી દાયકામાં અનેક નવા વાર્તાકારો નિજી શૈલીએ વાર્તાસર્જન કરી રહ્યા છે. આ સમયગાળામાં ગુજરાતી ટૂંકી વાર્તામાં અનેકવિધ વિષયો, તકનીકી પ્રયોગો અને ભાષાના નવા આયામ પણ જોવા મળી રહ્યા છે. વૈશ્વિકીકરણ, સોશિયલ નેટવર્કિંગ-સાયબર યુગની અસરો અને બદલાતા માનવસંબંધો વાર્તાના વિષય બન્યા છે. આ સમયમાં સંજય ચૌધરી પોતાના પહેલા વાર્તાસંગ્રહમાં માનવજીવનની નરી વાસ્તવિકતાને રજૂ કરતી પરંપરાગત વાર્તાઓ લઈને આવે છે. ગ્રામીણ અને શહેરી પરિવેશની એમની વાર્તાઓમાં સંવેદનશીલ માનવીની ઊઘડતી દિશાઓ છે. પોતાના સમયની ઝાકમઝોળથી દૂર રહેલો આ સર્જક તળની વાત લઈને આવે છે. ઉત્તર ગુજરાતનું પરંપરાગત ગ્રામજીવન અને બોલી લઈને આવે છે. એમણે બહુ સહજભાવે આ વાર્તાઓ વણી લીધી છે. એમની વાર્તાઓમાં કશુંક નવું નથી લાગતું. પરંતુ દરેક વાર્તામાંથી સંવેદનશીલ પાત્ર ઊઘડે છે. અનેક ક્ષેત્રોનાં પાત્રો અહીં છે. એમની સાથે નિજી ભાવાનુભૂતિ છે. એમનો Focal point પાત્રોનું સંવેદનવિશ્વ છે. જેની પ્રતીતિ સંગ્રહની 'ઊઘડતી દિશા', 'વૅલ્યૂ', 'નાળું', 'ટ્રાન્સફર', 'એક હાથે કાંય તાળી પડે?' જેવી વાર્તાઓમાં થાય છે.

સંગ્રહના નામધારી પહેલી વાર્તા 'ઊઘડતી દિશા' વાર્તાનો ઉઘાડ ભરબપોરે આકરા તાપમાં પગમાં ચંપલવિહોણાં બાળકોની 'સાક લેવું સે બહેન સાક...'ની બૂમથી થાય છે. બપોરના સમયની ઊંઘમાં ખલેલ પહોંચાડનારી આ બૂમ કથાનાયકને આકરી લાગે છે. ગુસ્સે થયેલ પ્રેમલને આ બાળકોને બબ્બે વળગાડી દેવાની ઇચ્છાયે થાય છે. વાર્તા આરંભનો આ પ્રેમલ વાર્તાને અંતે આ બાળકોની રાહ જોતો, એમને શોધતો જોવા મળે છે. 'ભલે ને સાંજ પડે આજે. ગાડીને બસસ્ટૅન્ડની સામે પાર્ક કરી, વસાહત તરફ નજર નોંધીને તે બેઠો, કદાચ ને લખો કે જસી આવતાં દેખાય!' (ઊઘડતી દિશા, પૃ.૦૭) કથાનાયકમાં આવેલ આ બદલાવ એમની વંચિત, ઉપેક્ષિતો પ્રત્યેની સ્નેહ, હૂંફ માટેની ઊઘડતી દિશા છે. જ્યાં ચામડાં દઝાડી મૂકતા તડકામાં સહેજ છાંયડાની હૂંફ શોધતાં બાળકને 'ચલ ઊઠ એલા, જ્યાં ને ત્યાં બેસી જાવ છો તે' (ઊઘડતી દિશા, પૃ.૦૪) કહી ભગાડતાં કે ઉપેક્ષિતો સાથે સંવાદ કરનાર પ્રેમલને 'આય સાવ નવરો થઈ ગયો લાગે

૧. ઊઘડતી દિશા, સંજય ચૌધરી, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ : ૨૦૨૪

છે' (ઊઘડતી દિશા, પૃ.૦૫) કહેનારા સામેના ઘરવાળાં હંસાબહેન જેવા લોકોએ છે. એ બધી વાતો વચ્ચે કથાનાયક પ્રેમલના ઊઘડતા સંવેદનવિશ્વને લેખકે ખૂબીથી આલેખ્યું છે.

કથાનાયકનો બાળકો પ્રત્યેનો આ બદલાવ કંઈ એમનેમ નથી આવ્યો. ભૂતકાળમાં ગામડાંના હોવાને કારણે પોતે પણ ઉપેક્ષિત થયા હોવાનો અનુભવ એના સ્મૃતિપટ પર તરી આવે છે. બીમાર મા, પિતાનું કાકી સાથેના સંબંધમાં આર્થિક રીતે ખુવાર થઈ જવું, બળબળતો તાપ, ઉઘાડા પગ, ઢીલી ચડ્ડી, ખખડી ગયેલી લારી, રમવા-ભણવાની ઉંમરે આ ત્રણેયનું લારી લઈ શાકભાજી વેચવું - આ બાળકોની નિયતિ બની ગયું છે. પરંતુ વાર્તા તો આગળ વધતાં જસી, લખો અને જગોથી ખસીને કથાનાયક તરફ કેન્દ્રિત થાય છે. બાળકો પ્રત્યેનું પ્રેમલનું ખેંચાણ એટલું બધું વધી જાય છે કે શાક આપી 'આવજો' કહેતાં 'ત્રણેયની પાછળ પાછળ જવું કે ઘરની અંદર, તે નક્કી ન થઈ શકતાં પ્રેમલ એમ ઊભો' રહે છે. કંપની સેક્રેટરી તરીકે કાર્યરત હોવાથી ઓછાબોલા બનેલા પ્રેમલને પોતાને આ બદલાવ આશ્ચર્યમાં મૂકે છે. જોકે આ બાળકોને ચૂપચાપ મદદ કરતી પત્નીની જેમ પ્રેમલનું સંવેદનવિશ્વ બોલકું બન્યા વગર પ્રગટ થતું રહ્યું છે. અહીં લેખક નાયકની ઉપેક્ષિત બાળકો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરીને અટકી નથી જતા, મૂળ વાતની જોડાજોડ તેમણે સાંપ્રત વિષયોને પણ આવરી લીધા છે. જસી-લખાને શોધતો પ્રેમલ ટાવર પાસે પહોંચી પણ જાય છે. પરંતુ આ બાળકો જ્યાં રહેતાં હતાં તે દેવજીનગર પાસેના ટાવર સામેનો રસ્તો પહોળો થતાં ત્યાંનાં ઝૂંપડાં તોડીને સરકારે શહેરથી પંદર કિ.મી. દૂર વસાહત ઊભી કરી હતી. પ્રેમલને ત્યાંના એક પાનવાળા પાસેથી આ વિગત મળે છે, ત્યારે એને ટ્રાફિક સિગ્નલ પર મળેલા લખા સાથે સંવાદ ન કરી શક્યાના અહેસાસમાંથી બહાર નથી આવતો. એ ગાડીને બસસ્ટૅન્ડ સામે પાર્ક કરીને લખો કે જસી આવતાં દેખાશેના ભાવ સાથે પ્રતીક્ષા કરતો રહે છે. લખો કે જસી આવશે કે નહીં એ ગૌણ બાબત છે, પરંતુ લેખકે ખૂબીથી નિરૂપેલ કથાનાયકનું સંવેદનવિશ્વ ભાવકને સ્પર્શી જનારું છે.

સંજય ચૌધરીની વાર્તાકાર તરીકેની વિશેષતાઓ છે કે મુખ્ય કથાસામગ્રીની સાથે અન્ય વાત જોડીને વાર્તા આગળ વધારી છે. બંને વસ્તુવિધાનનું આલેખન જ એ રીતનું છે કે તે એકબીજા માટે પૂરક બની રહે છે. અહીં ઘણી વાર્તાઓને અસરકારક બનાવવામાં ગૌણ વસ્તુવિધાન મહત્ત્વનું બની રહે છે. 'ટ્રાન્સફર' વાર્તામાં સુરેશ અને નીલાના દામ્પત્યજીવનની સમાંતરે કૉર્પોરેટ સેક્ટરના વ્યવસાયના રાજકારણનું ચિત્રણ કરવામાં લેખક સફળ રહ્યા છે. વાર્તાનો આરંભ પતિ-પત્ની સુરેશ અને નીલાના સંવાદોથી થાય છે. આ સંવાદો બંનેના મધુર દામ્પત્યજીવનની પ્રતીતિ કરાવે છે. ત્રણ પાનાં સુધી વિસ્તરેલા આ સંવાદોને કારણે વાર્તામાં પ્રસ્તાર જરૂર લાગે છે. હકીકતમાં વાર્તાનો અંત જોતાં કથાનાયકના અંતિમ નિર્ણય માટે આ સંવાદો જ ઉપકારક નીવડ્યા છે. નિષ્ઠાથી કામ કરતા સુરેશની વિવિધ ઑફિસોમાં બદલી થતી રહે છે. તે સ્વીકારતો પણ રહે છે. પોતાની વર્તમાન ઑફિસના બદલાયેલા વાતાવરણથી તે બરાબર વાકેફ છે. ઘરમાંથી મળતી હૂંફ અને ઑફિસમાં યેનકેન પ્રકારે થતી ઉપેક્ષા વધુ એક વખત બદલી કરાવે, તે પહેલાં સંવેદનશીલ સુરેશ પોતાની જાતને બદલી નાખે છે. એટલે જ ઑફિસના વડા અખિલેશ તેને ટ્રાન્સફર લેવાનું કહે છે, ત્યારે રાજીનામું ધરી દે છે.

વાર્તાકથકના માધ્યમથી નિરૂપાયેલી 'વૅલ્યૂ' શંભુના સંવેદનશીલ વ્યક્તિત્વને કેન્દ્રમાં રાખતી વાર્તા છે. લેખકે ભારતીય ગ્રામજીવન સાથે અનુબંધ ધરાવતા સહકાર ક્ષેત્રની દૂધ સહકારી મંડળીની ગતિવિધિઓ અને મંડળીઓ દ્વારા થતા નાના કર્મચારીઓના શોષણની પાશ્ચાદ્ભૂમાં વાર્તા વિસ્તારી છે. દૂધ સહકારી મંડળીના ક્ષેત્રમાં અદ્યતન સુવિધાઓ આવી. જે કામ કરતાં કલાકો નીકળી જતા હતા એ ક્રમ અમુક મિનિટ જ પૂરું થવા લાગ્યું. મંડળીનો નફો પણ વધ્યો, એનો લાભ કર્મચારીઓને નહીં પરંતુ સભ્યોને મળે છે. અહીં સહકારી ક્ષેત્રમાં પણ કર્મચારીઓનું શોષણ થતું હોવાનું ચિત્ર લેખક ઉપસાવી શક્યા છે.

દૂધ મંડળીમાં ફેટ ટેસ્ટિંગનું કામ કરતો સાત ધોરણ સુધી જ ભણેલો શંભુ સારો કમ્પ્યૂટર ઑપરેટર બની જાય છે. કમ્પ્યૂટરથી દૂધ ભરવાનું કામ સરળ બનતાં તે બોલી ઊઠે છે – 'મારું હાળું એક કલાકેય નહિ થયો અનં બધું કોંમ પૂરું?' (ઊઘડતી દિશા, પૃ.૭૯) ઉત્સાહભેર ફટાફટ કામ કરતા શંભુને મંડળીના મંત્રી વધુ ને વધુ કામ સોંપતા રહે છે. શંભુ પણ કામ કરતો જ રહે છે. કમ્પ્યૂટર આવ્યા પછી મંડળીની આવકમાં વધારો થતાં અન્ય કર્મચારીઓ સાથે શંભુ પણ પગારવધારો માંગે છે, ત્યારે મંડળીના પ્રમુખ એને તમાચો મારી દે છે. આ ઘટના શંભુના સંવેદનશીલ વ્યક્તિત્વને ઠેસ પહોંચાડે છે. એનો ગામમાંથી રસ ઊડી જાય છે ને ખેતરે રહેવા લાગે છે. એને થાય છે – 'અમારી કોઈ વૅલ્યૂ જ નહિ?'(ઊઘડતી દિશા, પૃ.૮૧) એનું મન ઘવાતાં ડેરી તરફનો રસ્તો જ ભૂલી જાય છે. ડેરીએ લઈ જવા ઇચ્છતા વાર્તાકથક ચેતનને બહુ સ્પષ્ટ શબ્દોમાં તે કહી દે છે– 'ભઈ, એ તો હવે આ ભવમાં ના બનં' (ઊઘડતી દિશા, પૃ.૮૧) શંભુના ચિત્તમાં પોતાની વૅલ્યૂ ઊભી કરવાની તીવ્ર ઝંખના એને ગેરકાયદેસર વિદેશ જવાની દિશા તરફ વાળે છે. પોતાની મા, સગર્ભા પત્નીને મૂકીને પણ એ એજન્ટ મારફત અમેરિકા જવા નીકળી તો પડે છે, પરંતુ મેક્સિકો પહોંચ્યા પછી એની કોઈ ભાળ નથી મળતી. તે મેક્સિકોથી અમેરિકા પહોંચ્યો કે નહીં?, બોર્ડર પર પકડાઈને જેલભેગો થયો કે ગોળીબારમાં માર્યો ગયો? લેખકે કોઈ ફોડ પાડ્યો નથી. એજન્ટ, વાર્તાકથક, શંભુની માની જેમ ભાવક ચિત્તમાં પણ વાર્તાને અંતે ગડમથલ થતી રહે છે કે શંભુનું શું થયું હશે?

'નાળું' સંજય ચૌધરીની ઉત્તમ વાર્તા છે. વાર્તાની રચનારીતિ 'વૅલ્યૂ' જેવી જ છે. લોકોની સુવિધાઓ માટે નવા નવા રસ્તાઓ તો નીકળે છે, પરંતુ એમાં આયોજનનો અભાવ કેટલાક પરિવારની જિંદગી દોજખ કરી નાંખે છે. એ સ્થિતિમાં સર્વત્રથી શ્રદ્ધા વિશ્વાસ ગુમાવી ચૂકેલો સંવેદનશીલ માનવી આખરે તૂટી જાય છે. આ તૂટી જવું એને જિંદગીનું અંતિમ પગલું ભરવા મજબૂર કરી દે છે. આ કરુણાંતિકાનું ચિત્રણ લેખકે કલાત્મક રીતે કર્યું છે. ગ્રામીણ વિકાસ અને એને કારણે ઘેમરના પરિવારે ભોગવવી પડેલી યાતના 'નાળું' વાર્તાના કેન્દ્રમાં છે. વાર્તાનો આરંભ ગામનો ભાણેજ અને બિયારણ કંપનીનો વેચાણ અધિકારી વાર્તાકથક પ્રતાપપુરા ગામની સીમમાં પ્રવેશે છે અને એમની ગાડી નાળાં પાસે ફસાઈ પડે ત્યાંથી થાય છે. અહીં વાર્તાકથકને યાદ આવે છે કે આ નાળું થોડા વર્ષ પહેલાં ઘેમરના પરિવારને ભરખી ગયું હતું. વાર્તાકથક ભૂતકાળમાં લઈ જાય છે. જ્યાં સરકારે ગામના વિકાસ માટે, બે ગામના રસ્તાને નાળું નાખી જોડવા ઘેમરની જમીન સંપાદિત કરી છે. જોકે જમીન સંપાદિત જ એ રીતે કરે છે કે ઘેમરનું ખેતર બે ભાગમાં વહેંચાઈ ગયું અને આ પરિવાર કોઈ રીતે પોતાના બચી ગયેલા ખેતરમાં પાક લઈ શકે

એમ ન હતો. જ્યારે ખેતી પર પરિવાર નિર્ભર હોય ત્યારે સ્વાભાવિક આ નિર્ણય એક પરિવારના જીવનને મુશ્કેલ બનાવી દે. વળી, સંપાદિત જમીનના બદલામાં બીજી જમીન આપવા, અપાવવાની વાત તો થતી નથી. ત્યારે ઘેમર પોતાની જમીનમાં નાળું નાખવાનો વિરોધ કરે છે. લોકોને ઘેમર ગામના વિકાસની વિરુદ્ધ જતો હોય એવું લાગતાં એના પર શારીરિક હુમલો થાય છે. આ ઘટનાથી ઘેમરનો દીકરો દિગ્મૂઢ બની જાય છે.

એક તરફ ગામલોકો સંવેદનહીન બને છે, બીજી તરફ કોર્ટ મદદે નથી આવતી. આ પરિસ્થિતિમાં મંદિરમાં વારેતહેવારે ભજન ગાનારો ભજનિક જગો-જગદીશ સર્વત્રથી આસ્થા ગુમાવી દે છે. વાર્તાકથક એના ભજન સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરે છે, ત્યારે પીડા સાથે કહી દે છે- “બઉ ઓચ્છવ કર્યા. મંદિર કે બાયંણ, કોઈ હમજતું હોય ઈંમ લાગતું નહિ.” (ઊઘડતી દિશા, પૃ.૬૫) એ એટલી હદે હતાશ થઈ જાય છે કે લોકો સાથે નજર પણ મેળવી નથી શકતો. ગામથી દૂર ખેતરમાં રહેવા લાગે છે. ખેતર ગુમાવવાની પીડા એની સંવેદનાને આહત કરે છે અને આત્મહત્યા કરી લે છે.

કેટલાંક વર્ષ પછી પ્રતાપપુરા આવેલ વાર્તાકથક જુએ છે તો ઘેમરના પરિવારને તોડી નાખનારું નાળું તૂટી તો ગયું છે, પરંતુ એનું મરામત કરાવવાની કોઈ તસ્દી લેતું નથી. એ સરપંચને ફરિયાદ કરતાં કહી પણ દે છે- “સરકારી રસ્તા માટે આ ગામ જગાને ખઈ ગયું, પણ આટલું નાળું સરખું કરાવતાંય ના આવડ્યું” (ઊઘડતી દિશા, પૃ.૬૭) અંતની આ પીડા વાર્તાકથકની નથી બની રહેતી, ભાવકની પણ બની રહે છે. કરુણતા એ છે કે સરપંચ પણ જાડી ચામડીનો જ નીકળે છે, એને તો કોઈ ફર્ક પડતો નથી. ‘વૅલ્યૂ’ અને ‘નાળું’ વાર્તામાં લેખક કથનરીતિમાં કથકનો ઉપયોગ કર્યો છે. આમ તો આ એક પ્રયોગ તરીકે જોઈ શકાય. પરંતુ તે આયાસપૂર્વકનો લાગે છે.

ગ્રામજીવનને તેના યથાતથ અને તળપદા માહોલ સાથે વાર્તાઓમાં રજૂ કરવાની આગવી હથોટી સંજય ચૌધરી પાસે છે. તેમણે ઉત્તર ગુજરાતનાં ગામડાંઓની ભીતર ડોકિયું જ નથી કરાવ્યું, ત્યાંના પરિવેશ, લોકોની સંવેદના, વણસ્પર્શ્યા વિશ્વને તાદશ કર્યું છે. સીમ, નાળાં, નાળિયાં, નહેર, હોજ, નામધારી ખેતરો, આંબલીપીપળી, ગિલ્લી-દંડા, રીતિ-રિવાજો, માન્યતા-અંધશ્રદ્ધા, પારિવારિક સંબંધોની ગૂંચ, ખટપટો આ બધું જ વાર્તાઓમાં આલેખ્યું છે. ગ્રામજીવનનું નિરૂપણ કરતી ‘ખેંચાણ’, ‘તેજલિસોટો’ અને ‘ત્રીજો ભવ’ ધ્યાનાર્હ વાર્તાઓ છે.

લેખકની ‘ખેંચાણ’ વાર્તાનું વસ્તુવિધાન અન્ય પરંપરાગત વાર્તાઓ કરતાં સાવ નોખું છે. વાર્તામાં કથાનાયક માસ્તર જયરામનું વિષ્ણુની પત્ની તરફનું ખેંચાણ છે. આ ખેંચાણ વાર્તાને અંતે તેના જીવને જોખમમાં તો મૂકી દે છે, સાથે અપમૃત્યુ પામ્યો હોવાનું કહેવાતો વિષ્ણુ જીવિત હોવાની હકીકત બહાર લાવે છે. વાર્તા આરંભે ખેતર તરફના નાળિયામાંથી પસાર થતો કથાનાયક જયરામ આગળ ચાલતી વિષ્ણુની પત્ની લીલા પાછળ ખેંચાઈ છે. ખેતર પહોંચતાં બાળપણના મિત્ર સોમા સાથેની વાતચીતમાં લીલા અને વિષ્ણુની વાત નીકળે છે. મૃત્યુ પામેલો વિષ્ણુ પૈસાની બાબતમાં ચોખ્ખો ન હતો અને અનેક કાવાદાવા કર્યા હોવાની વાત પણ સોમો કરે છે. વાત વાતમાં તે વિષ્ણુની લાશ વિશે બોલી દે છે. સોમાએ એ લાશ વિષ્ણુની ન હોવાનું કહેવા છતાં એની વાતને અવગણીને બાળી મૂકવામાં આવી હતી. જયરામ સાથેના સંવાદમાં સોમો વિષ્ણુ જીવિત હોવાનો ઇશારો કરે

છે. ને જયરામને લીલાના ઘર તરફ ભટકવાનું બંધ કરી દેવાનું કહેવા પાછળ પણ તે કોઈ અંદેશો વ્યક્ત કરે છે. તેમ છતાંય લીલા પ્રત્યેનું ખેંચાણ જયરામને એ તરફ જ લઈ જાય છે. લીલાના ઘરમાં પુરુષોના અવાજો સાંભળી તે બારી પાસે પથ્થર મૂકી ઘરમાં ડોકિયું કરે છે. જુએ છે તો લીલા સાથે ઊંચા અવાજે વાત કરી રહેલો પુરુષ દાઢી વધારેલ વિષ્ણુ છે. ત્યાં બીજો એક પરિચિત અવાજવાળો ઓળો પ્રવેશે છે. આ જોતાં જ સ્તબ્ધ થઈ ગયેલા જયરામનો પગ લપસતાં પથ્થર ખસવાનો અવાજ આવે છે અને અવાજ સાંભળી "ચિયો સ 'લ્યા?" કહેતાં લીલાની સાથે ઘરમાંથી ધારિયા સાથે બે પુરુષો ભાગતા જયરામ પાછળ દોડે છે. દોડતો જયરામ ગડથોલિયું ખાઈ જાય છે. જમીન પર ફસડાઈ પડે છે. વાર્તા અહીં પૂરી જરૂર થાય છે, પરંતુ વાચકના મનમાં ચાલતી રહે છે. જયરામનું શું થયું? વિષ્ણુએ આવું કેમ કર્યું હશે? એ પરિચિત અવાજ કોનો હતો? વાર્તાનો અંત આવા સવાલો વાચક ચિત્ત પર છોડી જાય છે. જોકે કથાનાયક સાથેના સોમાના સંવાદમાં લેખક થોડા મુખર જરૂર બન્યા છે. વીસમી સદીના સાતમા દાયકામાં સરોજિની મહેતાની 'દુઃખ કે સુખ' વાર્તામાં કે એકવીસમી સદીના ત્રીજા દાયકાના આરંભે લખતા ધર્મેશ ગાંધીની 'અજ્ઞાતવાસ' વાર્તામાં પૈસા માટે પોતાને મૃત જાહેર કરી અજ્ઞાતવાસ ભોગવનાર પુરુષની વાત છે. અહીં 'ખેંચાણ' વાર્તામાં વિષ્ણુના આ કૃત્ય અંગે લેખકે કોઈ ફોડ પાડ્યો નથી.

ગ્રામ પરિવેશને નિરૂપતી 'તેજલિસોટો' વાર્તામાં કરુણાંત છે. વાર્તાના કેન્દ્રમાં ગ્રામજીવન માણતા કિશોરો છે. વૅકેશનમાં કથાનાયક સુનીલ અમદાવાદથી ગામ આવી પિતરાઈ કનુ અને તેના મિત્ર બાબુ સાથે આંબલીપીપળી, ગિલ્લી-દંડાની રમતો, ખેતરોમાં રખડવું, હોજમાં નહાવું, રાયણો પાડવી જેવી ગ્રામજીવનની મજા લે છે. સુનીલ અને બાબુ વચ્ચે શરૂઆતમાં બાળસહજ ઝઘડા થાય છે. પરંતુ પાછળથી બંને વચ્ચે આત્મીય સંબંધ બંધાય છે. તે ત્યાં સુધી કે બાબુ એને પોતાના ગિલ્લી-દંડા ભેટમાં આપી દોસ્તીનો હાથ લંબાવે છે. અહીં લેખકે વૅકેશનની મજા લેતાં કિશોરોની દુનિયાને બખૂબીથી રજૂ કરી છે. બીજી તરફ લેખકે ગામડાના કુરિવાજ અને અંધશ્રદ્ધા તરફ પણ ધ્યાન દોર્યું છે. બાબુ અને તેના ભાઈ-બહેનના ગામડાની સાટાપ્રથા જેવા કુરિવાજને કારણે લગ્ન તૂટે છે. તો અંધશ્રદ્ધાને કારણે બાબુનો જીવ પણ જાય છે. શિક્ષિત પરિવારમાંથી આવતા કનુને સાપ કરડે અને એને દવાખાને લઈ જતાં બચી જાય છે. જ્યારે અંધશ્રદ્ધામાં રચ્યોપચ્યો રહેતો પરિવાર પોતાના સંતાન બાબુને ભૂવા પાસે લઈ જતાં એનો જીવ ગુમાવવાનો વારો આવે છે. ત્યારે બાબુની માને આશ્વાસન આપતાં એના બાપાના શબ્દો ઠાલા લાગે છે. અહીં કુન્દનિકા કાપડિયાની 'કાગળની હોડી' વાર્તા યાદ આવે. 'કાગળની હોડી'માં જીવલાને સાપ કરડતાં તનિયાની પીડાને જે રીતે લેખિકાએ આલેખી છે, એ પ્રકારનું નિરૂપણ ભલે અહીં નથી. પરંતુ કથાનાયક સુનીલનું ડાઘુઓની પાછળ ધૂપની દોણીની જેમ હાથમાં પેલા બાબુએ આપેલા ગિલ્લી-દંડા લઈને ચાલવું, બાબુ પ્રત્યેની એની સંવેદનાને અશબ્દ દર્શાવી છે. જેને કારણે વાર્તા વધુ હૃદયસ્પર્શી બની છે. સંજય ચૌધરીની 'તેજલિસોટો' વાર્તા 'શબ્દસૃષ્ટિ'ના જાન્યુઆરી : ૨૦૧૬ના અંકમાં પ્રથમ પ્રગટ થઈ હતી. અહીં આપણે જોઈ શકીએ છીએ કે એકવીસમી સદીના દોઢ દાયકા પછી પણ આપણાં ગામડાંઓ માન્યતાઓ, અંધશ્રદ્ધાઓમાંથી બહાર નથી આવ્યાં.

લગ્નેતર સંબંધવિષયક 'ત્રીજો ભવ' સરસ વાર્તા છે. લગ્નેતર સંબંધની પરંપરાગત વાર્તાઓની જેમ અહીં ત્રીજા પાત્રના પ્રવેશની વાત નથી. અહીં પરણ્યા પછી જીવનસાથી, સંતાનો, પરિવારને છોડીને દૂર અજાણ્યા ગામમાં પતિ-પત્ની તરીકે રહેતાં પ્રેમીઓની વાત છે. પરિણીત હોવા છતાં બળદેવ પોતાના ખેતરમાં કામ કરતી ભીખીથી આકર્ષાય છે. આ આકર્ષણ શરીરસંબંધ સુધી પહોંચે છે. બળદેવના પિતા આ સંબંધને પામી જતાં ભીખીના ભાઈને બોલાવી એનું આણું ગોઠવી દે છે. આ તરફ બળદેવ પત્ની મણિ સાથેના સંસારમાં બે સંતાનનો પિતા બની ગયો છે. ભીખીને પણ એક દીકરી છે. પરંતુ દીકરી નીતાનો ચહેરો 'પોતાના જેવો નથી' કહેતો મગન ભીખીથી દૂરનો દૂર ખેતરમાં જ પડ્યો રહે છે. પતિના વહેમ અને ઉપેક્ષાથી પીડિત ભીખી વારંવાર પિયર ઘેર આવતી રહે છે. ભીખીનું આ વારંવાર પિયર આવવું બળદેવને ચેનથી જીવવા નથી દેતું. એક દિવસ મંદિર પાસે ભીખીને રોકીને તે હકીકત જાણી લે છે. તે ભીખીને વધુ દુઃખી જોવા નથી ઇચ્છતો. ભીખી સાથે ભાગીને પોતાના ગામથી દોઢસો કિમી દૂર અજાણ્યા ગામમાં નામ બદલી દશરથ અને અંબા નામે પતિ-પત્ની તરીકે રહે છે. ત્યાંના દરબારની ખેતી કરે છે. બાજુના ગામનો આઠેક વર્ષનો અશોક એમની મદદે જોડાય છે. બંને એને સગા દીકરાની જેમ સાથે રાખે છે.

વીસેક વર્ષનો સમય વીતી જાય છે. બંને બધું જ ભૂલી સુખી જીવન જીવતાં હોય છે. ત્યાં જ બળદેવના મિત્ર વીરસંગનું આગમન બંનેના જીવનના ભૂતકાળને ઉઘાડી આપે છે. વાર્તાનો આરંભ જ વીરસંગના આવવાથી થાય છે. વીરસંગે દશરથને 'બળદેવ' કહીને બોલાવ્યો હતો. એ સાંભળી ગયેલો અશોક પણ "બળદેવભાઈ ઓ બળદેવભાઈ..." સંબોધે છે, ત્યારે દશરથ ચોંકી ઊઠે છે. વીસ વર્ષથી શાંતિથી અને એકધારા રહેલા દશરથના જીવનમાં વીરસંગનું અચાનક આગમન ઊથલપાથલ લાવી દે છે. વીરસંગનું આગમન જ ગામમાં દશરથ અને અંબા નામે રહેતાં દંપતીના જીવનની હકીકત બહાર લાવનારું રહે છે. વીરસંગ પાસે બંને એમના પરિવારોની વાતો સાંભળે છે. તે ભીખીને એની દીકરીના લગ્નની જાણ કરે છે. અને કહી પણ દે છે – "બોલો, તમીં હું મેળવ્યું" (ઊઘડતી દિશા, પૃ.૧૩) પોતાના આ કૃત્ય પર ક્યારેય પસ્તાવો અહીં અનુભવેલ બળદેવ (દશરથ) વીરસંગની વાતોથી સમસમી ગયો હતો. એની મનઃસ્થિતિને આલેખતું વિધાન છે – 'ઓલવાઈ જવા આવી રહેલા તાપણામાંથી ધુમાડાના ગોટેગોટા નીકળ્યા. તેણે સાંઠીઓ નાંખી અને એક જ ફૂંકે મોટો ભડકો કર્યો. તાપણાના વધતા જતા અજવાશમાં તે સરી પડ્યો ગઈ કાલમાં.....'(ઊઘડતી દિશા, પૃ.૧૧) તે રાતે એ અંબા(ભીખી)થી દૂર રહેવા ભૂંડને ભગાડવાને બહાને ખેતરમાં પડ્યો રહે છે. "ફાડ્યા, પૈણ્યા પેલાં ભીખી ગમતી'તી તો મણિને પૈણ્યા પસી હું લેવા હૂઈ ગ્યો'તો ઈની જોડે? હું લેવા તીં મણિની અને ભીખીએ મગનની જિંદગીની પતૈડી ખોંડીં નોંખી?" (ઊઘડતી દિશા, પૃ.૧૬) એને જાત પ્રત્યે ક્યારેય ન અનુભવી હોય એવી અકળામણ થાય છે. વર્ષો પછી તે પિતા રેવાભાને મળવા જવાનું વિચારે છે. એના આ વિચારને જાણી ગયેલી અંબા (ભીખી) તરત જ બોલી ઊઠે છે – "જુઓ, આપણે એક જલમમોં બે ભવ કર્યા. હવં ત્રીજો ભવ કરવાની તાકાત મારામોં તો નહિ જ." (ઊઘડતી દિશા, પૃ.૧૮) વીરસંગના આગમન પછી દશરથ (બળદેવ) ભલે અવઢવમાં મુકાયો હોય, પણ અંબા (ભીખી) તો સ્પષ્ટ છે.

જેના સુખ માટે, જેના પ્રેમ માટે સમાજની વિરુદ્ધ જઈને બીજો ભવ કર્યો હોય એનો વધુ એક ભવ બગાડવા દશરથ(બળદેવ) પણ ઇચ્છતો નથી. એ ટ્રૅક્ટર લઈને રેવાભાને મળવા નહીં, ખાતરવાડે પાણી વાળવા પુત્રસમા અશોકને મદદ કરવા ઊપડી પડે છે. ગ્રામ પરિવેશને અનુરૂપ પ્રસંગો, પાત્રો અને તેને ઉપકારક ઉત્તર ગુજરાતની બોલી આ વાર્તાનું જમા પાસું છે.

'ઓસરતી ઉષ્મા'ને લગ્નેતર સંબંધની વાર્તા કહેવા કરતાંય છેલ્લા કેટલાક સમયથી આપણે ત્યાં સામાજિક બદલાવ આવ્યો છે, એ બદલાવનું પ્રતિનિધિત્વ કરતી વાર્તા તરીકે જોવી વધારે ઉચિત છે. વાર્તાનું શીર્ષક જ ઘણું કહી જાય છે. વાર્તા પદ, પ્રતિષ્ઠા, પૈસા માટે જે તક મળી તે ઉતાવળે સ્વીકારી લેવાની ઇચ્છા ધરાવતી શ્વેતા અને સંશોધનમાં ગળાડૂબ રહેતા મંથનના ભગ્ન દામ્પત્યજીવનને કેન્દ્રમાં રાખી લખાય છે. બંનેનાં પ્રેમલગ્ન છે. મંથન સંશોધન માટે પરિવારની પરવા પણ નથી કરતો. શ્વેતાની જાણ બહાર જ સંશોધન માટે વિદેશ જવાની ફાઇલ તૈયાર કરે છે. અને વિદેશ જવાની મંજૂરી આવતાં જ તૈયારી કરવા લાગે છે. શ્વેતા એને પ્રશ્ન પણ કરે છે – “તું આ બધું ગોઠવતો હતો, ત્યારે તેં ક્યારેય મને કશું જ ના કહ્યું?” (ઊઘડતી દિશા, પૃ.૧૨૨) સંશોધન કાર્યમાં અને સંશોધન સંદર્ભે વિદેશ જવાની ફાઇલ મૂકવામાં વ્યસ્ત મંથન પણ ઘરે હંમેશ મોડો આવે છે. શ્વેતાને પૂરતો સમય પણ નથી આપતો. પતિથી ઉપેક્ષિત થયેલ શ્વેતા મિત્ર આકાશ તરફ ઢળી જાય છે. પતિના વિદેશ રોકાણ દરમિયાન એ આકાશની વધુ ને વધુ નિકટ રહે છે. જે પ્રેમ પતિ પાસે નથી મળતો એ પ્રેમ આકાશ તરફથી મળતાં એ પતિ અને દીકરીને છોડીને આકાશ સાથે રહેવા ચાલી જાય છે. જેની સાથે પ્રેમલગ્ન કર્યાં છે, એનાથી જ ઉપેક્ષિત થતાં એની સંવેદનાને આહત પહોંચે છે. એ છંછેડાય છે એટલે દીકરીને લઈને કાયમ માટે વિદેશ થતો મંથન શ્વેતાની પાસે માતાની મંજૂરીના દસ્તાવેજ પર સહી કરાવવા આવે છે, ત્યારે કહી દે છે – 'લીગલ એફિડેવિટ તો શું તારે બીજા જે પણ સર્ટિફિકેટની જરૂર હોય તે તમામ પર હું સહી કરી આપીશ.' (ઊઘડતી દિશા, પૃ.૧૨૬) અને તરત જ આકાશને ફોન કરે છે – “મંથન સાથે મારી વાત પૂરી થઈ. તું આવી જા, મને લેવા.” (ઊઘડતી દિશા, પૃ.૧૨૬) વાર્તાનું આ અંતિમ વિધાન બહુ સૂચક રીતે મુકાયું છે. સમાજને અઘરો લાગે તેવા આ નિર્ણય પર નાયિકાને કોઈ અફસોસ નથી. એ પોતાના નિર્ણય બાબતે બહુ સ્પષ્ટ છે.

સંગ્રહની 'ટ્રાન્સફર' વાર્તાની જેમ જ 'એક હાથે કાંય તાળી પડે?' વાર્તાની નિષ્ઠાપૂર્વક કામ કરતી નાયિકા માયાની ઑફિસમાં થતી ઉપેક્ષાની વાત છે. 'ટ્રાન્સફર' વાર્તામાં સુરેશ વધુ એક વખત ટ્રાન્સફરની વાત આવતાં નોકરીમાંથી રાજીનામું આપી દે છે. જ્યારે 'એક હાથે કાંય તાળી પડે?' વાર્તામાં ઑફિસમાં ઉપેક્ષિત થયા પછી પણ માયાની ઇચ્છા તો ટ્રાન્સફર લેવાની નથી, પરંતુ પ્રેમીની ઉપેક્ષાથી એનું ચિત્ત ઘવાતાં અંતે દિલ્હી ટ્રાન્સફર લેવા તૈયાર થઈ જાય છે. બંને વાર્તામાં કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓની ઑફિસમાં થતી ઉપેક્ષાની વાતની સાથે એકમાં મધુર દામ્પત્યજીવન અને બીજીમાં પ્રણયવૈફલ્યની વાતો જોડી છે. આ વાતો જ અંત માટે ઉપકારક નીવડી છે. 'એક હાથે કાંય તાળી પડે?' વાર્તામાં માયા અને વિકાસ એક જ કૉલેજનાં એક જ વર્ગનાં વિદ્યાર્થીઓ છે. માયા વિકાસ

કરતાંય પ્રતિભાશાળી છે. બંને વચ્ચે પ્રેમનો ક્યાંય એકરાર નથી, છતાં નિકટ રહે છે. માયાને વિકાસ પ્રત્યે વિશેષ લગાવ છે. પ્રતિભાશાળી હોવા છતાં તે કૉર્પોરેટ સેક્ટરની આંટીઘૂંટીમાં અટવાયેલી રહે છે. એક ઑફિસ બરાબર સેટ કરે છે, ત્યાં એની બદલી થઈ જાય. વર્તમાન ઑફિસની સ્થિતિ પણ એ જ છે. એને થતી ઉપેક્ષા અને ધીમે ધીમે ઓછી થઈ રહેલી વૅલ્યૂ દેખાય છે. કૉર્પોરેટ જગતના રાજકારણનો એ પણ ભોગ બને છે. એને દિલ્હી બદલી મળે છે. ઑફિસથી ઉપેક્ષિત થતી માયા વિકાસની હૂંફ ઇચ્છે છે. એની સાથે વાતો કરવા માંગે છે. બીજી તરફ વિકાસ હરહંમેશ પોતાની દુનિયામાં વ્યસ્ત રહે છે. કૅરિયર પ્રત્યે સભાન તે અમેરિકન કંપનીમાં નોકરી કરવા જવાની તૈયારીમાં છે. માયાને પણ પોતાનું વિદેશ જવાનું નક્કી થાય, ત્યારે જણાવે છે. વિદેશ જવાની તૈયારીમાં વ્યસ્ત એ માયાના ફોન રિસીવ પણ નથી કરતો. એ માયા આગળ લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂકવાની જગ્યાએ એની મમ્મીના કહ્યા પ્રમાણે લગ્ન કરવાની વાત કરે છે. ત્યારે બધી બાજુથી હતપ્રભ માયા એકાંત અને અંધારા ઓરડામાં રડી પડે છે. એનું સંવેદનશીલ ચિત્ત દિલ્હી ઑફિસમાં બદલી સ્વીકારવા તૈયાર થઈ જાય છે. ઑફિસની ઉપેક્ષા કરતાંયે વિકાસથી ઉપેક્ષિત થવું એને વધુ દુઃખી કરી જાય છે. અંતે તે મૅનેજરને મૅસેજ કરીને દિલ્હી ઑફિસ જવા માટે તૈયાર હોવાનું જણાવે છે. અહીં 'ઓસરતી ઉષ્મા' વાર્તા યાદ આવે. મંથન પણ વિદેશ જવાની તૈયારી કરતો હોય છે, પણ પત્ની શ્વેતાને જાણ સુધ્ધાં નથી કરતો. એકમાં પ્રેમીથી ઉપેક્ષિત થતાં દિલ્હી ઑફિસમાં ટ્રાન્સફર લઈ લે છે. બીજી વાર્તામાં પતિથી ઉપેક્ષિત થતાં શ્વેતા પતિ-દીકરીને છોડી મિત્ર આકાશ સાથે રહેવા ચાલી જાય છે.

'સરકતી ક્ષણો' વાર્તામાં પણ શિલ્પા અને જયેશના પ્રણય સંબંધના વિષયને લઈને વાર્તા નિરૂપાય છે. અહીં પણ બંને વચ્ચે પ્રેમનો ક્યાંય એકરાર નથી. પોતાના રિસોર્ટમાં વિદેશથી લગ્ન કરવા આવેલી શિલ્પાને પતિ સાથે સ્ટેજ પરથી ઊતરતાં જયેશ જોઈ લે છે અને શિલ્પા સાથેની યાદો તાજી થાય છે. વાર્તાનો ઉઘાડ અહીંથી થાય છે એને શિલ્પા આગળ પ્રણયનો એકરાર ન કરવાનો અફસોસ પણ છે. હકીકત એ છે કે એક ગેરસમજથી શિલ્પા જયેશથી દૂર થઈ ગઈ હતી. ને એ ગેરસમજ વિશે જયેશને જાણ સુધ્ધાં નથી. અહીં વસ્તુ અન્ય વાર્તાઓની જેમ જ પરંપરાગત છે. લેખકે બંને પાત્રોની સંવેદનાને બહુ સહજભાવે આલેખી છે. 'શોધ' વાર્તામાં કૉલેજ કરતી દીકરી શિવાનીની ઇચ્છાઓ, સ્વપ્નો પ્રત્યે માતા-પિતાની ઉદાસીનતા એને ઘર છોડવા મજબૂર કરે છે.

'ઊઘડતી દિશા' વાર્તાસંગ્રહમાં લેખકે નારીના મનોજગતને વિશિષ્ટ રીતે રજૂ કર્યું છે. માયા, શ્વેતા, ભીખી, શિવાની જેવી ઑફિસ, પ્રેમી, પતિ, માતા-પિતાથી ઉપેક્ષિત થયેલી નારીઓ કોઈ પણ પ્રકારના ધમપછાડા કર્યા વગર પોતાનો રસ્તો કરી લેતી દર્શાવવામાં લેખક સફળ રહ્યા છે.

સંગ્રહની આ પંદર વાર્તાઓમાં કંપનીના કર્મચારીઓ, કંપની સેક્રેટરી, ઉપરી અધિકારીઓ, ખેડૂત, બિયારણ વેચનાર, જમીન દલાલ, દૂધ મંડળીમાં કામ કરનારાઓ, કડિયાકામ કરનાર, રસોઈ બનાવનાર, પ્રોફેસર, શોધાર્થી, વિદ્યાર્થીઓ જેવા વિવિધ વ્યવસાય સાથે જોડાયેલ પાત્રો અને તેમની સંવેદનાઓ છે. 'વૅલ્યૂ', 'નાળું' અને 'ત્રીજો

ભવ' જેવી વાર્તાઓમાં તો હતાશ, નિરાશ થયેલ સંવેદનશીલ પાત્રોને ખેતરમાં એકલા રહેવા ચાલી જતાં લેખકે દર્શાવ્યાં છે.

આ વાર્તાઓમાંથી પસાર થતાં સાંપ્રતને સહેજભાવે આવરી લીધેલ જોઈ શકાય છે. 'ઊઘડતી દિશા' વાર્તામાં આપણા શહેરોમાં થઈ રહેલ Slum free કે Zero Slum Areaનું અમલીકરણ પણ છે, તો સડક યોજના, રસ્તાઓના વિકાસ 'નાળું' વાર્તાના કેન્દ્રમાં છે. 'ઓસરતી ઉષ્મા' વાર્તામાં સાંપ્રત સમાજમાં જોવા મળી રહેલ બદલાવ તરફ લેખક દૃષ્ટિ કરે છે. ક્યાંક એકાદ લીટીમાં તો ક્યાંક વાર્તાની મૂળ કથાના સંદર્ભમાં સાંપ્રત જીવનની વાસ્તવિકતા તરફ લેખકે ભાવકોનું ધ્યાન દોર્યું છે. થોડાં વિધાનો જ જુઓ - "ગૉમની નેહાળમાં તો મારા દિયોર માસ્તરો પગારના દા'ડે જ દેખાય સી.' ('ઊઘડતી દિશા', પૃ.૦૯)

"ને સાહેબ જો ખેતરો નહિ રે તો લોકો ખાશે હું? આ બધી ફૅક્ટરીઓ ખાવાનું પેદા કરશે?" ('સરકતી ક્ષણો', પૃ.૩૦)

"નફો તો સભ્યોને વહેંચવાનો હોય, તમોનં ના અલાય" ('વૅલ્યૂ', પૃ.૮૦)

'ઊઘડતી દિશા' વાર્તાસંગ્રહનું જમા પાસું ઉત્તર ગુજરાતના ગ્રામજીવનને યથાર્થ રૂપમાં રજૂ કરતી તળપદી બોલી છે.

"આ છોડીના બાપા કાયમ શેતરમોં જ રેય સે. રાતનાય ત્યોં ઓયડીમાં જ. જાણં કે એ પૈણ્યા જ નહિ અનં મું ઇમની કોય સું જ નઈ." ('ત્રીજો ભવ' પૃ.૧૫)

"આ આપણા આખા પટ્ટાની સેતી મું એકલો કરું સું. પોંચમા ભાગે વાવનારાય નહિ મળતા. ઓણ ટ્રૅક્ટર લાયા વના સૂટકો નહિ. લોન લઈએ તો ચાણં ભરી રઈએ?" ('અંતર', પૃ.૪૧)

"જો ભઈ, આપડે હાપનં કોંય ના કરીએ તો હું લેવા ઈ આપણનં કોંય કર? આ તો એટલું કે'વા ઓલે ક ગોગાબાપા હારુ કરજો." ('તેજલિસોટા', પૃ.૫૦)

"અલ્યા ડોબા, તનં કોય ભોંન સ? હું ખયે તું? ચ્યમ ગૉમનો એકય આગેવોન ઈંમ નહિ બોલતો ક આપડી જમીંના બદલામોં બીજે ચ્યોંક કટકોય આલશી?" ('નાળું', પૃ.૬૪)

"હાચું કઉં સું, જેરામ. બીજા કોઈને કે'તા નઈ. તનં માતાજીના હમ. એ લાશ વિષ્ણુની તો નો'તી જ." ('ખેંચાણ', પૃ.૯૯)

સંજય ચૌધરી તકનીકી વિદ્યાશાખાના અધ્યાપક છે. બે પદાર્થોના મિશ્રણથી થતી પ્રક્રિયા અને નીપજ. આ સંકલ્પનાનો વિનિયોગ તેમણે આ સંગ્રહની વાર્તાઓમાં સફળતાપૂર્વક કર્યો છે. પરંપરાગત શૈલીની આ વાર્તાઓ સ્પષ્ટ અને અસરકારક છે. વિષયવૈવિધ્ય, સંવેદનશીલ પાત્રો, કથનરીતિના પ્રયોગ અને પાત્રોચિત બોલી લેખકની પરિપક્વ સર્જનશક્તિનો પરિચય કરાવે છે. તેથી જ ક્યાંય લેખક નવોદિત હોવાની પ્રતીતિ થતી નથી.

■

શબદથી સેવેલી ગીર : 'ગીરની જાગીર'

વીરેન પંડ્યા

કહેવાતી વાતોનો નોખો પ્રભાવ હોય છે – એનાં જાણતલ દિક્પાલસિંહ જાડેજા 'હું છું વાર્તા કહેનારો' નામથી સેંકડો બાળવાર્તાઓ – તકનીકનાં માધ્યમથી – બાળકો સુધી પહોંચાડીને અનેક બાળકોનાં બાળપણને રળિયાત કરી ચૂક્યા છે. એ સાથે જ તેમના ગીરના પ્રવાસો દરમિયાન લખાતી જતી ગીરની વાતો જુદાં જુદાં સામયિકોમાં પ્રકાશિત થતી રહેતી હતી. લેખક જેને 'રખડા' કહીને ઓળખાવે છે, તે તેનાં ગીરનાં રખડાંઓ દરમિયાન તેમણે જોયેલી, સાંભળેલી, અનુભવેલી અને સેવેલી ગીર 'ગીરની જાગીર' શીર્ષકથી ગીરની વાતોનાં મધુસંચય રૂપે પ્રગટ થઈ છે. ગીરની વાતોના આ સંગ્રહમાંથી પસાર થતાં ગીરનાં અનોખાં રૂપનો લેખક સાક્ષાત્કાર કરાવે છે. ગીરના મુખ્ય આકર્ષણ સિંહને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ સંગ્રહની ૧૧ વાતોમાં સિંહ તો છે જ, પણ તેની આસપાસની સમગ્ર ગીર પણ એટલી જ કુનેહથી આલેખાઈ છે. અહીં મુખ્ય કથક અને સાથે સાક્ષી કથકની બેલડીએ ભાવ, ભાષા અને અભિવ્યક્તિથી – ધીમે ધીમે પોતાનું પોત ગુમાવી રહેલી – ગીરને અંજલી છાંટીને ફરી જીવતી કરી છે.

દરેક વાતની શરૂઆત લેખક એવી રીતે કરે છે કે, તમે માંડેલી વાતને પૂરી સાંભળ્યા વગર (સ્થૂળ રીતે વાંચ્યા વગર) ઊઠી ન શકો. વાતમાં આવતો કોઈ માર્મિક સંવાદ કે હાર્દરૂપ ઘટનાથી દરેક વાતની શરૂઆત કરીને લેખકે વાત કહેવાની એક ભાત રચી છે. આરંભે આવેલો એ સંવાદ કે ઘટના પછીથી વાતના મૂળ પ્રવાહમાં ફરીથી આવે, ત્યારે આરંભનું અનુસંધાન રચાય. આરંભમાં આકર્ષક લાગેલો, પણ સંદર્ભના અભાવે ન સમજાયેલો સંવાદ કે ઘટના પછી સંદર્ભ સાથે સમજાય ત્યારે મજા પડી જાય. 'ગીરની જાગીર'માં 'સિંદોરિયા સાવજ'ની માંડણીના ઝાંપેથી જ પ્રવેશીએ :

"વાત એ સમયની છે, જ્યારે હું મારાં ભેરુડાંઓ સાથે ગીરના એક નેહડાનો મહેમાન થયેલો. એ દિવસ કયો હતો એ વાત જવા દો. પણ એ કઈ રાત હતી તે મને બરાબર યાદ છે. એ ઠેકાણે એક રાત રોકાઈને મેં જે જંગલની, પહુડા ને જનાવરોની ને વળી ડાલામથ્થા હાવજોની કથાઓ સાંભળી છે તેમાંથી એક જંગલકથાએ મારા મન–હૃદય પર અજબની છાપ છોડી છે. હા, તે આ લો, જાણે ક્યારેય સવાર ના પડવાની હોય એવી એ રાતની ચોપાટ આપ સહુ પાસે માંડું છું :"

આ રીતે કોઈ અંધારી રાતે, આછા આછા અજવાળે, તમરાંની સાખે લેખક પાસે બેસીને વાત કરતા હોય એમ કથા માંડે છે. પછી તો એમણે માંડેલી આ ચોપાટની એક એક ચાલ જેવી વાતો અદ્ભુત, ભયાનક, વીર, કરુણ, શૃંગાર રસમાં તરબોળ કરી દે

છે. એંશી વરસ પહેલાં દેવ થઈ ગયેલા સિંહની વાત 'સિંદોરિયો સાવજ', ચારણની દીકરીની રક્ષા કરતા બે સિંહબાળની વાત 'દિલાવર મુસા', તુલસીશ્યામની જાતરાએ ગયેલા અજોભાઈને આખી મંડળી વચ્ચેથી ખેંચી ગયેલાં વિજોગ્યા બેલડની વાત 'ગીરનું ચરિતર', ગીરના નવાબ અને બીબીનાં અજોડ પ્રણયની કથા 'માથાં પછાડી-પછાડીને ઈ મરી ગ્યો...', રાક્ષસ જેવાં મેલિયા અને ભગત જેવાં તેલિયા સિંહની વાત 'મેલિયો ને તેલિયો', ચૂડ અને દાઢાળી સિંહણ્યની ભયમિશ્રિત રોમાંચક વાત 'ગીરની રાત બહુ બોલકી હોય છે', સિંહ-સિંહણ સાથે નદીમાં મધ્યરાત્રીએ સ્નાન કરીને આવતી પોતાની સ્ત્રીને આવેશમાં મારીને પછી પશ્ચાત્તાપ કરતા માલધારીની વાત '... પછેં દલજી દલમેં રિયેં', ચાંપલા સાવજ અને રૂપાળી સિંહણની કરુણાંત વાત 'એક હતું ગીર ને એક હતી શેલાર', ગિરનાર પર રાણો ને રાણ્યનાં દર્શન કરાવતા ઓલિયા ભગતની વાત 'દૂરો ભીમશી', આંધળા સિંહ અને દેખતી સિંહણની કરુણાંત પ્રણયકથા 'નામ એનું સુરઈ', માલધારીનાં મહેણાંથી દુઃખી થઈ જીવ પાડી દેનાર સિંહની વાત 'ગીરનું ઘરેણું' એમ એક પછી એક વાત ભાવકને ગીરમાં ઊંડે ને ઊંડે ખેંચી જાય છે.

સામતભાઈ રબારી જેવા સાક્ષીકથક સાથે તુલસીશ્યામના નેસમાંથી, દિલાવર મુસા સાથે ગોંડલથી, વીજુમા સાથે દિહોરથી, શાહઆલમ સૈયદ સાથે જાફરાબાદ પાસે કાંધીથી, મેઘોભાઈ ચારણ સાથે બળધોઈના ગઢમાંથી, ઘૂઘોભાઈ ચારણ સાથે મધ્ય ગીરથી, વાલજીભાઈ સાથે રાજુલા તાબેના કાતરથી, શેલાર અને જુસબ સાથે વિસાવદર પાસેના નેસથી, દૂરો ભીમશી સાથે ગિરનારથી, સુરઈ સાથે લીલી નાઘેર અને ઘેડ વચ્ચેના દરિયેથી, બાવકુભાઈ સાથે ગીરથી – એમ જુદાં જુદાં સ્થળે અને અધિકારી કથક પાસેથી લેખક ગીરનું દર્શન કરાવે છે. અહીં ગીરથી દૂર અને નજીક રહીને, સાંપ્રત અને વર્ષો પહેલાંના સમયના અંતરથી, લેખકે કરેલી ગીરની પ્રત્યક્ષ અનુભૂતિ ભાવકને પરોક્ષ ન લાગે તેવો બળકટ અનુભવ કરાવે છે. આટલી સબળ અભિવ્યક્તિ માટે લેખકનું ગીર પ્રત્યેનું સમર્પણ કારણભૂત છે. 'ગીરની રાત બહુ બોલકી હોય છે'માં આ વાતોના લેખક તરીકે પોતાની સહજ કેફિયત આપતા હોય એમ તેઓ કહે છે :

"મારા આટલા રખડાઓમાં મેં ગીરને અનેક રીતે જોઈ છે, સૂંઘી છે ને એને બથ્થમાં ભરીને હું જગતથી બહુ દૂર, ઘણે દૂર નીકળી ગયો છું. ... રખડવું એ મારા આત્માનો મૂળ રંગ છે, પણ મારા એ રખડાઓમાંથી હું ઘણું બધું જીવતાં ને ઝૂરતાં શીખ્યો છું. તમે માનશો નહીં પણ હું ગીરને જીવતીજાગતી જોઈ શકું છું. મેં એને અનેક રૂપમાં જોઈ છે. એનાં આકાર, રૂપ ને રંગ કોઈ કુશળ ચિત્રકારની રંગપીંછીથી હું ચીતરીએ શકું એમ છું, પણ અફસોસ કે મારી પાસે એવા રૂપાળા રંગ કે પીંછી નથી. હું તો બસ ગીરને સાંભળું છું. એ મારી પાસે પોતાની પેટછૂટી વાતો માંડે છે ને હું એની વાતોમાં પાંદડાંની જેમ તણાયે જાઉં છું."

ગીરની વાતોમાં પાંદડાંની જેમ નિરભિમાનીપણે તણાયે જવા જેટલું સમર્પણ અહીં દરેક વાતમાં અનુભવી શકાય છે. દરેક વાતનાં વિષયની સાથે ભાષા પણ આ વાતોમાં માત્ર માધ્યમ તરીકે નહીં, પણ અંગ બનીને આવે છે. ઉપમા, સજીવારોપણ, ઉત્પ્રેક્ષા, અનન્વય જેવા અલંકારો લોકબોલીમાં અસરકારક રીતે નિરૂપાયા છે. કલ્પનોનો તો ભરપૂર ઉપયોગ કરીને લેખકે વિશિષ્ટ અનુભૂતિ કરાવી છે. થોડા નમૂના જોઈએ :

"ચોમાસું લગભગ લગભગ પોતાની છેલ્લવારુકી છડી પોકારીને પોતાના પિયર ભણી દોટ દઈ ચૂક્યું હતું ને એવા એ ઋતનાં નર-નારીનાં સંગમ જેવા દિવસો હતા."

"વિરાટના હિંડોળેથી ઊખડીને ઊંધી પડેલી એક રણકતી ઘંટડી જ જાણે આ સોરઠના કાંઠે યુગોથી પડી છે."

"પણ આગળ જતાં અંધારું આળસ મરડીને બેઠું થઈ ગયું ને એ ઊભું થઈને મારી સાથે ચાલવા માંડ્યું."

"ગીર પોતે દિશાઓને કાન બહેરા કરી દે એવી સિંહણની ત્રાડ જેવી છે."

"શાહઆલમ સૈયદ પોતાના એ જૂના દિવસોને એ રીતે સંભારતા હતા જાણે કોઈ ધાવણું બાળક પોતાની માની છાતીએ કૂણા હાથ ઘસતું હોય."

"-દિલાવર મુસા પોતાના એ જુનવાણી જાવા મોટરસાઇકલને એ રીતે યાદ કરતા હતા કે જાણે જૂના કાળનો કોઈ બહારવટિયો પોતાની કાઠિયાવાડી રોઝી ઘોડીને હેતે કરીને સંભારતો હોય."

"પછી તો વીજુમાએ અમારી પાસે બેઠાં બેઠાં જ ભોંમાંથી ચકલા દાણા વીણે એમ ભૂતકાળની ભોંય ખોતરી ખોતરીને આજથી સિત્તેરેક વરસ પહેલાંની ગીરના એક ચરિતર વિશેની વાતો વેરવા માંડી ને હું એ ચણ ચણવા માંડ્યો."

આ ઉપરાંત સૌરાષ્ટ્રની લોકબોલીથી આ વાતોને અનોખો ઘાટ અપાયો છે. ગીર પ્રદેશમાં બોલાતા કેટલાક પ્રયોગો પણ અહીં વાતને વધુ સબળ બનાવે છે. ગઈ, હાવજ, હૂકવુ, પોરહ, ગોઇત, ઘારણ, પિર, વેમ, રબોઝબો, પઇંડ, ગઇત, મઇત, બાર, મિલટ, મોબીલ, કમઇત, રહુડિયો, હુવાણ્ય, જૂનાણી, લૂલી, રીંહોટી, પરકતિ, ફાઇડ, પચાહ, હાચ, હંચળ, આઉ, હથવારો, હગડ, વિશ્વા, વીહક, હાબદી, ગરુ, ખલક જેવા પ્રયોગો અહીં સર્જનાત્મક રીતે થયા છે. સરવા કાને સાંભળીને બોલાતી બોલીના જુદા જુદા નમૂના પણ અહીં આબાદ ઝિલાયા છે. 'મેલિયો ને તેલિયો'માંથી ચારણી બોલીનો નમૂનો જુઓ :

"કિં કમ આય મામા. મુંકે કીં બોલાયતો? વીડમાં મોળો તમણો સંદેશ મીલો. કાણા સાટુ બરક્યો બાપા મુંકે? મું ત્યાંહે ગઢમાં આવેંને અમણીં પસેડી આઠ મઈના'થે પાથરી બેઠો સાં. આંસે તમણો ભીનો સાંયો સાં. આંસે સાકરિયો દૂધ-રોટલો સાં. બોલ્ય હવે, કિં કમ આય મામા, અવ ઝટ્ટ વેણ રખ્ખો ભા?"

કચ્છી-સિંધી-હિન્દી-ઉર્દૂમિશ્રિત સુરઈની પોતીકી ગુજરાતી વાણી 'નામ એનું સુરઈ'માંથી સાંભળો(જુઓ) :

"મે'માન, ગીર છૂટે તો અબ બરસો હોઈ ગેવે. પણ કભી-કભી મેં ને મેરાં ધણી જાવે ઉધર. મેરા જનમ જ ન્યાં મસુનદરી નદીને કાંઠે હુવા થા. હમારે પૂરખો કી હડ્ડીયાં તો અબ ભી વહાં ગીર કી ગોદ મેં નીંદર તાણે પડી હે. ગીર તો ગીર હોવે હો આદમી. લેકિન અબ હમ વહાંસે નીકલે ગયે. આ દરિયા તો સબ દૈતા હૈ. પણ સૂકુન તો એક ગીર મેં જ મલે હો ભાઈ."

આમ, બોલીનાં અનેક સ્તરેથી અહીં ગીર સંભળાય છે. સ્થળવર્ણન અને પાત્રવર્ણનનાં પણ આવાં ઉદાહરણો અહીં ઉતારી શકાય, પણ એનો અનુભવ તો દરેક વાતમાં થવાનો છે, તેથી અહીં એ ટાળીએ. પણ દરેક વાતમાં અહીં ગીરનાં માધ્યમથી અને ગીરના આધારે લેખકે આગવું જીવનદર્શન રજૂ કર્યું છે, એ જોઈએ. દરેક વાતની જેમ આખો સંચય પણ એક દર્શન પ્રગટ કરે છે, તે પસાર થતાં અનુભવાશે. ઉદાહરણ જુઓ :

"ગઈરમું રખડાં આદરવાથી ગઈરના જોગી નસેં(નથી) થવાતું બા. ગઈરના જોગી થાવું વો'ય તો ગઈરના ઝીણા કાંકરા થાવું પડાં. ગઈર કોઈને હમજાણી નસેં ને હમજાવાની'ય નસેં."

મેઘોભાઈ ચારણ દ્વારા વાતવાતમાં કહેવાયેલી આ વાત ગીરને જ નહીં, જગત આખાને સમજવામાં પણ એટલી જ ખપ લાગે એવી છે.

"જે વાત્યું કાનથી ઊતરીને સીધી નાભિએ જઈને ઠરતી નયથ, ઈ કાંઈ વાત્યું નયથ. ઈને તો તું કંકર-પાણાં ઝ જાણજે કુંવર. હિયા(હૈયા)ની વાત્યું તો પાંચે ઇનદરિયું(ઇન્દ્રિય)ના કાનથી ઝ હાંભરવાની હોય હો! જીવવું હોય તો મરતાં'ય શીખવું પડે કુંવર."

હૃદયની વાત સાંભળવાની આ શીખ ગીરની વાતોનાં આ સંચય માટે પણ પૂરેપૂરી બંધ બેસે તેવી છે. વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના વ્યક્ત કરતું આ દર્શન પણ જુઓ :

"અન્ હેત કરવાનાં ઠેકાણાં કાંઈ એકલા માણા થોડાં સે હેં? આંઈ ઝાડ ને જનાવર, નદીયું ને વોંકળા, પાણા ને માણા ઈ હંધાય એક દોરે પરોવાલા મણકા સે..., દેખાય તો દેખો. અરે... ગઈરમાં એક ફેરાં ખાલી છ મહિના મારી ભેરાં રઈ જુઓ પછેં દેખાડું કે ખલકની ખો ભુલાવી દ્યૈ એવી આ ગઈર સે ભા. કુંવર, દુનિયા કાંઈ ટંકોરો'ય બંધાવી નથ્ દેવાની. ગઈરમાં જલમી સઉ અટલે એક જ વાત મું આ ગીર પાંહેથી શીખી સું કે માંગનારો થાકી નો જાય તાં લગણ બસ હેત દેતા રહેવાનું. હેત મળે તો હંધુંય મળે."

ચારે બાજુ મારો-કાપોના આ સમયમાં હેત દેતા રહેવાની વાત વિશ્વશાંતિનો સંદેશ છે કે નહીં? સૌરાષ્ટ્ર, ગીર કે લોકકંઠે સચવાયેલી વાતોને ઝીલવાનો ઉલ્લેખ લોકસાહિત્યના અભ્યાસુ સંપાદક ઝવેરચંદ મેઘાણીની યાદ અપાવ્યા વિના ન રહે, પણ આ સંચયની વાતો મેઘાણીએ કહેલી રસધારની વાર્તાઓ કરતાં જુદી છે. અહીં તો લેખક પોતાની સાથે ભાવકને સાક્ષી કથક સુધી લઈ જાય છે અને પછી પોતાની સાથે બેસાડી સંભળાવે છે, સાક્ષી કથકે કરેલી વાત જરૂર જણાય ત્યાં સમજાવે છે. અહીં દરેક વાતમાં એક કથા તો છે જ, પણ એ કથા ગીરને ખોલવાનું-પામવાનું નિમિત્ત છે. એ રીતે આ વાતો 'લોકસાહિત્યની કથા-વારતાઓ'થી જુદી છે. સંચયના અંતે'શ્રી ઝવેરચંદ કાળીદાસ મેઘાણીને એક પત્ર' નામે લેખકે આ વાતો માટે કરેલી મથામણનો આલેખ આપ્યો છે અને આ પ્રકારનાં સંશોધન-અભ્યાસમાં પડતી કાયદાકીય અગવડોનો પણ નિર્દેશ કર્યો છે. પુરાણોથી સાંપ્રત સમયનાં પુરાતત્ત્વીય અવશેષો સુધીના સંદર્ભ સાથે ગીર વિશેનો અભ્યાસ આ પત્રમાં રજૂ થયો છે.

લેખકે અહીં ઘણી જગ્યાએ સ્થળનાં નામ આપવાનું ટાળ્યું છે. પણ ધારો કે એમણે નામ કહ્યાં હોત અને આ બધાં સ્થળોએ રૂબરૂ પહોંચ્યા હોત તોપણ આ સંચય જે ગીરમાં દોરી જાય છે, એ ગીર ન મળત. કેમ કે અહીં રજૂ થયેલી ગીર લેખકે શબ્દથી સેવેલી ગીર છે. ગીરની વાતોનો પોતે કરેલો અનુભવ પોતાના શબ્દની હૂંફથી પક્વ બનાવીને લેખકે અમર કર્યો છે. અંતે આ વાતોમાં આવતા શાહઆલમ સૈયદની જેમ કહેવાનું મન થાય :

"એક ભૂલો ને એક યાદ રાખો એવી એવી વાત્યું સે આ ગઈરની તો હો બાપા."

સંદર્ભ : 'ગીરની જાગીર' – દિક્‌પાલસિંહ જાડેજા; પ્રકાશક : નવજીવન સાંપ્રત અમદાવાદ; પ્ર. આવૃત્તિ : ૨૦૨૬

■

ઊંચું પ્રતિમાન સ્થાપનાર લેખક-અધ્યાપક નિરંજન ભગત

સંધ્યા ભટ્ટ

જેમના નામથી ગુજરાતી સાહિત્યનો એક યુગ ઓળખાય છે તે કવિ નિરંજન ભગતનું આ જન્મશતાબ્દી વર્ષ છે. 'છંદોલય બૃહત્' જેવો સીમાચિહ્નરૂપ કાવ્યસંગ્રહ અને પોતે ઉપાસેલી વિશ્વશ્રેષ્ઠ કૃતિઓ અને સર્જકો વિષે ગુજરાતીમાં સ્વાધ્યાયલોક શ્રેણીમાં સાત ભાગ લખીને તેમણે આપણી ભાષાને ઉત્તમ પ્રદાન કર્યું છે. પોતાની હયાતીમાં દંતકથારૂપ લેખાયેલા નિરંજન ભગતની જીવનયાત્રા જાણવાનું સૌને ગમે. સાહિત્યરસિક તથા સામાજિક-રાજકીય પ્રવાહોના પ્રહરી ડંકેશ ઓઝાએ આ કામ સુપેરે અને સમયસર પાર પાડ્યું છે. એકાણું પૃષ્ઠનું આ પુસ્તક રસિકજન એકીબેઠકે વાંચ્યા પછી પોતીકાં મૂલ્યોને જીવી જનાર, જ્ઞાનનિષ્ઠ અને હૂંફાળા છતાં તેજીલા તોખાર જેવા વ્યક્તિત્વની આભામાંથી જલદી બહાર નહિ આવી શકે.

તેમણે નિરંજન ભગતના જન્મ તથા ઉછેર, અભ્યાસ, સંઘર્ષકાળ અને સર્જન, સ્વાધ્યાય અને અધ્યાપન તથા અનુવાદકાર્ય, મુંબઈનિવાસ અને વિદેશપ્રવાસ, વ્યક્તિત્વ અને વિચારધારા, કુટુંબીજનો અને મિત્રો – આ તમામ વિષે પંદર પ્રકરણોમાં મુદ્દાસર અને પ્રવાહી લખ્યું છે જેમાંથી ભગતસાહેબની છબી બરાબર ઊપસે છે. ચોરસ આકારના પુસ્તકનાં આવરણ પર તથા અંદરના પૃષ્ઠ પર મુકાયેલી જીવંત તસવીરનું આંતરસત્ત્વ પામવા માટે પુસ્તક વાંચવું રહ્યું. દરેક પ્રકરણની શરૂઆત વખતે મુકાયેલી કવિની પ્રખ્યાત કવિતા પુસ્તકને વધુ સમૃદ્ધ બનાવે છે.

ત્રણ ભાઈઓમાં સૌથી મોટા નિરંજન દસ વર્ષના હતા ત્યારે પિતાએ ગૃહત્યાગ કરેલો અને માતા મેનાબા ત્રણ સંતાનો સાથે પિયરમાં આવી વસેલાં. તેમના દાદા મગન ભગતની મંડળીમાં જોડાયેલા તેથી ભગત અટક થઈ. નિરંજનના કાકા રામ હરિ ભગત અંગ્રેજી સાહિત્યના તેજસ્વી વિદ્યાર્થી હતા. પાંચ વરસ લંડન જઈ આવેલા પણ ત્યાંથી આવ્યા પછી ત્રીસ વર્ષની કાચી વયે ગુજરી ગયેલા. આ કાકાનાં ત્રણસો જેટલાં અંગ્રેજી સાહિત્યનાં પુસ્તકો પટારામાં હતાં જેમાં નિરંજનને ખૂબ રસ પડ્યો અને જાણે કે તેમનો વારસો નિરંજને સાચવ્યો. નિરંજન કહે છે કે પિતાના ઉગ્ર મિજાજ અને ઊંચા અવાજનો તથા માતાના સ્પષ્ટ ઉચ્ચાર અને સુંદર અક્ષરોનો વારસો તેમને મળ્યો.

ઈ.સ. ૧૯૩૮થી ૧૯૪૪ છ વર્ષનું માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં નવચેતન હાઈસ્કૂલમાં થયું. અહીં તેમને ગુજરાતીના એક ઉત્તમ શિક્ષક અમુભાઈ પંડ્યા સાંપડ્યા. તેઓ ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક હતા, કવિ સુન્દરમ્‌ના સહાધ્યાયી હતા અને રા.

વિ.પાઠકસાહેબના શિષ્ય હતા. તેઓ પોતે કાવ્ય લખતા અને વિદ્યાર્થીઓને કાવ્ય રચવા પ્રોત્સાહિત કરતા. આ પુસ્તકના લેખકે અહીં કવિના શાળાસમયની મહત્ત્વની વાતો કરી છે અને ગણિત, વિજ્ઞાન, સંસ્કૃત જેવા વિષયોમાં તેમની ગતિ વિષે જણાવ્યું છે.એ જ રીતે કૉલેજના વિચક્ષણ અધ્યાપકો રા. વિ. પાઠક, અનુપરામ ભટ્ટ અને એસ. આર. ભટ્ટની વિદ્વત્તા અંગે રસપ્રદ વાત કરી છે. એ સમયના શિક્ષણ અંગે ડંકેશ ઓઝા પોતાનાં નિરીક્ષણો આપતાં લખે છે, 'ગુજરાતના શિક્ષણ ઇતિહાસમાં વીસમી સદીનો પાંચમો દાયકો આચાર્ય સંતપ્રસાદ ભટ્ટના નામે નોંધાયેલો છે. કાયદેસર રીતે ચૂંટણીમાં ઊભા રહી શકે તેવા ભટ્ટસાહેબ પાસે તેમ કરવા બદલ કૉલેજની મૅનેજમેન્ટ દ્વારા ખુલાસો માંગવામાં આવેલો ત્યારે ભટ્ટસાહેબે ખુલાસો ન આપ્યો, રાજીનામું આપ્યું.' (પૃ.૧૯-૨૦) આગળ તેઓ નોંધે છે કે 'આ બધી બાબતોનો ઉલ્લેખ એટલા માટે જરૂરી છે કે નિરંજન ભગત ભટ્ટસાહેબના વિદ્યાર્થી અને અનેક રીતે તેમની પ્રતિકૃતિરૂપ હતા.' (પૃ.૨૦)

ઈ.સ. ૧૯૫૪માં મોસાળમાં માતાના પિતાનું અવસાન થયું ત્યાં સુધી ભગતસાહેબનું કુટુંબ મોસાળમાં જ રહ્યું. તે પછી માતા અને નાના બે ભાઈઓ સાથે તેઓ સ્વતંત્ર રીતે ભાડાના મકાનમાં રહેવા ગયા.

ભગતસાહેબની કવિતામાં સમસ્ત સમાજ પરત્વેની સંવેદના અને દર્શન જોવા મળે છે. તેમની કવિતામાં માનવ્ય અને મૈત્રી જોવા મળે છે. તેમણે ઉપેક્ષિત, તરછોડાયેલા પાત્રોનાં કાવ્યો કર્યાં છે.તેઓ અંગત જીવનમાં પણ ઘરમાં સહાયક તરીકે કામ કરનારના સુખદુઃખમાં ભાગ લેતા અને તેમનાં સંતાનોના શિક્ષણ માટે પણ સહયોગ કરતા. આજના સમયમાં આશ્ચર્ય થાય એવી હકીકત નોંધીએ તો ભગતસાહેબ પોતાના અવસાન પછી આ સહાયકને પોતાનો ફ્લૅટ અને કેટલીક રકમ આપતા ગયા હતા.

એમ. એ.નો અભ્યાસ મુંબઈમાં કરનાર ભગતસાહેબ પોતાને ઔદ્યોગિક નગરના સંતાન કહેતા. તેમણે નગરકવિતા લખી અને વિશ્વની નગરકવિતાનો અભ્યાસ પણ કર્યો. આ સાથે જ નોંધવું જોઈએ કે તેમણે પહેલો વિદેશપ્રવાસ લંડનનો ૧૯૮૨માં કરેલો. તેમણે ગ્રીસ, ઇટાલી, પૅરિસ, ઇજિપ્ત, ટર્કી અને રશિયા જેવા દેશોમાં પણ પ્રવાસ કરેલો. તેઓ ચાલીને ફરવાના હિમાયતી હતા. લેખક નોંધે છે કે 'એંસીની ઉંમરના ભગતસાહેબ દસ-બાર કિ.મી. તો સ્ફૂર્તિથી અને સહેલાઈથી ચાલી નાખતા.' (પૃ.૩૯) તેમના પ્રવાસ સંગાથી રહેલાં રૂપલ મહેતાના મતે પ્રવાસના સ્થળ વિષે ભગતસાહેબે એવી ઝીણવટભરી ઇતિહાસની વિગતો નોંધી હોય જે વિષે સ્થાનિક ગાઇડને પણ માહિતી ન હોય! ફ્રાન્સના પ્રવાસ પૂર્વે અમદાવાદ ખાતેની ફ્રેન્ચ ભાષા શીખવતી સંસ્થા એલાયન્સ ફ્રેન્ચાઇઝમાં ફ્રેન્ચ ભાષા શીખ્યા. તેમણે પ્રવાસવર્ણન નથી લખ્યા પણ તેમના વ્યક્તિત્વ, વિચારો અને સમગ્ર લેખન પર તેનો પ્રભાવ વર્તાય છે.

નિરંજન ભગતનું અભ્યાસીઓ માટેનું ઉત્તમ પ્રદાન એટલે સ્વાધ્યાયલોક શ્રેણીના આઠ ભાગ. લેખક નોંધે છે તેમ '...નિરંજન ભગતે જીવનભર કવિતાનું લેખન-વાંચન અને સાહિત્યનું અધ્યયન-અધ્યાપન કર્યું તેની ઉપલબ્ધિ કે પરિપાક આ સ્વાધ્યાયલોકની શ્રેણી છે. નિરંજન ભગતને તેમના સ્વભાવ મુજબ વિવેચકની ઓળખ આગળ કરવી નથી, પણ પોતે સ્વાધ્યાયી અધ્યાપક છે એ વાત જ પ્રગટ કરવી છે.' (પૃ.૫૨) આ શ્રેણી અંતર્ગત આઠ ભાગના વિષયો અનુક્રમે કવિ અને કવિતા, અંગ્રેજી સાહિત્ય, યુરોપીય

સાહિત્ય, અમેરિકન તથા અન્ય સાહિત્ય, ગુજરાતી સાહિત્યઃ પૂર્વાર્ધ, ગુજરાતી સાહિત્ય ઉત્તરાર્ધ, બળવંતરાય, નાનાલાલ, સુન્દરમ્, ઉમાશંકર તથા આઠમો ગ્રંથ 'અંગત' નામે છે જેમાં ભગતસાહેબે પોતાના જીવનની અને શરૂઆતના વિકાસની તમામ બાબતો અધિકૃત રીતે જણાવી છે. પોતાના પ્રિય મિત્રો કિશનસિંહ ચાવડા, વાડીલાલ ડગલી તથા અન્ય મિત્રો વિષે પણ તેમણે લખ્યું છે. આ શ્રેણી અંગે મહત્ત્વની બાબતો લેખકે ચીંધી બતાવી છે જે દ્વારા વાચક તે વાંચવા તરફ જાય!

તેઓ પોતે સો વર્ષ જીવશે એવી તેમને શ્રદ્ધા હતી. તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિની મિટિંગમાં પોતાના દૃઢ વિચારો મક્કમતાપૂર્વક મૂકી રહ્યા હતા તે સમયે તેઓ બાણું વર્ષના હતા અને સાવ અચાનક તેમની તબિયત બગડી અને જીવલેણ નીવડી! આખી વાતમાંથી અંકે કરવાનું એ છે કે બાળપણમાં પિતા ગુમાવેલ વ્યક્તિ સંઘર્ષકાળમાંથી પસાર થઈ વિદ્યાભ્યાસ તથા જીવનરસ કેળવીને મૈત્રીનો આનંદ લેતાં એકલપંડે કેવું દીર્ઘ, ઉત્કટ અને છેલ્લી ક્ષણ સુધીનું સ્વસ્થ-સાર્થક જીવન જીવી શકે છે! લેખકે તેથી જ એક પ્રકરણ 'અંતિમપર્વ સુધી ઊર્જાવાન' શીર્ષકથી લખ્યું છે.

સંપાદન અને ગદ્યલેખન વિષે સ્વતંત્ર પ્રકરણ આપવાની સાથે અહીં ભગતસાહેબના પ્રિય રવીન્દ્રનાથની સાહિત્યસાધના પર પણ એક પ્રકરણ છે જે અંતર્ગત તેમણે કરેલા અનુવાદો તથા અન્ય પ્રવૃત્તિ વિષે વાત થઈ છે.

ગુજરાતી સાહિત્યમાં જીવતેજીવ દંતકથા જેવું જીવીને અ-ક્ષર બની ગયેલા ભગતસાહેબનું આ લાઘવપૂર્ણ રસવાહી જીવનચરિત્ર દરેક સાહિત્યરસિક ખુશીથી વાંચી શકે. આ માટે આપણે આભાર માનીએ લેખક ડંકેશ ઓઝાનો જેઓ સ્પષ્ટ અને નિખાલસ બનીને પોતાને લેખક-સંપાદક ગણાવે છે.

('નિરંજન ભગત' (જીવનચરિત્ર) લેખન-સંપાદન : ડંકેશ ઓઝા, પ્ર. ઝેન ઓપસ, અમદાવાદ. પ્ર. આ. ઑક્ટોબર, ૨૦૨૩. કિં. રૂ. ૩૦૦)

■

'પણ અહીં જન્મેલા ને અંગ્રેજી ભણેલા આટલા બધા નૌજવાન હિંદીઓ આપણે ત્યાં છે તેનું શું?' મેં પૂછ્યું.

'અરે ભાઈ,' અબદુલ્લા શેઠે કપાળે હાથ મૂક્યો. 'તેમની પાસેથી તે શું મળે? તે બિચારા આમાં શું સમજે? તેઓ અમારી પાસે પણ ન ફરકે, ને સાચું પુછાવો તો અમે પણ તેમને ન ઓળખીએ. એ રહ્યા ખ્રિસ્તી એટલે પાદરીઓના પંજામાં. અને પાદરીઓ ગોરા, તે સરકારને તાબે!'

મારી આંખ ઊઘડી. આ વર્ગને અપનાવવો જોઈએ. ખ્રિસ્તી ધર્મનો આ જ અર્થ? તેઓ ખ્રિસ્તી એટલે દેશના મટ્યા? ને પરદેશી થયા?

પણ મારે તો દેશ પાછા ફરવું હતું એટલે ઉપરના વિચારોને મેં મૂર્તિમંત ન કર્યા. અબદુલ્લા શેઠને પૂછ્યું :

'પણ આ કાયદો જો એમ ને એમ પસાર થાય તો તમને ભારે પડવાનો. આ તો હિંદીઓની હસ્તીના નાશનું પહેલું પગથિયું છે. આમાં સ્વમાનની હાનિ છે.'

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

કરસનદાસ માણેક : કવિતાની ભક્તિ, ભક્તિની કવિતા

દીપક મહેતા

વૈશંપાયન ઋષિ એણી પેરે બોલ્યા, ને સુણ જનમેજય રાયઃ
સંક્ષેપે તુજને સંભળાવું માણેક-પર્વ મહિમાય!
અહો! રાયજી સુણિયે!
દૂર દેશાવર ગામ જે, કરાંચી તેનું નામ,
બાળક બાર વરસ તણો દાદા કેરે ઠામ.
બેસી રોજ થડા પરે, કરતો નવલાં કામ,
કરતો નવલાં કામ, ગણવાં મૂકી દામ,
લખતો નિત નિત દોહરા, ઈશ્વરનું લઈ નામ.
અહો વાચકજી! વાંચીયે!

દૂર દેશાવરના કરાંચી શહેરમાં દાદાની પેઢીના થડા પર બેસીને બાળવયે પ્રભુભક્તિના દોહરા લખનાર આ છોકરાનો જન્મ ૨૮મી નવેમ્બર, ૧૯૦૧. આ વરસે તેના જન્મને ૧૨૫ વરસ પૂરાં થશે. નામે કરસનદાસ, અવટંકે માણેક. ૫૭ વરસની ઉમ્મરે ‘મધ્યાહ્ન’ નામનો કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો ત્યારે તેની પ્રસ્તાવનામાં માણેકે લખેલું, “અગિયારેક વરસની ઉમ્મરે કરાંચીમાં દાદાની પેઢીના થડા ઉપર બેસીને ઈશ્વરસ્તુતિના દોહરા લખતો, તે પછી ઠેઠ આજ સુધી મારી કાવ્યરચના પ્રવૃત્તિ કોઈ કોઈ વાર આછી જરૂર બની છે, પણ થંભી કદીય નથી.” ૭૬ વર્ષની ઉમ્મરે, ૧૯૭૮ના જાન્યુઆરીની ૧૮મી તારીખે, જેને જીવનમાં એક આદર્શ માનેલો તે પ્રેમાનંદના વીરક્ષેત્ર વડોદરામાં માણેકનું અવસાન થયું ત્યાં સુધી હકીકતમાં તેમની આ કાવ્યરચના પ્રવૃત્તિ થંભી તો નહીં જ, પણ છેવટ સુધી નવાં નવાં વહેણ, વલણ અને વળાંકો પ્રગટ કરતી રહી.

ત્યારે જે બ્રિટિશ ભારતમાં આવેલું હતું તે કરાંચી શહેરમાં કરસનદાસ માણેકનો જન્મ. એ વખતે કરાંચી ગુજરાતીઓથી ધમધમતું શહેર. એટલે તળ ગુજરાતથી દૂર રહેવા છતાં બાળપણમાં માણેકે માણભટ્ટો અને કથાવ્યાસોને સાંભળેલા. પણ એ વાત માણેકના શબ્દોમાં જ સાંભળીએ. ત્રણ ભાગમાં પ્રગટ થયેલ ‘મહાભારતકથા’ની પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં માણેક કહે છે : “આ સદીના પહેલા દાયકાની વાત છે. કરાંચીના દાંડિયા બજારના નાકા પર દાદાની જથ્થાબંધ અનાજની વખાર.

શાસ્ત્રી રેવાશંકર ગણપતરાવ ભટ્ટ એ જમાનાના કરાંચીના સર્વશ્રેષ્ઠ સંસ્કૃતવિદ્, વેદાન્તાભ્યાસી પૌરાણિક અને કીર્તનકાર. વખારની પાસે જ આવેલા રણછોડરાયના

મંદિરમાં શાસ્ત્રીજી રોજ રાતે ભાગવતની કથા કરે. દાદા ભાગ્યે જ એ સત્સંગ ચૂકે અને હું ભાગ્યે જ દાદાની આંગળી ચૂકું. સાડા નવને ટકોરે 'અચ્યુતમ્ કેશવમ્' થાય. શ્રોતાઓ ધીરે ધારે પોતાના ઘર ભણી રવાના થવા માંડે, અને હું નજીકમાં જ આવેલ બાર્નલના ચોક ભણી દોટ મૂકું, જ્યાં આગળ સૌરાષ્ટ્ર કે ગુજરાતમાંથી આવેલ કોઈ ને કોઈ માણભટ્ટ હજારેક જેટલી જનમેદની વચ્ચે નરવા કંઠે મહાભારતની કથા કરતો હોય. કથા પૂરી થતાં હું નજીકમાં જ નેપિયર રોડ પર આવેલ અમારા ઘર તરફ દોડું અને પથારીમાં દાદાની પડખે પડતાંવેત ઘસઘસાટ ઊંઘી જઉં."

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કરાંચીમાં. અસહકારની ચળવળ વખતે સ્કૂલ છોડી અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૯૨૧માં જોડાયા. સ્નાતકની પરીક્ષા આપ્યા વગર બે વર્ષ પછી પાછા કરાંચી જઈ સંસ્કૃત અને અંગ્રેજી સાથે બી. એ. થયા. ૧૯૩૯ સુધી કરાંચીની બે હાઈસ્કૂલમાં પહેલાં શિક્ષક અને પછી હેડમારતર તરીકે કામ કર્યું. 'ડેઇલી મિરર' નામનું અંગ્રેજી છાપું ચલાવ્યું.

૧૯૩૦ અને ૧૯૩૨માં આઝાદીની લડતમાં ભાગ લઈ કારાવાસ ભોગવ્યો.

૧૯૩૯ પછી કરાંચી છોડી મુંબઈવાસી બન્યા. 'જન્મભૂમિ'ના તંત્રી વિભાગમાં જોડાયા. ૧૯૪૮થી 'નૂતન ગુજરાત'ના તંત્રી બન્યા. સ્વતંત્ર રીતે 'સારથિ' અને 'નચિકેતા' નામનાં સામયિકો ચલાવ્યાં. ૧૯૫૬ના અરસામાં આકાશવાણીના મુંબઈ કેન્દ્ર સાથે સંકળાયા અને પછી મુંબઈની એસ.આઈ.ઈ.એસ. કૉલેજમાં ગુજરાતી વિભાગના વડા તરીકે કામ કરી ૧૯૬૪માં નિવૃત્ત થયા. પછીનાં વર્ષો કીર્તનની પ્રવૃત્તિને જ આપ્યાં. અમદાવાદ, વલ્લભવિદ્યાનગર અને મુંબઈના વિલેપાર્લેમાં પંદર વર્ષ સુધી દર પખવાડિયે કીર્તનો કર્યાં. કીર્તન નિમિત્તે ગુજરાતનાં અનેક શહેર ગામ-ગામડાં ઉપરાંત કલકત્તા, નાગપુર, હૈદરાબાદ વગેરેના પ્રવાસો કર્યા.

આમ, માણેકનાં રૂપ જુદાં જુદાં. શાળાના શિક્ષક, પત્રકાર, આકાશવાણી પર બોલાતો શબ્દ, કૉલેજમાં અધ્યાપક, કીર્તનકાર. પણ એ બધામાં પડેલો માંયલો તે તો લોકશિક્ષકનો, ટીચરનો. પણ પ્રીચરનો ક્યારેય નહીં. આજના બાપુઓ શાસ્ત્રીઓ-મહારાજો અને માણેક વચ્ચેનો મૂળભૂત તફાવત તે આઃ મહાભારત, રામાયણ ભાગવત, કુરાન, બાઇબલ જેવા ધર્મગ્રંથો પાસે માણેક ગયા તે તેમાંના કાવ્યત્વથી આકર્ષાઈને તેને પામવાના ઇરાદે. માણેક કહે છેઃ "પૂર્વગ્રહોથી મુક્ત કેવળ રસનિષ્ઠ દૃષ્ટિ, એ જ આવા 'ધાર્મિક' કે 'સાંપ્રદાયિક' લેખાતા સાહિત્યના પરિશીલન પાછળ હોવી જોઈએ એવી અનુભવે કરીને મારી માન્યતા બંધાઈ છે. આ સિવાયની બીજી કોઈ પણ દૃષ્ટિએ એ ગ્રંથો વાંચતાં અથવા સાંભળતાં, આપણે આપણી જાતને તેમ જ એ ગ્રંથોને બન્નેને ઘોર અન્યાય કરીએ છીએ એમ મને હંમેશાં લાગ્યા કર્યું છે...હકીકતમાં રસદૃષ્ટિ એ જ સર્વાંગી સર્વગ્રાહી અને અખંડ દૃષ્ટિ છે, જ્યારે ધાર્મિક કે સાંપ્રદાયિક કે પુણ્યોપાર્જક દૃષ્ટિ એ એકાંગી, સંકુચિત અને ખંડદૃષ્ટિ છે.'' અને આ શબ્દો તેમણે લખેલા અવસાનનાં છ વર્ષ પહેલાં, ૧૯૭૨માં.

માણેકનો માંયલો લોકશિક્ષકનો, પણ જીવ કવિનો, ઇમોશન કરતાંય વધુ તો પેશનના માણસ કહે છે.

થોડું દિલ, થોડી દિલેરી, થોડી ફાકામસ્તી બસ
આ ધંધામાં આ સિવાયે બીજી કોઈ લાગત નથી!

ઉમાશંકર, સુન્દરમ્, મનસુખલાલ, ઝવેરી, સુંદરજી બેટાઈ, સ્નેહરશ્મિ જેવા ગાંધીયુગના બીજા કવિઓ કરતાં માણેક ઉમ્મરમાં મોટા, અને એક ઉમાશંકરને બાદ કરતાં કવિતાને ક્ષેત્રે તેમનો પ્રવેશ થયો તે પણ બીજા કવિઓની સાથોસાથ. 'ખાખનાં પોયણાં' 'ઊર્મિ'ના કાવ્યાંકમાં ૧૯૩૩માં પ્રગટ થયું અને ૧૯૩૪માં સ્વતંત્ર પુસ્તક રૂપે પ્રગટ થયું. ૧૬ પાનાંના આ ખંડકાવ્ય પછી પહેલો કાવ્યસંગ્રહ 'આલબેલ' ૧૯૩૫માં પ્રગટ થયો. ૧૯૩૨ના જાન્યુઆરીની ૨૬મી તારીખે ૨૭ મહિનાની જેલની સજા માણેકને થઈ. 'આલબેલ'માં પ્રગટ થયેલાં ઘણાંખરાં કાવ્યો આ કારાવાસ દરમિયાન લખાયેલાં, જેમાં ગાંધીયુગની આબોહવા વ્યાપેલી જોવા મળે છે. ૧૯૩૬માં 'મહોબતને માંડવે' લખાયું, પણ તે પ્રગટ થયું ૧૯૪૧માં, ઉમાશંકરના 'વિશ્વશાંતિ'ની પ્રસ્તાવના લખનાર કાકાસાહેબ કાલેલકરની જ પ્રસ્તાવના સાથે. ગાંધીજીને જ કેન્દ્રમાં રાખીને લખાયેલું ખંડકાવ્ય 'કલ્યાણયાત્રી' ૧૯૪૪માં પ્રગટ થયું. ગાંધીજીના ૭૬મા જન્મદિવસે માણેકે જાતે તે ગાંધીજીના હાથમાં મૂકેલું. ગાંધીજીએ પાનાં ફેરવ્યાં. પછી કહે : "તારું આ કાવ્ય તો અધૂરું કહેવાય." "કેમ?" "મારાં પંચોતેર વરસ તો ગઈ કાલે પૂરાં થઈ ગયાં. આજે તો છોંતેરમું ચાલે છે." કશા ખંચવાટ વગર માણેકે કહ્યું : "આપ સો વરસ પૂરાં કરશો ત્યારે ૧૦૧ શ્લોકનું કાવ્ય રચીને આપને ભેટ ધરવા આવીશ."

મુંબઈ આવ્યા પછી એક પત્રકાર-પદ્યકારની રૂએ સમકાલીન ઘટનાઓ પર હાસ્ય-કટાક્ષયુક્ત 'વૈશંપાયનની વાણી' અને 'અહો, રાયજી સુણિયે' એ બે કાવ્યધારાઓ શરૂ કરી તે જન્મભૂમિ, લોકસત્તા, જનસત્તા, સંદેશ વગેરે છાપાંઓમાં ૧૯૫૬ સુધી પ્રગટ થતી રહી. આ બન્ને કાવ્યધારાઓની તત્કાલીન લોકપ્રિયતાનો આજે ખ્યાલ આવવો મુશ્કેલ છે. 'વૈશંપાયનની વાણી' બે ભાગમાં પુસ્તક રૂપે પ્રગટ થઈ ત્યારે તેની બે હજાર નકલ એક અઠવાડિયામાં વેચાઈ ગયેલી! પણ 'વૈશંપાયનની વાણી'ને મળેલી આ અસાધારણ લોકપ્રિયતા કેટલાક વિવેચકોને હાથવગી થઈ પડી – એમ જણાવવા કે 'આલબેલ'ના કવિ હવે માત્ર 'વૈશંપાયન' બની ગયા છે. પણ ૧૯૫૮માં 'મધ્યાહ્ન' સંગ્રહ પ્રગટ થયો ત્યારે એ હકીકત સ્પષ્ટ થઈ કે માણેકની મૂળ કાવ્યધારાનું વહેણ તો ચાલુ હતું જ. પણ કવિ તરીકે માણેકનું સૌથી સુભગ દર્શન થાય છે તે તો ૧૯૬૪માં પ્રગટ થયેલ 'રામ, તારો દીવડો' સંગ્રહમાં. ૧૨૫ ગીતો ધરાવતો આ સંગ્રહ આમ તો માણેકની કીર્તન પ્રવૃત્તિના ફળરૂપ છે પણ ગુજરાતી ગીતોના સંગ્રહોમાં તે આગવી ભાત પાડે તેવો છે. પુસ્તકની પ્રસ્તાવનામાં રામપ્રસાદ બક્ષીએ કહ્યું છે તેમ "આ ગીતોનો પ્રધાન મનોભાવ છે, અંધકારમાંથી પ્રકાશમાં જવાની ઝંખના અને પ્રાર્થના. પણ એમાં કેવળ પ્રાર્થના નથી, પુરુષાર્થરહિત પ્રપત્તિ નથી, ગોતનો ઉત્સાહ છે. એ ગોત સ્વયં જ્યોત બનીને મુકાશે અને એમાં અંધારું પણ હસી ઊઠે એવી આત્મશ્રદ્ધા છે." 'અહો રાયજી સુણિયે', 'શતાબ્દીના સ્મિતે' અને 'અશ્રુમાં પ્રેમધનુષ્ય', 'હરિનાં લોચનિયાં', 'લાક્ષાગૃહ' વગેરે તેમનાં કાવ્યનાં અન્ય પુસ્તકો.

વ્યક્તિ તેમ જ કવિ તરીકે માણેક મસ્ત, મુક્ત, મનમોજી. પોતે જ કહે છે :

હું ફક્ત સહિત્યસર્જક, કોથી નિસ્બત નથી,
એકલો જીવું, ઝૂઝું હું, મારે કોઈ પંગત નથી.
મોજમાં આવે તે છેડું, સૂર એકલરામ હું.
કોઈના ભ્રૂભંગ ઉપર, નર્તન તણી આદત નથી.

અલાણી-ફલાણી પંગતમાં બેઠા હોત તો માણેકને માન-ચાંદ, પુરસ્કાર-પ્રમુખપદાં મળ્યાં હોત, પણ ૭૬ વર્ષના આયુષ્ય દરમિયાન માણેકને એક પણ ચન્દ્રક, પુરસ્કાર, સન્માન આપવાનું આપણા સાહિત્યિક કારોબારના કારભારીઓને જરૂરી ન લાગ્યું તે કમનસીબી છે – માણેકની નહીં, એ કારભારીઓની, અને આપણી.

કવિતા ઉપરાંત ગદ્યનાં વિવિધ સ્વરૂપોને પણ માણેકની કલમે સ્પર્શ કર્યો છે. 'રામઝરૂખે બૈઠકે', 'તરણા ઓથે'માં તેમની ટૂંકી વાર્તાઓ સંઘરાઈ છે, તો 'પ્રકાશનાં પગલાં', 'દિવ્ય વાર્તાઓ', 'અમર અજવાળાં', 'રઘુકુળરીતિ'માં ધર્મકથાઓ, પુરાણકથાઓ, અને બોધકથાઓ ગ્રંથસ્થ થઈ છે. 'સિંધુની પ્રેમકથાઓ' 'સિંધુનું સ્વપ્ન' અને 'પ્રીતનો દોર'માં સિંધી ભાષાના સંતકવિ શાહ લતીફના રસાલાને આધારે લખાયેલી કથાઓ છે. 'કળીઓ અને કુસુમો', 'ગીતાવિચાર', 'હરિનાં દ્વાર'માં નિબંધના જુદા જુદા પ્રકાર જોવા મળે છે. આ ઉપરાંત તેમણે પદ્યનાટક, રેડિયોનાટક, સંકીર્તન, એકાંકી, રેખાચિત્રો વગેરે લખ્યાં છે અને સંપાદનો તથા અનુવાદો પણ કર્યા છે. માણેકની ષષ્ટીપૂર્તિ નિમિત્તે પ્રગટ થયેલ ગ્રંથ 'અક્ષર-આરાધના'માં અનંતરાય રાવળે કહ્યું છે તેમ "કવિતા દ્વારા પ્રથમ પ્રગટ થયેલી શ્રી માણેકની સર્જક્તાએ આમ, સમય જતાં સુંદરવનમાંના ગંગા નદીના અનેક ફાંટાઓની માફક પંખાકારે ફેલાતાં જઈ કાવ્યક્ષેત્રમાં અને ગદ્યક્ષેત્રમાં પ્રવૃત્તિવિસ્તાર સાધ્યો છે."

માણેકના જીવનમાં અને લેખનમાં વિસ્તાર વધુ અને વ્યવસ્થા ઓછાં, ઉમળકાનો અને ઊભરાનો માણસ. પણ બન્નેને ઓસરી જતાંય વાર ન લાગે. મમત અને મમત્વનો અભાવ તો નહીં, પણ બન્ને ઓછાં ખરાં. પુસ્તકોના પ્રકાશન અંગે પણ જોઈએ તેવી કાળજી લીધેલી નહીં. છેલ્લાં પંદર-વીસ વર્ષ તો મુદ્રિત શબ્દને બદલે બોલાતા શબ્દ વડે સીધો લોકસંપર્ક સાધતા કીર્તનકાર બની રહ્યા. પરિણામે આજે માણેકનાં બધાં પુસ્તકો જોવા માટે મેળવતાં નાકે દમ આવી જાય તેમ છે. બીજું કંઈ નહીં તોય માણેકની સવા સોમી વરસગાંઠે તેમની સમગ્ર કવિતા તો પુસ્તક રૂપે પ્રગટ થવી જ જોઈએ. તેમનાં ગદ્ય લખાણોમાંથી પણ એક અલગ સંચય તૈયાર થઈ શકે.

માણેકનાં જે પુસ્તકો ઘણા લાંબા વખત સુધી લોકો સુધી પહોંચતાં રહ્યાં તે 'મહાભારતકથા' (ભા. ૧-૩), 'શ્રીમદ્ ભાગવત', અને 'શ્રીરામકથા'. પહેલી નજરે આ પુસ્તકો ધર્માશ્રયી લાગે, પણ એ લખતી વખતે માણેકની આંખ તો કાવ્યાશ્રયી નજરે મહાભારત, ભાગવત અને રામાયણને જોતી હતી. 'મહાભારતકથા' વિષે હરીન્દ્ર દવેએ કહ્યું છેઃ "મહાભારતકથા મૂળ મહાભારત વાંચ્યા પહેલાં વાંચવાથી મૂળનો આનંદ વધારે ઊંડો થશે અને કદાચ કોઈ મૂળ કૃતિ સુધી ન જઈ શકે તો 'મહાભારતકથા'નું વાંચન કે શ્રવણ એને પણ મહાભારતના શ્રવણ જેટલું જ પુણ્ય આપી શકશે...મેં વાંચેલી વિવિધ મહાભારતકથાઓમાંથી કોઈ એકને જ આગળ મૂકવાનો સમય આવે તો 'મહાભારતકથા'ને જ એ યશ મળે એવી મને પાકી શ્રદ્ધા છે."

સુરેશ દલાલે કહ્યું છે તેમ "માણેક એટલે શબ્દોનો ધોધ, ઉમાશંકર એટલે શબ્દની શોધ. શબ્દો એમને હોઠવગા અને કલમવગા. શબ્દો એટલા અનાયાસે આવે કે એમને શબ્દ માટે પ્રતીક્ષા કરવી ન પડે. અને કવિતા તો માગે શબ્દો, પ્રતીક્ષાથી પવિત્ર થયેલા. એક બાજુ કવિતાની આ માગણી હોય અને બીજી બાજુ કવિનું આ કાઠું હોય, તો કવિતા ન આવે એમ નહિ. પણ એના પથારામાંથી ભાવકે કવિતા શોધી કાઢવી પડે." અકાવ્યની

વચ્ચે કાવ્યનો દ્વીપ હોય એને આપણે જુદો સ્થાપવો પડે. પણ કાવ્યની સાથોસાથ અકાવ્યની ઉપસ્થિતિ તો કોઈ પણ કવિના સર્જનમાં હોવાની જ. કોઈમાં થોડી ઓછી, તો કોઈમાં થોડી વધુ, એટલો જ ફરક. ગાંધી યુગના – કે હકીકતમાં કોઈ પણ યુગના – કોઈ પણ કવિમાં અકાવ્ય નથી જ એમ કહેવું મુશ્કેલ. અને કોઈ પણ યુગની કવિતાને ઘડવામાં એક-બે કવિનો ફાળો હોઈ ન શકે. ગાંધી યુગના બે-ત્રણ કવિઓ માટેના અહોહોભાવમાંથી બહાર નીકળી, એ યુગના માણેક સહિતના બીજા કવિઓનું વિવેકપૂર્ણ મૂલ્યાંકન કરી, તેમને ઉચિત સ્થાને સ્થાપવાનો વખત ક્યારનો પાકી ગયો છે.

ઊથલો

ભક્તિની કવિતા કરી, ગાયાં કીર્તન-ગીત,
કવિતાની ભક્તિ કરી, પૂજી નવધા રીત.
ખીલવ્યાં ખાખે પોયણાં, મધ્યાહ્‌ને કરી શીત;
બેઠા મહોબત માંડવે, આલબેલની જીત.
રામ તણા દિવડા પ્રગટાવ્યા, કથા કહી મહાભારતની,
'જીવન અંજલી થાજો' એવી આરત ગાઈ અંતરની.
સવ્વા સો વરસો વીત્યાં, સુણો જનમેજન રાય,
સંક્ષેપે સંભળાવિયો, માણેક-પર્વ મહિમાય.

■

આ વાત બીજા મહેમાનો ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. તેમાંના એકે કહ્યું, 'હું તમને સાચી વાત કહું? જો તમે સ્ટીમરમાં ન જાઓ ને મહિનોમાસ રોકાઈ જાઓ તો અમે તમે કહો તે પ્રમાણે લડીએ.'

બીજા બોલી ઊઠ્યા : 'એ ખરી વાત છે. અબદુલ્લા શેઠ. તમે ગાંધીભાઈને રોકી રાખો.'

અબદુલ્લા શેઠ ઉસ્તાદ હતા. તે બોલ્યા, 'હવે તેમને રોકવાનો મારો અધિકાર નથી, અથવા તો મને તેટલો તમને. પણ તમે કહો છો તે બરાબર છે. આપણે બધા તેમને રોકીએ. પણ એ તો બારિસ્ટર છે. એમની ફીનું શું?'

હું દુભાયો ને વચ્ચે પડ્યો.

'અબદુલ્લા શેઠ, આમાં મારી ફીની વાત હોય જ નહીં. જાહેર સેવામાં ફી કેવી? હું રોકાઉં તો એક સેવક તરીકે રોકાઈ શકું. આ ભાઈઓને બધાને હું બરોબર ન ઓળખું. પણ તમે માનતા હો કે બધા મહેનત કરશે તો હું એક મહિનો રોકાઈ જવા તૈયાર છું. એટલું ખરું કે, જોકે તમારે મને કંઈ આપવાનું નથી છતાં આવાં કામ તદ્દન વગર પૈસે તો ન જ થાય. આપણે તારો કરવા પડે, કંઈ છપાવવું પડે. જ્યાં ત્યાં જવું જોઈએ તેનાં ગાડીભાડાં થાય. વખતે આપણે સ્થાનિક વકીલનીયે સલાહ લેવી પડે. મને અહીંના કાયદાની ખબર ન હોય. કાયદાનાં પુસ્તકો તપાસવાં જોઈએ. વળી આવાં કામ એક હાથે ન થાય. ઘણાએ તેમાં ભળવું જોઈએ.'

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

સાભાર–સ્વીકાર

- **કવિતાસંગ્રહ :**

થોડા પડછાયા : રમણીક સોમેશ્વર, ઝેન ઓપ્સ, ૨૦૨૬. ક્રાઉન, પૃ. ૧૧૪. રૂ. ૨૨૫. ૫૦ અછાંદસ કવિતાનો સંગ્રહ. • **ઊઘડ્યું સરનામું આંખનું :** રાજેન્દ્ર ભટ્ટ, મીડિયા પબ્લિકેશન્સ, જૂનાગઢ, ૨૦૨૬, ડે. પૃ. ૮૮. રૂ. ૨૦૦. ૮૮ ગીતોનો સંગ્રહ. • **જરી તો હસો :** મણિલાલ 'જગતમિત્ર' નિધિ પબ્લિકેશન્સ, ૨૦૨૬. ડે. પૃ. ૯૬. રૂ. ૧૮૦. હઝલસંગ્રહ. • **ડાંખળા :** ભાસ્કર ભટ્ટ, ભાસ્કર ભટ્ટ, રાજકોટ, ૨૦૨૬. ડે. પૃ. ૫૬. રૂ. ૧૧૫. શેર-શાયરી-મુક્તકોનો સંગ્રહ.

- **વાર્તાસંગ્રહ :**

મળ્યાં માનવજીવ : યશરાજ બેનીગર, ૨૦૨૬, ડે. પૃ. ૧૦૧, રૂ. ૨૦૦, ૨૪ વાર્તાઓનો સંગ્રહ.

- **બાળસાહિત્ય :**

ચટપટી ચૉકલેટ : ગુરુદેવ પ્રજાપ્રતિ, પ્રણવ પ્રકાશન, અમદાવાદ. ૨૦૨૬, ડબલ ક્રાઉન, પૃ. ૭૬, રૂ. ૨૩૦, ૩૨ બાળગીતોનો સંગ્રહ.

- **વિવેચન :**

'સરસ્વતી શૃંગાર' : ચાર્વી ભટ્ટ, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૨૦૨૬, ડે. પૃ.૧૯૫. રૂ. ૩૫૦. સરસ્વતી શૃંગાર સામયિકનો અભ્યાસગ્રંથ.

■

મેં મારી મુસીબતો રાયચંદભાઈ આગળ મૂકી. હિંદુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર ચલાવ્યો. તેમના જવાબ ફરી વળ્યા. રાયચંદભાઈના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે મને ધીરજ રાખવા ને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. તેમના એક વાક્યનો ભાવાર્થ આ હતોઃ 'હિંદુ ધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી, એવી નિષ્પક્ષપાતપણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે.'

મેં સેલનું કુરાન ખરીદી તે વાંચવાનું શરૂ કર્યું. બીજાં પણ ઇસ્લામી પુસ્તકો મેળવ્યાં. વિલાયતના ખ્રિસ્તી મિત્રો સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમાંના એકે એડવર્ડ મેટલૅંડની સાથે ઓળખ કરાવી. તેમની સાથે પત્ર-વ્યવહાર ચાલ્યો. તેમણે ઍના કિંગ્સફર્ડની સાથે મળીને 'પરફેક્ટ વે' (ઉત્તમ માર્ગ) નામનું પુસ્તક લખ્યું હતું તે મને વાંચવા મોકલ્યું. પ્રચલિત ખ્રિસ્તી ધર્મનું તેમાં ખંડન હતું. 'બાઇબલનો નવો અર્થ' નામનું પુસ્તક પણ તેમણે મને મોકલ્યું. આ પુસ્તકો મને ગમ્યાં. તેમાંથી હિંદુ મતને પુષ્ટિ મળી. ટૉલ્સ્ટૉયના 'વૈકુંઠ તમારા હૃદયમાં છે' નામના પુસ્તકે મને ઘેર્યો. તેની છાપ મારા ઉપર બહુ ઊંડી પડી. આ પુસ્તકની સ્વતંત્ર વિચારશૈલી, તેની પ્રૌઢ નીતિ, તેના સત્ય આગળ મિ. કોટ્સે આપેલાં બધાં પુસ્તકો શુષ્ક લાગ્યાં.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

ઈતુભાઈ કુરકુટિયા

શ્રીમતી જયાબહેન જયભિખ્ખુ ૨૦૨૫નો પુરસ્કાર શ્રી વર્ષા અડાલજાને અર્પણ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રતિવર્ષ કોઈ એક લેખિકાને તેમની ઉત્તમ સાહિત્યકૃતિ માટે શ્રીમતી જયાબહેન જયભિખ્ખુ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે. ૨૦૨૫ના વર્ષ માટે તા. ૧૩-૮-૨૦૨૮ના રોજ મુંબઈ મુકામે, જાણીતાં લેખિકા વર્ષા અડાલજાને તેમની નવલકથા ‘બાણશય્યા’ માટે રૂપિયા ૫૧,૦૦૦નો શ્રીમતી જયાબહેન જયભિખ્ખુ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો.

વર્ષાબહેનની તબિયત નાદુરસ્ત હોવાને કારણે તેમના નિવાસસ્થાને જઈને તેમનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર અને ગુજરાત વિશ્વકોશના ટ્રસ્ટી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી, ઉપપ્રમુખ યોગેશ જોશી અને રાજન ભટ્ટ તથા જાણીતા અભ્યાસી શ્રી દીપક મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અગાઉના વર્ષમાં આ પુરસ્કાર રૂ. ૨૫,૦૦૦નો હતો. પરંતુ શ્રી કુમારપાળ દેસાઈના સૌજન્યથી હવે પ્રતિવર્ષ રૂપિયા ૫૧,૦૦૦ આપવામાં આવશે. વર્ષાબહેને આ પ્રસંગે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

સર્જક સંવાદ

શિશુવિહાર બુધસભા તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત બુધસભાની ૨૪૦૫ની સર્જક સંવાદની બેઠક તા. ૧૯-૮-૨૦૨૬ના રોજ સાંજે ૬-૦૦ કલાકે શિશુવિહાર ભાવનગરમાં યોજાઈ હતી. જેમાં કવિશ્રી સ્નેહી પરમાર અને કવિશ્રી હરજીવન દાફડા ઉપસ્થિત રહ્યા હતા. અને તેમણે પોતાની સર્જનયાત્રાની કેફિયત રજૂ કરી હતી. આ બેઠકનું સંચાલન ડૉ. માનસીબહેન ત્રિવેદીએ કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે વિશેષ વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ(ઑટોનોમસ)ના અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૫-૮-૨૦૨૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે, ‘સાહિત્યનું અધ્યયન અને સૌંદર્યબોધ’ વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનના વક્તા તરીકે જાણીતા વિવેચક અને સાહિત્યકાર શ્રી રમણ સોની ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનમાં શ્રી રમણ સોનીએ સાહિત્યના અધ્યયનની પ્રક્રિયામાં માનવઇન્દ્રિયોની ભૂમિકા શું છે તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે સૌદર્ય શું છે, તેનું સ્વરૂપ શું છે અને કવિ પોતાની સર્જનપ્રક્રિયામાં

સૌંદર્યનું નિર્માણ કેવી રીતે કરે છે તેની સૂક્ષ્મ સમજ આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સાહિત્યનો આસ્વાદ માત્ર વાચન પૂરતો મર્યાદિત નથી. પરંતુ સંવેદના, કલ્પના અને અનુભૂતિ દ્વારા સૌંદર્યને અનુભવી શકાય છે. વક્તાશ્રીએ નર્મદ, કાન્ત, રાવજી પટેલ જેવા કવિઓની કવિતાઓનાં દૃષ્ટાંતો દ્વારા સાહિત્યમાં સૌંદર્યની અભિવ્યક્તિ અને તેનાં વિવિધ પરિમાણોને સરળ અને રસપ્રદ રીતે સમજાવ્યાં. તેમણે વાચકની સક્રિય ભૂમિકા પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે ઉત્તમ વાચક જ કૃતિના આંતરિક સૌંદર્ય સુધી પહોંચી શકે છે. વ્યાખ્યાનના અંતિમ તબક્કામાં તેમણે 'સૌંદર્યબોધ'ની સંકલ્પનાને સ્પષ્ટ કરતાં જણાવ્યું કે સૌંદર્યબોધ એટલે સૌંદર્યને ઓળખવાની, માણવાની અને તેનું વિશ્લેષણ કરવાની સમજ વિકસે તે. આ રીતે સમગ્ર વ્યાખ્યાનમાં સાહિત્યના અધ્યયનને અર્થપૂર્ણ અને વિવેચનાત્મક બનાવવામાં વિદ્યાર્થી તથા અધ્યાપકની ભૂમિકા પર તેમણે સુંદર ને વિચારપ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું. વ્યાખ્યાનમાં અનુસ્નાતક વિભાગના વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા સાહિત્યરસિકોએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિતિ નોંધાવી હતી. પ્રા. કિશન પટેલે કાર્યક્રમનું સંયોજન કર્યું હતું.

'પાક્ષિકી' અંતર્ગત

તા. ૮-૮-૨૦૨૬ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યે, 'પાક્ષિકી' વાર્તાકાર ચિરાગ ઠક્કર 'જય' એમની પોતાની વાર્તા 'હું?'નું પઠન કર્યું હતું. તા. ૨૨-૮-૨૦૨૬ના રોજ સાંજે ૫-૦૦ કલાકે, શ્રી કિરીટ દૂધાતે વિશ્વ સાહિત્યની એકથી દોઢ પાનાની બે વાર્તાનું પઠન કર્યું હતું.

સ્મરણાંજલિ સભા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને નર્મદ સાહિત્યસભા દ્વારા વીર કવિ નર્મદની ૧૯૩મી જન્મજયંતી નિમિત્તે સ્મરણાંજલિ સભા કાર્યક્રમ તા. ૨૪-૮-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, આઝાદ સાંસ્કૃતિક કેન્દ્ર, ૧૯, સુભાષનગર સોસાયટી, ઘોડદોડ રોડ, સુરતમાં યોજાયો હતો. શરીફાબહેન વીજળીવાળાએ 'નર્મદ એટલે નર્મદ' વિષયક તેમના વક્તવ્યમાં યાદ કર્યું કે ગુજરાતી સાહિત્યમાં અને ત્યારના સમાજ માટે નવા ચીલા ચાતરનાર નર્મદ આપણો પોતીકો લાગે છે. આ એવો સર્જક છે જેને આત્મીયતાથી એકવચનથી સંબોધાય છે. તો પ્રો. રાકેશ દેસાઈએ 'નર્મદ અને આપણે : થોડાક વિચારો' વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું કે ૧૯મી સદીના એ પૂર્વાર્ધને દેશના 'જાગૃતિકાળ' રૂપે વર્ણવીને દેશના અનેક ભાગોમાં ઉપસેલા મહાનુભવો સાથે ગુજરાતી ભાષામાં ઊભરેલા નર્મદનો ઉલ્લેખ કર્યો હતો. યુવાવસ્થાના નર્મદના જોસ્સાને અને તેમના 'મંડળી મળવાથી થતા લાભ' સહિત અનેક કિસ્સાઓ વર્ણવીને નર્મદનું એક સુંદર વ્યક્તિચિત્ર ઉપસાવ્યું હતું. નર્મદનાં ત્રણ પત્ની પૈકીનાં બીજાં પત્ની 'ડાહીગૌરી'નું ચરિત્ર ગુજરાતી ભાષાની પહેલી આત્મકથા 'મારી હકીકત'માંથી કેવી ઊપસે છે. તેની ડાહીગૌરી-નર્મદના સંવાદો દ્વારા શ્વેતલ પટેલ અને નરેશ કાપડિઆએ પ્રસ્તુતિ કરી હતી. કપિલદેવ શુક્લએ નર્મદના કાવ્યનું પઠન કર્યું હતું.

પ્રાંસગિક વિધિઓ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રાજન ભટ્ટ અને સાહિત્યસભાના પ્રમુખ બકુલ ટેલરે કરી હતી. મંત્રી નરેશ કાપડિયાએ યાદ કર્યું હતું કે તેઓના પૂર્વપ્રમુખ ભગવતીકુમાર શર્માએ આગ્રહ કરીને 'દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી'ના નામ આગળ 'વીર નર્મદ'નો અને મહાપાલિકાના મધ્યસ્થ વાચનાલયને 'નર્મદ લાઈબ્રેરી'નામ અપાવ્યું હતું.

નવોદિત નિબંધશિબિર

ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શ્રીજનક ત્રિવેદીના પરિવારના સંયુક્ત ઉપક્રમે શ્રીજનક ત્રિવેદી નિબંધસ્પર્ધા સમિતિ દ્વારા 'નિબંધલેખન કાર્યશાળા' પંચેન્દ્રિયનો ઉત્સવનું આયોજન તા. ૧૫-૧૬-ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ પંડિત સુખલાલજી વિદ્યાલય, માઈધાર, ભાવનગરમાં કરવામાં આવ્યું હતું. શિબિરમાં નિબંધવિષયક જાણકારી અને પ્રશિક્ષણ શ્રી મહેન્દ્રસિંહ પરમારે આપ્યું હતું. સમગ્ર શિબિરનું સંયોજન શ્રી ચેતન શુક્લ અને શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીએ કર્યું હતું. શિબિરનું સંચાલન શ્રી મહેન્દ્રસિંહ પરમારે કર્યું હતું. આ શિબિરમાં કુલ ૨૪ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને શિબિરમાં સક્રિય ભાગ લીધો હતો.

વાર્તાસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયના ઉપક્રમે 'વાર્તાસંવાદ'નો કાર્યક્રમ તા. ૨૯-૮-૨૦૨૬ના રોજ સાંજે ૫-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં યોજાયો હતો. જેમાં જાણીતા વાર્તાકારો શ્રી વીનેશ અંતાણી અને પ્રવીણસિંહ ચાવડા વિશે જાણીતા વિદ્વાનો શ્રી મહેન્દ્રસિંહ પરમાર અને શ્રી મણિલાલ હ. પટેલે વક્તવ્યો આપ્યાં હતાં. મણિલાલ હ. પટેલે વક્તવ્યમાં વાર્તાકાર પ્રવીણસિંહ ચાવડાની 'ઠાકોરસાહેબ અને યવની', 'સુગંધિત પવન', 'દાહ', 'મીરાણી', 'ઓળો', 'ચાકરી', 'નવું ઘર' જેવી નોંધપાત્ર વાર્તાઓનાં ઉદાહરણો લઈને વાર્તાકાર પ્રવીણસિંહ ચાવડાની લાક્ષણિક્તા ચીંધી આપી હતી. જ્યારે મહેન્દ્રસિંહ પરમારે વાર્તાકાર વીનેશ અંતાણી વિશેના વક્તવ્યમાં વીનેશ અંતાણીની ઘરવિષયક. સ્ત્રીવિષયક, સ્થળવિષયક વગેરે વિષયક અલગ અલગ રીતે તારવીને વાર્તાઓની સરસ ચર્ચા કરી હતી. તેમની વાર્તાઓ સંવેદનાની વાર્તાઓ છે એમ પણ તેમણે કહ્યું હતું. વાર્તાકાર વીનેશ અંતાણી અને પ્રવીણસિંહ ચાવડાએ વાર્તાકાર તરીકે રસપ્રદ કેફિયત રજૂ કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. જેમાં બંને વાર્તાકારો વિશે અને વાર્તાસંવાદના કાર્યક્રમની વાત કરી હતી. કિરીટ દૂધાતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

■

અરજી ઘડાઈ. તેની ત્રણ નકલ મોકલવાની હતી. પ્રેસને સારુ પણ નકલ તૈયાર કરવાની હતી. અરજીમાં બની શકે તેટલી સહીઓ લેવાની હતી. આ કામ બધું એક રાતમાં પૂરું કરવાનું હતું. પેલા શિક્ષિત સ્વયંસેવકો અને બીજા લગભગ આખી રાત જાગ્યા. સારા અક્ષર લખનાર તેમાંના એક મિ. આર્થર બુઢ્ઢા હતા. તેમણે સુંદર અક્ષરે અરજીની નકલ કરી. બીજાઓએ તેની બીજી નકલ કરી. એક બોલે ને પાંચ લખતા જાય. એમ પાંચ નકલ એકસાથે થઈ. વેપારી સ્વયંસેવકો પોતપોતાની ગાડીઓ લઈ કે પોતાને ખર્ચે ગાડીઓ ભાડે કરી સહીઓ લેવા નીકળી પડ્યા.

અરજી ગઈ. છાપામાં છપાઈ. તેને વિષે અનુકૂળ ટીકાઓ થઈ. ધારાસભા ઉપર પણ અસર થઈ. તેની ચર્ચા પણ ખૂબ થઈ. અરજીમાં આપેલી દલીલના રદિયા અપાયા, પણ તે આપનારને લૂલા લાગ્યા. બિલ તો પાસ થયું.

આ પરિણામ આવશે એમ સહુ જાણતા હતા. પણ કોમમાં નવજીવન રેડાયું. એક કોમ છીએ, માત્ર વેપારી હકોને જ સારુ નહીં પણ કોમી હકોને સારુ પણ લડવાનો સહુનો ધર્મ છે, એમ સહુ સમજ્યા.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

ઇતુભાઈ કુરકુટિયા

સદા સર્વદા કવિતા–પર્વ ૧૧૯

સદા સર્વદા કવિતા-પર્વ ૧૧૯નો કાર્યક્રમ તા. ૨–૮–૨૦૨૬ના રોજ રવિવારે સાંજે ૬–૦૦થી ૮–૦૦ દરમિયાન પ્રદાન કૉમ્યુનિકેશન પ્રસ્તુત 'ચિયર્સ જિંદગી'નો કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયો હતો. જેમાં સર્વશ્રી અનુષ્કા પંડિત, મિલિંદ ગઢવી, વિરલ રાચ્છ અને ઋષિ પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં. કવિ હર્ષ બ્રહ્મભટ્ટે સૌને આવકાર આપ્યો હતો.

'શબ્દસંપદા' કાર્યક્રમ

તા. ૨–૮–૨૦૨૬ના રોજ સવારે ૧૦–૦૦ કલાકે, શાસનસમ્રાટભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં આદરણીયશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટના ઉપક્રમે ઓમ કૉમ્યુનિકેશન દ્વારા 'શબ્દસંપદા' અંતર્ગત જૈન સાહિત્યસર્જક સુમતિમુનિજીનો સાહિત્યગ્રંથ 'ચોપાઈબદ્ધ અગડદત્તરાસ' વિશે પ્રો. સેજલ શાહે વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આયોજિત સંસ્કૃતભાષા પ્રબોધન વર્ગનો અહેવાલ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સંસ્કૃત ભાષાના પ્રચાર–પ્રસાર અને સામાન્ય જનતામાં સંસ્કૃત પ્રત્યે રસ જાગૃત થાય તે હેતુથી તા. ૨૭, જુલાઈથી સાત દિવસીય 'સંસ્કૃત ભાષા પ્રબોધન વર્ગ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસક્રમમાં તજ્જ્ઞ તરીકે ડૉ. રવીન્દ્ર ખાંડવાલા અને ડૉ. શ્રીધર વ્યાસ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ અવસરે પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ ગુજરાત વિશ્વકોશની પ્રવૃત્તિનો પરિચય કરાવ્યો હતો.

■

> બિલની બીજી સુનવણી થઈ ગઈ હતી કે થવાની હતી. તે વખતે થયેલાં ધારાસભાનાં ભાષણોમાં એવી ટીકા હતી કે, કાયદો આવો સખત હતો છતાં હિંદીઓ તરફથી કશો વિરોધ નહોતો, તે હિંદી કોમની બેદરકારી અને તેની મતાધિકાર ભોગવવાની નાલાયકીનો પુરાવો હતો.
>
> મેં વસ્તુસ્થિતિ સભાને સમજાવી. પ્રથમ કાર્ય તો એ થયું કે ધારાસભાના પ્રમુખને તાર મોકલવો કે તેમણે બિલનો વધુ વિચાર મુલતવી રાખવો. એવો જ તાર મુખ્ય પ્રધાન, સર જૉન રૉબિન્સને પણ મોકલ્યો, ને બીજો દાદા અબદુલ્લાના મિત્ર તરીકે મિ. એસ્કંબને. આ તારનો જવાબ ફરી વળ્યો કે બિલની ચર્ચા બે દિવસ મુલતવી રહેશે. સહુ રાજી થયા.
>
> – **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ જાન્યુઆરી–૨૦૨૭થી
વર્ષ ડિસેમ્બર–૨૦૨૯ સુધીના પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ

- પ્રમુખપદ માટે દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખ ૨૧-૯-૨૦૨૬, સોમવાર.
- મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારોની સંમતિ મંગાવવાની તારીખ ૨૩-૯-૨૦૨૬, બુધવાર.
- મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારે સંમતિ આપવાની છેલ્લી તારીખ ૨૪-૯-૨૦૨૬, ગુરુવાર.
- ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ ૧-૧૦-૨૦૨૬, ગુરુવાર.
- કાર્યાલયમાંથી મતપત્રક રવાના કરવાની તારીખ ૩-૧૦-૨૦૨૬, શનિવાર.
- મતપત્રો પરિષદ કાર્યાલયમાં પરત પહોંચાડવાની છેલ્લી તારીખ ૨-૧૧-૨૦૨૬, સોમવાર.
- મતગણતરી અને પરિણામની તારીખ ૪-૧૧-૨૦૨૬, બુધવાર.

* * *

પ્રમુખપદ માટે પરિષદના બંધારણનો
વિભાગ–૧૦ : કલમ–૪૮થી ૫૩ અન્વયે વિભાગ–૧૦ :
પરિષદના પ્રમુખ માટેની ચૂંટણી

કલમ ૪૮ દસ આજીવન સભ્યો, પરિષદના પ્રમુખપદ માટે જેમનું નામ સૂચવશે તે વ્યક્તિ સાહિત્યના ક્ષેત્રમાં વ્યાપક પ્રદાન કરેલું હોય તેવા લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર હોય તે અનિવાર્ય છે.

કલમ ૪૯ પરિષદના નવા પ્રમુખની ચૂંટણીના પ્રસંગે પરિષદ અને સંમેલન (અધિવેશન–જ્ઞાનસત્ર) ભરવાના ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ ચૂંટણી અધિકારી, પરિષદ કાર્યાલય દ્વારા પરિષદના તમામ પ્રકારના સભ્યોને પરિપત્ર મોકલીને અથવા 'પરબ'માં એ પરિપત્ર છાપીને પ્રમુખનું નામ સૂચવવાનું જણાવશે.

કલમ ૫૦ આ પદ્ધતિએ સૂચવેલાં નામોવાળી વ્યક્તિઓને, પ્રમુખની ચૂંટણી માટેના મતપત્રકમાં તેમનું નામ સામેલ રાખવા બાબતની સંમતિ અંગે ચૂંટણી અધિકારી પુછાવશે અને જેમની સંમતિ આવી હશે તેમનું જ નામ મતપત્રકમાં સામેલ રખાશે.

કલમ ૫૧ પરિષદના પ્રમુખની ચૂંટણીના પ્રસંગે, સંમેલન(અધિવેશન/જ્ઞાનસત્ર)ની તારીખના ઓછામાં ઓછા બે માસ પહેલાં પ્રમુખની ચૂંટણી થઈ જાય એ રીતે ચૂંટણી સમિતિ આખો કાર્યક્રમ ગોઠવશે.

કલમ ૫૨ કલમ ૪૮, ૪૯, ૫૦ પ્રમાણે પ્રમુખપદની ચૂંટણી માટે મળેલાં નામો પૈકી આખરી થયેલાં નામોને વર્ણાનુક્રમે ગોઠવીને ચૂંટણી અધિકારી મતપત્રક તૈયાર કરશે અને સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા વાર્ષિક સામાન્ય સભ્યો, ચૂંટણીના વર્ષના બે વર્ષ પૂર્વે નોંધાયેલા આજીવન સભ્યો, સંસ્થા સભ્યો, દાતા/સંવર્ધક સભ્યોને ટપાલ/સ્પીડપોસ્ટથી મતપત્રકો મોકલવાનાં રહેશે.

કલમ ૫૩ પ્રમુખની ચૂંટણીમાં મત આપવા સંબંધમાં કઈ પદ્ધતિને અનુસરવું તેનો નિર્ણય મધ્યસ્થ સમિતિ કરશે.

નોંધ : પ્રમુખના નામની દરખાસ્ત પરિષદના દસ આજીવન સભ્યોની સહી કરેલો પત્ર સ્કૅન કરી ઈ-મેઇલ દ્વારા મોકલી શકાશે.

(સમીર ભટ્ટ) મહામંત્રી

(પી. વી. ત્રિવેદી) (રિટાયર્ડ IAS) ચૂંટણી અધિકારી

* *

ગુજરાતી સાહિત્ય પરિષદની જાન્યુઆરી–૨૦૨૭થી ડિસેમ્બર–૨૦૨૯ માટે અમલમાં આવનાર મધ્યસ્થ સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

- મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ તારીખ ૧૪-૯-૨૦૨૬, સોમવાર.
- ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૮-૯-૨૦૨૬, સોમવાર.
- ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ ૧-૧૦-૨૦૨૬, ગુરુવાર.
- કાર્યાલયમાંથી મતપત્ર રવાના કરવાની તારીખ ૩-૧૦-૨૦૨૬, શનિવાર.
- મતપત્ર પરિષદ કાર્યાલયમાં પરત પહોંચાડવાની છેલ્લી તારીખ ૨-૧૧-૨૦૨૬, સોમવાર.
- મતગણતરી અને પરિણામની તારીખ ૪-૧૧-૨૦૨૬, બુધવાર.

*

વિભાગ-૪ પરિષદની મધ્યસ્થ સમિતિ

કલમ ૫-અ પરિષદની નીતિવિષયક બાબતો અંગેનો નિર્ણય નીચે પ્રમાણે બનેલી મધ્યસ્થ સમિતિ કરશેઃ

(ક) પરિષદના જે તે સમયના પ્રમુખ.

૧. પરિષદના પ્રમુખ સંમેલનના, કાર્યવાહક સમિતિના અને મધ્યસ્થ સમિતિના પ્રમુખ ગણાશે. તમામ મંત્રીઓ કોઈ પણ બેઠકનું આયોજન પ્રમુખની સંમતિથી કરશે.

૨. પરિષદ અંગેના કોઈ પણ નિર્ણયમાં પ્રમુખશ્રી નિર્ણાયક મત (કાસ્ટિંગ વોટ) આપી શકશે. આ ઉપરાંત પરિષદને લગતી કોઈ પણ કાર્યવાહીના સંદર્ભમાં નીતિનિયમો કે ઠરાવોના અર્થઘટન અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૩. પ્રમુખની મુદ્દત તેઓ પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળે ત્યારથી ત્રણ વર્ષની રહેશે. કોઈ પણ વ્યક્તિ પરિષદના પ્રમુખ તરીકેનો હોદ્દો ફક્ત એક ટર્મ પૂરતો જ સંભાળી શકશે.

(ખ) પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ એટલા સન્માન્ય સભ્યો.

(**નોંધ :** આ સન્માન્ય સભ્યો નિયુક્ત કરવા માટે મધ્યસ્થ સમિતિ દ્વારા સૂચવાયેલાં નામોમાંથી વરણી કરવાનું કામ પરિષદના વર્તમાન પ્રમુખ, એક ભૂતપૂર્વ પ્રમુખ ને વરાયેલા પ્રમુખની સમિતિ કરશે.)

(ગ) સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા પરિષદના સામાન્ય સભ્યો તેમજ ચૂંટણીનાં બે વર્ષ પૂર્વે નોંધાયેલા આજીવન સભ્યોએ ચૂંટેલા ચાળીસ સભ્યો.

(ઘ) ગુજરાતી સાહિત્ય પરિષદના તંત્રવાહકોમાં વધુ ને વધુ સાહિત્યકારો અને સાહિત્યસેવીઓ સામેલ થાય તે દૃષ્ટિએ મધ્યસ્થ સમિતિના ચૂંટાયેલા ૪૦ સભ્યો ઉપરાંત બીજા ૫ સભ્યોની નિયુક્તિ નિવૃત્ત થતી કાર્યવાહક સમિતિ ચૂંટણી થયા બાદ અને નવી મધ્યસ્થ સમિતિ

કાર્યરત થાય તે પૂર્વે કરશે. આ માટે મહામંત્રી નિવૃત્ત થતી મધ્યસ્થ સમિતિના સભ્યો પાસે છેલ્લી ચૂંટણીમાં ઊભા રહ્યા ન હોય તેવા અને સર્જન તથા સ્વાધ્યાયક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર સાહિત્યકારોનાં નામ મંગાવશે. મળેલાં નામોમાંથી કાર્યવાહક સમિતિ પાંચ સભ્યોની વરણી કરશે. આ ૫ સભ્યો મધ્યસ્થ સમિતિના નિમંત્રિત સભ્યો ગણાશે. (નિમંત્રિત સભ્યને ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર રહેશે. મતાધિકાર રહેશે નહીં.)

(ચ) સંવર્ધકો/દાતાઓના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

(છ) સભ્યસંસ્થા વિભાગમાંથી ચૂંટાયેલા પાંચ સભ્યો

નોંધ : ઉપર્યુક્ત સભ્યસંસ્થાઓએ ચૂંટવાના મધ્યસ્થ સમિતિના પાંચ સભ્યોની જગ્યાઓ ઉપર એ જ સભ્યસંસ્થાઓના પ્રતિનિધિઓ ઊભા રહી શકશે જે સભ્ય સંસ્થાઓએ પોતાના પ્રતિનિધિને ઊભા રાખતી વખતે તે પ્રતિનિધિનાં ફોટો, ઓળખપત્ર અને સહીનો નમૂનો મોકલ્યાં હશે. સભ્યસંસ્થા વતી મતદાન કોણ કરશે તે અંગે સંબંધિત સભ્યસંસ્થાએ ઠરાવ કરીને તેની જાણ કરવાની રહેશે.

નોંધ : ૧ આ બે - (ચ), (છ) વિભાગોમાં ઊભા રહેલા સભ્યોને પણ સમગ્ર મતદારો મત આપશે.

નોંધ : ૪ સંસ્થા-સભ્ય બનનાર સંસ્થા, સાહિત્ય, શિક્ષણ કે સંસ્કારના ક્ષેત્રમાં કામ કરતી અને જાહેર ટ્રસ્ટ ઍક્ટ કે સોસાયટીઝ ઍક્ટ નીચે નોંધાયેલી હોવી જોઈશે. સભ્યસંસ્થા ઠરાવ કરીને તેમના એક પ્રતિનિધિનું નામ મોકલશે અને તે પ્રતિનિધિને જ ચૂંટણીમાં ઊભા રહેવાનો અને મત આપવાનો હક રહેશે.

નોંધ : ૫ જરૂર જણાશે ત્યારે કાર્યવાહક સમિતિ, સામાન્ય સભ્ય, આજીવન સભ્ય, દાતા/સંવર્ધક અને સભ્યસંસ્થાની વ્યાખ્યા, ધોરણો અને નિયમોમાં ફેરફાર કરી શકાશે.

(જ) ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીઓ.

(ઝ) મધ્યસ્થ સમિતિ વધુમાં વધુ ચાર સભ્યો કો-ઓપ્ટ કરી શકશે.

કલમ ૬ મધ્યસ્થ સમિતિના સભ્યોની ચૂંટણી.

કલમ ૫-અની પેટા કલમ (ગ), (ચ) અને (છ) માં દર્શાવેલા સભ્યોની ચૂંટણી Compulsory Distributive Votingની પદ્ધતિથી (અર્થાત્ જેટલી સભ્યસંખ્યા મુકરર થઈ હોય તેટલી સંખ્યા જેટલા ઉમેદવારોને ફરજિયાત મત આપવા તે પદ્ધતિથી) થશે.

કલમ ૭ કલમ-૫ની પેટા કલમ (ગ), (ચ) અને (છ)માં દર્શાવેલા સભ્યોની ચૂંટણીની બાબતમાં સભ્યપદના પ્રત્યેક ઉમેદવારે નિયત થયેલું અને યોગ્ય રીતે સ્વયંપ્રમાણિત કરેલું ઉમેદવારીપત્ર (નૉમિનેશન પેપર) ભરવાનું રહેશે.

કલમ ૮ કલમ-૫-અની પેટાકલમો (ગ), (ચ) અને (છ) હેઠળ મધ્યસ્થ સમિતિના સભ્યપદની ઉમેદવારી કરનારની યોગ્યતા નીચે મુજબની હોવી જોઈએ.

૧. ચૂંટણી માટેનું ઉમેદવારીપત્ર ભરવાના આગલા દિવસે તેણે ૧૮ વર્ષ પૂરાં કર્યાં હોવાં જોઈએ.

૨. ચૂંટણી માટે ઉમેદવારી કરતાં અગાઉ સતત ત્રણ વર્ષ સુધી તે પરિષદના સામાન્ય સભ્ય રહ્યાં હોવા જોઈશે અથવા બે વર્ષ પૂર્વે આજીવન સભ્ય થયા હોવા જોઈશે.

૩. ઉમેદવારનાં ગુજરાતી ભાષામાં ઓછામાં ઓછાં બે સાહિત્યિક પુસ્તકો પ્રગટ થયેલાં હોવાં જોઈએ. અથવા પ્રતિષ્ઠિત ગુજરાતી સાહિત્યિક સામયિકોમાં સર્જનાત્મક કૃતિઓ અને સંશોધનાત્મક વિવેચનલેખો મળીને દસ લેખો પ્રસિદ્ધ થયાં હોવાં જોઈશે.

કલમ ૯ નિયત કરેલા સમયમાં મળેલાં અને માન્ય ઠરેલાં ઉમેદવારીપત્રકો ઉપરથી વર્ણાનુક્રમે મતપત્રક તૈયાર કરવામાં આવશે અને પરિષદના દરેક સભ્યને પરિષદનું ચૂંટણી કાર્યાલય રજિસ્ટર્ડ પોસ્ટથી કે સ્પીડ પોસ્ટથી સંબંધિત મતપત્રક મોકલી આપશે.

કલમ ૧૦ મતપત્રકો પાછાં ફર્યા પછી ચૂંટણી-અધિકારી નિયત દિવસે મતગણતરી કરશે અને ચૂંટણીનું પરિણામ જાહેર કરશે.

(સમીર ભટ્ટ) **(પી. વી. ત્રિવેદી)** (રિટાયર્ડ IAS)
મહામંત્રી ચૂંટણી અધિકારી

* *

ગુજરાતી સાહિત્ય પરિષદના જાન્યુઆરી–૨૦૨૭થી ડિસેમ્બર–૨૦૨૯ માટે અમલમાં આવનાર કાર્યવાહક સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

- કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ તારીખ ૧૪-૧૧-૨૦૨૬, શનિવાર
- કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૩-૧૧-૨૦૨૬, સોમવાર
- ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ ૨૫-૧૧-૨૦૨૬, બુધવાર
- કાર્યાલયમાંથી મતપત્ર રવાના કરવાની તારીખ ૨૭-૧૧-૨૦૨૬, શુક્રવાર
- મતપત્રો પરિષદ કાર્યાલયમાં પરત પહોંચાડવાની છેલ્લી તારીખ ૧૨-૧૨-૨૦૨૬, શનિવાર
- મતગણતરી અને પરિણામ જાહેરાતની તારીખ ૧૪-૧૨-૨૦૨૬, સોમવાર

મધ્યસ્થ સમિતિમાં ચૂંટાયેલા સભ્યોમાંથી કાર્યવાહક સમિતિની ચૂંટણીથી થનાર રચના

(૧) ચૂંટાયેલા પ્રમુખ
(૨) બે ઉપપ્રમુખ
(૩) છ મંત્રીઓ આ પ્રમાણે રહેશે :
૧. મહામંત્રી ૨. પ્રકાશનમંત્રી ૩. પ્રસારમંત્રી
૪. વિકાસમંત્રી ૫. ગ્રંથાલયમંત્રી ૬. સ્વાધ્યાયપીઠમંત્રી
(૪) કોષાધ્યક્ષ
(૫) સાત સામાન્ય સભ્યો (૦૭)

(સમીર ભટ્ટ) **(પી. વી. ત્રિવેદી)** (રિટાયર્ડ IAS)
મહામંત્રી ચૂંટણી અધિકારી

* * *

સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષ રૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદપ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મૂકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

NAME OF THE ACCOUNT HOLDER	:	GUJARATI SAHITYA PARISHAD
BANK NAME	:	BANK OF INDIA
BANK ADDRESS	:	ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009
BANK A/C NO.	:	200220100004869
MICR CODE NO.	:	380013006
IFSC NO.	:	BKID0002002
BRNCH CODE	:	2002

હર્ષદ ત્રિવેદી	**સંજય ચૌધરી**	**સમીર ભટ્ટ**
પ્રમુખ	કોષાધ્યક્ષ	મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

આ અંકના લેખકો

અનિલ ચાવડા : સી/૨૦૩, અર્જુનવિલા, સંસ્કાર હિલ પાછળ, આનંદ પાર્ટી પ્લૉટ પાસે, ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦. • મો. ૯૯૨૫૬૦૪૬૧૩

અનિલ વાળા : ૧૯, ગંગાનગર સોસાયટી, અલીખેરવા રોડ, અલીપુરા, મુ.પો. બોડેલી, તા. બોડેલી, જિ. છોટાઉદેપુર-૩૯૧૧૩૫. • મો. ૯૪૨૯૪૨૯૬૪૩

અનુપમ બુચ : એ/૪૦૩, સુમધર-૨, બિમાનગર એરિયા, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. • મો. ૯૮૨૫૦૬૯૪૧૯

ઈતુભાઈ કુરકુટિયા : વ્યાખ્યાતા, ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. • મો. ૯૭૧૪૬૪૦૧૫૬

Ishan Doshi : Room No. 2, Barrack No. 12, Munshinagar, Bhavan's College Campus, Andheri (west) MUMBAI-400058. • Mo. 9833180574.

ચંદ્રેશ મકવાણા : ૨૦૨, મહાદેવ કૉમ્પ્લેક્સ, નવા વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩. • મો. ૭૮૭૪૮૮૫૦૧૫.

પ્રો. ચીમનલાલ બી. પટેલ : પ્રોફેસર ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. • મો. ૯૯૨૫૪૬૦૮૨૪

જગદીશ કંથારિયા : 'જગદીશ' કૃષ્ણ સ્ટ્રીટ, મોટીવેડ, સુરત-૩૯૫૦૦૪. • મો. ૯૯૨૪૬૧૦૭૨૧ jagdishkantharia@gmail.com

દીપક મહેતા : ફ્લૅટ નં. ૩, ફુલરાણી, સાહિત્ય સહવાત્લ, મધુસૂદન કેળકર માર્ગ, કલાનગર, બાંદ્રા (ઇ) મુંબઈ-૪૦૦૦૫૧. • મો. ૯૮૨૧૮૩૨૨૭૦

પ્રવીણ પંડ્યા : એચ/૯૦૧, સામ્રાજ્ય ફ્લૅટ્સ, ડ્રાઈવઈન રોડ, માનવમંદિર સામે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. • મો. ૯૪૨૬૭૦૦૯૪૩

રમણ સોની : ૧૮, હેમદીપ સોસાયટી, દિવાળીપુરા, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૫. • મો. ૯૨૨૮૨૧૫૨૭૫

વીનેશ અંતાણી : ફ્લૅટ નં. ૯૩, એ/૨, મૅનેજમેન્ટ એન્કલેવ, વસ્ત્રાપુર. અમદાવાદ–૩૮૦૦૧૫. • મો. ૯૮૨૫૫ ૨૦૬૬૦.

ડૉ. વીરેનકુમાર પંડ્યા : ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કૉલેજ, મુ. તળાજા, જિ. ભાવનગર-૩૬૪૧૪૦. • મો. ૯૪૨૮૪૩૧૮૧૬

શૈલજા આનંદજીવાળા : ૦૯, સેટેલાઇટ સોસાયટી, સુંદરવન સામે, સહકાર જ્વેલર્સ પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫. • મો. ૭૦૧૬૧૧૮૭૨૭

સંધ્યા ભટ્ટ : 'સ્નેહલ' પ્રજાપતિ વાડી સામે, ગાંધી રોડ, બારડોલી-૩૯૪૬૦૨, • મો. ૯૮૨૫૩૩૭૭૧૪.

ડૉ. સિલાસ પટેલિયા : ૨૦૧, સેફ્રોન ક્લાસિક એસ.બી.એસ. કૉલોની, ડિલક્સ ચાર રસ્તા, નિઝામપુરા, વડોદરા ૩૯૦૦૦૨. • મો. ૯૩૭૭૨૬૬૮૨૮

સ્નેહી પરમાર : ગોકુલધામ, મેઘાણી સ્કૂલ પાછળ, પો.બૉ.નં. ૨, બગસરા-૩૬૫૪૪૦. • મો. ૯૪૨૭૨૮૩૩૮૧

હરીશ શાહ : સી-૧૨/એ, ક્રિષ્નાવેલી, ડુપ્લેક્ષ, ભાવનાપાર્ક સામે, સમા-સાવલી રોડ, વડોદરા-૩૯૦૦૦૨. • મો. ૯૮૭૯૫૦૩૩૬૨

હર્ષદ ત્રિવેદી : 'સુરતા', એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. • મો. ૯૭૨૩૫૫૫૯૯૪

હીરલ વ્યાસ : 'વસન્તીફુલ', બી-૩૦૩, કોરસએમ્પલ, હાર્મની હરીકેશ પાછળ, હાર્મનીવિલા રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. • મો. ૯૦૯૯૦૨૦૫૭૯

■

ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૬થી મળેલ દાનની વિગત

ક્રમ	નામ	ગામ	રકમ
૧.	પિડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિ. મુંબઈ (માળખાગત સુવિધા માટે)	મુંબઈ	૨૫,૦૦,૦૦૦
૨.	અંબાલાલ હિંમતલાલ પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ રણજિતરામ વાવાભાઈ મહેતાની પ્રતિમા સ્થાપન માટે	અમદાવાદ	૫,૦૦,૦૦૦
૩.	સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ (સ્વામી સચ્ચિદાનંદ સન્માન પરિતોષિક ૨૦૨૪ અને ૨૦૨૫ પેટે)	દંતાલી	૨,૦૦,૦૦૦
૪.	મેહુલ ભગવતીકુમાર શર્મા (ભગવતીકુમાર શર્મા સ્મૃતિ વ્યાખ્યાનમાળા માટે)	સુરત	૧,૫૦,૦૦૦
૫.	શ્રી ભગવતીકુમાર શર્મા વ્યાખ્યાન શ્રેણી હ. મેહુલ શર્મા (શેષ રકમ)	સુરત	૫૦,૦૦૦
૬.	ઊજમભાઈ એમ. પટેલ (પરબ પ્રકાશન માટે)	અમદાવાદ	૧૧,૧૧૧
૭.	શરીફાબહેન વીજળીવાળા (પરબ અપીલ પેટે)	સુરત	૫,૦૦૦
૮.	રાકેશ એસ. અંસારી	અમદાવાદ	૫૦૦

નવા આજીવન સભ્યોની યાદી

- ભાવિન પી. શેઠ — અમદાવાદ
- હરીશ જે. શાહ — વડોદરા
- આશિષ જનકરાય દવે — ગાંધીનગર
- રવિન મહાદેવભાઈ દેસાઈ — નવસારી
- મનહર ભરતભાઈ વાળા — અમદાવાદ
- જયેશ કરસનભાઈ કુકડિયા — અમદાવાદ
- ડૉ. જિજ્ઞા કેયૂર વોરા — કુડાસણ
- મુકેશ ચંદુભાઈ પટેલ — સુરત
- રોહિણીબા જી. સરવૈયા — ભાવનગર
- હિનાબા રવિરાજસિંહ જાડેજા — સુરત
- શ્વેતા મહિપતસિંહ ગોહિલ — અમદાવાદ
- મિહિર દિનેશ મહેતા — અમદાવાદ
- સુનીલ વી. મેવાડા — અમદાવાદ
- ભરત ચંદ્રકાન્ત સાંગાણી — અમદાવાદ
- મુકુલચંદ્ર શાંતિલાલ દવે — અમદાવાદ
- ડૉ. રાકેશ રાવન — આણંદ

સંસ્થા આજીવન સભ્યોની યાદી

ધર્મેન્દ્રસિંહ આર્ટ્સ કૉલેજ – રાજકોટ

ગુજરાત વિશ્વકોશનું વિશિષ્ટ પ્રકાશન
૧૮૫૦થી અત્યાર સુધીની ગુજરાત, ભારત અને વિશ્વની
નારીપ્રતિભાઓનો ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ

નારીકોશ

અભિપ્રાય

નારીજાગૃતિની બાબતમાં આવેલા પરિવર્તનનો આલેખ નારીકોશના ગ્રંથોમાંથી મળે છે. આ કોશ આજની પેઢીને ભૂતકાળમાં સ્ત્રીઓએ કરેલા નારીસંઘર્ષનો હૃદયસ્પર્શી ખ્યાલ આપશે.

– રેનાના જાબવાલા (‘સેવા’ ભારતનાં પ્રમુખ અને સામાજિક કાર્યકર્તા)

આ એક અત્યંત ભગીરથ કામ છે, આ કાર્ય સ્વયં એક સિદ્ધિ છે. એક વખત તમે વાંચવાનું શરૂ કરો પછી ઉઠવાનું મન નહીં થાય.

– જ્યોત્સ્નાબહેન યાજ્ઞિક (પૂર્વન્યાયાધીશ અને અગ્રણી કાયદાશાસ્ત્રી)

દરેક જાતિને, દરેક પેઢીને પોતાની ગૌરવગાથાઓ જાણવાની જરૂર હોય છે આજે નારીકોશ દ્વારા એ ગૌરવગાથાઓ સમાજને પ્રાપ્ત થશે.

– દેવાંગી ભટ્ટ જોષી (જાણીતાં લેખિકા અને રંગમંચનાં કલાકાર)

ત્રણ ભાગના સેટની કુલ કિંમત ૨૪૦૦/– રૂ., પણ

૨૫ % વળતરથી ૧૮૦૦/– રૂ.માં મળશે

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

ભજન

જ્ઞાનનાં, વૈરાગ્યનાં, સાધનાનાં અને ભક્તિનાં પદોને આપણે ભજન તરીકે ઓળખીએ છીએ. આવા વિષયનાં પદો કે ગીતો જાતે ગાવાં કે સાંભળવાં એટલો જ માત્ર ભજનનો અર્થ નથી. ભગવાનની સાથે હૃદય ભાવથી વળગેલું રહે તેવી ક્રિયા કે વાણી કે કેવળ ચિંતનસ્મરણ તે ખરું ભજન છે. મૂળ તો ભગવાનમાં ભાવ હોવો એ આવશ્યક છે.

કથા, શ્રવણ, પૂજા અને ધ્યાન વડે ભગવાનમાં મન રાખવાનો પ્રયત્ન થાય છે પણ સાધક અવસ્થામાંયે મન એક જ ક્રિયામાં એકાગ્ર કે તલ્લીન રહી શકતું નથી એટલે જ મોટા સાધકોએ અને શાસ્ત્ર પુરાણે ભગવાનમાં મન પરોવાયેલું રાખવા માટે પૂજા, કથાશ્રવણ, ધ્યાન-ઉત્સવ તથા ભજન-કીર્તન તે રીતે પ્રભુને પામવાની ઉપાસનાનાં જુદાં જુદાં અંગો આપ્યાં છે. પૂજા અને ધ્યાન એ વ્યક્તિએ જાતે એકલાં કરવાનાં છે. કથા-શ્રવણમાં ગુરુની આવશ્યકતા રહે છે જ્યારે ભજન-કીર્તનમાં સામુદાયિક રીતે દરેકે ભગવાનમાં મન લગાડી શકે તેવી અનુકૂળતા હોય છે. કોઈ વખત ભજન ગાનાર મહાન ભક્ત કે સંત હોઈ શકે છે નહીં તો ભક્તિ તરફ વળેલા સહુ જીવો ભજન ગાતા હોય છે અને તેવા જ બીજા સાંભળતા હોય છે. એ અવસ્થામાં સમાન કોટીના જીવોની સાધના હોય છે.

આપણે ત્યાં મહાભારતકાળથી ભજન-કીર્તન થતાં હોવાના ઉલ્લેખો મળે છે. કીર્તનનો ઘણો બધો પ્રચાર ચૈતન્ય મહાપ્રભુએ બંગાળમાં ફેલાવ્યો હતો એવી જ રીતે દેશમાં સર્વત્ર ભજન-કીર્તનનો પ્રભાવ હતો. આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં આપણે યંત્રયુગમાં ફસાયા ન હતા, ત્યાં સુધી ઠેર ઠેર ભજનમંડળીઓ હતી.

પણ ભજન એ એક એવો પ્રકાર છે કે જેમાં સંગીત અને ભાવવિચારને પરિણામે માણસને સહેજે સાંભળવાનું મન થાય અને તેથી હજી ઘણે સ્થળે ભજનમંડળીઓ છે અને વ્યક્તિગત રીતે પણ ઘણા ભજનિકો ગાઈને સમાજમાં ભક્તિરસ રેલાવી રહ્યા છે. ભજનમાં સંગીતનું તત્ત્વ અને ભાવતત્ત્વ બંને રહ્યાં છે એટલે ભજન એ ગીત નથી. ગીત એ સૂરનો અને તે દ્વારા કર્ણમાધુર્યનો વિષય છે, પણ ભજન એ ભાવનો વિષય છે એટલે સંગીતની દૃષ્ટિએ ઊતરતું હોવા છતાં પણ ભાવની દૃષ્ટિએ ચડિયાતું હોય તો તે ભજન નામને યોગ્ય છે. મૂળ તો ભજન દ્વારા ભગવાનમાં ભાવ સ્થિર થવો જોઈએ અને જેમને ભગવાન તરફ સ્હેજે ભક્તિ હોય છે તેમને ભજનમાં આનંદ લૂંટવાનું સ્વાભાવિક છે. આવાં ભજનોમાં જ્યારે ભાવવિચાર ઉન્નત હોય અને ભજન ગાનારનો કંઠ તથા સૂર સંગીતની સારી ક્ષમતાવાળા હોય ત્યારે સાંભળનારના મન ઉપર ઘણો સારો પ્રભાવ પડે છે.

ભાવનગર,
મો. ૯૮૨૫૧૮૭૦૦૭

સંવાહક :
પીયૂષ મુ. પારાશર્ય

એક પ્રેરક પત્ર

આવ્યો એવો જઉં

ભાવનગર ૧૬-૬-૮૪

પ્રિય ભાઈ,

પત્ર મળ્યો. 'છીએ તે જ ઠીક' તે ક. મા. મુનશીના એક નાટકનું શીર્ષક છે. તે માત્ર એક ઠઠ્ઠા વાક્ય તરીકે જ અહીં મૂક્યું હતું. અતિનમ્રતાનો સ્વાંગ પહેરીને 'સાત્વિક' નિર્બળતામાં જીવન ગાળનાર મારી કલ્પનામાં નથી. પુરુષાર્થહીનતા એ માનવતાનો ને આસ્તિકયનો ઇન્કાર છે. પાણીની જેમ કોઈ પણ પાત્રનો આકાર ધારણ કરવાની 'કળા' એટલે વ્યક્તિત્વહીનતા.

મારો જે ઝોક હતો અને છે તે એ કે વ્યક્તિત્વનો સમગ્રપણે સમતલ એવો વિકાસ અને વિસ્તાર થાય તો તેમાં ગતિ, વેગ ન દેખાય પણ તેમાં એક પ્રકારની સહજતા, સમભાવ, સમસંવેદનશીલતા વગેરે માનવતાને પ્રકાશ આપે તેવાં વર્તન લક્ષણો અનાયાસે પ્રસરે.

ગાંધીજીની અંદર ભરેલ છલોછલ એવી આંતરસમૃદ્ધિના સરોવરમાંથી સહેજે પ્રગટ થતી કર્મ-પ્રવૃત્તિ હોય એવું દેખાય છે. તે સરોવરમાં જે પ્રવાહ આવે છે તે કોઈ બીજા સરોવરમાંથી આવતો પ્રવાહ નથી, પણ અંતઃસ્તલમાંથી ઊઠતા સ્રોતમાંથી તેને પોષણ મળે છે. તે દેખાતો નથી પણ તેનું પરિણામ દેખાય છે. આને લીધે જ તેમની અફાટ વિસ્તરેલી કર્મ-પ્રવૃત્તિમાં ગાંધી કદી દબાયો નથી, કદી તેના કર્તૃત્વનો દાવો કર્યો છે. આવું ચરિત્ર જગતના ઈતિહાસમાં અનન્ય અને અપૂર્વ છે. તેમની પ્રેરણાની અંજલિ પીધેલા અનેકના જીવનને તેમણે નવી દિશા, નવા પ્રાણ, નવું જ પરિણામ આપ્યું. આ બન્યું છે તે ગાંધીના કાર્યક્રમમાંથી નથી બન્યું પણ તેમની આંતરસમૃદ્ધિની ઝાંખીથી થયું છે. કાર્યક્રમથી ખેંચાઈને તેમની પાછળ ચાલનારા મોટે ભાગે સ્વરાજ મળ્યા પછી 'અઠે દ્વારકા' કરીને અટકી ગયા. પણ પ્રેમરસ પીધેલાઓને માટે તો જીવન સમગ્રનો વ્યવસાય બન્યો હતો. આવી એક અત્યંત માતબર ગણી શકાય તેવી પેઢીનું જેટલું ગૌરવ કરીએ તેટલું ઓછું છે. તેમ છતાં આ પેઢીમાં પણ પૂરેપૂરા અર્થમાં આધ્યાત્મિક સ્વાવલંબન આવી શક્યું હતું, એમ ન કહી શકાય. જે કેટલા એકને પોતાની જ એક અંતસ્થ સરવાણી હતી અથવા મેળવી હતી, તેમને ગાંધી પાસેથી ખૂટતું મેળવી લેવાની આવડત હતી. પણ મૂડી તો પોતાની જ વાપરતા.

પણ એક એવો પણ વર્ગ હતો, અથવા કહો કે એવા ઘણા ગાંધીજનો હતા કે જેમની પોતાની સરવાણી અવારનવાર ડૂકી જાય ત્યારે ગાંધી પાસેથી તેમની સમજ, જરૂરિયાત ને પરિસ્થિતિ પરના મૂલ્યાંકનની સમજને આધારે લઈ આવતા. અને તેમને ગાંધી વિચારની છાપ આપી દેવામાં આવતી અને આવે છે. જીવનમાં સંયમ, તપ, સાદાઈ, કષ્ટ સહન કરવાની સજ્જતા આચારશુદ્ધિ, વગેરેને લીધે તેમની સમાજમાં એક પ્રકારની સુવાસ રહેતી અને રહે છે. પણ કોઈ પણ કટોકટી વખતે નિર્ણય કરવામાં ગોથું ખવાઈ જાય છે. સિદ્ધાન્તની તેમની સમજ અંદરની સરવાણીમાંથી સ્થિર થઈ નથી હોતી પણ બૌદ્ધિક સ્તર પર તે કામ કરતી હોય છે. સેવાકાર્ય એ ગાંધીજીની ઈશ્વરપરાયણતા જ હોય, એવું ન બને. સેવાકાર્યમાં જ રોજબરોજ તો માણસ મોટેભાગે પોતાના 'અહં'ને સાથે જ રાખતો હોય છે. પણ જ્યાં અહં અને સિદ્ધાંત વચ્ચે સંઘર્ષ ઊભો થાય ત્યારે જ મુશ્કેલી ઊભી થાય છે. એમાં જો અહંની વગ વધારે હોય તો સિદ્ધાંત વિશેની સમજણ બૌદ્ધિક વ્યાપારનો હવાલો લઈને અહં પોતે જ પોતાની 'ફેવર'માં ચુકાદો આપી દે છે. આ વ્યાપાર અત્યંત સુક્ષ્મ હોય છે, જ્યારે અહં તો આપણો ધણીધોરી હોય છે. 'અહં'ને ગમે તેટલા ભાંડીએ પણ તેના વિના ચાલવાનું નથી, તેની તેને ખબર છે. અને તેનામાં વેશપલટો કરવાની અજબ કળા હોય છે. આથી જ સિદ્ધાંતની સમજણ કેટલી આધ્યાત્મપૂત છે, એની ત્યાં કસોટી થાય છે. પણ સેવાકાર્યને વરેલા લોકો આ બધાં જોખમો

ખેડે છે, ખેડવાં પડે છે. ને પછી તે જોખમ લાગતાં નથી, પણ રોજ-બરોજનો વ્યવહાર બની જાય છે. કિશોરલાલભાઈ 'વિવેક'ને દેવતા ગણતા. તે વિચાર પણ સ્વામી આનંદને થોડીક વધારે પડતી વિવેકભક્તિ લાગતી એ પણ જાણીતી વાત છે.

પણ આખરે આધ્યાત્મિક-નિષ્ઠા જેટલી વધારે, નિર્ભેળ તેટલી તેમાંથી સારધાર પાર ઊતરવાની શક્યતા વધારે. આમાં એવું પણ બને કે કર્મપરાયણતા દેખીતી રીતે ઘટી જાય, વિસ્તાર સંકોચાઈ જાય, સમાજ-સન્માન્યતા પણ ન દેખાય; લોકોમાં 'કદર' કરાવવાના chances પણ ઘટે. પણ હવેલી લેતાં ગુજરાત ખોવા જેવી હાલતમાંથી કદાચ બચી જવાય. અને 'આત્મન્યેવાત્માના તુષ્ટઃ' જેવી અનુભૂતિ માટેની શક્યતા વધારે થાય. એકંદરે જીવન-નિષ્ઠાને ત્રાજવે તોળાતાં આ સ્થિતિનું પલ્લુ નમતું રહેવાનું. પણ એનો અર્થ એવો તો નથી કે કર્મથી દૂર ભાગવું. 'યુદ્ધસ્ય વિગતજ્વર' રાગદ્વેષના જ્વરથી જોરમાં આવી જનાર સમાજસેવકને મોડોમોડો પણ આ જ્વરનો લતાડ લાગે છે. એટલે જ 'અહં'ની સાચી ઓળખાણ કરવી જોઈએ. તેનો લાભ લેવો પણ તે આપણો ગેરલાભ ન લે તે જોવું. આનું નામ જ આધ્યાત્મનિષ્ઠા.

મારા અત્યંત સામાન્ય સ્તરે જીવાયેલા જીવનમાં પણ મને આ સમજણમાંથી બળ મળ્યું છે. અથવા કહો કે કસોટીમાંથી પસાર થતાં થતાં આ બળ મને મળ્યું છે. આથી આકરી તાવણી તવાઈને કંઈક 'અહં'નો મેલ ઉતારી શક્યો છું. પણ મારી અપૂર્ણતાનું મને પૂરું ભાન છે, પણ તેને લીધે હું અલ્પતાભાનની ગ્રંથિથી પીડાતો નથી, એમ મને લાગે છે. અલબત્ત સ્વભાવે હું aggresive નથી. ખસી મારગ દેવાનું મને ફાવે છે. પણ સિદ્ધાંતમાં બાંધછોડ કરવાનું મેં સભાનપણે કર્યું હોય, તેવું મારી સમજણ પાકી થયા પછી, થયાનું મને યાદ નથી. આને લીધે મારું જે કાંઈ કામ મને મળ્યા કર્યું છે, તેને મેં મારી જીવન-સાધનાનું સાધન બનાવવા પ્રયત્ન કર્યો છે.

સામાન્ય રીતે જેમની સાથે મારે કામ પડ્યું છે, તેમના પ્રત્યે મારો મનોભાવ મુકુન્દ પારાશર્યની નીચેની કાવ્યપંક્તિઓમાં સારી રીતે પ્રગટ થાય છેઃ

કરો જો માફ તમે તો મૂંગો મૂંગો જાઉં
કાંઈ નથી કહેવાનું મારે, પાયલાગીને જાઉં
રોષ લગીર નથી રુદિયામાં, રાજી થાઈને જાઉં
સાર દીધો સંસારનો મોંઘો, પાડ માની જઉં
ખસી ખસીને જીવ્યો જેથી આડે ન આવી જઉં
હોય કશી કડવાશ રહી તો આપો, પીતો જઉં
હોંશ નો'તી કે કૈંક કરું ને કૈંક બનીને રહું
તક મળી જો આપ જવા દો (તો) આવ્યો એવો જઉં
આપ છો જેના તેમનો હું, તો તેમને ગાતો જઉં
પંખનાં આભે પગલાં જેવો જઉં, ભુલાઈ જઉં
જરા લાંબુ થઈ ગયું નહિ? હશે, વૃદ્ધાવસ્થાના (અપ)લક્ષણોમાંનું એક છે.

સ્નેહાધીન,

મૂળશંકર મો. ભટ્ટ

(દક્ષિણામૂર્તિ / લોકભારતીની પરંપરાની ઉપાસના કરનાર એક અનન્ય શિક્ષકની નિષ્ઠાના દર્શન ઉપરોક્ત પત્રમાં છે. ગાંધીજન તરીકે ખપવાને ઉત્સુક એવાં આપણને સૌને ગાંધીજીનો કર્મયોગ સમજવામાં પણ તેમાંથી દૃષ્ટિ મળે તેમ છે. મૂળશંકરભાઈને તેમના અવસાનના સાડાચાર મહિના પહેલાં લખેલો આ પત્ર એ દૃષ્ટિથી રજૂ કર્યો છે.)

– **જ્યોતિભાઈ દેસાઈ**| ભૂમિપુત્રમાંથી ઉધૃત. સાભાર

ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)



'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.

શબ્દમૂળની શોધ

લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

– ચન્દ્રકાન્ત ટોપીવાળા

બે હજાર ચોવીસ **સમક્ષ**

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

સંપાદક : રમણ સોની

(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. **– રમણ સોની**

ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

- ગ્રંથ ૧ : ઈ. ૧૧૫૦–૧૪૫૦ પ્રાચીનકાળ ₹ ૨૨૫
- ગ્રંથ ૨/૧ : ઈ. ૧૪૫૦–૧૬૮૦ મધ્યકાળ ₹ ૩૦૦
- ગ્રંથ ૨/૨ : ઈ. ૧૬૫૦–૧૮૫૦ મધ્યકાળ ₹ ૨૫૦
- ગ્રંથ ૩ : દલપતરામથી કલાપી ₹ ૫૨૫
- ગ્રંથ ૫ : ઈ. ૧૮૯૫–૧૯૩૫ – ગાંધીયુગીન–અનુગાંધીયુગીન કવિઓ ₹ ૪૨૫
- ગ્રંથ ૬ : ઈ. ૧૮૪૫–૧૯૩૫ – ગાંધીયુગીન–અનુગાંધીયુગીન ગદ્ય સાથે ₹ ૪૫૦
- ગ્રંથ ૭ : ઈ. ૧૯૧૦–૧૯૩૫ – સ્વાતંત્ર્યોત્તર યુગ–૧ ₹ ૪૫૦

ગુજરાતી સાહિત્ય કોશ – ખંડ–૧ : મધ્યકાળ ₹ ૮૦૦

ગુજરાતી સાહિત્ય કોશ – ખંડ–૩ : પ્રકીર્ણ ₹ ૧,૧૦૦

ગુજરાતી સાહિત્ય પરિષદનાં પુસ્તકો ૫૦% વળતરે

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

આત્મકથા-સંસ્મરણો

પુસ્તકનું નામ	લેખકનું નામ	કિંમત રૂ.
માટી, પાંખો અને આકાશ (આત્મકથા)	જ્ઞાનેશ્વર મૂળે	૨૭૦.૦૦
જિંદગી એક સફર (આત્મકથા)	ડૉ.પ્રદીપ પંડ્યા	૨૩૦.૦૦
સંબંધોનું સંગીત (સંસ્મરણો)	જયંત શાહ	૨૦૦.૦૦
હૈયુ સંગ, મીઠી સંગ (સંસ્મરણો)	ભુપેન્દ્ર વ્યાસ	૧૧૫.૦૦
કલમની કેડી અને યાદોની દાબડી (સંસ્મરણ લેખો)	જ્યોત્સના બૂચ/ સંપા. નિર્ઝરી મહેતા	૧૫૦.૦૦
યાદોં કી બારાત (આત્મકથા)	યાસીન દલાલ	૩૪૦.૦૦
અભિનય સમ્રાટ દિલીપકુમાર (પરિચય) (હિન્દી)	ડૉ. બેન્જામિન સુવાર્તિક	૧૫૫.૦૦
આર્નતના અલગારી સારસ્વત (ચરિત્ર)	ડૉ. મફતલાલ પટેલ	૧૦૦૦.૦૦
સેવાની સોનોગ્રાફી (જીવનચરિત્ર)	સંપા. ડૉ. અનિલા પટેલ	૨૯૦.૦૦
વિદ્યાર્થીજીવન (આત્મકથા)	ડૉ. બેન્જામિન સુવાર્તિક	૮૫.૦૦
સત્યજીત રાય : જીવન અને કલા (ટૂંકો જીવન પરિચય)	અભિજીત વ્યાસ	૬૦.૦૦
અનુભવયાત્રા (આત્મકથા)	રશ્મિ શાહ	૪૦૦.૦૦
જીવનસંજીવની (આત્મકથા)	ડૉ. રતિલાલ પટેલ	૧૨૫.૦૦
ઊઘડી આંખ બપોરે રણમાં (આત્મકથાનું એક પ્રકરણ)	જલન માતરી	૪૫.૦૦
બાપા વિષે (સંસ્મરણો)	લાભશંકર ઠાકર	૧૨૫.૦૦
મારી બા (સ્મૃતિકથા)	લાભશંકર ઠાકર	૧૫.૦૦
સદ્દમાતાનો ખાંચો (વતનની સ્મૃતિકથા)	ઉશનસ્	૪૭.૦૦
વેરાન જીવન (સ્વાતંત્ર્યસૈનિક કમળાશંકર પંડ્યાની આત્મકથા)	કમળાશંકર પંડ્યા	૩૫૦.૦૦

સંદર્ભ-સંપાદનના પ્રકાશનો		
પુસ્તકનું નામ	લેખકનું નામ	કિંમત રૂ.
મોહન પરમાર અધ્યયન ગ્રંથ-૨ (નવલકથા,એકાંકી અને વિવેચન)	સંપા.: દશરથ પરમાર	૫૯૦.૦૦
મોહન પરમાર અધ્યયન ગ્રંથ-૧ (નવલિકા) (સંપાદન)	સંપા.: ભરત મહેતા	૬૯૦.૦૦
પ્રાણી સંવેદનાની ગદ્યરચનાઓ (પ્રાણીપ્રેમની કથાઓ)	સંપા.: દક્ષા પટેલ	૨૦૦.૦૦
મોહન પરમારની દીર્ઘ વાર્તાઓ (સંપાદન)	સંપા.: અજિત ઠાકોર	૨૫૫.૦૦
'અંચળો'ની આસપાસ (અંચળો વિશેના લેખો)	નરેશ વાઘેલા	૧૬૫.૦૦
સાંધ્ય દીપ (સંપાદન)	સંપા.: દિનેશ ડોંગરે/ અશોક જાની	૧૨૫.૦૦
ભારતની આદિવાસી સંસ્કૃતિ (સંપાદન)	મૃગેશ નાયક	૧૨૫.૦૦
માનવ-સંશાધન વ્યવસ્થાપન અને સંસ્થાકીય વર્તન (સંદર્ભ)	ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય	૯૫.૦૦
ગુજરાતી રેખાચિત્રો (સંપાદન)	પન્ના ત્રિવેદી	૩૩૫.૦૦
મારો પરિવાર (અનુવાદ)	મૂ.લે. મહાદેવી વર્મા, અનુ. પન્ના ત્રિવેદી	૭૦.૦૦
મારે રમવા જવું છે (સર્વાંગી બાળવિકાસ)	ડૉ. ભાનુમતી શાહ	૧૯૫.૦૦
શિક્ષણ અને સાહિત્યનો સમન્વય (ડૉ. મોહનભાઈ પંચાલની શૈક્ષણિક-સાહિત્યિક સૃષ્ટિ)	સંપા. : ડૉ. બહેચરભાઈ પટેલ	૩૦૦.૦૦
સૂક્તિસંચય જ્યોતીન્દ્ર હ. દવે (સુવાક્યો)	દીપ્તિ શાસ્ત્રી	૨૫.૦૦
મોહન પરમાર : વાર્તા, આસ્વાદ અને અધ્યયન	સંપા. : હરીશ વટાવવાળા	૧૩૫.૦૦
સૂક્તિઓ (સુવાક્યો)	દીપ્તિ શાસ્ત્રી	૧૫.૦૦
કથાસૂત્ર (કથાગ્રંથ) (કહેવત કથાનકો)	રાધેશ્યામ શર્મા	૯૫.૦૦
રેડિકલ હ્યુમેનિઝમ સ્વાતંત્ર્ય અને લોકશાહીની ફિલસૂફી	વિ. મ. તારકુંડે	૧૦૦.૦૦
ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ (સંપાદન) (એજન્સી)	સંપા. : દુર્ગેશ ઉપાધ્યાય	૧૨૫.૦૦

લોકપ્રિય બાળવાર્તાશ્રેણી હવે
નવી સજાવટ અને મલ્ટીકલર સ્વરૂપે

એક હતો બુધિયો

ભાગ 1થી 10

લે. ડૉ. મધુસૂદન પારેખ

કિંમત રૂ. 160/- (દરેકના)

રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી
દ્વારા સંપાદિત ગુર્જરની બાળસાહિત્ય વિષયક બે નોખી-અનોખી ગ્રંથશ્રેણીઓ

બાળકાવ્યવૈભવ શ્રેણી

રંગીન ડબલ ક્રાઉન સાઇઝ

પુ. 10, રૂ. 1800

1. ચીતરવું છે આકાશ	180
2. આવો, રમીએ સંતાકૂકડી	180
3. કરો રમકડાં, કૂચકદમ !	180
4. રમતું રમતું રેલમછેલ !	180
5. અમે તો સાચના સિપાઈ	180
6. ઢમ ઢક જાદુગર આવ્યા !	180
7. દરિયા પારે જાવું છે !	180
8. અજબ જેવી વાત છે !	180
9. એનમેન ઢીંચાણેન (જોડકણાં)	180
10. નામ કહો તો જાણું (ઉખાણાં)	180

બાળવાર્તાવૈભવ શ્રેણી

રંગીન ડબલ ક્રાઉન સાઇઝ

પુ. 10, રૂ. 2250

1. ચોખાના પાંચ દાણા	225
2. મારો ભેરુ કોણ ?	225
3. ફૂલોને મળી પાંખો !	225
4. ખડબડ ખડબડ ઓડિયા હૈ…	225
5. શ્રી ઢીંબાઈ વિમાનમાં બેઠાં !	225
6. વાઘ આવ્યો રે વાઘ !	225
7. આપણા ઘરનો મોર	225
8. સાહેબના માંડી પડી !	225
9. બિલ્લુ બંદરનું ઝોંપુ	225
10. બિલ્લી વાઘ તણી માસી…	225

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગુર્જર સાહિત્ય ભવન

ગુર્જર સાહિત્ય પ્રકાશન

એકત્ર ફાઉન્ડેશનની એક નવી પહેલ

વાચન મિલાપ

સમૃદ્ધ વાચન થકી વિચારશીલ જીવન તરફ
સંપાદક : ડંકેશ ઓઝા

‘વાચનમિલાપ’નો પ્રથમ અંક વાંચો નીચેની લિન્ક પર
https://vachanmilap.ekatra.org

સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિનો સંગમ એવું આ ઇ-સામયિક દર મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
‘વાચનમિલાપ’ : વાચકો સમક્ષ ફરીથી પ્રસ્તુત થતી એક નાની શી ’મિલન-બારી’.

‘વાચનમિલાપ’ નામે આ નવું સામયિક શરૂ થાય છે. શા માટે ?

આજના આધુનિક યુગમાં મોબાઇલ સ્ક્રીન અને સોશિયલ મીડિયાની દુનિયા આપણો મોટાભાગનો સમય લઈ રહી છે. બીજી બાજુ, ગુજરાતી ભાષામાં અસંખ્ય દૈનિકો, સાપ્તાહિકો અને સામયિકો અવિરત પ્રગટ થઈ રહ્યાં છે. ભાગદોડ ભર્યા જીવનમાં આ બધાં સ્રોત સુધી પહોંચવું એક સામાન્ય વાચક માટે મુશ્કેલ બની ગયું છે, ખાસ કરીને ગુજરાતથી દૂર વસતા ગુજરાતી ભાઈ-બહેનો માટે. અઢળક વાચનસામગ્રીમાંથી વીણી વીણીને લાવેલા સાચા, સમૃદ્ધ અને વિચારશીલ લખાણોને ગુજરાતી વાચકો સુધી પહોંચાડવાનો ‘એકત્ર ફાઉન્ડેશન’નો આ એક નમ્ર અને સમર્પિત પ્રયાસ છે.



દાયકાઓ પહેલાં જ્યારે મહેન્દ્ર મેઘાણીએ ‘મિલાપ’ દ્વારા આવો જ એક દીવાદાંડી સમાન સેતુ રચ્યો હતો, ત્યારે સમય જુદો હતો પણ ધ્યેય સમાન હતું. આજે એ જ ભાવનાને પુનર્જીવિત કરતાં, ‘એકત્ર ફાઉન્ડેશન’ના માધ્યમથી અમે ‘વાચનમિલાપ’ લઈને આવ્યા છીએ.

આ પ્રકલ્પના સંપાદનની જવાબદારી આપણા સૌના પરિચિત એવા શ્રી ડંકેશ ઓઝા સંભાળી રહ્યા છે. તેઓ માત્ર એક રસિક અને અભ્યાસુ વાચક જ નથી, પરંતુ વર્તમાન સામાજિક - સાંસ્કૃતિક - રાજકીય પ્રવાહો સાથે સક્રિયપણે જોડાયેલા એક નિષ્ઠાવાન ચિંતક પણ છે.

આજના અતિવ્યસ્ત સમયમાં વાંચવા કરતાં સાંભળવાનું વધુ અનુકૂળ બન્યું છે. તેથી આ ઉત્તમ લેખોને શ્રાવ્ય (audio) માધ્યમમાં પણ ઉપલબ્ધ કરાવવાનો અમારો પ્રયાસ છે.

આજના ધમાલિયા વાતાવરણ અને વ્યસ્ત જીવનની ભાગદોડ વચ્ચે વિવિધ જગ્યાએ છપાયેલા ઉત્તમ લેખોનું આ સામયિક જાણે ગુજરાતી વાચકો માટે એક નાની શી ‘મિલન-બારી’ બની રહેશે.

— અતુલ રાવલ, રાજેશ મશરૂવાળા

www.ekatra.org

GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની
પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે

ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઇતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંવિધાન (એક થી ત્રણ)
વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ
હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧
(નવલિકા)•કાફકા અને મેટામોર્ફોસીસ

સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત•
સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ•
સંસ્કાર•વેસ્ટલેન્ડ

ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા

કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

કાવ્યસંચય :

૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮)	રન્નાદે પ્રકાશન	૧૧/-
૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૩. વિદેશવટો (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૫. અછાંદોત્સવ (૨૦૧૩)	ફ્લેમિંગો પબ્લિકેશન	૨૫૦/-
૬. ચક્રવ્યૂહ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૩૫૦/-
૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬)	બુકપબ	૩૫૦/-
૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭)	બુકપબ	૨૫૦/-
૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦)	ડિવાઇન પબ્લિકેશન	૧૫૦/-
૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦)	ગ્રંથમ	૪૦૦/-
૧૧. મનસંહિતા (૨૦૨૨)	ઝેડકેડ પબ્લિકેશન	૫૦૦/-
૧૨. મનોરથ (પ્રકાશ્ય)	ઝેડકેડ પબ્લિકેશન –	

ગદ્યપ્રકાશન – નવલિકા :

૧. પરાયા શ્વાસ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૨. સત્યેનની સકીના (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૩. ભીતર અનારાધાર (૨૦૧૩)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. હું અને મારી કવિતા (૨૦૨૨)	બોલ્ડ પ્રકાશન	૨૫૦/-
૫. ત્રેવડ (૨૦૨૨)	ડિવાઇન પબ્લિકેશન	૨૦૦/-

BHARAT TRIVEDI
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal. net

મધુ કોઠારીના 'મોનો-ઈમેજ'ના સંગ્રહ 'પેનોરમા', એક પછી એક દૃશ્યો આપણા મનઃચક્ષુ સમીપ પસાર થતાં હોય, એવો અનુભવ કરાવે છે. આ કલ્પનો આપણી વિચારશક્તિને સ્પર્શે છે. પણ આપણે એની વિભાવનામાં જતા નથી. દેરિદા અને જેમ્સ હિલમન જેવા કલાના મીમાસકોએ કલ્પનને અર્થઘટનના વળગણમાંથી મુક્ત કર્યું અને કલ્પનલક્ષી મનોવિજ્ઞાનની નવી દિશા ખોલી આપી. ગુજરાતીમાં મધુ કોઠારીએ 'મોનો-ઈમેજ' કાવ્યસ્વરૂપને અધિકૃત કરી આપ્યું. એની કલાગત શક્યતાઓ વિચારણા અને પ્રયોગ દ્વારા ચીંધી બતાવી, એ એમનું આધુનિક ગુજરાતી કવિતા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન છે.

– ડૉ. રમણલાલ જોષી

❋

ના જાને, કેમ ફરી આ 'કાગળ પર તિરાડો' પડવા માંડી છે. અહીં તો તારી યાદ સિવાય કાંઈ જ નથી. તું કહ્યા કરતી'તી કે મારે આમ કરવું ને તેમ કરવું પણ શું કરું, ચિમનીમાં તો બસ ધુમાડો જ ઘૂંટાઈ રહ્યો છે. અજવાળાનું ગાડું દોડાવતો હમણાં જ ચાલ્યો ગયો છે સૂર્ય. પંખીઓની રૂપેરી ઘંટડીઓનો રણકાર હજીયે તરી રહ્યો છે વાતાવરણમાં. ભૂતકાળની માટીને ધરતીની સપાટી ઉપર લઈ આવવા માટે ઉતાવળાં બની રહ્યાં છે અળસિયાં. ત્યારે આગિયાની માફક મારી આજુબાજુ ઊડતા તારા શબ્દોના પ્રકાશમાં નીકળી પડું છું. ઘરભણી-બાળપણમાં.

– સુધીર દેસાઈ

❋

શ્રી આનંદરાય બ્રહ્મભટ્ટ આમ તો દેવીપુત્ર, પિતા સરસ્વતીના ઉપાસક એટલે અનુવંશિક ધારા આપના હૈયામાંથી વહ્યા કરે છે. ઉત્તરાવસ્થામાં આપના જીવનમાં ધર્માનુરાગ સત્સંગને કારણે વિકસ્યો અને ફળસ્વરૂપે ભક્તિગીતોની રચના કરવા માંડી. જે 'આનંદલહરી'ના શીર્ષક હેઠળ પ્રગટ થઈ રહ્યો છે. 'આનંદલહરી'માં સોનેટ ઉપરાંત છાંદસ અને ગેયગીતો પ્રાપ્ત થયા છે. આ ગીતો જૂના ભજનઢાળમાં સર્જાયાં છે.

– રામપ્રસાદ જાની

❋

સ્થાન સમર્પિત

ડૉ. અરુણ જે. કક્કડ

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

વહેતા પાણીમાં હાથ ધોવાનું કામ કરીએ

વિચાર કરી શકતી હોય એવી વ્યક્તિઓએ કોઈ વાર કાગળ અને પેન્સિલ લઈને બેસવું જોઈએ, નોંધ કરવી જોઈએ : સવારે જાગ્યા ત્યારથી સાંજ સુધી કે રાત્રે સૂતા ત્યાં સુધી કોની કોની સેવા લીધી, સહાય લીધી, સહકાર લીધો... અને એની સામે એ પણ નોંધવું જોઈએ કે એ સમયમાં કોને કોને સેવા આપી, કોને સહાય આપી, કોને સહકાર આપ્યો... આમ આ રીતે બન્ને બાજુનાં લેખાં-જોખાં કરવાથી ખ્યાલ આવશે તે આપણે દેવા કરતાં દેવું કરવામાં (આપવા કરતાં લેવામાં) વધુ હોંશીલા હોઈએ છીએ !

રોજ રાત્રે નિદ્રાધીન થતાં પહેલાં ક્ષણ-બે-ક્ષણ વિચાર કરવો જોઈએ કે આજે આપણે કોઈના પર ઉપકારનું કામ કર્યું છે ?

આપણી વૃત્તિ જો સવળી હોય તો પરોપકાર કરવાની ઘણી બધી તકો આપણી આસપાસ આપણી રાહ જોતી ફરતી હોય, તેને ઝડપી લઈએ એટલી આપણી સાર્થકતા !

કોઈ ઘરડાં માજીને રસ્તો ઓળંગવામાં મદદ કરી શકાય. આપણી નજર પડે કે તરત માજીનો હાથ, હાથમાં લઈ સ્મિતભેર એમને રસ્તાની પેલે પાર મૂકી દઈએ. માજીના હૈયાનાં મીઠાં બે વેણ વળતર રૂપે મળે જે આપણી મૂડી બની જાય !

સ્કૂટર પર માર માર જતા હોઈએ અને રસ્તા પર કોઈ વિદ્યાર્થી મોં વકાસીને ઊભેલો દેખાય. પરીક્ષા આપવા જતાં એની સાઇકલની ચેઇન ઊતરી ગઈ હોય; પાછળ કેરિયર પર મૂકેલાં કંપાસ-ચોપડી-નોટબુક બધું પડી ગયું સાથે એનું મોં પણ પડી ગયું! તમે આ જોયું. વહારે દોડી ગયા. બધું ઠીકઠાક કરી દીધું. ચેઇન ચડાવી દઈ સાઇકલ ઠીક કરી દીધી. ખભે હાથ મૂકી કહ્યું : આજે પરીક્ષા લાગે છે. રડમસ ચહેરે બોલે છે : હા, પણ મોડું થશે. ટીચર ક્લાસની બહાર ઊભો રાખશે. તમે એને હિંમત આપી કહો : હમણાં પહોંચી જવાશે. તું તારે મારું નામ આપજે...બસ, આટલું જ કરો. જોજો, એના ચહેરા પર કેવું સ્મિત ફરકે છે!

પેલા પરસેવે રેબઝેબ થતા અભણ લારીવાળાને તમે સરનામું ગોતી આપ્યું ! જરા હાથ લાંબો કરી બતાવ્યું અને તેનું કામ થઈ ગયું ! તમારે ક્યાંય હાથ લાંબો કરવો ન પડે એવા આશીર્વાદ, એનું હૈયું ઉચ્ચારે છે !

રૂપિયા-આના પાઈમાં ન આંકી શકાય તેવો લાભ ! આ જેવોતેવો નફો છે ? કરવાં છે ને આવાં કામ ?

(પાઠશાળા) — પ્રદ્યુમ્નસૂરિ

અમૃતવર્ષા

સ્થાનસમર્પિત

M.B. Prints

નિમેષભાઈ ડગલી ૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

ફરિયાદ : ઉત્તમતાની ઊણપમાંથી જન્મે છે

વાંક દેખાપણું એ વ્યક્તિત્વને ખીલવા દેતું નથી. તેમાંથી ફરિયાદી માનસ જન્મે છે, પછી તે એક ટેવ રૂપે વિકસે છે, જીવ જાતે દુઃખી થવા માટે એ રસ્તે ચાલે છે, આગળ વધે છે.

જે વસ્તુ આપણા હાથમાં હોય તે જાતે જ બદલવી જોઈએ. જે વસ્તુ બીજાના હાથની વાત હોય ત્યાં ચૂપચાપ વેઠી લેવી, – કોઈને પણ દોષ દીધા વિના. તો તે જીવનના છોડને ઉછેરવાનું ઉત્તમ ખાતર બની જાય છે.

ફરિયાદને નેસ્તનાબૂદ કરવાના બે જ રસ્તા. કાં તો સહન કરી લો કાં પ્રેમપૂર્વક વાત રજૂ કરીને બદલાવ લાવી અનુકૂળ પરિસ્થિતિ સર્જી દો.

માત્ર થૂંક ઉડાડવાથી અંતરંગ જીવનશક્તિનો હ્રાસ થાય છે. બને તો જીવનમાં નકારાત્મક અભિગમને ન અપનાવાય તેની કાળજી રાખવી.

જે રીતે ગુજરાતી વ્યાકરણ શીખવતી વખતે પહેલાં એક કર્તરિપ્રયોગવાળું વાક્ય આપે અને કહે કે આને કર્મણિપ્રયોગવાળું બનાવી દ્યો. તેમ આપણે પણ જીવનને ઊર્ધ્વગામી બનાવવું છે માટે કોઈ પણ શબ્દ, વાક્ય, પરિસ્થિતિ નકારાત્મક આવી તેને હકારાત્મક બનાવવાની કળા સિદ્ધ કરી લેવી.

જેમ કે ઘણી વાર એવું બને છે કે પ્રવચન શરૂ થાય ત્યારે આઠ-દશ શ્રોતા ઉપસ્થિત હોય ત્યારે સામાન્ય રીતે એવો સૂર સાંભળવા મળે કે 'બધા ઘરે બેસી ગપ્પાં મારે છે, કોઈ આવતું નથી, રસ જ નથી' ત્યારે મારા મનમાં તરત જ આ વાક્યનું હકારાત્મક સ્વરૂપ આવે. 'જેઓ ઘરે છે તેઓ બધાં અહીં આવે તો કેવું સારું ! કોઈ એવી વ્યવસ્થા નિપજાવીએ કે અહીં રહેલાં બધાંને આવવાનું મન થાય !' આ વિચારને વહેતો કરવાથી પરિણામ આવે તો સારું આવે !

આપણા જેવા જીવોએ મનને નબળા વિચારોથી, નબળી વાતોથી ખૂબ સાચવવું જરૂરી છે. નબળા વિચારો હડકાયા કૂતરા જેવા છે તે માટે ચીવટભર્યો ચોકીપહેરો રાખવો. જેથી નબળો વિચાર આપણા દિલના દીવાનખાનામાં પેસતાં વિચાર કરે. થોડી ગફલત થઈને એકાદ પેઠો તો તે જ ક્ષણે તેને દૂર હાંકી કાઢવો.

મનના બગીચાને તાજો-પ્રફુલ્લિત અને સુવાસિત રાખવાનો આ ઉપાય સૂઝે છે. અપનાવી જોઈએ. પછી ફરિયાદ નહીં રહે ! ઉચાટ નહીં રહે ! પણ ઉલ્લાસ જ ચોમેર ફેલાતો રહેશે.

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

પાંચ પુસ્તકોનું ઉજવો
વાચન-પર્વ!
ગુજરાતી સાહિત્ય પરિષદના સાવ તાજાં
પાંચ પ્રકાશનો
દ્વારા આપનું પુસ્તકાલય આજે જ સમૃદ્ધ કરો.
ચિંતામણિ
ગુજરાતી કવિતાચયન – ૨૦૧૮
ગુજરાતી નવલિકાચયન – ૨૦૧૮
ગુજરાતી કવિતાચયન – ૨૦૧૯
ગુજરાતી નવલિકાચયન – ૨૦૨૦
પ્રકાશન વિભાગ
ગુજરાતી સાહિત્ય પરિષદ

PARAB 2026 September

RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023

Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

Date of Publication 10th Posted on Every Month **ISSN : 0250-9747**

₹ 20

Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**